# સ્વાધ્યાય

પુસ્તક ૧૧

અંક ૩

અક્ષયતૃતીયા

વિ. સં. ૨૦૩૦



ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી જે. પી. અમીનનો લેખ

ચિત્ર ૨

સૂર્યનારાયણ : રણછોડજીનું મન્દિર, ખંભાત

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક


સંપાદક

ભોગીલાલ જ. સાંડેસરા

નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,

વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા



ચિત્ર ૩

સૂર્યનારાયણ : રણછોડજીનું મન્દિર, ખંભાત

[ ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી જે. પી. અમીનનો લેખ ]

# સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૩૦ પુસ્તક ૧૧

એપ્રિલ, ૧૯૭૪ અંક ૩


# *ઓખામંડળ પ્રદેશમાં ચિત્ર, શિલ્પ અને સ્થાપત્ય કલા


સુરેશચંદ્ર કનૈયાલાલ દવે


## ( આછો પરિચય )

માનવહૃદયમાં જ્યારે જ્યારે ભાવનાઓનો અગમ્ય નાદ જાગૃત થાય છે ત્યારે તે ઊર્મિઓ નૃત્ય, શિલ્પ, સંગીત, ચિત્ર અને સ્થાપત્યો દ્વારા સાકાર બને છે; જેના વડે અંતઃકરણ પુલકિત બને, જે હૃદયને આનંદ આપે અને જેમાંથી સદાકાળ સૌન્દર્ય નીતરતું રહે તેને જ સાચી કલા કહી શકાય. ઈશ્વરપ્રણીત સર્વ ચીજોમાં કલાતત્ત્વ છુપાયેલું હોય છે તોપણ માનવે પોતાની ભાવનાઓના અગમ્ય નાદને આવિષ્કાર અર્પવા અનેરાં શિલ્પો, સ્થાપિત્યો આદિ નિર્માણ કર્યાં છે. શિલ્પ અને સ્થાપત્યના મૂળમાં તો ચિત્રકલા જ છે, અને કોઈ પણ કલાના સૂક્ષ્મ તત્ત્વને વિચારીશું તો જણાશે કે કલા એ માનવ બુદ્ધિવૈભવનું સાચું આત્મદર્શન છે અને ચિત્રકલા એ સંસ્કારી જીવનનું પ્રતીક છે; એટલું જ નહીં લલિત કલાઓમાં ચિત્રકલાનું સ્થાન મોખરે છે.[1] શિલ્પ અને સ્થાપત્ય કળાના મૂળમાં પણ ચિત્રકલા જ છે[2] એ કહેવું અસ્થાને નથી. આથી સૌ પ્રથમ ચિત્રકલા વિષે વિચારી સ્થાપત્ય અને શિલ્પકલાનો વિચાર કરીશું.

ચિત્રકલાની ઉત્પત્તિની બાબતમાં પુરાણો તેની ઉત્પત્તિ ત્રણ દેવો–બ્રહ્મા, વિષ્ણુ, મહેશ દ્વારા થઈ હોવાનું કહે છે. એક વખત નારાયણે દેવસ્ત્રીઓને મુગ્ધ પમાડવા આંબાના રસ વડે પૃથ્વી ઉપર એક સ્ત્રીનું આલેખન કર્યું. તેમાંથી સ્વરૂપવાન ઉર્વશી ઉત્પન્ન થઈ; તેને જોઈ સર્વ દેવસ્ત્રીઓ શરમાઈ ગઈ.[3] ચિત્ર માટે વાત્સાયન કામસૂત્રની જયમંગલા ટીકામાં ટીકાકાર યશોધર ચિત્રનાં રૂપભેદ, પ્રમાણ, ભાવ, લાવણ્ય, સંયોજન, સાદૃશ્ય અને વર્ણિકાભંગ એમ છ ભેદ જણાવે છે.

---

*તા. ૩૦–૩૧ ડિસે. ૧૯૭૩ અને જાન્યુઆરી ૧૯૭૪ના રોજ ભૂજ ખાતે મળેલા ગુજરાત ઇતિહાસ પરિષદના સાતમા અધિવેશનમાં ડૉ. જયંતિલાલ ઠાકર રૌપ્યચંદ્રક પ્રાપ્ત કરેલ નિબંધ.

૧ कलानां प्रवरं चित्रम् । — વિષ્ણુધર્મોત્તર, ખં. ૩, અ. ૪૩

૨ चित्रं हि सर्वशिल्पानां मुखं लोकस्य च प्रियम् । — સમરાંગણસૂત્રધાર, અ. ૭૧

यथा सुमेरु प्रवरो नगानां यथाण्डजानां गरुड: प्रधान:
यथा नराणां प्रवरः क्षितीशः तथा कलानां इह चित्रकल्पः ॥

— વિષ્ણુધર્મોત્તર, ખં. ૩, અ. ૪૩. ૩૯

૩ नारायणेन मुनिना लोकानां हितकाम्यया
प्राप्तानां वञ्चनार्थाय देवस्त्रीणां महामुनिः ॥ — વિષ્ણુધર્મોત્તર, ખં. ૩, અ. ૩૫. ૨ થી ૪

પ્રાચીન કાળમાં ચિત્રકલાનો પ્રચાર ધનિકથી ગરીબ સુધી દરેક પ્રજાજનમાં હશે અને ચિત્ર એટલે માત્ર કાગળ યા તાડપત્ર કે વસ્ત્ર ઉપર જ રંગ આદિથી અંકિત થયેલું નહીં પણ લીંપણ-કામ, ભરતકામ, શિલ્પ અને અન્ય સ્થાપત્યોના મંડનમાં તેનો બહુવિધ ઉપયોગ કરવામાં આવતો હતો. આમાંનું કેટલુંક આજે ભુલાવા માંડ્યું છે તોપણ પ્રાચીન પ્રદેશોમાં અને ત્યાં વસતી પ્રજાઓના જીવનમાં આ ઓતપ્રોત થયેલું જોવા મળે છે. ચિત્રકલા સહિત અન્ય લલિતકલાઓના ખંડિત સ્થાન પછી તે ગૃહ કે મંદિર હોય તોપણ ત્યાં શૂન્યત્વ લાગતું નથી; એટલું જ નહીં પણ તે અલક્ષ્મીનો નાશ કરી માનવીની કામનાઓને સંતોષે છે અને પ્રીતિ ઉત્પન્ન કરી ગૃહમાં સુખ-શાંતિનું વાતાવરણ સર્જે છે.[૪]

સૌરાષ્ટ્રમાં ઓખામંડળ પ્રદેશ પ્રાચીન કાળથી જ ખૂબ સંસ્કારી પ્રદેશ હતો. ભગવાન શ્રીકૃષ્ણ અને યાદવોએ કુશસ્થલી અને પછી દ્વારકાને પોતાની રાજધાની બનાવી ત્યાર પછી અહીં સંસ્કારિતાનો વિશેષ ઉદય થયો હતો; જોકે તે પહેલાંના પુણ્યજનો પણ સંસ્કારી હશે એમ તેઓએ નગરના બાંધેલા કિલ્લાનાં સ્થાપત્યો વગેરે ઉપરથી લાગે છે. સૌરાષ્ટ્રનો પ્રમાણિત ઇતિહાસ મૌર્યકાળથી જ (ઈ.સ. પૂ. ૩૨૨–૧૮૫) શરૂ થાય છે ત્યાંથી આ પહેલાંની કોઈપણ પ્રમાણિત હકીકતો મળતી નથી. મૌર્યકાળના ઉલ્લેખોમાં પણ ગિરિનગર અને તેની આસપાસના પ્રદેશની હકીકતો સવિશેષ મળે છે. ડૉ. સાંકળીઆએ દ્વારકા જગત મંદિર પાસે એક મકાન ખરીદી ૨૦′ × ૨૦′ની જગામાં ઉત્ખનન શરૂ કર્યું અને દ્વારકાના અવશેષો શોધી કાઢ્યા.[૫] આમાંથી પ્રાપ્ત ઘરના પાયા ઉપરાંત બહુ જ સાધારણ લાલ અને કાળી માટીનાં વાસણો, સુંદર રંગબેરંગી બંગડીઓના ટુકડા, પથ્થરના બાંધેલ મંદિરનું આમલક, આ પ્રદેશની કલા અને સ્થાપત્યના પુરાવાઓ રજૂ કરે છે. આ આમલક વગેરે ઈ. સ.ની સાતમી સદીનાં હશે તેમ તેઓ માને છે. સૌરાષ્ટ્રના દક્ષિણ-પશ્ચિમ કાંઠે બંધાયેલાં મંદિરો છેક આ પ્રદેશ સુધી બંધાયાં હશે એમ અનુમાની તેઓ જણાવે છે કે નાના ગર્ભગૃહ અને નાના મંડપવાળાં મંદિરો ઈ. સ.ના ચોથા સૈકામાં બંધાવા માંડ્યાં હતાં. મોહેં-જો-દડો, હડપ્પા, લોથલ વગેરે નગરોમાં કોઈ પણ દેવાલયનાં શિલ્પો મળી આવ્યાં નથી, એટલે સ્થાપત્ય અને શિલ્પકલાનો પ્રારંભ લગભગ ચોથા સૈકાથી આ પ્રદેશમાં થયો હતો. પરંતુ ચિત્રકલા અને તેને આનુષંગિક ભરતકામ, લીંપણકામ તો તે પહેલેથી જ પ્રજાઓમાં પ્રચલિત હશે એમ લાગે છે. આ પ્રકારનો વારસો આ પ્રદેશની પ્રજામાં પરંપરાગત રીતે ચાલુ રહ્યો છે; તે આજ સુધી અક્ષુણ્ણ સ્થિતિમાં જોઈ શકાય છે. આ પ્રદેશમાં માનવ સંસ્કૃતિનાં મંડાણ ઈ. સ. પૂર્વે પહેલી બીજી સદીમાં થયાં હતાં એટલે ત્યારથી આ કલા અહીં પ્રચલિત હશે એમ માની શકાય. અહીંની પ્રજા કે નિવાસીઓ જેવા કે વાઘેર, સથવારા, આયર, અબોટી, રાજગર, રબારી-ભોળા, લોહાણા વગેરેમાં આ કલા સારી એવી વિકાસ પામી હતી; તે તેમના ઘરોમાં આજે પણ જોવા મળતું ભરતકામ, લીંપણ આદિ ઉપરથી જાણી શકાય

---

૪ શ્રી. ક. ભા. દવે, "ભારતીય ચિત્રકલાની પરિભાષા", ભારતીય વિદ્યા, પુ. ૧૨, અં. ૧, ૧૯૪૫; શ્રી. બદ્રીનાથ માલવિયા, विष्णुधर्मोत्तरमें चित्रकला

૫ ડૉ. સાંકળીઆ, પુરાતત્ત્વ અને પુરાણો: દ્વારકામાં ભરાયેલ છઠ્ઠી ઇતિહાસ પરિષદના પ્રમુખ તરીકેનું ભાષણ.

છે. આજના બદલાતા જમાના અને મૂલ્યો વચ્ચે, કપરા કામ અને હાડમારીઓ વચ્ચે પણ તે જીવતી છે. આ લોકકલાઓ જીવન સાથેનો સંબંધ, સ્થળ, કામ, અને માધ્યમની મર્યાદાઓ સ્વીકારીને ઘડાતું એનું રૂપ આપણને માત્ર આકર્ષતું નથી પણ પ્રેરણા આપે છે. આ પ્રદેશમાં ચિત્રકલા જુદા જ રૂપમાં આવિષ્કાર પામી છે. નૈસર્ગિક બળો અને વનચર પશુઓ વચ્ચે જીવતા આ પ્રદેશના માનવીઓએ રોગચાળો અને અન્ય સંહારક બળોથી બચવા અને માલને–ઢોરઢાંખરને બચાવવા દેવદેવીઓની મૂર્તિઓ કંડારી છે અને અનેક સ્થાપત્યોમાં શિલ્પકૃતિઓનાં દર્શન કરાવ્યાં છે, જ્યારે ઘર અને જીવન નીરસ અને શુષ્ક ન બને તે માટે તેને રંગીન બનાવવા સુશોભન અને શણગાર માટે ચિત્રકલાને ભરતગૂંથણ અને લીંપણમાં વ્યક્ત કરી છે. અહીંની ગ્રામ્ય કોમો સથવારા, વાઘેર, ભોળા, આયર, રબારી અને ચારણ પોતાના ઘરોમાં ગારમાટીથી બનાવેલા ખોરડામાં પણ કાંઠલા, મજૂસ, કાંધી, પાણિયારા વગેરે ઉપર લીંપણ દ્વારા કે ચિતરામણોમાં વેલ-બુટીઓ, પશુપક્ષીઓ, દેવદેવીઓ અને પ્રકૃતિનાં દૃશ્યો ચીતરી એમની કલા પ્રત્યેની સૂઝ પ્રકટ કરે છે. પહેરવા-ઓઢવાનાં વસ્ત્રો, કે સૂવા ઓઢવાની ઘડકીઓમાં પણ કેવળ કલામય ભાતો જ નીતરતી હોય છે. તેમનાં ઘરો માટીનાં ચણતરથી ઉપાડેલાં કે માટી ધબરેલાં ઊંચા પડથારનાં હોય કે માથે સાંઠી છાજ ઉપર ગારના થાથડાવાળી ભીંત ઊભી કરેલી હોય પણ તેને રંગીને લીંપેલું હોય અને તેમાં ચિત્ર તો હોય જ.

લીંપણનાં ચિત્ર એ આ પ્રદેશની વિશિષ્ટતા છે.[૬] આ માટે ખાસ ગાર બનાવવામાં આવે છે. આમાં ગધેડાંનાં લીંડાં લઈ, છાંયે સૂકવી, બારીક કૂટી, આવી અરધોઅરધ માટી ભેળવી પાણી નાખી ગારને સડવા દે છે. આવી સડેલી ગારને ગૂંદી ગૂંદી પીંડો બનાવે અને એમાંથી લપડો લઈ થાપા મારતી મારતી તે સ્ત્રીઓ ચિત્ર ચીતરવા માંડે છે. આ કલા આ કોમની સ્ત્રીઓમાં જન્મદત્ત છે. આની સૂઝ વંશપરંપરાગત મળતી હોય છે. ચિત્ર સારું ઊપસે માટે ક્યાં નરમાશ અને ક્યાં દબાણ રાખવું તે તે જાણે છે. તેમાં મોર, પોપટ, ગણપતિ કે લક્ષ્મી, વૃક્ષો, હાથી અને બીજી અન્ય આકૃતિઓ ઉપસાવે છે અને જ્યાં જરૂર જણાય ત્યાં આભલાં, ક્યાંક ચણોઠી ચોંટાડે અને વા સૂકી થવા દે અને પછી તેને રંગ દે. આ રંગોમાં ખાંપ અને શ્વેત ખડી મુખ્યત્વે વપરાય છે. ચિતરામણ પૂરું સુકાયા પછી તેના ઉપર ખડી માટેનું પોતું મારી ભીના ચીંથરાથી આભલા વગેરે અજવાળે અને તેની વિશેષતા વધારી દે છે. માનવજીવનના ઉષઃકાળે આરંભાયેલી આ કળા આજે પણ જીવંત છે અને માતા પોતાની દીકરીને આ કલાવારસો વંશપરંપરાગત આપે છે.

આવા જ પ્રકારની બીજી ચિત્રકલા ભરતકામમાં જોવા મળે છે. અહીંના ચારણો, સથવારા, વાઘેર, અબોટીઓ અને અન્ય સાગરખેડુ લોકો લગભગ એકસરખું ભરતકામ તેમના ઘાઘરા, ગહિરી (ઓઢણીઓ), ચાદરો, ધોડિયાં આદિમાં કરે છે; છતાં દરેક કોમને તેમની વિશેષતાઓ પણ છે.[૭] સથવારા કોમની બહેનો ભરતમાં ચિત્રને વિશેષ સ્થાન આપે છે, અને બુટીકામમાં ખાસ વિશેષતા હોય છે. દૂરથી કે પાસે તે જોતાં તેમાં સાચાં પાંદડાં હોય તેવું જીવંત લાગે છે. તેઓ મુખ્યત્વે મોરપીંછ રંગ પસંદ કરે છે. આ ઉપરાંત ચાલક સાથેનો હાથી, વીંછી વગેરે પણ તેમના

૬ રામસિંહજી રાઠોડ, "ગુજરાતની લોકકલા", લીંપણ-શિલ્પકલા, પૃ. ૧૩.

૭ Nanavati J. M. (edited by), Saurashtra Embroidery, p. 10

બુટીકામમાં જોવા મળે છે. આભલાની ગૂંથણી તે તેમની વિશેષતા છે અને તે કચ્છી પ્રણાલી તરીકે ઓળખાય છે. આ માટે ભૂરો અગર લાલ રંગ વિશેષ વપરાય છે. અબોટી લોકોનું ભરતનું ચિત્ર સથવારા કરતાં જુદું પડે છે. તેમના ઉપર મહેર તથા સથવારા બન્ને કોમના ભરતકામની અસર છે. સૂર્યમુખી ફૂલ સુંદર ભરે છે અને તેમનાં તોરણો અને ચકલા ખૂબ જ જાણીતાં છે. સાગરખેડુ લોકોનું ભરતકામ પણ સથવારા જેવું જ હોય છે. આ માટે તેઓ ખાસ સુતર ખરીદી, હાથે રંગી પછી જ ભરતનાં ચિત્ર કાઢે છે. ચકલા, તોરણ અને પેટીકોટ તેમની ખાસ વસ્તુઓ છે. વાઘેરોના ભરતમાં પણ આવી વસ્તુઓ ઉપરાંત ઘોડાઓના ગળા ઉપર રાખવાનું આભલાં જડેલું કોરિયું મુખ્ય છે. આ કોમની બહેનો તેમની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હોવા છતાં અન્ય કોમો કરતાં ઓછાં ભરત ભરતી નથી. રેશમનું ભરત તેમને ખૂબ જ પ્રિય છે. લોહાણા જેવી ઉચ્ચ વર્ણની બહેનો પણ ભરતના ચિત્રને ભૂલી નથી, પણ તેઓના ઉપર નવા જમાનાની અસર વિશેષ હોવાથી પ્રાચીન વિશેષતાઓ ક્રમશઃ ઘટવા માંડી છે.

લીંપણ તથા ભરતમાંનાં ચિત્રો ઉપરાંત ઘરની ભીંતોને રંગી તેના ઉપર પણ આવાં ચિત્રો કાઢી તેને વિશેષ રમણીય બનાવવાની પ્રથા પણ અહીંની પ્રથામાં ઘર કરી ગઈ છે. સારા દિવસો સમયે, ઉત્સવો અને લગ્ન જેવા પ્રસંગોમાં આવાં ચિત્રો વિશેષરૂપે તૈયાર કરે છે. આમાં લક્ષ્મી, ગણેશ કે કૃષ્ણને મધ્યમાં રાખી આજુબાજુ મોર, પોપટ, વૃક્ષો, વનરાજિઓ ચિતરવામાં આવે તે રંગો માત્ર લાલ, ધોળો અને થોડા પ્રમાણમાં આસમાની વપરાય છે. આવાં ચિત્રો બાહ્ય રીતે કે પ્રથમ નજરે ગ્રામ્ય લાગતાં હોવા છતાં ઝીણવટથી જોતાં તેમાં રહેલી કલાસૂઝનાં દર્શન થયા વિના રહેતાં નથી.

## સ્થાપત્યો અને શિલ્પો :

ભારતીય સ્થાપત્યની શરૂઆત બીજા દેશોની માફક આદિમાનવથી થઈ હોવાનું માનીએ તોપણ તેના કોઈ નમૂના આજે મળતા નથી. ઐતિહાસિક રીતે વિચારતાં આર્યોના આગમન પહેલાં મોહેં-જો-દડો અને હડપ્પા સંસ્કૃતિની પ્રજાઓમાં સ્થાપત્યો હતાં, દેવતાયતનો ન હતાં. આર્યો પ્રકૃતિપૂજકો હતા અને આ પ્રજાઓની માફક નગર-સંસ્કૃતિના ચોકઠામાં જકડાયેલા ન હતા. પરન્તુ ભારતમાં સ્થિર થતાં જ અનાર્યોના સંપર્કમાં આવ્યા પછી ગ્રામ અને નગરોની સ્થાપના કરી અનેક નાનાંમોટાં સ્થાપત્યો અસ્તિત્વમાં આણ્યાં. ઋગ્વેદના પ્રકૃતિના દેવોને સમાજમાં સ્થિર કરવા માટે દેવતાયતનો, મંદિરો કે પ્રાસાદો બાંધવાની શરૂઆત થઈ. સૂત્રકાળથી દેવતાયતનો બાંધવાની શરૂઆત થઈ.[૮] મૂર્તિપૂજાની શરૂઆત તો ઈ. સ. પૂર્વે કેટલીય સદીઓ પહેલાં થઈ હતી,[૯] પણ તે વખતે દેવતાયતનો કે પ્રાસાદો હોવાના ઉલ્લેખો મળતા નથી. મહાભારતમાં તો સ્પષ્ટપણે દેવતાયતનોનો ઉલ્લેખ મળી આવે છે, પરંતુ તેનાં વર્ણનો મળતાં નથી. ભારતમાં મૂર્તિપૂજા અને દેવતાયતન નિર્માણ સાથે સાથે થયાં કે વૈદિક આર્યોએ આ વિચારો કોઈ જાતિ કે

---

૮ જુઓ, લાગાક્ષિ ગૃહ્યસૂત્ર, ૧૮/૩; વિષ્ણુ ધર્મસૂત્ર ૬૯/૭, ૩૦/૧૯. આપસ્તંબ ધર્મસૂત્ર, ૧/૧૧;૩૦/૨૮

૯ ડૉ. પી. વી. કાણે: धर्मशास्त्र का इतिहास, पा. ३९०

સંપ્રદાય પાસેથી ગ્રહણ કર્યા તે બાબતમાં ત્રણ મુખ્ય મતો પ્રચલિત છેઃ ૧, મૂર્તિપૂજા દ્રવિડો કે અનાર્યો પાસેથી ગ્રહણ કરી. ૨, મૂર્તિઓનું નિર્માણ એ બૌદ્ધોની અનુકૃતિ છે. ૩. મૂર્તિપૂજા એ સ્વાભાવિક વિકાસનું ફળ છે. બુદ્ધકાલ, મોટા ભાગના વિદ્વાનો પ્રમાણે ઈ. સ. પૂ, ૫૬૩–૪૮૩ છે.[૧૦] મૂર્તિપૂજાનો પ્રચાર તો ઈ. સ.ની ચોથીપાંચમી સદીમાં જ થયો હતો; જોકે નિરુક્ત કાળમાં પણ દેવતાઓની મૂર્તિઓ વગેરે માટે ચિન્તન તો હતું જ,[૧૧] એટલે એટલું માની શકાય કે ખૂબ પ્રાચીન કાળથી તે અંગે વૈદિક આર્યો ચિંતનશીલ હશે જ, દ્રવિડોના સંપર્કથી તેના ઉપર ઠીક ઠીક અસર થઈ હોય અને બૌદ્ધોના સમય પછી સ્વાભાવિક વિકાસના ફળના પરિણામે વ્યવસ્થિત રીતે ચોથી-પાંચમી સદીમાં મૂર્તિપૂજા-દેવતાયતનો વગેરે પ્રચારમાં સવિશેષ આવ્યાં હોય. નિરુક્તકાળ પછી દેવોના પ્રતીકોની કલ્પના શરૂ થઈ અને જે પ્રતિમાશિલ્પો સર્જાયાં તેને સર્વ ઋતુઓથી બચાવવા દેરી જેવાં નાનાં સ્થાપત્યો બનાવી તેમાં મૂકયાં. પણ જેમ જેમ તેના અનુયાયીઓ વધ્યા, તેમના માટેની ભાવના વધી અને રાજ્યાશ્રયો પ્રાપ્ત થયા તેમ તેમ મોટી દેરી, કાષ્ઠ કે પાષાણનાં કલાપૂર્ણ દેવમંદિરો રચાયાં.

દેવમંદિર–હિંદુમંદિર અનેક પ્રતીકોનું બનેલું હોય છે. ઋગ્વેદના પ્રકૃતિના દેવો કે જેને માનવ કરતાં વધુ શક્તિશાળી ગણ્યા હતા તેમને માટે વિવિધ વાહનોની કલ્પનાઓ કરી અને તેમની સાથે જોડયાં. મૂર્તિ-પ્રતિમા કયા દેવની કેવી, કેવા આયુધોથી બનાવવી તે નક્કી કરવામાં આવ્યું.[૧૨] તેનાં શાસ્ત્રો રચાયાં દેવોની આકૃતિ અને રૂપ માનવના જેવાં હોવા છતાં માનવની દુર્બળતાઓ વિનાનાં કલ્પાયાં. તેમનાં આયતનોને પણ માનવશરીરનાં અંગોનાં નામ જેવાં કે પાદ, जंघा, ग्रीवा, शीर्ष, વગેરે આપી માનવો સાથે તાદાત્મ્ય સાધવાનો પ્રયત્ન થયો. દેવો માનવથી શક્તિશાળી એટલે વૈભવ પણ સ્વાભાવિક રીતે મોટો હોય તેથી જ તેમનાં આયતનો માટે પ્રાસાદ કે મંદિર શબ્દો પ્રયોજાયા. દુષ્ટોને દંડ આપવા અને સજ્જનોની રક્ષા કરવા તથા ધર્મસંસ્થાપન માટે અવતાર ધારણ કરનાર શક્તિશાળી દેવ તેમની પ્રતિમામાં રહે છે તે ભાવનાઓ અસ્તિત્વમાં આવી અને તેમના માટેનો અહોભાવ પ્રકટ કરવા તેમને આસન, છત્ર, ચામર તેમની સેવા માટે અપ્સરાગણ, સંગીત નૃત્ય, દીપમાળ વગેરે કલ્પવામાં આવ્યાં અને તે આયતનોમાં પ્રતિમાસ્વરૂપે મૂકયાં. રાજમહેલની માફક મંદિરોમાં ગર્ભગૃહ, સભામંડપ, નૃત્યમંડળ બનાવવાની શરૂઆત થઈ. હિંદુધર્મમાં સમૂહ ઉપાસનાને મુખ્યત્વે સ્થાન ન હોવાથી આયતનોમાં ગર્ભગૃહ પ્રમાણમાં ખૂબ નાનું અને આછા પ્રકાશવાળું, જ્યાં બેસીને સાધક દેવની ઉપાસના કરી શકે અને પોતાની સર્વ વૃત્તિઓ દાબી મુખ્ય પ્રતિમા તરફ ધ્યાન કેન્દ્રિત કરી શકે.

મંદિરની રચના પણ માનવગૃહ પ્રમાણે જ હોય છે. ઘરની તલસપાટી કે પ્લીન્થ જેવાં મંદિરના ભાગને જગતી કહે છે. દીવાલવાળા ભાગને મંડોવર અને છાપરાના શંકુ આકારના કે

---

૧૦ એજન, પા. ૩૯૧

૧૧ अथ आकारचिन्तनं देवतानाम् । पुरुषविधाः स्युरित्येकम् । निरुक्त, ७/६/७

૧૨ મત્સ્યપુરાણ, અ. ૨૫૮-૨૬૪; અગ્નિપુરાણ, અ. ૪૦/૫૩; વિષ્ણુધર્મોત્તર પુરાણ ૩.૪૪; તથા માનસાર, હેમાદ્રિની ચતુર્વર્ગચિન્તામણિ તથા સૂત્રધારમંડનનું દેવતામૂર્તિપ્રકરણ આદિમાં પ્રતિમાલક્ષણ.

બીજા આકારના ભાગને શિખર કહે છે. વળી મંદિર એટલે ત્રણ લોકને ધરાવતું સ્થાપત્ય–સ્વર્ગ–મૃત્યુ અને પાતાળ પાતાળ જમીનની નીચે છે અને દેવાલય મૃત્યુલોકમાં સ્થાપવાનું હોય છે અને તે પણ કાયમ માટે એટલે યોગ્ય ભૂમિપરીક્ષા કરી, વાસ્તુ-પુરુષની સ્થાપના કદી મંદિર બનાવવામાં આવે છે. વાસ્તુનું એકમ પદ હોઈ આવાં મંદિરો એકથી ચોસઠ પદોનાં બનાવવામાં આવે છે અને તેના ઉપર મંદિરના ભાગો રચાય છે.

પાતાળના પાણીથી ઉપર આવીએ એટલે સૌ પ્રથમ પાણીમાં વધુ પણ થોડું પાણી ઉપર રહેનાર મૃત્યુલોકોનું ઉત્તમ પુષ્પ કમળ છે એટલે તેની પાંદડીઓના આકારથી સામાન્ય રીતે મંદિરની પીઠ શરૂ થાય. તેના ઉપરના ભાગમાં જળચર પ્રાણીઓ, મકર ગ્રાસની હારમાળાઓ કે ગ્રાસપટી, તેના પર હંસ થર, પછી પશુથર–તેમાં ગજરાજ અને તેની ઉપર પૃથ્વીનું શ્રેષ્ઠ ગતિશીલ પ્રાણી અશ્વ, તેના થર અને છેલ્લે પીઠમાં માનવથર કોતરી જગતનું દર્શન કરાવે તે જગતી. જગતીની–પીઠની દીવાલમાં બહારની ચારેબાજુ દેવમૂર્તિઓ, અપ્સરાઓ, ભાટો, નર્તકીઓ મૂકવામાં આવે છે. જે દેવનું મંદિર હોય તેમની પ્રતિમાઓ મુખ્ય દ્વાર સિવાય ત્રણે દિશામાં વચ્ચેના ગોખમાં મૂકવામાં આવે છે અને બાકીના ભાગમાં પરિવાર-દેવો, દિક્પાલો વગેરેની પ્રતિમાઓ મુકાય છે. દેવો તો સ્વર્ગના વાસી અને નિત્ય આનંદપ્રમોદ કરનારા તેથી દેવાલયોમાં અપ્સરાઓ, નર્તકીઓ સવિશેષ મૂકવામાં આવે છે; અને જગતના પ્રાણીઓથી અનોખું મિશ્ર પ્રાણી વ્યાળ પણ મંદિરોમાં ખૂણામાં મુકાય છે. સૌ પરિવારદેવોને અલગ અલગ ગૃહ હોવું જરૂર છે. તેથી મંદિરની પીઠમાં તેવાં નાનાંગૃહો–મંદિરોનું નિર્માણ પીઠમાં કરવામાં આવે છે.

મંદિરનું શિખર મેરુ, મંદાર કે કૈલાસની આપણી કલ્પનાને મૂર્ત સ્વરૂપ આપે છે. શિખરની નીચે છતમાં સુંદર કોતરણી અને તારકોના આકારમાં વિવિધ રૂપો અંકિત કરાય છે અને તેને માટે આકાશની જેમ વિતાનથી જ ઓળખવામાં આવે છે. મંદિરો સ્તંભ ઉપર જ હોય છે અને તે સ્તંભો પણ માનવ શરીર સાથે સરખાવી નીચેના ભાગને પાદ અને ઉપરના ભાગને શીર્ષ કહેવાય છે.

મંદિરો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપનારાં હોઈ, આ ચારે પુરુષાર્થ સિદ્ધ કરે તેવાં શિલ્પોથી ખંડિત, સુવ્યવસ્થિત સ્થાપત્યો, બાંધવાની પ્રથા ઈ. સ. પૂ. ત્રીજી સદીથી થઈ હોવાનું રાજસ્થાનના જયપુર જિલ્લાના વૈરાટ ગામના પ્રાચીન અવશેષો અને અન્ય સ્થળોએથી પ્રાપ્ત અવશેષો ઉપરથી જણાય છે; પણ તે કાળમાં સાદાઈ વિશેષ હતી. સ્થાપત્યો પણ નાનાં રચાતાં. ઓખામંડળ પ્રદેશનાં સ્થાપત્યો તો તેટલાં પ્રાચીન નથી. પણ ડૉ. સાંકળીઆ જણાવે છે તેમ, ઈ. સ.ના ચોથા સૈકા પહેલાંનાં હોઈ શકે નહીં. આ પ્રદેશના જગત-મંદિરથી માંડી કે ગુહાદિત્યનાં દેરાં સુધીનાં સ્થાપત્યોની વીગતે ચર્ચા ન કરતાં ટૂંકાણમાં તેનો શક્ય તેટલો ખ્યાલ આપવાની મારી નમ્ર રજૂઆત છે.

## શ્રી દ્વારકાધીશનું મંદિર–જગત મંદિર :

ઓખામંડળનાં સ્થાપત્યોમાં સૌ પ્રથમ જગત મંદિર આવે છે. આ મંદિર ૧૨૫ ફૂટ ઊંચું છે. યાદવાસ્થળીનાં સ્વયંસાજત ભયંકર વિનાશમાંથી બચેલા ભગવાન શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભે વિશ્વકર્માને વિનંતિ કરી અને તેમણે એક જ રાતમાં આ મંદિર બાંધ્યું હોવાની કિંવદન્તી

છે. ડૉ. જયંતિલાલ ઠાકર મંદિરમાં પહેલે માળે ચોડેલા પહેલી સદીના મનાતા એક લેખના આધારે તેની રચના પહેલી સદીની કહે છે.[૧૩] પરંતુ હકીકતમાં આ લેખ આજ સુધી વાંચી શકાયો નથી. ડૉ. કાંતિલાલ સોમપુરાના[૧૪] મતે આ મોગલ સમય કરતાં જૂનું નથી. સ્તંભો અને અન્ય જગ્યાના કેટલાક લેખો ૧૫ કે ૧૬મી સદીથી જૂના નથી. શ્રી મંજુલાલ સેવકલાલ દવે, શારદા-પીઠના રેકર્ડમાંથી મળેલ એક તામ્રપત્રને આધારે આ મંદિર જગદ્‌ગુરુ શંકરાચાર્યે સમરાવ્યું હોવાનું જણાવે છે.[૧૫] એટલું તો ચોક્કસ છે કે આ જગ્યા ઉપર પ્રાચીન સ્થાપત્ય હોવું જોઈએ અને કાળબળે તેમાં ફેરફારો થતા રહ્યા છે. મહમદ બેગડાએ ૧૪૭૩માં તે તોડયું હતું અને અકબરના સમયમાં તેને ફરીથી સમારવામાં આવ્યું હતું એમ પણ નોંધ્યું છે. શ્રી શંકરાચાર્ય મહારાજશ્રીએ ૧૮મી સદીમાં તેને ફરીથી સમરાવ્યું હતું.

આ મંદિર ચૌલુકચ શૈલીનાં મંદિરોની સ્થાપત્ય શૈલીનો બેનમૂન નમૂનો છે. જગતી, મંડોવર અને શિખર સુધીનો એક એક ભાગ અનેક શિલ્પોથી ભરપૂર છે. તેમાં વિષ્ણુના અવતારનાં શિલ્પો, કલાત્મક પ્રાકૃતિક દશ્યોનાં શિલ્પો, પાંખોવાળો હાથી, ગ્રીક સંસ્કૃતિની અસરવાળાં અર્ધમાનવ આકારની પટીનું શિલ્પ વગેરે પણ મૂકવામાં આવેલ છે. આ મંદિરના મુખ્ય ભાગમાં ગર્ભગૃહ, અંતરાલ, મંડપ અને અર્ધમંડપ છે. તેના વિશાળ પ્રેક્ષાગૃહમાં ૭૨ થાંભલા છે અને ૧૭૦ ફૂટ ઊંચું શંકુ આકારનું શિખર છે. મંદિરના મુખ્ય ભાગની ઊંચાઈ ૧૦૦ ફૂટ છે. તેને કુલ પાંચ માળ છે. તેના બાહ્ય ભાગ અને શિખર ઉપર કલાત્મક કોતરકામ છે. ગર્ભ-ગૃહને અડીને આવેલા ગર્ભમંડપનું શિખર લાડવાની પ્રતિકૃતિવાળું શિલ્પ ધરાવે છે તેથી તે લાડવા મંદિર પણ કહેવાય છે. આ મંદિરની પૂર્વ-પશ્ચિમ લંબાઈ ૮૮ ફૂટ અને ઉત્તર-દક્ષિણ પહોળાઈ ૭૦ ફૂટ છે. મુખ્ય મંડપના ગુંબજની ઊંચાઈ ૭૫ ફૂટ છે. તેનો સમચોરસ મંડપ ૨૬' × ૨૬'નો છે પણ વચમાં આવેલી શેષશાયીની દેરીને કારણે તેની સમચોરસતા ટકી નથી. ડૉ. કાંતિલાલ સોમપુરાએ આ મંદિરનું સ્થાપત્યની દષ્ટિએ સાંગોપાંગ વર્ણન પોતાના પુસ્તકમાં કરેલ છે. આ સમગ્ર મંદિર પથ્થરનું છે. આ મંદિરના આરાધ્ય દેવ શ્રીદ્વારકાધીશજીની પ્રતિમા ત્રણ ફૂટ ઊંચી શાલીગ્રામ પથ્થરમાંથી બનાવેલી છે.

મુખ્ય મંદિરની આસપાસ બીજાં નાનાં મોટાં અનેક મંદિરો છે. તેમાં ચોકમાં આવેલું ત્રિવિક્રમજીનું મંદિર પ્રાચીન, પ્રમાણમાં નાનું હોવા છતાં બેનમૂન છે. આ મંદિરનાં શિલ્પો અહીંની આબોહવાને કારણે ઘસારો પામી નાશ પામ્યાં હોવાથી આજે તેની જગ્યાએ તેવાં જ શિલ્પો નવેસરથી મૂકી, સમારકામ ચાલુ છે. કેટલાંક શિલ્પોમાં સિમેન્ટ અને ચૂનો લાગ્યો હોવાથી તેનું તાદશ વર્ણન આપી શકાતું નથી પણ સોલંકી કાળનાં અન્ય મંદિરો જેવું જ ગર્ભમંડપ અને નાના ગર્ભગૃહવાળું, કલાત્મક જગતી ઉપર શિલ્પમય મંડોવર ધરાવતું આ અનોખું મંદિર છે. આ મંદિરની છત પણ વિતાન નામને યથાર્થ રજૂ કરે તેવી છે. તેના પ્રત્યેક ખૂણામાં

---

૧૩ ડૉ. જયંતિલાલ ઠાકર, 'દ્વારકાદર્શન', પૃ. ૬૬.

૧૪ ડૉ. કાંતિલાલ સોમપુરા, The structural temple of Gujarat, p. 223

૧૫ શ્રી. મંજુલાલ સેવકલાલ દવે, "The Dwarkadhish Temple–who built it and when" Published in Shardapeeth Pradip, Vol. V, No. 1, Feb. 1965.

સ્તંભો ઉપર વ્યાસ છે. ત્રિવિક્રમજીની પ્રતિમા, ત્યાં આવેલી ગરુડજી, ગણેશ અને લક્ષ્મીની પ્રતિમાઓ પણ અતિ સુંદર હોઈ વિસ્તારભયે તેનું વર્ણન કરતો નથી.

ત્રિવિક્રમજીના મંદિરની બરાબર સામે માધવરાયજીનું પ્રાચીન મંદિર છે, પણ સ્થાપત્ય-દૃષ્ટિએ તેની કોઈ વિશેષતા નથી. તેને નાનું ગર્ભગૃહ અને વિશાળ મંડપ છે. આબોહવાથી ઘસાઈ ગયેલું છે છતાં સ્થાપત્યની દૃષ્ટિએ અર્વાચીન છે. આવું જ બીજું મંદિર મંદિરની પૂર્વે પ્રદ્યુમ્ન-રાયજીનું છે. આ મંદિર પણ ત્રિવિક્રમ મંદિરના જેવું જ લગભગ તે કાળમાં બંધાયેલું લગભગ તે જ બાંધણીનું આશરે ૮ ફૂટ જગતી ઉપર બંધાયેલું સોલંકી કાળના મંદિરોને મળતું નાનું મંદિર છે. ત્રિવિક્રમજીના મંદિર જેવું તે અનન્ય નથી. આ સિવાય બીજાં કેટલાંક મંદિરો તથા શ્રી શારદાપીઠનાં પટરાણીનાં મંદિરો છે પણ તે સ્થાપત્યની દૃષ્ટિએ કોઈ વિશેષતા ધરાવતાં નથી.

## રુક્મિણી મંદિર :

દ્વારકા નગરથી એક માઈલ દૂર આ મંદિર આવેલું છે. આ મંદિરનો વીગતપૂર્ણ અભ્યાસ શ્રી. કલ્યાણરાય જોષીએ કરેલ છે.[૧૬] સ્થાપત્યની દૃષ્ટિએ તે ૧૦મી અગર ૧૧મી સદીમાં બંધાયેલું હોવાનું લાગે છે. દ્વારકાના સૂર્ય મંદિરમાં ૧૦૮૩ના આંકડાવાળા પથ્થર ઉપરથી અને લગભગ એકસરખી શૈલીને કારણે આ મંદિર તે કાળમાં બંધાયું હોવાનું શ્રી જોષી માને છે. તેમના મતે ભીમદેવ સોલંકીએ ૧૦૨૦ થી ૧૦૩૪ના અરસામાં આ બંધાવેલ છે. આ માટે પાસે આવેલ રૂપેણ બંદર અને નદીના નામાભિધાન ઉપરથી તર્ક કરે છે કે પાટણ પ્રદેશની રૂપેણ નદી ઉપરથી આ નામ અપાયું હશે. આ મંદિર મહમદ બેગડાને હાથે ઈ. સ. ૧૪૫૯માં તૂટયું હતું. ૮૨ ફૂટ લાંબા, ૪૫ ફૂટ પહોળા અને ૬ ફૂટ ઊંચા ઓટલા ઉપર પશ્ચિમાભિમુખ આ દેવળ છે. આ મંદિરમાં પશ્ચિમ દિશાએ ઓટલાની નીચે મુખ્ય મંદિર અને રંગમંડપની બરાબર સામે એક નાનો ચાર સ્તંભનો મંડપ જર્જરિત હાલતમાં છે. ત્યાં અઢી ફૂટ લાંબો એક હાથી હતો જે આજે નથી. જગતીનાં પગથિયાં ચડયા પછી રંગમંડપ આવે છે. ૧૦′ ને ૬″નાં થાંભલા ઉપર ઊભેલો આ રંગમંડપ કલાયુકત છે, તે ચોરીથી ઓળખાય છે. રંગમંડપથી મંદિરમાં પ્રવેશ કરતાં ગર્ભમંડપ છે. આ એક ચોરસ સોળ સ્તંભનો ઓરડો છે અને તેના ઉપર ઘૂમટ છે જે સાદો અને પાછળ સુધારેલો છે. સ્થાપત્યની દૃષ્ટિએ ઘટપલ્લવ કે શ્રીધર સ્તંભોનો આ મંડપ છે. ગર્ભમંડપ પછી ગર્ભગૃહ આવે છે. આનું પ્રવેશદ્વાર પણ કલાપૂર્ણ છે. ઉમરામાં કીર્તિમુખો, બાજુમાં ગંગાયમુનાની પ્રતિકૃતિઓ વગેરે છે. ગર્ભમંડપ એક સાદો ઓરડો છે. પ્રતિમા લક્ષ્મીજીની છે અને તે પૂર્વની ભીંત સાથે જડેલી હોવાથી પ્રદક્ષિણા કરી શકાતી નથી. આ મંદિરનાં જગતી અને મંડોવર કલાપૂર્ણ છે; તેમાં ક્રમશઃ વેલ, ગ્રાસપટી, ગજથર, નરથર, દેવથર અને ગવાક્ષો છે. ગવાક્ષોમાં દિક્પાલોની પ્રતિમાઓ, ત્રણ બાજુએ દેવીની પ્રતિમાઓ, ભોગાસનો વગેરે શિલ્પો અનન્ય છે. આ મંદિરની સામે લગભગ ચોરસ દેરી છે. વેદિકા જેવા કેટલાક ભાગો પણ જર્જરિત હાલતમાં છે. ત્યાં પ્રાચીન કાળમાં નાની દહેરી હતી. ડૉ. પિનુભાઈ ભટ્ટ આ દ્વારકાનું સ્થાન પ્રાચીન કાળમાં શાકત સંપ્રદાયનું મહત્ત્વનું સ્થાન હશે એમ માને છે અને તે દહેરી વગેરે તેનાં પ્રતીકો

---

૧૬ શ્રી કલ્યાણરાય જોષી, રૂક્મણી મંદિર, શારદાપીઠ પ્રદીપ, વો. ૧૨, અંક ૧, ફેબ્રુઆરી ૧૯૭૨

હોવાનું કલ્પે છે. તેમને ટેકો આપતી અન્ય હકીકતોમાં શહેરમાં આવેલું ભદ્રકાલીનું મંદિર પણ સોલંકીકાળના રુકિમણી મંદિર જેવી જ, કાંઈક પ્રમાણમાં ઓછી કારીગરીવાળું પ્રાચીન સ્થાપત્ય છે. આ મંદિરના મંડોવરમાં પણ જે શિલ્પો છે તે તેની પ્રાચીનતાને ટેકો આપે છે. કમળાકર જગતીમાં નરથર ઇત્યાદિ કલાકૃતિઓ છે. અહીં પથ્થરમાં કોતરેલું અનન્ય શ્રીયંત્ર પણ છે જે અનેરું શિલ્પ ગણી શકાય. આ ઉપરાંત દ્વારકામાં બીજાં ઘણાં શક્તિપીઠો છે; ત્યાં મુખ્યત્વે યંત્રોની પૂજા થાય છે. નાના ઘર મંદિરમાં આવેલી તે પીઠોમાં આશાપુરી, હરસિદ્ધિ, બાલાજી, બહુચરાજી, રાંદલમાતા, યજ્ઞેશ્વરી, લુણી કે લુણાઈ માતા, ધનેશ્વરી, વારાહી, આદ્યશક્તિ મુખ્ય છે.

વિષ્ણુ અને શક્તિનો પરસ્પર ખૂબ જ સંબંધ છે અને જ્યાં જ્યાં વિષ્ણુપીઠ હોય ત્યાં શક્તિપીઠ હોવાં જ જોઈએ. માર્કંડેય પુરાણમાંનો સપ્તશતીનો પાઠ આની સાક્ષી પૂરે છે.[૧૭] શક્તિનું પ્રભવસ્થાન વિષ્ણુ હોઈ, જ્યાં જ્યાં પ્રાચીન વૈષ્ણવસ્થાન હોય ત્યાં શાક્તસંપ્રદાયનું પ્રાબલ્ય હોવાનું જ એટલે ડૉ. પિનુભાઈ ભટ્ટની માન્યતા પ્રમાણે આ પ્રાચીન શક્તિપીઠ હોય તે તર્કયુક્ત લાગે છે.

## સૂર્યમંદિર–દ્વારકા :

દ્વારકામાં કક્કાસ કુંડ ઉપર એક પ્રાચીન સૂર્યમંદિર આવેલું છે. ગર્ગસંહિતા પ્રમાણે સૂર્યકુંડ ઉપર સૂર્યમંદિર બનેલું છે. આ કુંડ પહેલાં હશે અને મંદિર પછીથી થયું હશે એમ લાગે છે. કુંડના પૂર્વભાગે ૨૦ ફૂટની જગા ઉપર ઓટલો ચણીને તે બનાવેલ છે. આજથી ૫૦ વર્ષ પહેલાં જીર્ણોદ્ધાર કરી તેમાં આરસની નવી સૂર્યની અને રાંદલની મૂર્તિઓ મૂકેલી છે; જ્યારે કુંડની મરામત કરવામાં આવી ત્યારે મંદિરના ગર્ભગૃહના મુખ્ય દ્વારના કેટલાક પથ્થરો તથા ગોખમાંથી નીકળેલાં શિલ્પો કાંઠાની દીવાલોમાં ચણી લીધાં છે. તે શિલ્પો જોતાં અહીં સોલંકી કાળનું એક સૂર્યમંદિર હશે એમ લાગે છે. મંદિરની બહાર અરુણની મૂર્તિ તરીકે જાણીતી સૂર્યપ્રતિમા ખૂબ જ પ્રાચીન છે. તેના જમણા હાથમાં કમળ અને ડાબા હાથમાં દંડ છે. કુંડમાં સૂર્યપ્રતિમા છે તેની બે બાજુ દાસીઓ ચામર ઢોળતી બતાવી છે. આ મંદિર પૂર્વાભિમુખ છે; તેનો રંગમંડપ ૧૬′ × ૧૬′ નો છે, અને ગર્ભગૃહ ઘણું નાનું છે. મુખ્ય દ્વારનું તોરણ પણ અપ્રતિમ શિલ્પો ધરાવે છે. આમ આ એક પ્રાચીન મંદિર હશે એમ સ્પષ્ટ જણાય છે.

દ્વારકાનાં પ્રાચીન સ્થાપત્યોમાં સિદ્ધનાથ મહાદેવનું મંદિર તેના સ્થાપત્ય ઉપરથી પણ અન્ય મંદિરોની માફક પ્રાચીન સોલંકી કાળનું લાગે છે. પણ તેનો જીર્ણોદ્ધાર થયા પછી પ્રાચીન શિલ્પો દૂર કરી પંદરમી–સોળમી સદીમાં બંધાયેલાં મંદિરો જેવું તે છે. આ ઉપરાંત દ્વારકામાં બ્રહ્મકુંડ પણ તેના સ્થાપત્યોમાંનો એક ગણી શકાય.

દ્વારકા શહેરનાં સ્થાપત્યોનો આછો પરિચય મેળવ્યા પછી ઓખામંડળ પ્રદેશનાં સ્થાપત્યો જોઈશું. તો સૌ પ્રથમ આ સ્થાપત્યોની શોધ કરી તેનો સમય, પ્રકાર નક્કી કરનારા વિદ્વાનો

---

૧૭ જુઓ માર્કંડેય પુરાણાન્તર્ગત સપ્તશતી-પાઠ :—महामाया हरेश्चैषा । ૧. ૫૪, ૫૫; योगनिद्रां तदा विष्णुः । ૬૬ ; योगनिद्रा हरेरुक्ता महाकाली तमोगुणा । વૈકૃતિક રહસ્ય, त्वं वैष्णवीशक्तिरनन्तवीर्या ૧૧.૫ વગેરે.

શ્રી મધુસૂદન ઢાંકી, શ્રી જે. એમ. નાણાવટી, અને ડૉ. કાંતિલાલ સોમપુરાના અભિપ્રાયો સમજવા જરૂરી છે.[૧૮] આ ઉપરાંત શ્રી. મણિભાઈ વોરાના માર્ગદર્શન નીચે પોરબંદરના પુરાતત્ત્વ મંડળના ઉત્સાહી સદસ્યોએ પણ આ દિશામાં ઠીક ઠીક હકીકતો રજૂ કરી છે. અહીં આપવામાં આવેલો પરિચય આ સૌ વિદ્વાન સંશોધકોના લેખોને આધારે અને તે મંદિરોનો જાતે જોયા પછી પરિચય આપી નમ્રપણે રજૂઆત કરું છું. બાકી તે વિદ્વાનોનો હું ઋણી છું.

પ્રાસણુવેલના મગદેરાની રચના પરત્વે તે સપ્તાયન પ્રકારનું મંદિર છે. બાહ્ય દીવાલો ખૂબ જ સાદી છે. જમીનતળથી શિખરના થર સુધી ઊભી કરવામાં આવેલી દીવાલોમાં ભદ્રાદિ નિર્ગમો નથી. આ મંદિરના સ્તંભો પણ સાદા અને ચોરસ ઘાટના છે. કુંભીનો તેમાં મુખ્યત્વે અભાવ છે. મધ્યદંડના ઉપરના ભાગમાં કોઈક વૈવિધ્ય આણવાનો પ્રયત્ન જોવામાં આવે છે. આ પ્રાચીન સૂર્યમંદિર છે અને પ્રાક્સોલંકી કાળનું એક મહત્ત્વનું સ્થાપત્ય છે. ગર્ભગૃહ ઉપર શિખરની રચના પાછલા સમયનાં સોલંકી મંદિરો કરતાં જુદી જ છે. આ મંદિર ટોડા પદ્ધતિએ બંધાયેલું હોઈ, નીચેથી ઉપર જતાં ક્રમે ક્રમે ઓછી લંબાઈ–પહોળાઈ ધરાવતાં સમતલ થરો વડે છેક ઉપરની ટોચે ફાંસાકાર સધાય છે. તલદર્શનની દૃષ્ટિએ ખૂબ જ સાદું, ગર્ભગૃહ અને એની સામે મંડપ કે શૃંગાર ચોકી અને ગર્ભગૃહની આસપાસ પ્રદક્ષિણાપૂજા ધરાવે છે. પ્રાક્ સોલંકી શૈલીના આ મંદિરને મળતાં ઓખામંડળનાં અન્ય મંદિરોમાં **નવી દ્રેવાડનું કાલિકા મંદિર** પણ આવે છે. કાલિકા મંદિર તરીકે ઓળખાતું આ મંદિર ખરેખર સૂર્યમંદિર છે અને તેમાં સૂર્યપ્રતિમાને લોકો કાલિકા તરીકે પૂજે છે. સ્થાપત્ય અને શૈલી મગ દહેરાં જેવી છે. આ મંદિર આજે ઘણી જગ્યાએથી સમરાવેલું હોવા છતાં તે તેનું પ્રાચીન સ્થાપત્ય જાળવી શકયું છે. આ મંદિરની વિશેષતા 'ચૈત્યગવાક્ષ' કે 'ચૈત્યબારી' નામથી જાણીતાં સુશોભનો જેને સ્થાપત્યની ભાષામાં 'હંસપૃક્ષી' કહે છે તેનાથી સભર છે.

બટડીઆનાં સામ્બ-લક્ષ્મણનાં મંદિરો દ્વારકાથી લગભગ પાંચ માઈલ દૂર ચંદ્રભાગા નદીને કિનારે સાગર કાંઠે આવેલાં છે. ડૉ. એ. એસ. ગદ્રે તેને વૈષ્ણવ મંદિરો કહે છે.[૧૯] પણ વાસ્તવમાં તે વૈષ્ણવ મંદિરો નથી એમ અષ્ટકોણી જગતીના દરેક ખૂણે મૂકવામાં આવેલી શૈવ પ્રતિમાઓ ઉપરથી લાગે છે. આ જગતી ઉપર જવા માટે પગથિયાં મૂકેલાં છે. તેને નાનું છજું, ઘૂમટવાળો અંતરાલ અને ગર્ભગૃહ છે, અને બે બેઠકોવાળી બારીઓ છે. આ મંદિર બારમી સદીમાં બંધાયેલું હશે એમ તેના સ્થાપત્ય ઉપરથી જણાય છે. મંડોવરથી શિખર સુધીનો ભાગ કલાયુક્ત છે. હાલ શિખર નથી, પણ તે તૂટેલી હાલતમાં સમાર જેવું છે. આ મંદિરને વધુ તૂટતું અટકાવવા દક્ષિણ બાજુના ભાગને સમરાવીને ફરીથી બાંધવામાં આવ્યું છે. શિલ્પો વિધર્મીઓને હાથે ઓળખાય નહીં તેવાં બન્યાં છે પરંતુ તેમાં મૂકવામાં આવેલ વ્યાલ અને કેટલીક પ્રતિમાઓની તક્ષણ કલા જોતાં તે એક ઉત્તમ મંદિર હશે એમ લાગે છે. તેની સામે આવું જ બીજું એક મંદિર છે અને તે પણ તે કાળનું હશે એમ ચોક્કસ લાગે છે.

---

૧૮ જુઓ, ડૉ. કાંતિલાલ સોમપુરા, The Structural Temple of Gujaratમાં ઓખામંડળનાં મંદિરો વિષે વિવિધ જગ્યાએ નોંધો તથા "સૌરાષ્ટ્રનાં છાદ્યાન્વિત શિખર શૈલીનાં મંદિર શિલ્પ".

૧૯ ડૉ. એ. એસ. ગદ્રે, Archaeology in Baroda, 1934-47, p. 14

**સુવર્ણતીર્થ** : દ્વારકાથી લગભગ પાંચ માઈલ સુવર્ણતીર્થ આવેલું છે. ત્યાં જગન્નાથનું મંદિર છે. તે પ્રાચીન સૂર્યમંદિર હોવાનું જાણવા મળે છે. તેની બાજુમાં જ સૂર્યનો રથ કોતરેલું શિલ્પ તેની સાક્ષી પૂરે છે. આ મંદિર પૂર્વાભિમુખ અને ગર્ભગૃહ અને રંગમંડપ વગેરે પ્રાચીન સૂર્યમંદિર પ્રમાણે જ છે. અહીં મંદિર આગળ કાચો કુંડ કે તળાવ છે. સ્થાપત્ય ઉપરથી આ પ્રાક્ચૌલુકય સૂર્યમંદિર ૧૦મી સદીનું લાગે છે. પૂજામંડળ આગળ દ્વારે તોરણમાંથી લાવેલી એક શિલ્પપટ્ટી મૂકેલી છે જેમાં નવ ગ્રહનાં શિલ્પ છે.

## વસાઈનાં મંદિરો :

દ્વારકાથી ઉત્તર-પૂર્વમાં છ માઈલ દૂર વસાઈ ગામ આવેલું છે. તેનું પ્રાચીન નામ કનકાપુરી છે. કનસેન નામના જૈનધર્મી રાજાએ તે વસાવી રાજધાની બનાવ્યું હતું. ત્યાં કેટલાંક મંદિરોના અવશેષો છે તેમાં જૂનગઢી મંદિર જૂનું છે. બારમી સદીમાં બંધાયેલું આ જૈન મંદિર છે. જ્યારે ચાંચિયાગિરી જોરશોરમાં હશે ત્યારે આ મંદિર તેમને છુપાવવા માટેનું આશ્રય-સ્થાન હતું. આજે ભગ્ન હાલતમાં હોઈ કેટલાંક શિલ્પો સિવાય તેની કોઈ વિશેષતા નથી. સોલંકી કાળના અપૂર્વ મંદિરોમાંનું તે એક છે. તેની છતમાં કલમોની આકૃતિઓ વગેરે અનન્ય છે. આ ઉપરાંત તેમાં લડાઈ કરતા પહેલવાન, મલ્લોનાં શિલ્પો, એક બાઈ બીજીના વાળ ઓળે છે તે શિલ્પ, મંદિરના પહેલે માળે આવેલું બળદ અને ગોવાળનું શિલ્પ તથા પથ્થરો ઉપરના કીચકો અને પ્રાકૃતિક દૃશ્યો દર્શાવતા પટ્ટ ખૂબ જ આકર્ષક છે. આ નાના ગર્ભગૃહ અને વિશાળ મંડળવાળું ૨૦ થાંભલાનું છાદ્યાન્વિત મંદિર હશે એમ જણાય છે. આ ઉપરાંત અહીં **રેશમિયું દેહરું** નામનું બીજું અનન્ય સ્થાપત્ય છે. તે શૈવમંદિર હશે એમ લાગે છે. ત્યાં પાસે પડેલી સાધુની પ્રતિમા તૂટેલા નંદીની મૂર્તિ વગેરે પાસેના કૂવામાંથી મળ્યાં હતાં. આ ઉપરાંત ત્યાંથી એક વરાહની પ્રતિમા પણ પ્રાપ્ત થઈ હતી, તે આજે નથી. આ મંદિરની બન્ને બાજુએ તોરણો છે, તેમાં નવ ગ્રહ મૂકેલા છે. આ ભગ્ન મંદિર આઠમા સૈકાનું લાગે છે. આ મંદિરની પાસે જ એક ગણેશની અનન્ય પ્રતિમા તે મંદિરની કલાના ગુણ ગાતી પડી છે.

નવી ધ્રેવાડ પાસે **રાજલ–વિનલનાં દહેરાં** નામે જીર્ણ હાલતમાં બે નાનાં દહેરાં આવેલાં છે. આમ તો તે ખૂબજ સાદાં અને પ્રાક્સોલંકી કાળની બાંધણી ધરાવતાં મંદિરો છે. આ મંદિરનાં ચૈત્યમાં કમળ છે અને ત્યાં પાસે એક ગણેશનું ખંડિત શિલ્પ પડેલું છે. ત્યાં પાસે આવેલું ગામ કોટડું તે કોટ્યર્કનું અપભ્રંશ છે; એટલે ભલે આ દહેરાં રાજ-વિનલ નામે જૈન પરંપરાએ જોડી દીધાં હોય પણ તે પ્રાચીન સૂર્ય મંદિરો હોવાનું વિશેષ લાગે છે.

**લોવહાલીનું ગોકા દહેરું** પણ એક પ્રાચીન સ્થાપત્ય છે. આ ચૌલુકય કાળનું આગળ વર્ણવેલાં મંદિરો જેવું મંદિર છે. તેમાં પણ નવ ગ્રહનું તોરણ મૂકેલું છે. અહીં પણ શિલ્પના અનેક પટ્ટ અને મંદિરના ભગ્નાવશેષો, શંખના ફોસીલ વગેરે મળે છે. એટલે કાળબળે નાશ પામેલું આ સૂર્યમંદિર હોવાનું વિશેષ લાગે છે. એની સામે જ બોડીમંગરને નામે જાણીતી ગુફાઓ આવેલી છે. ત્યાં શું છે તે જાણી શકાયું નથી. હિન્દુ સ્થાપત્યો ઉપરાંત આ પ્રદેશની વિશેષતા દર્શાવતાં અન્ય સ્થાપત્યો અને શિલ્પોમાં ગોરીંજા ગામની આશાબા પીરની ૪૦′ × ૩′ ની લાંબી કબરો પણ વિશિષ્ટ છે. ગોરીંજા ગામનો કિલ્લો જે આઠ ફૂટ પહોળો અને

અને ૭ ફૂટ ઊંચો છે, તે માત્ર પથ્થરો ગોઠવીને બનાવેલો પ્રાચીન કિલ્લાઓનો ઉત્તમ નમૂનો અને આ પ્રદેશની વિશેષતા છે.

આ ઉપરાંત પાળીઆઓનાં શિલ્પો પણ મળી આવે છે. અહીં સમૂહમાં પાળીઆઓ મૂકવાની પદ્ધતિ હશે. પાળીઆઓ પૂર્વાભિમુખે અને તેમાં નૌકાયુદ્ધનો પાળીઓ જે આજે પુરાતત્ત્વખાતાએ ખસેડીને મ્યૂઝિયમમાં મૂકેલો છે તે અનન્ય હતો. આ સિવાયના પાળીઆઓ અને તેની નીચેના લેખોમાં મૂળ વાસરનો શક સંવત ૨૬૫ વૈશાખ વદ પાંચમની મીતિ દર્શાવતો, મિત્રના રક્ષણ માટે મૃત્યુ પામેલા વાજિક પુત્રનો પાળીઓ, બેટનો સંસ્કૃત ભાષામાં લખાયેલ ૧૭૩૮ના લેખવાળો રાણા ભીમજીનો પાળીઓ નોંધપાત્ર છે. આ ઉપરાંત એક જ શીલામાંથી બનાવેલા ધાતુ જેવા રણકાર કાઢતા પથ્થરોમાંથી કોતરી કાઢેલા ૭ ફૂટ લાંબા અને ૨′.૩″ ખાંડણીના ખાડાવાળા ઉલુખલો કે જેના મોઢાનો વ્યાસ ૧′.૬″ છે તે ખૂબ જ અનન્ય શિલ્પો ગણી શકાય. માત્ર વલભીપુર પ્રદેશ સિવાય તે અહીં જ માત્ર મળે છે. આવા વેરવિખેર ઉલુખલો ઘણા છે. આ યાદવોના સોમરસ ગાળવાના ઉલુખલો હશે એમ માનવામાં આવે છે.

## શિલ્પો :

આ પ્રાચીન સ્થાપત્યોના ટૂંકા પરિચયની સાથે કેટલાંક અનન્ય શિલ્પોની નોંધ લીધી છે. પરંતુ દ્વારકાધીશના જગત મંદિરથી શરૂ કરી લગભગ બધાં જ સ્થાપત્યોમાં અનેક શિલ્પો હોઈ, તે સૌનો પરિચય આપવો અત્રે શકય નથી. માત્ર અનન્ય શિલ્પોની યાદી આપીને વિદ્વાનોને તેના અભ્યાસ માટે વિનંતિ કરીને વિરમીશ.

૧ લાડવા મંદિરનું શિખર—જગત મંદિરમાં
૨ નિજ મંદિરના ઝરૂખા—જગત મંદિરમાં
૩ નિજ મંદિરના કાંગરાઓનું શિલ્પ—જગત મંદિરમાં
૪ નિજ મંદિરનો કમલ ઝરૂખો
૫ નિજ મંદિરમાં પહેલે માળે ગંધર્વવૃન્દ
૬ ચૌલુકયકાલીન તોરણ—જગત મંદિર
૭ મત્સ્ય, નૃસિંહ, પરશુરામ, અવતારોનાં શિલ્પ—નિજ મંદિર
૮ વાંદરી અને તેના બચ્ચાંનું શિલ્પ
૯ કમળ પુષ્પની અનન્ય આકૃતિ.
૧૦ નિજ મંદિરમાં ભગવાન બુદ્ધ, દેવી, કાર્તિકેય, વાઘ વગેરેના પ્રતિમાઓ.
૧૧ વિદેશી પશુનું શિલ્પ.
૧૨ પાંખવાળો હાથી અને ઊડતી પરી.
૧૩ રુક્મિણી મંદિરનાં ભોગાસનો.
૧૪ દેવકીજીની પાછળ આવેલાં પ્રાચીન શિલ્પો.
૧૫ ભદ્રકાળીના પાછલા ભાગનાં શિલ્પો;
દ્વારકાના અગ્નિ, વરુણ, ઇત્યાદિ મંદિરની પ્રતિમાઓ

૧૬ ગયા કોઠા ઉપર દશાવતારનું શિલ્પ અને ભક્તવૃન્દ ધરાવતી ત્રિવિક્રમની પ્રતિમા.
૧૭ ત્રિવિક્રમજીના મંદિરમાં ગણેશની તથા ગરુડની પ્રતિમા.
૧૮ વસઈથી તથા બટડીઆથી મળેલાં ગણેશનાં અનન્ય શિલ્પો.
૧૯ કાલિકા મંદિર-ધ્રેવાડની સૂર્યપ્રતિમા.
૨૦ વસઈના મંદિરનાં શિલ્પો.

આ ઉપરાંત બીજાં અનેક શિલ્પો છે જે અભ્યાસપૂર્ણ લેખ દ્વારા રજૂ કરવાં જરૂરી છે.

# ખંભાતની સૂર્ય-પ્રતિમાઓ

જે. પી. અમીન

સૂર્યદેવની ઉપાસના અનેક દેશોમાં પ્રાચીન સમયથી થાય છે. ભારતના આર્યો આ દેવની ઉપાસના પહેલેથી કરતા આવ્યા છે. ઋગ્વેદ સંહિતામાં સૂર્યની સ્તુતિનાં દસ સૂક્ત આવે છે. એમાં સૂર્યદેવ જંગમ તેમ જ સ્થાવર જગતનો આત્મા હોવાનો ઉલ્લેખ આવે છે: **सूर्य आत्मा जगतस्तस्थुषश्च ।** આ દેવનાં અનેક સ્વરૂપ છે, જેની જુદા જુદા નામે સ્તુતિ કરવામાં આવી છે. એમાં **सविता** એ સૌથી મહત્ત્વનું સ્વરૂપ છે. યજ્ઞોપવીતના સંસ્કારથી સાવિત્રી ઋચાનો ઉપદેશ પામી દરેક દ્વિજ પ્રતિદિન સંધ્યોપાસના સમયે સૂર્યદેવને અર્ધ્ય આપી સાવિત્રીનો જપ ને સૂર્યદેવનું ઉપસ્થાન કરતો રહે એવું ધર્મશાસ્ત્રમાં વિહિત કરવામાં આવ્યું છે. આ સાવિત્રી ઋચા ઋગ્વેદ સંહિતાના ત્રીજા મંડળમાં આવે છે ને ત્રણ ચરણના ગાયત્રી છંદમાં રચાયેલી આ ઋચાને સામાન્ય રીતે **गायत्री मन्त्र** તરીકે ઓળખવામાં આવે છે. 'સવિતા દેવના તે ભર્ગનું ધ્યાન ધરીએ છીએ, જે અમારી બુદ્ધિને પ્રેરે' એ મન્ત્ર સ્પષ્ટતઃ સવિતાદેવને ઉદ્દેશીને રચાયેલો છે. એવી રીતે **सूर्यश्च मा मन्युश्च.** એ મન્ત્રના દેવ પણ સૂર્ય છે ને સંધ્યોપાસનનાં મન, વાણી અને દેહ વડે થયેલા દુરિતને (પાપને) દૂર કરવાને અમૃત-યોનિ સૂર્યના આ મન્ત્રનો ઉચ્ચાર કરવામાં આવે છે. સવિતા ઉપરાંત મિત્ર, વરુણ, પૂષા, અર્યમા ઇત્યાદિ બીજા અનેક સ્વરૂપ છે. વિષ્ણુ એ પણ મૂળ તો સૂર્યદેવનું જ ત્રિ-વિક્રમ (ત્રણ ડગલાં) ભરી ત્રણ લોકમાં વ્યાપી રહેતું સ્વરૂપ છે. અદિતિ-પુત્ર તરીકે સૂર્ય आदित्य કહેવાય છે ને આદિત્યોમાં એ અગ્રિમ સ્થાન ધરાવે છે. વસ્તુતઃ બાર આદિત્ય એ સૂર્યનાં વિવિધ સ્વરૂપ છે.[૧]

રામાયણ, મહાભારત ને પુરાણોમાં સૂર્યની ઉપાસનાના અનેક ઉલ્લેખ આવે છે. રઘુકુલના રાજાઓના પ્રથમ પૂર્વજ ઈક્ષ્વાકુ મનુ વૈવસ્વતના પુત્ર તરીકે વિવસ્વાન સૂર્યના વંશજ હોઈ શ્રીરામચંદ્ર સૂર્યવંશી ગણાય છે. સુગ્રીવની ઉત્પત્તિ સૂર્યના પુત્ર તરીકે નિરૂપવામાં આવી છે. પાંડવોનો જન્મ ચંદ્રવંશી પાંડુના કુલમાં થયો હતો. પરંતુ કુન્તી માતાએ કન્યાકાલ દરમ્યાન સૂર્યદેવની આરાધના કરી હતી ને એમાંથી કર્ણની ઉત્પત્તિ થઈ હતી એ પ્રસંગ પ્રસિદ્ધ છે.

---

૧ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, 'સૂર્યોપાસના અને અમદાવાદનું સૂર્યમંદિર', "સૂર્યમંદિર વિશેષાંક" (સં. ડૉ. કાન્તિલાલ ફુ. સોમપુરા), પૃ. ૧૪૬

आदित्यः प्रथमं नाम द्वितीयं तु दिवाकरः ।
तृतीयं भास्करः प्रोक्तं चतुर्थं तु प्रभाकरः ॥
पंचमं तु सहस्रांशु षष्ठं चैव त्रिलोचनः ।
सप्तमं हरिदश्वश्च अष्टमं तु विभावसुः ॥
नवमं दिनकृत्प्रोक्तं दशमं द्वादशात्मकम् ।
एकादशं त्रयीमूर्तिर्द्वादशं सूर्य एव च ॥ (એજન, પૃ. ૧૪૭)

કર્ણને સૂર્યદેવે કવચ-કુંડલ આપેલાં, જે લેવા અર્જુનના દૈવી પિતા ઇન્દ્રને યાચકનું રૂપ લેવું પડયું હતું. પાંડવો બાર વર્ષ માટે વનવાસે ગયા ત્યારે યુધિષ્ઠિરે અતિથિ-ભોજનના ગૃહસ્થ ધર્મના પાલન અર્થે શ્રીસૂર્યદેવની આરાધના કરી ને સૂર્યદેવે પ્રસન્ન થઈ એમને અક્ષયપાત્ર આપ્યું, એવો પ્રસંગ વનપર્વના આરંભમાં આવે છે. પુરાણોમાં સૂર્યની ઉપાસનાને લગતાં વ્રતો, દાનો ને પૂજનોના અનેક ઉલ્લેખ આવે છે. ભવિષ્ય પુરાણમાં સૂર્યપૂજાના ઇતિહાસ સંબંધી શ્રીકૃષ્ણના પુત્ર સામ્બનું આખ્યાન આપવામાં આવ્યું છે. જાંબુવતીના પુત્ર સામ્બે મુનિ દુર્વાસાનું અપમાન કર્યું; કુપિત થયેલા મુનિએ એને શાપ દીધો ને સામ્બના શરીરે કોઢ થયો. ગુરુ ગૌરમુખની સલાહ મુજબ એ શકદ્વીપ ગયો ને ત્યાંથી સૂર્યપૂજા કરતા મગ જાતિના અઢાર માણસોને દેશમાં તેડી લાવ્યો. આ મગ બ્રાહ્મણોને એણે ચંદ્રભાગા ( ચિનાબ ) નદી પર આવેલા મૂલસ્થાન ( મૂલતાન ) પાસે સૂર્ય-મંદિર બાંધી આપ્યું. એમણે કરેલી સૂર્યોપાસનાથી સાંબને કોઢ મટી ગયો. મગ બ્રાહ્મણોની વસ્તી હજી ભિન્નમાળમાં હોવાનું જણાય છે. વરાહમિહિરે બૃહત્સંહિતામાં સૂર્યદેવની મૂર્તિનાં જે લક્ષણ જણાવ્યાં છે તેમાં કટિ પર પહેરાતા અવ્યંગ( કુસ્તી )થી તેમજ ઘૂંટણ સુધી પહેરાતાં લાંબા પગરખાંથી અલગ તરી આવતા ઉદીચીન વેશનું વર્ણન કરવામાં આવ્યું છે, જે ઈરાની દેવની વેશભૂષાને યથાતથ લાગુ પડે છે. ઈરાનના પ્રાચીન આર્યધર્મમાં જણાવેલા મિથ્ર ને મહેર નામે દેવ એ ભારતના પ્રાચીન ધર્મમાં જણાવેલા મિત્ર અને મિહિર નામે સૂર્યદેવ છે.[૨]

સૂર્યની પૂજા અને પ્રચાર અંગેનાં વિવિધ માહાત્મ્યો લખાયાં છે. જેવાં કે નારદાદિત્યનું માહાત્મ્ય, શાંબાદિત્યનું માહાત્મ્ય તથા સ્કંદપુરાણના અંતર્ગત કુમારિકા ખંડમાં ખંભાતની પાસે નગરક ગામના જયાદિત્યનું મોટું માહાત્મ્ય છે. પુરાણોલ્લેખિત આ નગરક આજે 'નગરા'ના નામથી ઓળખાય છે.

ખંભાતથી ઉત્તરે ૩ કિ.મિ. ( ૨ માઈલ )ના અંતરે આવેલ નગરા( ૭૦°–૩૮′–૩૩″ પૂ. અને ૨૨°–૪૧′–૧૫″ ઉ. ) ગામના પટેલ વાસમાં[૩] આવેલ એક નાનકડા શિવાલયમાં સૂર્યની બે પ્રાચીન પ્રતિમાઓ અને સૂર્યાણીની ત્રણ પ્રતિમાઓ આવેલી છે.

એમાં મધ્યસ્થ સૂર્યની પ્રતિમા એકદમ ભવ્ય, અલૌકિક અને આગંતુકને આનંદવિભોર કરે તેવી ચિત્તાકર્ષક છે. ( ચિત્ર ૧ ) જુઓ આ અંકના પાછલા પૂઠાની અંદરની બાજુએ ) આગંતુક એને જોતાંની સાથે જ અવાક થઈ જાય એવી એની ઊંચાઈ છે, આશ્ચર્યચકિત થઈ જાય, એવી અનુપમ એની તક્ષણકલા છે, આનંદવિભોર થઈ જાય એવું અલૌકિક એનું સૌંદર્ય છે.

શ્વેત આરસમાંથી કંડારેલી ૧૮૩ સે.મી. ઊંચી એવી આ પ્રતિમા આગંતુકને આનંદસિંધુનો આસ્વાદ કરાવે છે. એમનો માથા પરનો મોટો મુકુટ ( ૨૦ સે.મી. મોટો ) એમનો ઊંચો ગ્રીવા પ્રદેશ ( ૩.૫ સે.મી. ઊંચો ), છાતીમાં શોભતું સુંદર શ્રીવત્સ, ધડ પર

---

૨ એજન, પૃ. ૧૪૭.

૩ ખંભાતથી નગરા ગામની હદમાં પ્રવેશતાં જમણા હાથે, નગરાની દક્ષિણ દિશામાં આવેલ આ પટેલ ફળિયુ, ઊંચા ટેકરા પરનો વસવાટ છે. એમાં છેડે આ નાનકડું શિવાલય પશ્ચિમાભિમુખ આવેલું છે. તે અંદરથી આશરે ૨૪૦ સે.મી. ( ૮ ફૂટ ) લાંબું અને તેટલું પહોળું છે; એની ઊંચાઈ આશરે ૩૦૦ સે.મી. ( ૧૦ ફૂટ ) જેટલી છે. એમાં સંમુખ સૂર્યની મુખ્ય પ્રતિમા મૂકેલી છે અને આસપાસ બીજી પ્રતિમાઓ આવેલી છે.

શોભાયમાન અને ઠેઠ કમ્મર સુધી વિસ્તરેલ યજ્ઞોપવીત, શરીર-સૌષ્ઠવમાં પુરુષાતન પ્રેરે છે. એમના બંને ઉર્ધ્વગામી હાથમાં પ્રફુલ્લિત પદ્મ, ગળામાં હાર, હાથમાં વલય, આંગળીએ મુદ્રિકા શોભે છે અને પગમાં હોલ બૂટ પહેરેલા છે તથા એના પર નૂપુર પહેરેલાં છે.

સૂર્યનારાયણના ચરણકમળ આગળ બે અશ્વમુખી દિક્પાલ શોભી રહ્યા છે. એમનો વામ કર કટિપ્રદેશ પર ટેકવેલ છે અને ઊર્ધ્વગામી દક્ષિણ કરમાં સંતાનમંજરીનું ફળ અંગીકાર કરેલું છે. બંને દિક્પાલોએ માથે મુકુટ, કાને કુંડલ, ગળામાં હાર, કમ્મરે કટિમેખલા, વક્ષઃસ્થલ પર ઉપવીત અને પગમાં હોલ બૂટ પહેરેલા છે.

સૂર્યનારાયણ ભગવાનની નીચે આવેલી ૨૫ સે.મી. પહોળી અને ૧૦ સે.મી. ઊંચી પીઠિકામાં સપ્ત અશ્વ રથારૂઢ અરુણદેવનાં દર્શન થાય છે. અરુણદેવની મુખાકૃતિ નાની પણ નમણીય તથા અરુણોદય સૂર્યના જેવી ગોળાકાર અને દેદીપ્યમાન નિહાળાય છે. અરુણદેવને કાને કુંડલ શોભે છે. નીચેના સપ્ત અશ્વની હરોળને કારણે સૂર્યનારાયણના ચરણારવિંદનું સૌંદર્ય એકદમ અનુપમ અનુભવાય છે.

સૂર્યનારાયણના શિરોભાગના પ્રભામંડળની બંને બાજુએ ૧૦ સે.મી. ઊંચી ચતુર્ભુજ લલિતાસનસ્થ દેવાકૃતિઓ અંકિત કરેલી છે. એમાં દક્ષિણ કોણમાં દાઢીવાળા ચતુર્ભુજ બ્રહ્માજી શોભી રહ્યા છે.

સૂર્યનારાયણની બંને બાજુ એ સ્વતંત્ર રીતે આવેલી બે સૂર્યાણી-રન્નાદેવીની અલંકૃત પ્રતિમાઓની પીઠિકામાં સંસ્કૃત ભાષામાં શિલાલેખ કોતરેલ છે. (ચિત્ર ૧. જુઓ આ અંકના પાછલા પૂંઠાની અંદરની બાજુએ) બંનેનું દેદીપ્યમાન પ્રભામંડળ, અને એમાં અંકિત અલંકૃત કિરણો તથા મુખારવિંદનો વાત્સલ્ય ભાવ, આગંતુકને નજર નાખતાંની સાથે જ, તત્ક્ષણ, ભાવ વિભોરથી ભરી દે છે. બંનેએ માથે રત્નજડિત મુકુટ, કાનમાં મોટાં કુંડલ, ગળામાં હાર, હાથમાં વલય, બાહુમાં બાજૂબંધ, કમ્મરે કટિમેખલા, પગમાં નૂપુર વગેરે અલંકારો ધારણ કરેલા હોવાથી, એમના સૌંદર્ય-સ્વરૂપનો ઊઠાવ એકદમ કલાત્મક અનુભવાય છે.

બંને પ્રતિમાઓ શ્વેત આરસમાંથી કંડારેલી છે અને ૧૫૦ સે.મી. ઊંચી તથા આશરે ૫૦ સે.મી. પહોળી છે. (ચિત્ર ૧ જુઓ આ અંકના પાછલા પૂંઠાની અંદરની બાજુએ) આમાંની જમણી બાજુએ આવેલ રન્નાદેવીની મૂર્તિ નખશિખ અખંડ છે. એમનાં ડાબા ઊર્ધ્વગામી હાથમાં પ્રફુલ્લિત પદ્મ શોભી રહ્યું છે અને જમણા કટ્યાવલંબિત હાથમાં સંતાનમંજરીનું ફળ હોવાનો સંભવ છે. ચરણ આગળ બે દિક્પાલિકાઓ અંકિત છે. એમાંની જમણી બાજુની દિક્પાલિકા એકદમ ખંડિત છે જ્યારે ડાબી બાજુની દિક્પાલિકાનું મુખ ખંડિત છે.

સૂર્યાણી દેવીના ચરણની નીચેની પીઠિકામાં સંસ્કૃત ભાષામાં પાંચ પંક્તિનો લેખ કોરેલો છે. પીઠિકા ૧૨ સે.મી. ઊંચી છે, અને ત્રણ ભાગમાં વિભાજીત છે તથા એનો મધ્ય ભાગ ઉપસેલો છે. મધ્ય ભાગ ૩૦ સે.મી. પહોળો છે જ્યારે બે બાજુના ભાગ ૬ સે.મી. પહોળા છે. આ ત્રણે ભાગ પર લેખ કોરેલો છે જે નીચે મુજબ છે :

श्री संवत् १२९२ वर्षे आषाढ सुदि ७ रवौ श्रीनारदमुनिविनिवासित श्रीनगरकमहास्थाने संवत् ९० वर्षीय अतिवर्षाकालवशादतिपुराणतया च आकस्मिक श्रीजयादित्यदेवमहाप्रासादपतनविनष्टायां श्रीरन्नादेवी—मूर्तौ पश्चात् श्रीमत्पत्तन वास्तव्य प्राग्वाट् ठ० श्रीचंदपा (मा) त्मज ठ० श्रीचंडप्रासादांगज ठ० श्रीसोमतनुज ठ० आशराजनंदनेन ठ० कुमार देवीकुक्षिसंभूतेन महामात्य श्रीवस्तुपालेन स्वभार्यामहं श्रीसोमपुत्र......मिदेव

श्रीजयादित्यदेवपत्न्या श्रीराजलदेव्या
मूर्तिरियं कारिता शुभमस्तु ॥[४]

સૂર્યનારાયણની ડાબી બાજુએ આવેલી રન્નાદેવીની મૂર્તિનો જમણો ઊર્ધ્વગામી હાથ કાંડામાંથી ખંડિત છે. એ હાથમાં પ્રફુલ્લિત પદ્મ હોવું જોઇએ. દેવીના ડાબા હાથમાં સંતાન-મંજરીનું ફળ (૧૫ સે.મી. મોટું) છે. જમણી બાજુની પ્રતિમા કરતાં આ પ્રતિમાના પ્રભાચક્રમાં પણ થોડો ફેર છે તથા ગ્રીવા ભાગથી આ મૂર્તિ ખંડિત થયેલી છે. દેવીના ચરણ આગળ બે દિક્પાલિકાઓ આવેલી છે જે ૨૫ સે.મી. ઊંચી છે. ડાબી બાજુની દિક્પાલિકાના ડાબા ઊર્ધ્વગામી હાથમાં ફળ છે અને જમણો હાથ કટ્યાવલંબિત છે; જમણી બાજુની દિક્પાલિકાના જમણા ઊર્ધ્વગામી હાથમાં ફળ છે અને ડાબો હાથ કટ્યાવલંબિત છે; દિક્પાલિકાઓએ માથે મુકુટ, કાને કુંડલ આદિ અલંકાર ધારણ કરેલા છે. આ પ્રતિમાની પીઠિકામાં પણ નીચે પ્રમાણેનો લેખ કોરેલો છે, જે લગભગ ઉપર પ્રમાણેનો છે.

श्री संवत् १२९२ वर्षे आषाढ सुदि ७ रवौ श्रीनारदमुनिविनिवासित श्रीनगरकमहास्थाने संवत् ९० वर्षीय अतिवर्षाकालवशादतिपुराणतया च आकस्मित श्रीजयादित्यदेवमहाप्रासादपतनविनष्टायां श्रीरन्नादेवीमूर्तौ पश्चात् श्रीमत्पत्तन वास्तव्य प्राग्वाट्ठ० श्रीचंदपा (मा) त्मज ठ० श्रीचंडप्रसादांगज ठ० सोमतनुज ठ० श्रीआशराजनंदनेन ठ० श्रीकुमारदेवीकुंक्षिसंभूतेन महामात्य श्रीवस्तुपालेन स्वभार्यायाः ठ० कान्हकमल्याः राजकुक्षिभवा श्रीललितादेवी पूण्यार्थमिति...दित्यदेव कीर्तिः श्रीरन्नादेवी—मूर्तिरियं कारिता । शुभमस्तु ॥[५]

આ બંને લેખ પરથી પ્રતીત થાય છે કે વિ. સં. ૧૨૯૦(ઈ.સ. ૧૨૩૪)માં નગરક-હાલના નગરામાં અતિવૃષ્ટિ થયેલી; એને કારણે તથા અતિ જીર્ણાવસ્થાને કારણે જયાદિત્યદેવ-સૂર્યદેવનું મંદિર તથા રન્નાદેવીની મૂર્તિઓ નાશ પામી. અહીંના મહામાત્ય વસ્તુપાલે પત્ની પ્રીત્યર્થે વિ. સં. ૧૨૯૨માં આ બે પ્રતિમાઓ બનાવરાવી. આજે આ બંને મૂર્તિઓ છે પણ સૂર્યમંદિર વિદ્યમાન નથી. પણ આ મંદિર અતિવૃષ્ટિને કારણે વિ.સં. ૧૨૯૦(ઈ.સ. ૧૨૩૪)માં પડી ગયું જે અતિ જૂનું હોવાનું લેખમાં જણાવ્યું છે. અર્થાત્ બસો-ત્રણસો વર્ષ જૂનો એનો નિર્માણકાળ ગણવામાં આવે તો મોઢેરાના સૂર્યમંદિર (ઈ.સ. ૧૦૨૭)ના સમાંતરે એનો નિર્માણકાળ હોવાનું અનુમાન તારવી શકાય.

---

૪ જોઇએ રત્નમણિરાવ ભીમરાવ, 'ખંભાતનો ઇતિહાસ', પૃ. ૨૬૩; શ્રી ભદ્રશંકર શાસ્ત્રી અને શ્રી નર્મદાશંકર ભટ્ટના સંયુક્ત પ્રયાસથી આનું વાંચન થયેલ એવું જાણવા મળે છે.

૫ એજન.

આ ઉપરાંત મૂર્તિઓની બાજુમાં, શિવાલયની દક્ષિણ દીવાલને અઢેલીને સૂર્યની એક અલંકૃત મૂર્તિ મૂકેલી છે, જે ૧૦૨ સે.મી. ઊંચી અને ૪૫ સે.મી. પહોળી છે. એમના માથે મુકુટ, કાને કુંડલ, ગળામાં હાર, વક્ષઃસ્થલમાં શ્રીવત્સ, શરીર પર ઉપવીત અને કમ્મરે કટિમેખલા શોભે છે. એમના બન્ને હાથ ખંડિત છે. જમણો હાથ કાંડામાંથી અને ડાબો હાથ કોણીમાંથી ખંડિત છે. પણ હાથનાં ઉપરકરણ–પ્રફુલ્લિત પદ્મ અખંડ છે. બંને ચરણ આગળ એક એક દિક્પાલ આવેલ છે જેની ઊંચાઈ ૨૫ સે.મી. છે. મૂર્તિની બંને કિનારી પર સૂર્યની પાંચ પાંચ આકૃતિઓ કંડારેલી છે, જે ૧૦ સે.મી. ઊંચી અને ૭ સે.મી. પહોળી છે. તથા દરેકના બંને હાથમાં પ્રફુલ્તિ પદ્મ છે. ઉપરની પટ્ટીમાં મધ્યમાં બેઠેલા સૂર્ય છે. આમ કુલ દ્વાદશ આદિત્ય જોવા મળે છે.

ઉપરાંત શિવાલયની ડાબી બાજુની દીવાલને અઢેલીને સૂર્યાણીની એક મૂર્તિ મૂકેલી છે, જે ૧૦૭ સે.મી. ઊંચી અને ૪૫ સે.મી. પહોળી છે. એમના જમણા ઊર્ધ્વગામી હાથમાં પ્રફુલ્લિત પદ્મ છે અને ડાબો હાથ, કોણીથી સહેજ વળાંક લઈને જંઘા સુધી વિસ્તરેલ છે અને એમાં સંતાનમંજરીનું ફળ છે. જોકે આ મૂર્તિ ભાવવહનમાં સામાન્ય અને અન્ય મૂર્તિઓની સરખામણીમાં એકદમ અનાકર્ષક લાગે છે.

ખંભાતથી પૂર્વમાં એકાદ માઈલના અંતરે આવેલા બહૂદક (બૌદ્ધક) નામના પ્રાચીન સ્થળે એક શિવાલયમાં ૫૪ સે.મી. આરસની ચોરસ તકતીમાં ૨૦ સે.મી.ના વર્તુલાકારમાં સૂર્ય કોતરેલા છે; જેની સોળે કળાઓ નિહાળાય છે. આ સૂર્યદેવનો સ્કંદપુરાણના કૌમારિકા ખંડમાં 'બાલાદિત્ય' ના નામે ઉલ્લેખ થયેલો જણાય છે.

ખંભાતમાં માદળા તળાવના તટ સામે આવેલ રણછોડજીના મંદિરમાં પ્રવેશતાં જમણા હાથે ઓટલા પર કેટલીક પ્રાચીન પ્રતિમાઓ આવેલી છે; જેમાંનું પીઠિકામાં લેખ કોતરેલું, સૂર્યનારાયણનું અલૌકિક સ્વરૂપ આગંતુકને તત્ક્ષણ આકર્ષ્યા સિવાય રહેતું નથી. (ચિત્ર ૨. જુઓ આ અંકના મુખપૃષ્ઠ ઉપરનું ચિત્ર).

શ્વેત આરસ-પાષાણમાંથી આ પ્રતિમા કંડારેલી છે. એનો શિરોભાગ અર્ધવર્તુળાકારે છે અને એમાં સૂર્યનારાયણનું પ્રભાચક્ર શોભી રહ્યું છે. એના મુખમાં ગોમુખવાળાં લલિતાસનમાં બેઠેલાં બે ઋષિ-મુનિ સ્વરૂપ જોવા મળે છે. ઠેઠ નીચેના ભાગમાં, બંને બાજુએ, બે કોણમાં બે યુગલ સ્વરૂપો શોભી રહ્યાં છે. આ આસપાસની નાની દેવાકૃતિને કારણે તથા પાર્શ્વભૂમિકામાં અર્ધવર્તુલાકારે આવેલ પ્રભામંડળને કારણે, કેન્દ્રસ્થ સૂર્યનારાયણનું કલાત્મક સૌંદર્ય-સ્વરૂપ, તત્ક્ષણ આગંતુકના અંતઃકરણમાં આખુંને આખું ઉતરી જાય છે. ભક્તિસભર નયન કલાકો સુધી એને નિરખ્યા કરે તોપણ દર્શન-તૃષા છિપાય નહિ, એવું અલૌકિક એનું સૌંદર્ય-સ્વરૂપ છે.

દ્વિભુજ સૂર્યનારાયણના બન્ને ઊર્ધ્વગામી હસ્તમાં બે પ્રફુલ્લિત પદ્મ શોભી રહ્યાં છે. એમણે પગમાં હોલ-બૂટ પહેર્યા છે.

માથાનો મુકુટ, મુખ-મંડલના સૌંદર્યમાં અનેરો વધારો કરે છે, ગ્રીવા પ્રદેશ ઊંચો અને વિશાળ હોવાથી, કંઠસૌંદર્ય એકદમ ચિત્તાકર્ષક બને છે. ગળામાં એકદમ ફીટ ત્રણ સેરના હારની નીચે

એક બીજો, બે પાંદડીવાળો, મધ્યે પેંડલવાળો એક સેરવાળો હાર, વક્ષઃસ્થલ પરથી પસાર થઈ બન્ને બગલ સુધી પહોંચે છે. કટિમેખલાનું સૌંદર્ય અદ્ભુત છે; તે ઠેઠ ઢીંચણ સુધી વિસ્તરેલ છે.

સૂર્યનારાયણના બન્ને પગની નીચે, બે નાનાં યુગલ સ્વરૂપો આવેલાં છે. બન્નેમાં અગ્ર ભાગે દ્વિભુજ પુરુષ આકૃતિ (૭″ ઊંચી–૧૭.૫ સે.મી) આવેલી છે. અને એના પૃષ્ઠ ભાગમાં દ્વિભુજ સ્ત્રીસ્વરૂપો (૧૧″ ઊંચા-૨૪.૫ સે.મી.) આવેલાં છે. બંને યુગલોએ માથે મુકુટ, કાને કુંડલ ગળામાં હાર, હાથમાં વલય, બાહુમાં બાજૂબંધ, કમ્મરે કટિમેખલા અને પગમાં નૂપુર ધારણ કર્યાં છે.

સૂર્યનારાયણના પૃષ્ઠ ભાગે, જંઘા પાછળ, એક ફૂટ લાંબું ખડ્ગ કોતરેલું છે.

સૌથી નીચે પીઠિકામાં બે પંક્તિવાળો લેખ કોતરેલો છે. એની લંબાઈ ૭″ (૧૬.૫ સે.મી.) અને પહોળાઈ ૧ ઈંચ (૨.૫ સે.મી.) છે. પ્રથમ પંક્તિમાં ૧૪ અક્ષર તથા દ્વિતીય પંક્તિમાં ૧૫ અક્ષર કોતરેલા છે. પ્રથમ પંક્તિના અક્ષરો દ્વિતીય પંક્તિના અક્ષરો કરતાં મોટા છે. લેખની મધ્યે ઊભી લીટી (।) દોરેલી છે. એટલે પ્રથમ પંક્તિ સાત, સાત અક્ષરમાં તથા દ્વિતીય પંક્તિ નવ અને ૭ અક્ષરમાં વિભાજિત છે. પણ લેખનું સળંગ વાચન બરાબર બેસતું નથી. બહુ પ્રયાસને અંતે અક્ષરો નીચે પ્રમાણે જોઈ શકાય છે.

પ્રથમ...त्र का (અથવા वर) रा (અથવા ना)
પંક્તિ ल व ण (અથવા फ સ્વસ્તિક)
...न) त गा ध रा
દ્વિતીય यि दि रा ला त...दा ग री
પંક્તિ हा थ ह का य शी

૩૨″ (૮૦ સે.મી.) ઊંચી અને ૧૩॥″ (૩૪.૫ સે.મી.) પહોળી આ પ્રતિમા, મુખ પરની સૌંદર્યપ્રભા, તક્ષણકલા, તથા અલંકારો પરથી બારમા-તેરમા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

આવું જ બીજું, પણ કદમાં સહેજ નાનું સૂર્યનારાયણનું એકદમ અલંકૃત સ્વરૂપ ઉપર્યુક્ત 'સૂર્ય-પ્રતિમા'ની બાજુમાં આવેલું છે. (ચિત્ર ૩) શ્વેત આરસ-પાષાણમાંથી કંડારેલી આ પ્રતિમા ૨૦″ (૫૦ સે.મી. ઊંચી) અને ૧૪″ (૩૫ સે.મી.) પહોળી છે; અને શિરોભાગ આગળ આરપાર કોરેલી છે. સૂર્યનારાયણના બંને ઊર્ધ્વગામી હાથમાં પ્રફુલ્લિત કમળ શોભે છે. એમણે, ઉપર્યુક્ત ઉલ્લેખિત મોટી મૂર્તિના જેવા જ અલંકારો-માથે મુકુટ, કાને કુંડલ, ગળામાં હાર, હાથમાં વલય, કમ્મરે કટિમેખલા, ઈત્યાદિ ધારણ કર્યાં છે, અને પગમાં હોલ-બૂટ પહેરેલા છે, તથા શરીર પર ઉપવીત શોભે છે.

સૂર્યનારાયણનાં બન્ને ચરણ આગળ, બે નાનાં યુગલ કોરેલાં છે. જમણા ચરણ આગળના યુગલમાં પૃષ્ઠ ભાગે આવેલ સ્ત્રીએ (૮″ ઊંચી–૨૨ સે.મી.), માથે મુકુટ, કાને કુંડલ, કમ્મરે કટિમેખલા અને પગમાં નૂપુર ધારણ કર્યાં છે, એની આગળ આવેલ પુરુષે પણ આવા જ અલંકાર પહેર્યા છે. પરંતુ એ આકૃતિ કદમાં જરા નાની (૧૫ સે.મી.) છે.

સૂર્ય ભગવાનના વામ ચરણ આગળ આવેલ યુગલમાં અગ્રભાગસ્થ પુરુષ ત્રિભંગાવસ્થામાં છે અને એના જમણા હાથમાં છડી જેવું છે તથા ડાબો હાથ જંઘા પર ટેકવેલો છે. પૃષ્ઠ ભાગે આવેલ સ્ત્રીએ ડાબા હાથમાં પ્રફુલ્લિત કમળ અને જમણા હાથમાં સંતાનમંજરીનું ફળ ધારણ કર્યું છે.

સૌથી નીચે, પીઠિકાની મધ્યે, સૂર્યના બન્ને ચરણ નીચે, બે અત્યંત નાનાં ( ૫ સે.મી. ઊંચા ) અતિ ભગ્નાવસ્થામાં નમસ્કાર કરતાં સ્વરૂપ કોરેલાં છે.

પીઠિકાના ડાબા ભાગની નીચેના ભાગમાં અત્યંત નાની જગ્યામાં ( ૫×૫ સે.મી. ) ત્રણ-ચાર અક્ષરમાં લેખ કોરેલો છે. તેના અક્ષર સ્પષ્ટ થતા નથી. આ પ્રતિમા પણ બારમા-તેરમા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

અહીંના શ્રી. ર. પા. આર્ટ્સ ઍન્ડ કે. બુ. કૉમર્સ કોલેજ મ્યૂઝિયમમાં ‘ સૂર્યાણી ’ની બે ઊભી પ્રતિમાઓ આવેલી છે. એમાંની એકની પીઠિકામાં લેખ કોતરેલ છે. ( ચિત્ર ૪. જુઓ આ અંકના પાછલા પૂઠાની બહારની બાજુએ ) પિત્ત-શ્વેત આરસમાં કંડારેલ આ પ્રતિમા ૭૫ સે.મી. ઊંચી અને ૨૨ સે.મી. પહોળી છે.

એમના વામ કરમાં પ્રફુલ્લિત પદ્મ ( ૧૭ સે.મી. મોટું ) શોભી રહ્યું છે; જ્યારે એમનો જમણો હાથ કટ્યાવલંબિત છે અને એમાં સંતાનમંજરીનું ફળ ધારણ કરેલું છે. દેવીએ મસ્તકે મુકુટ, કાને કુંડળ, ગળામાં હાર, હાથમાં વલય, બાહુમાં બાજૂબંધ, કમ્મરે કટિમેખલા પગમાં નૂપુર વગેરે અલંકાર ધારણ કરેલા છે. કંઠહાર અંતર્ગત આવેલ ત્રણ સેરવાળો હાર, ઉત્તુંગ સ્તન પરથી પસાર થઈ ઉદર-પ્રદેશ સુધી પ્રસરેલ છે. એમનું કેશકલા ગૂંથન અદ્વિતીય લાગે છે. અંબોડાનો ભાગ અનુક સુધી સુશોભિત છે. ત્રિભંગાવસ્થામાં સુશોભિત આ દેવીનું મુખારવિંદ વામ-અભિમુખ દૃષ્ટિવંત છે. આને કારણે સૂર્યાણીના સૌંદર્ય-સ્વરૂપનો ઊઠાવ કલાત્મક અને આકર્ષક લાગવાથી, આગંતુકના અંતઃકરણનો તત્ક્ષણ આનંદવિભોર કરે છે.

પીઠિકામાં એક પંક્તિનો લેખ કોતરેલ છે, અને એમાં ૨૫ જેટલા અક્ષર આવેલ છે પણ અતિ ઘસારાને કારણે અક્ષરો સુવાચ્ય નથી પરંતુ આરંભનો શબ્દ ‘ **सूर्याणि** ’ સ્પષ્ટ પણે વાંચી શકાય છે. એટલે આ પ્રતિમા સૂર્યાણીની હોવાનું લેખ પણ સિદ્ધ કરે છે.

આ મ્યૂઝિયમમાં આવેલી બીજી સૂર્યાણીની પ્રતિમા પણ આ જ સ્વરૂપની, આટલી જ ઊંચી અને આવા જ અલંકાર તથા આયુધ ધારણ કરેલ છે; પરંતુ બંનેમાં થોડીક ભિન્નતા છે. આ પ્રતિમાના જમણા હાથમાં પ્રફુલ્લિત કમળ ( ૨૨ સે.મી. મોટું ) અને કટ્યાવલંબિત વામ કરમાં સંતાનમંજરીનું ફળ ( ૭ સે.મા. મોટું ) છે અને પીઠિકામાં લેખ નથી. તક્ષણ કલા તથા અલંકાર-આયુધ પરથી આ બંને પ્રતિમાઓ બારમા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

અહીંના કોલમપાડામાં ચંદ્રકાન્તભાઇ ગણપતરામ ભટ્ટના મકાનમાં સૂર્યનારાયણનું સુંદર સ્વરૂપ આવેલું છે. ( ચિત્ર ૫. જુઓ આ અંકના પાછલા પૂઠાની અંદરની બાજુએ ) શ્વેત આરસમાંથી કંડારેલ આ મૂર્તિ ૮૫ સે.મી. ઊંચી અને ૪૨ સે.મી. પહોળી છે. એમના બંને હાથ કાંડામાંથી ખંડિત છે, પણ હાથનાં ઉપકરણ-પ્રફુલ્લિત પદ્મ અખંડ નિહાળાય છે. એમના

બંને ચરણ આગળ એક એક દિક્‌પાલ-દંપતી જોવા મળે છે. મસ્તકના પૃષ્ઠ ભાગમાં પ્રભામંડળ શોભે છે. તેમણે માથે મુકુટ, કાને કુંડલ, ગળામાં હાર, કમ્મરે કટિમેખલા આદિ અલંકાર ધારણ કરેલા છે. મસ્તકની બંને બાજુએ કમળ પર લલિતાસનમાં બેઠેલા દાઢીવાળા ઋષિ નિહાળાય છે.

ખંભાતની પ્રતિશ્રેશ્વર-પતંગેશ્વરની પોળમાં આવેલા પુરાણોલ્લિખિત પ્રતિશ્રેશ્વર મહાદેવના મંદિરમાં 'સૂર્યનારાયણ'ની પ્રતિમા આવેલી છે. એમાં પ્રફુલ્લિત પદ્મ (૨૭ સે.મી. મોટાં) શોભે છે. એમણે માથે મુકુટ, હાથમાં વલય, શરીરે ઉપવીત, કમ્મરે કટિમેખલા તથા પગમાં નૂપુર ધારણ કર્યાં છે; પગમાં હોલબૂટ પહેરેલા નથી. સૂર્યનારાયણના બંને ચરણ આગળ એક એક સૂર્યાણી ત્રિભંગાવસ્થામાં શોભે છે. જમણા ચરણ આગળ શોભાયમાન સુર્યાણીએ (૨૦ સે. મી. મોટી) ડાબા હાથમાં પ્રફુલ્લિત કમળ ધારણ કરેલું છે અને જમણો હાથ કટ્યાવલંબિત છે. તેમણે માથે મુકુટ, કાને કુંડલ, ગળામાં હાર આદિ અલંકાર ધારણ કરેલા છે. સૂર્યનારાયણના ડાબા ચરણ આગળ આવેલ સૂર્યાણી (૨૦ સે.મી.)એ પણ આ પ્રમાણે જ અલંકાર ધારણ કરેલા છે. એમના જમણા હાથમાં કમળ છે. આ સૂર્યાણીના પગ આગળ ગતિમાન અશ્વ (૭. સે.મી. મોટા) કોતરેલો છે. તક્ષણકલા જોતાં આ પ્રતિમા એક અર્વાચીન કાળની જણાય છે.

આ પ્રમાણે ખંભાત અને નગરામાંથી પ્રાપ્ત સૂર્ય-પ્રતિમાઓ પરથી, આ સ્થળે પહેલાં સૂર્ય-પૂજા હોવાનું અનુમાન સહેજે થઈ શકે છે.

# કવિ દેપાલકૃત ભીમસાહ રાસ

અગરચંદ નાહટા, ભઁવરલાલ નાહટા

તાજેતરમાં અમને એક હસ્તલિખિત પ્રાચીન સંગ્રહપોથી પ્રાપ્ત થઈ છે તેમાં પાંચ અજ્ઞાત ઐતિહાસિક રાસ છે. એ પૈકી દેપાલકૃત ભીમસાહ રાસ ગુજરાત વિશેનો હોઈ અહીં પ્રકાશિત કરીએ છીએ.

ગુજરાતમાં ભારે દુષ્કાળ પડતાં અણહિલપુર પાટણના વતની, ગૂર્જર કુલના કેશવના પુત્ર ભીમસાહે લોકોને કેટલી સહાય કરી હતી એનું તથા બેહરામખાને જૂનાગઢ ઉપર આક્રમણ કર્યું તે સમયે સૌરાષ્ટ્રની કેદ પકડાયેલી સ્ત્રીઓનું ભીમસાહે કેવી રીતે રક્ષણ કર્યું હતું તેનું તથા એવી કેટલીક બાબતોનું મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક વર્ણન આ રાસમાં મળે છે.

આ રાસમાં વર્ણવાયેલો દુષ્કાળ ગુજરાતમાં કઈ સાલમાં પડ્યો તથા બેહરામખાને જૂનાગઢ ઉપર આક્રમણ ક્યારે કર્યું તથા એ બેહરામખાન કોણ એનો નિર્ણય સૌરાષ્ટ્ર-ગુજરાતના ઇતિહાસના નિષ્ણાતો કરે. પણ દેપાલ કવિની આ રચના સમકાલીન ઇતિહાસની દૃષ્ટિએ નોંધપાત્ર છે.

દેપાલ કવિની બાબતમાં એક વિચારણીય પ્રશ્ન એ છે કે ૧૫મી-૧૬મી સદીમાં દેપાલ નામના બે ભિન્ન ભિન્ન કવિઓ થયા? કે એક જ કવિએ ઘણું લાંબું આયુષ્ય ભોગવ્યું હતું? સંભવ છે કે દેપાલ નામના એક કરતાં વધુ કવિઓ થયા હોય. દેપાલકૃત 'સમરા સારંગનો કડખો' શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈએ 'જૈનયુગ' વર્ષ ૫, અંક ૯-૧૦માં પ્રગટ કર્યો છે, ત્યાં જણાવ્યું છે કે દેપાલ કવિ વિક્રમની ૧૬મી સદીના પ્રારંભમાં થયો અને સમરા સારંગ સંવત ૧૩૭૧માં થયો. આથી બન્નેના વચ્ચે સો કરતાં પણ વધુ વર્ષોનું અંતર પડી જાય છે. એક પ્રબંધસંગ્રહમાંથી અમને દેપાલ વિશેનો એક પ્રબંધ મળ્યો છે, એમાં સમરા સારંગનો સમય સંવત ૧૪૧૬ આપ્યો છે તથા દેપાલને વિશે લખ્યું છે કે "સંઘપતિ સાચોએ દેપાલને કહ્યું કે "મારે લાયક કામ હોય તો કહેજો." ગોરીખાને મંગલપુરમાં ૮૪ સ્વરૂપવાન ચારણ કન્યાઓને છુપાવી રાખી હતી, તેમને દેપાલની વિનંતિથી સાચોએ રત્નદાન દ્વારા છોડાવી. એ સમયે દેપાલે નીચેનું કવિત કહ્યું:

वाहाँ अति ऊवाहा रे ।
साचा सरिसी मेटन हुई तिहाँ लगि लाहणि लाहाँ रे । वा० ।
छास न धोली इधण न धोलुं; अमियणनुं मच काचुं रे ।
अनेक पीतलिया वहि गया, एणि साचनि कीधुं साचुं रे । वा० ।
कनि नागला धावलि आली, रुपवंत घण बाली रे ।
राज करे समरा न जाया, तुं प्रतपे कोड़ि दीवाली रे । वा० ।
चोरासी चारण आसीस बोलेइ, मोंगलोर सरनी पानी रे ।
तेह तणा ए वचन सांभली, कहिया कवि देपालि रे ॥ वा० ॥

"જૈન ગુર્જર કવિઓ"માં દેપાલ જ્ઞાતિએ ભોજક હોવાનું કહ્યું છે. એ પુસ્તકના ભાગ ૧ અને ૩માં દેપાલની રચનાઓનું વિવરણ આપેલું છે. અમે સંપાદિત કરેલ "પ્રાચીન ગુર્જર કાવ્યસંચય"માં દેપાલની ત્રણ રચનાઓ પ્રગટ થઈ છે.

સૌ પહેલાં સરસ્વતીની કૃપા યાચીને દેપાલ કવિ ગૂર્જરકુલતિલક કેશવશાહ-નંદન ભીમસાહના રાસનો આરંભ કરે છે. પૃથ્વીમાં કલિયુગનો અવતાર થવાથી હિન્દુ રાજ્યનો લોપ થયો છે અને સુલતાનનું રાજ્ય થયું છે. ગુજરાત દેશના અણહિલવાડમાં પુણ્યવાન સ્ત્રીપુરુષોનો વાસ છે પણ કાળના પ્રભાવથી એ પાટણ નગર નષ્ટ કરીને તુર્કોએ લોકોને નિરાધાર બનાવી દીધા છે. ગુજરાતની દુર્દશા જોઈને ભીમસાહે વિચાર કર્યો કે મારી પાસે દ્રવ્ય છે અને આજે અવસર છે તો તે લોકોને આપું. એણે પોતાના વાણોતરોને બોલાવીને અન્ન-વસ્ત્રનાં ગાડાં ભરાવ્યાં અને એ ગાડાં નગરમાં ફેરવીને ઘેર ઘેર ધન ધાન્ય વહેંચવાનો આરંભ કર્યો. એ રીતે કેશવકુલપ્રદીપ ભીમસાહે છહુતરા( સં. ૧૪૭૬ )ના રૂપમાં કલિકાલને જીતીને સુયશ પ્રાપ્ત કર્યો.

વળી દુષ્કાળની મુશ્કેલી થઈ. પૃથ્વી ઉપર મેઘ વરસ્યો નહીં. આથી પ્રિયજનોનો સ્નેહ તૂટી ગયો. અન્નના અભાવને કારણે પીડિત લોકોએ કુલાચાર લોપ્યો. માતાઓએ બાળકોનો ત્યાગ કર્યો. અન્નના અભાવથી જે પીડા ઉત્પન્ન થઈ તે વર્ણનાતીત છે; અગાઉ પણ શ્રીમાળી જગડુ શાહે આવા સમયમાં અનાથોની સેવા કરી હતી. આમ વિચારીને કેશવનંદને ધનના સદ્-વ્યયનો આરંભ કર્યો. એને ઘેર પ્રતિદિન ૧૮૦૦ સાધુઓ આહાર વહોરતા હતા. બીજા લોકોની તો ગણત્રી જ થઈ શકતી નહોતી. સ્વજાતિ અને પરજાતિના લોકોને ઘેર બેઠે જ ધન મોકલવામાં આવતું હતું. મઠ, મંદિર, પ્રાસાદમાં કોઈ ભૂખ્યું રહેતું નહોતું. આમ ભીમસાહે બીજી વાર કલિકાલનો પરાજય કર્યો.

એ અરસામાં મીર મલિક શિલારે ૮૦,૦૦૦ સવારો સાથે સોરઠ ઉપર ચઢાઈ કરી. એ લોકો ફારસી અને કાબૂલી ભાષામાં કલબલાટ કરતા હતા. જીર્ણ દુર્ગ ઉપર વિગ્રહ થતાં સર્વત્ર હાહાકાર થઈ ગયો. તીર્થરક્ષાની પ્રબળ ભાવનાથી ભીમસાહ તુરત દિલ્હી ગયો અને તીર્થરક્ષાના હેતુથી શત્રુંજય અને ગિરનાર એ બે તીર્થો પાદશાહ પાસે માગ્યાં. પાદશાહે પ્રસન્ન થઈને ફરમાન લખી આપ્યું, તે લઈને ભીમસાહ તુરત પાટણ આવ્યો. તેણે રાજસિંહને બોલાવીને સૌરાષ્ટ્રના સ્વર્ગ ગિરનાર તીર્થની રક્ષા માટે જૂનાગઢ મોકલ્યો. આવી રીતે ભીમસાહે દુષ્કાળને ત્રીજી વાર હરાવી દીધો.

બહેરામખાંએ સૌરાષ્ટ્રમાં ભારે પાયમાલી કરી હતી. સોરઠનો રત્નભંડાર તેણે લંકાની જેમ લૂંટ્યો. સોરઠની સ્ત્રીઓ પાટણમાં તૃણની કિંમતે વેચાઈ. ગૂર્જર જાતિના ભીમસાહે દ્રવ્ય આપીને એ સ્ત્રીઓને મુક્ત કરાવી. આવી રીતે ભીમસાહે કલિકાલને હરાવ્યો, એવું દેપાલ કવિ કહે છે.

કેશવનંદન ભીમસાહને દુર્દૈવે કાલગ્રસ્ત કર્યો. તે જૈન શાસનનો શૃંગાર ષટ્દર્શન-પ્રતિપાલક હતો. એને માટે આખી પ્રજા શોક કરતી હતી. દેપાલ કવિ કહે છે કે આ ગુણસમુદ્રના વખાણ એક જીભે હું શી રીતે કરું ?

# भीमसाह रास

सरसति सामिणि वीनवउं ए, मागउ एकु पसाउ ।
गाइसु गूजरकुलतिलउ ए, भीमजकेसवसाहु ।
कलियुग पहुविहि अवतरीय, सचराचरि हुई आण ।
हीदूयाणा सवि लोपीया ए, राजु कर सुरताणु ।
अणहिलवाडउं वरनयरो, गूजर देस मझारि ।
पुण्यवंत ते तहा वसए, उत्तिम ते नर नारि ।
काल प्रभाविइं तीण नयरे, आव्या तुरक अपार ।
असुरे पाटण लूसिउ ए, लोकु हुऊउ निराधारु ॥

### ठवणि

त गूजरि गमु जोइउ अम्हि, किसउं करेसिउं ।
धनु अछइ अम्ह तणइ आजु, अम्ह लोकह देसिउं ।
इम जाणीनइ भीमसाहि, वाणउत्र बोलाव्या ।
कापड अन्नइ असंख्य द्रव्य, बहु शकट भराव्या ।
फिरइ शकट ते नयरमाहि, घरि घरि धनु दीजइ ।
ईण परि केसव कुल पईए, भीमिइं जसु लीजइ ।
जीतउ कलिजगु भीमसाहि, सवि विरदु छडाविउ ।
छहुत्तरान्हं रुपु करी, तउ वली अनइ आविउ ।

### लढ़

आगई ए पहुविहि मेह वरसंता जिणि वरिया ए,
त्रूटता ए तणा सनेह प्रीयमाणा सहू वीसर ए,
लोपीया ए लोकि आचार कुलवट कोइ मानइ नहीय,
अन्नह ए तणा आर पाखइ सहुइ पीडिई ए ।
पुहविहि ए जगडु वसाहु, श्रीमाली आगइ गय ए ।
जीणह ए लोकु अणाह, भुजबलि प्राणि ऊगारीउ ए ।

### ॥ वस्त ॥

हूउ दुसमु हुउ दुसमु तणउ प्रवेसु,
आकंपीउ तिहूयण सयलो देव धरमधरु कोइ न जाणइ,
जीह घरि लच्छि निधनु कीउं तीह निधनु लोकु मरणु आवइ,
पुहविहिं अन्नु दुलंभु ए जिणुणी छंडइ वाल,
इणि परि प्रजा पीडीयइ धिगु धिगु तूं कलिकाल ॥ ३ ॥

लढ्

जउ मनि चिंतइ साहुं राउ केसव मल्हारो ।
भंजिसु लोकह तणीय भूख वेचिसु भंडारो ।
विहरइं मुनिवर सइं अढार नितु नवइं विहाणइं ।
बीजा लोकह तणीय संख्य कोइ पारु न जाणइ ।
घरि बइठा धनु मोकलए सऊ दिइ हकारी ।
आप ज्ञाति पर ज्ञाति सहू भीमिहि उग्गारी ।
मढ़ि देउलि प्रासादि सादि कोइ कहियइं भूखिउ ।
इण परि इसमु निरजणीओ गूजरु मनि हरिषिउ ।
बीजी वार हरावियउ कलि विमासिउं ।
**भीमसाहु** तउ जीपिसि एतउ सुर उहं जासिउं ॥ ४

लढणा

मीर मलिक सिलार तहिं समहरि चालंता ।
असीय सहस असवार पारसीय बोलंता ॥
किलिबिलि किलिबिलि करइंति सवे कराल । मानइं नहीं गाइं स्त्री बाल ॥
भरी ढोल दुमामां वाजइं । घोडा रहुर रवि अंबइ गाजइं ॥
मारिते असुर बोलंता । ते पुण सोरठ देसि पहूता ॥
सुरताणी दल समहर छूटा । देव देसिआ कंपवि छूटा ॥
विग्रहीयउ **जीरण प्राकार** । जगि सचराचरि हाहाकार ॥
मति मयरहरु **केसबु** ज्जाड । तीण वीनदीउ ढीलीराउ ॥
पातसाह, सांभलि अरदास । सामी पूरि अम्हारी आसा ॥
तउ वीनंती पूरी लागी । **तीरथ** वेउ लीधां जीण मागी ॥
आपणपइं तूटउ सुरताण । सइं हाथिहि आपइं फुरमाणु ॥
खतु लेउ आपणि **पाटणि** आवइं । तउ मणि **राजसिंह** बोलावइं ॥
वेगु वेगु मन लाउ वार । तम्हि चालउ उपरि **गिरनार** ॥
देवलोकनी सार करेज्यो । युक्ता-युक्तउ धनु तम्हि देज्यो ॥
**राजसिंह** जउ **सुरंठ** पहुतउ । इसमु त्रीजी वार विगूतउ ॥

लढ

तहिं पुगए **खानि बहिरामि** गुढ जूनउं अति गंजीउ ए ।
लीजइ ए अति घणु वानु, जाणे लंका लूसीयइ ए ।
कंयण ए रयण भंडारु हींडोला खट पउढतीय,
लीज द्वीए विणु भरतार, घोडे सरि सीस विपुलइं ए,
**सुरठह** ए केरीअ नारि चालां ती जे चमकतीय,
अणहिल ए पुरह मझारि तृणु मानइ देवी किंवइ ए,

ईण परि ए दीसइं दीण, माणस जूनागढ तणां ए,
मूरख ए दुरमति हीण, धन जोवनि जे गरविइ ए,
गूजर ए ज्ञाति सिणगारु, भीमासिंहो कर बावरइ ए,
वेचइ ए अरथु भंडारु, बानतणां सवि छोडवइ ए,
इसम ए केरी य आण, भीम भणइ मानउं नही य,
जाणिसु ए प्राण विनाणु, पुरषारथु एह केतलउ ए,
ताठऊ एतउ कलिकालु, देपालो कवि इम भणइ ए ॥ ६ ॥

लढ

निसुणउ झूझू तणउ आरंभो । असुरे मंडिउ महिणारंभो,
तरसापरु विलोईय ए । पुरुष रयण तिहा अछइ अपारो,
अवर लोक नवि बुज्झइ सारो, जगि जिण सासणि मंडणउ,
देवदृष्टि हूउ केसव जाउ, सरगि पहूतउ गूजर राउ ।
पीहरु छह दरिसणह तणऊ ए । हा हा धिगु धिग् तूं कलिकाल,
झूरइं नारइं अनइ स्त्रीवाल, झूरहिं गोठिहिं गोठीया ए ।
करई विलाप बाल निरधार, वलि वलि केसवसाह मल्हारा,
देपालो कवि इम भणइ ए । हूंतां मूरखु तहिईं याणु, एक जीव किसउं करउं वखाणुं,
गुणसमुद्र केसवतणउ ए बुद्धिमानि मई कीधउ रासो,
पढ़त गुणंता विघन–विणासो, मनबुद्धि नर संभलउ ए ॥

इति भीमसाह रासः समाप्तः

# ચૌધરી આદિવાસીઓમાં મૃત્યુને લગતી ધાર્મિક માન્યતાઓ અને આચાર

અરવિંદ ભટ્ટ

ભારતની અઢીસો જેટલી આદિવાસી જાતિઓમાં ચૌધરી જાતિની વસ્તી ગુજરાત અને મહારાષ્ટ્રમાં જોવા મળે છે. ગુજરાતની આદિવાસી જાતિઓમાં તે સામાજિક અને ધાર્મિક જીવનના સંદર્ભમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ગુજરાતમાં ૧૯૬૧ની વસ્તીગણતરી અનુસાર તેમની વસ્તી ૧,૪૩,૫૭૬ એટલે કે કુલ આદિવાસી વસ્તી ના ૫.૨૧ ટકા જેટલી વસ્તી છે. વિસ્તારની દૃષ્ટિએ સુરત અને ભરૂચ જિલ્લા મુખ્ય છે. સુરત જિલ્લામાં પણ તેમની વસ્તીની દૃષ્ટિએ મહુઆ, વ્યારા, માંડવી, વાલોડ અને માંગરોળ તાલુકાઓ મહત્ત્વના છે. ચૌધરીઓમાં સામાજિક દૃષ્ટિએ મુખ્ય ત્રણ ભેદ પડે છે: (૧) નાના ચૌધરી (૨) મોટા ચૌધરી (૩) વલવડા ચૌધરી. આ ઉપરાંત પણ બોંડા, છાપીરા, છાકટા, બંદુકધારી, પાટખાય, વાડકોચા, વગેરે ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યા છે. પણ આ બધા ભેદ જુદી જુદી સામાજિક ઘૃણા કે પૂર્વગ્રહને કારણે પાડવામાં આવ્યા તેમ માહિતીને આધારે જાણવા મળે છે. જેને કારણે સામાજિક કે સાંસ્કૃતિક વર્તનો કે સ્તરરચનાવાળા ભેદ અસ્તિત્વમાં આવતા હોય તેવું જોવા મળ્યું નથી. જ્યારે સામાજિક સ્તરરચનાની દૃષ્ટિએ ઉપર ગણાવ્યા તે ત્રણ પેટાજૂથો સ્પષ્ટ પ્રકારે અસ્તિત્વ ધરાવે છે. સામાજિક દંતકથા અનુસાર નાના ચૌધરીઓ ચોખ્ખા અથવા ઊંચા ચૌધરી તરીકે સ્થાન ધરાવે છે. તેથી બીજા ક્રમમાં મોટા ચૌધરી તરીકે ઓળખાતું જૂથ છે, જે છાયલા ચૌધરી કે નીચા ચૌધરી તરીકેનું સ્થાન ધરાવે છે. તેથી ત્રીજા ક્રમમાં વલવડા ચૌધરીઓ કે જેઓ સામાજિક દૃષ્ટિએ સૌથી ઉતરતો દરજ્જો ધરાવે છે. આ દરેક પેટાજૂથો વચ્ચે સ્પષ્ટ સામાજિક દૃષ્ટિએ રોટી અને બેટી-વ્યવહારનો નિષેધ પ્રવર્તે છે.

ચૌધરીઓની સમાજવ્યવસ્થા જોતાં તેમની કુળવ્યવસ્થા-Clan System-વ્યવસ્થિત ઢબે કે સ્પષ્ટ સ્વરૂપે આજે અસ્તિત્વમાં હોય તેમ જણાતું નથી. છતાં "ભારોટિયું કુળ", "રાવળકુળ" વગેરે કેટલાંક કુળનાં નામો જડી આવે છે, પણ તેની કશી સ્પષ્ટતા જોવા મળતી નથી. ઉપરાંત સામાજિક ક્ષેત્રે સગાઈ, લગ્ન વગેરેમાં તેમનું કશું મહત્ત્વ પણ જોવા મળતું નથી. એટલું જરૂર છે કે કેટલાક ચૌધરીઓ તેમાં પણ ખાસ કરીને નાના ચૌધરીઓમાં "ભારોટિયા" કુળને આધારે "ભારતી" અટક લખાવવાનો રિવાજ શિક્ષણને કારણે હમણાં હમણાં શરૂ થયો છે, જ્યારે નળધરા વિસ્તારના ચૌધરીઓ ગાયકવાડ રાજ્ય તરફથી જૂના વખતમાં તેમના પિતૃઓને વારસામાં જાગીર મળેલી હોઈ તે વિસ્તારના ચૌધરીઓમાં પણ ઘણા "જાગીરદાર" અટક પણ લખાવે છે. ચૌધરીઓમાં જે પેટાજૂથો પડે છે તે અનુસાર તથા જુદા જુદા પ્રાદેશિક વિસ્તાર અનુસાર તેમનામાં કેટલાક સામાજિક અને સાંસ્કૃતિક ભેદ જોવા મળે છે. ખાસ કરીને નાનું

ચૌધરી જૂથ જેની મુખ્યત્વે વસ્તી વ્યારા, મહુઆ અને માંડવીના કેટલાંક વિસ્તારોમાં છે. આ જૂથમાં સમાતા વ્યારા અને વાલોડ તાલુકાના ચૌધરીઓ મહુઆ તાલુકાના નળધરા વિસ્તારના તે જ જૂથના ચૌધરીઓ કરતાં સાંસ્કૃતિક દૃષ્ટિએ કેટલીક બાબતોમાં જુદા પડી જાય છે. તથા માંડવી તાલુકામાંના આ જ જૂથના ચૌધરીઓ આ બન્ને વિસ્તારના એ જ કક્ષાના જૂથો કરતાં પણ સાંસ્કૃતિક બાબતોમાં જુદા પડી જાય છે. એટલે એક જ પેટાજૂથમાં પ્રાદેશિક, સાંસ્કૃતિક ભેદ જોવા મળે છે. જ્યારે બીજી બાજુ ચૌધરીઓમાં જોવા મળતાં ત્રણ પેટાજૂથોમાં પરસ્પર સ્પષ્ટ રિવાજ વિષયક અને સાંસ્કૃતિક ભેદ પણ જોવા મળે છે. મોટી ચૌધરી પેટાજૂથની વસ્તી મહદ અંશે માંડવી અને માંગરોળ તાલુકાઓમાં છે. જે વ્યારા, મહુઆ, અને વાલોડ તાલુકાના નાના ચૌધરીઓ કરતાં ઘણા જુદા પડી જાય છે.

અહીં વ્યારા અને વાલોડ તાલુકાના નાના ચૌધરીઓના સંદર્ભમાં મૃત્યુને લગતી ધાર્મિક માન્યતાઓ અને ધાર્મિક આચારો વિષે યથાર્થ નિરૂપણ કરવાનો આશય છે.

**મૃત્યુ :**

ચૌધરીઓ માને છે કે માણસ મરી જાય એટલે તેનો આ દુનિયા સાથેનો સંબંધ તૂટી જાય છે, પણ તેની વાસનાઓ-ઇચ્છાઓ બાકી રહી જાય તો તે પૂરી કરવા માટે તે પ્રેતસ્વરૂપે ભટકે છે. તેઓ માને છે કે જે વ્યક્તિ સારી રીતે મરી જાય છે, અને વાસનાઓ અધૂરી નથી રહેતી તેવી વ્યક્તિનો જીવ "જૂગી" સ્વર્ગમાં જાય છે. અને બીજું જે રહી જાય છે તે 'ખોળિયું' કહેવામાં આવે છે. તે ફરી સારા ઘરમાં જન્મ પામે છે; અને સુંદર કપડાં, ધન, ઘરેણાં વગેરે મોજથી પોતાનું જીવન વ્યતીત કરે છે. માણસ મરી જતાં તેનો આત્મા નજીકની નદી સુધી જાય છે અને નદીના એક પથરામાં પ્રવેશે છે. એ પથ્થરને જ્યારે ખતરી મૂકવામાં આવે છે ત્યારે ભૂવો શોધી લાવે છે.

દુષ્ટ માણસને ડાકણ ખાઈ જાય છે, અને તેનો આત્મા ભૂત બનીને ભટકે છે. ખૂન કરનારનો જીવ સાત સાત જનમ સુધી ભૂતયોનીમાં ભટકે છે. ચોરી કરનારને કૂતરાનો અવતાર મળે છે. કારણ કે કૂતરું ઘરની ચોકી કરનારું છે. એટલે પાપના રૂપે મિલકતનું રક્ષણ કરવાનું કામ બીજા જન્મમાં તેણે કરવું પડે છે, તેમ માનવામાં આવે છે. ટીંગાઈને આપઘાત કરનાર વ્યક્તિને વનવાગોળનો જન્મ લેવો પડે છે. જે હંમેશા ઊંધે માથે ટીંગાઈને જીવન જીવે છે. ડૂબીને મરી જાય તો મગરનો જન્મ મળે છે. જમવા બેસતી વખતે પગ અવળાવાળીને બેસનાર વ્યક્તિ બીજા જન્મે ઊંટ બને છે. કસાઈ-ખાટકી જે બકરાં-કૂકડાં કાપે છે તેને વાછરડાંનો જન્મ મળે છે, અને ખાંધ ઉપર બોજો ઉપાડી મૂંગે મોઢે બીજાનો સીતમ સહન કરવો પડે છે. શાકાહારી ચૌધરીઓ માંસાહારીઓ વિષે માને છે કે માંસાહાર કરનાર વ્યક્તિ બીજા જન્મમાં તેમને કૂકડાં અને બકરાંનો જન્મ મળે છે. બાકીનાં મોર, દેડકાં અને અન્ય નાનાં નાનાં જીવજંતુઓ અને પ્રાણીઓનો જન્મ લે છે તેવી માન્યતા છે. અકસ્માત, ખૂન કે આપઘાત, હિંસક પશુઓનો ભોગ બનેલી વ્યક્તિ દૂંશીલાં ભૂત બને છે, અને કુટુંબીઓ તથા ગામલોકોને નડે છે તેમ માનવામાં આવે છે; અને મોટી વેડછી (સુરત જિલ્લો)ના કસનાભાઈ કોટલાભાઈનો દીકરો ગામમાં આવેલા જાંબુડાના ઝાડ ઉપરથી પડી ગયેલો અને મરી ગયેલો. પરિણામે ગામલોકો આજે પણ માને છે કે તે વ્યક્તિ ભૂત

થઈને જાંબુડાના ઝાડ ઉપર રહે છે. તે ઝાડ ઉપર આજે પણ કોઈ ચઢતું નથી. તેવું જ નાની વેડછીમાં નદી ફળિયામાં આવેલા એક આંબાના ઝાડે ગામની વ્યક્તિએ ટીંગાઈને ગળાફાંસો ખાઈ આપઘાત કરેલો. આજે તે આંબો "ટાંગણિઆ આંબો" તરીકે ઓળખાય છે. મરનાર વ્યક્તિ ત્યાં ભૂત થઈને રહે છે તેવી દઢ માન્યતા પ્રવર્તે છે. તે ઝાડ નીચે એકલું કોઈ રાત્રિના સમયે જતું નથી. સુવાવડી સ્ત્રી મરી જતાં તે વંત્રી—"વેત્રી" બને છે. તે અત્યંત દ્વેશીલી હોય છે. લોકો ભૂત અને તેમાં પણ ખાસ કરીને વંત્રીથી ખૂબ ડરે છે. રાત્રે એનું નામ પણ ન લેવાય તેવી માન્યતા પ્રવર્તે છે. તે જે માણસને નડે તેને મારી જ નાંખવામાં આવે છે.

કોઈ વ્યક્તિનું મરણ થયું તેમ જણાયા પછી તે વ્યક્તિ સ્મશાનમાંથી જીવતી પાછી આવે તો તેવી વ્યક્તિ મેલી વિદ્યાની જાણકાર છે, યા કાંઈક શીખેલી છે તેમ માનવામાં આવે છે. આમ સામાન્ય દૈનિકજીવન માન્ય જીવનવ્યવહાર કે પ્રક્રિયા વિષે સહેજ પણ જુદી ક્રિયા કે ઘટના બને છે, ત્યારે તેમની સામાન્ય સમજ તેને સમજી શકતી નથી, અને જ્યારે આવી ઘટનાઓ દુઃખના પ્રસંગવાળી હોય છે, ત્યારે તેમાંથી ભય કે ડરનો ભાવ તેમનામાં પેદા થતો જોવા મળે છે. પરિણામે તેનો સંબંધ અનિષ્ટ તત્ત્વો સાથે છે તેમ સમજવામાં આવે છે. અહીં મૃત વ્યક્તિ પરત્વે ભયની માન્યતાને કારણે જીવ કે આત્માનો વધુ સંબંધ મેલી શક્તિઓ ધરાવતાં ભૂત-પ્રેત, ડાકણ-વ્યંતરી સાથે જ વધુ હોય છે, તેવી માન્યતા પ્રગટ થતી જોવા મળે છે. અને મૃત્યુ પછી આવાં અશુભ તત્ત્વરૂપે મરનાર વ્યક્તિનો જીવ કે આત્મા નુકશાન કરે છે તેવી સ્પષ્ટ અને દઢ માન્યતા તેમનામાં જોવા મળે છે.

ચૌધરીઓ લોક અનેપરલોકની દઢ સ્પષ્ટ માન્યતા ધરાવે છે, તથા તે બંને વચ્ચે કાંઈક સુમેળ છે તેમ તેઓ માને છે. તેઓ જણાવે છે કે પારલૌકિક બાબતો પ્રદર્શિત કરી શકાતી નથી. દરેક જીવનમાં ચેતન છે. તેને તેઓ જીવ તરીકે ઓળખાવે છે. જીવ ગમે ત્યાં ભ્રમણ કરી શકે છે. જ્યારે તે માણસના ખોળિયામાં પ્રવેશે છે ત્યારે આત્મા બને છે. તેઓ માને છે કે જીવ પેટમાં રહે છે.

મૃત્યુને ચૌધરીઓ "મૈયત" થયું એમ કહે છે. વ્યક્તિનું મૃત્યુ નજીક આવ્યું છે તેમ ખબર પડતાં કે મૈયત થઈ જતા તુરત જ વ્યક્તિને ખાટલા ઉપરથી ઉતારી લઈ માથું ઉત્તર દિશામાં રાખી ખાંડણિયા ઉપર સુવડાવવામાં આવે છે. મૃતદેહ પર કપડું ઓઢાડી દેવામાં આવે છે. તેઓ માને છે કે હવે "જીવ હરગને વાટે જતો રહ્યો." ચૌધરીઓમાં ખાંડણિયાનું મહત્ત્વ લગ્ન, પુર્ન-લગ્ન, જન્મ અને મરણ જેવા મહત્ત્વના પ્રસંગોએ ઘણું છે. એ સર્વ પ્રસંગોએ વ્યક્તિને ખાંડણિયા પર બેસાડવાનો વગેરે પ્રણાલિકાગત રિવાજ છે જે તેમના સામાજિક, આર્થિક માળખાના સંદર્ભમાં અભિપ્રેત થતો લાગે છે. ચૌધરીઓનો ખેતી એ વંશપરંપરાગત મુખ્ય વ્યવસાય જોવા મળે છે. ડાંગરનો પાક તેમાં મુખ્ય છે. ડાંગરને છડવા માટે ઘરના અગત્યના પ્રતીક તરીકે ખાંડણિયું જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આને કારણે ચૌધરીઓમાં અન્ય પ્રસંગોની જેમ ખાંડણિયાને જીવનના અંતિમ પ્રસંગ મૃત્યુ વખતે ચૌધરી સમાજવ્યવસ્થાના આધારના પ્રતીકરૂપે મહત્ત્વ અપાતું જોવા મળે છે.

જ્યાં સુધી શ્વાસ- "હાં...હાં..." ચાલુ હોય ત્યાં સુધી વ્યક્તિ જીવે છે યા તેમ બંધ થાય એટલે વ્યકિત મરી ગઈ છે તેમ માની લેવામાં આવે છે. મૃત વ્યક્તિની આંખ કે મોં શું ખૂલ્લું રહી ગયું છે, તેને આધારે જીવ તે દ્વારા નીકળી ગયો છે તેમ સમજવામાં આવે છે. મૃત્યુ પામેલી વ્યક્તિના નાક આગળ હાથ ધરી શ્વાસ ચાલુ છે કે નહીં તેની ખાતરી કરવામાં આવે છે. કયારેક હૃદયના ધબકારા પણ સાંભળવામાં આવે છે. એકાએક કોઈ મરી ગયું હોય તો સળગતો કોલસો કે અગ્ની અડકાડીને પણ શરીરમાં જીવ છે કે કેમ ? તે તપાસવાના પ્રયત્નો કરવામાં આવે છે, અને તેવી કોઈ ક્રિયા શરીર .અનુભવતું નથી તેમ ખાતરી થતાં મરણ થયું છે તેમ નક્કી કરવામાં આવે છે.

વ્યક્તિનું મૃત્યુ થતાં કુટુંબમાં અને અન્ય નજીકના આસપાસ રહેતા સગાને જાણ કરવામાં આવે છે. સૌ મરનારની ચારેબાજુ વીંટળાઈ વળે છે, અને રડે છે. મરણ થયું છે તેની જાણ કરવા માટે તૂર અને થાળી વગાડનારને બોલાવવામાં આવે છે, અને તૂર વગાડવાનું શરૂ કરવામાં આવે છે. તે દ્વારા સમગ્ર ગામને, ગામમાં "મૈયત" થયું છે તેની જાણ થાય છે. મરનાર વ્યક્તિ કુટુંબની સગાઈસંબંધમાં કે ગામની ઘણી મોભાદાર કે આગેવાન વ્યક્તિ હોય તો ત્રણચાર તૂર વગાડવામાં આવે છે; અને તે દ્વારા મરનારનાં મોભાને મહત્ત્વ આપવામાં આવે છે. મરનારનાં નજીકના સગાં આજુબાજુનાં ગામોમાં રહેતા હોય તો તેમને બોલાવવા માટે "કવાણુ"- કહેણુ મોકલવામાં આવેછે. આવા નજીકના સગામાં ખાસ કરીને મરનાર વ્યક્તિના લોહીનાં સગાં, જેવા કે પિતા, ભાઈ, પુત્ર, મા, બહેન, મોટા કાકા, નાના કાકા, વગેરે પિતૃસગાંઓની ખાસ રાહ જોવામાં આવે છે. કયારેક મરનાર વ્યક્તિને અન્ય કોઈ પરત્વે વધુ સ્નેહ હોય તેવી મિત્ર જેવી વ્યક્તિ-હોય તો તેને પણ ખબર આપવામાં આવે છે. મુડદું કાઢતા સુધી તેની રાહ પણ જોવામાં આવે છે.

મૃત્યુની તૂર વાગતાં ગામમાં "મૈયત"ની ખબર પડી જાય છે. અને અન્ય સગાં તથા ગામલોકો મરનારના ઘેરે ભેગા થાય છે. આવનાર સગાં મરનાર વ્યકિતનું મોં ઉઘાડી જોઈને રડતાં રડતાં બેસે છે. સ્ત્રીઓ કુટુંબની સ્ત્રીઓ સાથે બેસી રડવામાં સાથ આપે છે. સ્ત્રીઓ રડે છે ત્યારે મરનારના કુટુંબના અગાઉ મરી ગયેલાં સગાંઓને પણ તે વખતે યાદ કરીને રડવામાં આવે છે. જો મૃત્યુ સાંજે થયું હોય તો મુડદું આખી રાત ઘરમાં રહેવા દેવામાં આવે છે. મરનારના સૌ સગાં ઘરે આખી રાત મુડદાની આજુબાજુ બેસી રહે છે. મૃત્યુ થતાં મુડદાને સ્નાન કરાવવા માટે ગરમ પાણી મૂકવાનું તથા મુડદાને સ્મશાનમાં ખીચડી ખવડાવવા માટે ખીચડી મૂકવાનું કાર્ય પડોશી કે ગામની અન્ય સ્ત્રીઓ કરે છે; જ્યારે નજીકની સગી સ્ત્રીઓ મૃત્યુના શોકને કારણે રડતી હોય છે.

પાણી ગરમ થઈ જતાં મુડદાને સ્નાન કરાવી પીઠી ચોળવામાં આવે છે. આ કાર્ય પડોશની કે ગામની અન્ય જાણકાર સ્ત્રીઓ કરે છે. આ વખતે પુરુષ વર્ગ ઘરના આંગણામાં જઈને બેસે છે, અને ઠાઠડીની તૈયારી કરે છે. કેટલીક વ્યકિતઓને નદીએ આવેલા સ્મશાને ચિતાની તૈયારી માટે મોકલવામાં આવે છે. અહીં મુડદાને સ્મશાને લઈ જવા માટેની તૈયારીનું કાર્યવિભાજન સ્પષ્ટ બે ભાગમાં વહેંચાઈ જાય છે. એક કાર્ય સ્ત્રીઓ ઘરમાં પાણી ગરમ મુકાવી, ખીચડી મુકાવી તથા મુડદાને સ્નાન કરાવી તૈયાર કરે છે. તો બીજું કાર્ય પુરુષો ઠાઠડી તૈયાર કરવાનું, તથા સ્મશાનમાં ચિતા તૈયાર કરવાનું કરે છે. સ્ત્રીઓ ઘરમાં મુડદાના નખ કાપી

લઈ સ્નાન કરાવી પીઠી ચોળે છે. મરનાર વ્યક્તિ સ્ત્રી હોય તો સ્ત્રીનાં અને પુરુષ હોય તો પુરુષનાં કપડાં તથા ઘરેણાં પહેરાવી, ચાંદલો કરી મુડદાંને વરરાજા કે વરકન્યાની જેમ શણગારવામાં આવે છે. મરનાર પાસે પૂરતા ઘરેણાં ન હોય તો અન્ય સગાંનાં માગી લાવીને પણ પહેરાવવામાં આવે છે. જેથી મરનારના જીવને ઉણપ કે ઓછું ન આવે તથા તેની કોઈ તે પ્રકારની વાસના બાકી ન રહે તેનો ખ્યાલ રાખવામાં આવે છે. મુડદાંને પીઠી ચોળવામાં આવે ત્યારે મરનાર પરિણીત હોય તો તેના જીવનસાથી—જો સ્ત્રી મરી ગઈ હોય તો પુરુષને અને પુરુષ મરી ગયો હોય તો સ્ત્રીને—મુડદા સાથે ઊભી રાખી તેને પણ પીઠી ચોળવામાં આવે છે.

અહીં મુડદાને વરરાજાની કે વરકન્યાની જેમ શણગારવાનું તથા જીવંત જીવનસાથીને પણ પીઠી ચોળવાની ક્રિયા ચૌધરી જીવનની બે બાબતોને અભિપ્રેત કરતી માલૂમ પડે છે. (૧) પીઠી લગ્નગ્રંથિથી જોડાનાર અને લગ્નનું પ્રતીક છે. મરનાર વ્યક્તિને લગ્ન દ્વારા સંબંધ બાંધી તેના જીવનસાથી તરીકે જીવનભર જે સાથ આપ્યો છે તેની પ્રતીતિ પણ આ પ્રસંગે મરનાર જીવને થાય અને "તું મરી ગયો એટલે તારી ઉપેક્ષા કરી તને કાઢી મૂકયો છે." તેવો ખોટો ખ્યાલ મરનારના જીવને ન પેદા થાય તેવા ભાવની અભિવ્યક્તિ થતી જણાય છે. (૨) મરનાર વ્યક્તિને પોતાના જીવનસાથી પરત્વેનો અસંતોષ ન રહે અને જીવનના અંત સુધી તેણે સાથ આપી મરનારની ઇચ્છાઓ પૂરી કરવાનો પ્રયત્ન કર્યો છે, તેવી ભાવનાની અભિવ્યક્તિ કરવાનો પ્રયત્ન થાય છે, જેથી ચૌધરીઓ આવે પ્રસંગે મરનારને મનમાં સંબોધી જણાવે છે કે "હવે તારા જીવન સાથી પરત્વેની તારી સર્વ ઇચ્છાઓ, વાસનાઓ પૂર્ણ થઈ છે" તેમ મૃતાત્માને મનાવવાનો અને તે દ્વારા તેને સંતોષ આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. મૃત વ્યક્તિ પોતાની અધૂરી વાસનાઓ પૂરી કરવા માટે જીવનસાથીને પજવે નહિ તેવા ડર કે ભયની માન્યતા આની પાછળ રહેલી છે.

પુરુષો આંગણામાં બેસી બે વાંસની નિસરણીની જેમ ઠાઠડી તૈયાર કરે છે. ઠાઠડી બાંધવા માટે "ગીદાવ" નામના ઘાસની દોરી વણીને તૈયાર કરવામાં આવે છે. ઠાઠડી પર થોડું પરાળ તથા ગીદાવ ઘાસ ખાસ મૂકવામાં આવે છે. તૈયાર કરેલી ઠાઠડીને ઘરના બારણા આગળ માથું રહે તે રીતે ગોઠવવામાં આવે છે. અને મુડદું તૈયાર થઈ જતાં ઘરના મુખ્ય બારણા તરફ માથું રહે તે રીતે સુવડાવી બાંધવામાં આવે છે. મુડદાંની સાથે મરનારની રોજિંદા ઉપયોગી ચીજવસ્તુઓ-થાળી વાડકો, પ્યાલો અથવા લોટો, ચાના પ્યાલારકાબી, દાતરડું વગેરે માથા નીચે મૂકી ચાર છેડે ચાર નાળિયેર મળે તો બાંધવામાં આવે છે. ઠાઠડી તૈયાર કરવામાં "ગીદાવ" ઘાસનો ઉપયોગ આવશ્યક મનાય છે. વધારે ન મળે તો તે ઘાસનાં બે-ત્રણ તણખલાં પણ મૂકવાનો આગ્રહ રાખવામાં આવે છે. ગીદાવ ઘાસ દર્ભ પ્રકારનું એક ઘાસ છે. આ ઘાસનાં મૂળિયાં જમીનમાં ઘણે ઊંડે સુધી જાય છે, તથા તેનાં મૂળિયાં પરસ્પર ખૂબ ગૂંથાયલાં, વિપુલ પ્રમાણમાં અને વિસ્તરેલાં હોય છે. ગીદાવ ઘાસ દ્વારા મરનાર વ્યક્તિનો વંશવેલો ઘણો મોટો અને વિસ્તરેલો છે તેમ વ્યક્ત થાય છે. મરનાર વ્યક્તિના સગાઇ-સંબંધો અતિ જટિલ ગૂંફનના પ્રતીક સ્વરૂપે ગણાવી, મરનાર વ્યક્તિ પોતે આવા જટિલ અને વિસ્તૃત સંબંધોવાળી હતી અને કુટુંબમાં કે સગામાં તેનું મહત્વનું સ્થાન છે, તે ભાવનાની અભિવ્યક્તિ ગીદાવ ઘાસના પ્રતીક દ્વારા રજૂ કરવામાં આવે છે. ચૌધરી સમાજ આ ઘાસને પવિત્ર માને છે, અને મૃત્યુની વિધિમાં ઠાઠડી તથા "દહાડા"ની

વિધિમાં અવશ્ય તેનો ઉપયોગ કરે છે. ચૌધરીઓ આ દ્વારા મરનાર વ્યક્તિને પ્રતીતિ કરાવવાનો પ્રયત્ન કરે છે કે, " તું તારી પાછળ ગીદાવ ઘાસનાં મૂળિયાં જેટલો વિસ્તૃત વેલો-બાળકો-વારસો મૂકી ગયો છે, તારા મરી જવાથી તારો સંપૂર્ણ નાશ થયો નથી. જેમ ગીદાવ ઘાસ ઉપરથી સૂકાઈ જાય છે પણ તેના મૂળિયાં અને ગાંઠો દ્વારા ફરી ખૂબ જથ્થામાં વિના વાવે ઊગી નીકળે છે તેમ તારો પણ સંપૂર્ણ નાશ થયો નથી. તારાં સંતાનો-વારસદારોનો વેલો અહીં છે. તે ગીદાવ ઘાસનાં મૂળિયાંની જેમ વિસ્તર્યા જ કરશે, તેનો તું સંતોષ લેજે. તેમને જોઈ હવે તું સુખી થજે. તેમને હવે તું પજવીશ નહિ." વગેરે પ્રકારની અભિવ્યક્તિ ગીદાવ ઘાસના ઉપયોગ પરત્વે તેઓમાં છે તેમ જોવા મળે છે.

## ઠાઠડી લઈ જવી

ઠાઠડી તૈયાર થઈ જતાં ઘરનાં મુખ્ય બારણેથી બહાર કાઢવામાં આવે છે. મરનાર સુવાવડી સ્ત્રી હોય તો ઠાઠડી ઘરની ભીંત તોડીને કહાડવામાં આવે છે. ચૌધરીઓ માને છે કે આવી સ્ત્રી મરી જતાં તે વ્યંતરી બને છે. તેને ઘરના બારણેથી કાઢી હોય તો જે રસ્તેથી મુડદું લઈ જવામાં આવ્યું હોય તે રસ્તેથી વંત્રી બનીને ઘરે આવી કુટુંબીઓને પજવે, એટલે ભીંત તોડીને તેનું મુડદું કાઢવામાં આવે તો દિવાલ-ભીંત પૂરી દેતાં રસ્તો બંધ થઈ જાય છે. વંત્રીને બારણું શોધવાની ખબર પડતી નથી. અહીં પણ મૃત વ્યક્તિનો તેમને કેટલો બધો ડર છે તે સ્પષ્ટ થાય છે. મરનાર નાનું બાળક હોય તો તેને હાથમાં સુવડાવી સ્મશાને લઈ જવામાં આવે છે. જો સાતેક વર્ષ જેટલું "ઢોરગોવાળિયે" જતું થયું હોય-મોટું હોય તો તેને ઝોળીમાં નાંખીને લઈ જવામાં આવે છે. જ્યારે પુખ્ત વયની મોટી વ્યક્તિને ઠાઠડીમાં બાંધીને લઈ જવામાં આવે છે. ઘણા જૂના વખતમાં મુડદું સ્મશાને લઈ જવામાં બે વ્યક્તિઓ માથે ઠાઠડી ઉપાડી લઈ જતા. હવે ઠાઠડીને ચાર કે છ જણ ઊંચકીને લઈ જાય છે.

ઠાઠડી તૈયાર થઈ ગયા પછી હાંડીમાં છાણું સળગાવી અગ્નિ તૈયાર કરવામાં આવે છે. મૃત્યુ વખતે આ આગ પકડનાર વ્યક્તિનું મહત્ત્વ ચૌધરીઓમાં ઘણું વધારે અને સ્પષ્ટ જોવા મળે છે. તેમનામાં મરનાર વ્યક્તિનું નિકટનું લોહીનું સગું આગ પકડે તેવો નિયમ જોવા મળે છે. જે વ્યક્તિ આગ પકડે તેણે મરનારની સર્વ ક્રિયાઓ કરવાની હોય છે. મરનાર સ્ત્રી હોય તો તેનો પતિ, પુત્ર, કે કુંવારી પુત્રી, પિતા હોય તો પુત્ર, ભાઈ, પુત્ર હોય તો પિતા, ભાઈ કે કાકા આગ પકડે છે. જો આવું નજીકનું, લોહીનું સગું ન હોય તો ક્રમશઃ ભત્રીજો અને ભાણેજને પસંદ કરવામાં આવે છે. આમ બને તો સમૂહ જે નક્કી કરે તે પ્રકારનું વળતર-અમુક જમીન કે રોકડા નક્કી કરી આપવામાં આવે છે. ઈ.સ. ૧૯૬૯માં ખાનપુરમાં મરનાર વ્યક્તિના લોહીના સગાં કોઈ ન હોઈ મરનારના ભાણાએ આગ કાઢી હતી. ભાણાને મામાના ખેતરમાંથી એક વર્ષ સુધી ખેડીને ઉત્પાદન લેવાનો હક્ક આ સંદર્ભમાં આપવામાં આવ્યો હતો.

મરનારનું નિકટનું સગું ન હોય ત્યારે અન્ય સગાં મરનારની આગ કાઢવાનું કે મરણક્રિયા કરી શકે છે. અંબાચમાં ઈ.સ. ૧૯૩૨માં એક કુટુંબમાં સ્ત્રીનું અવસાન થયું ત્યારે તેનો પતિ સ્વરાજ્યની લડતમાં જેલમાં હતો. અન્ય નજીકના લોહીના સગામાં કે પિતૃસગામાં કોઈ ન હતું, ત્યારે સ્ત્રીના સસરાએ આગ કાઢી હતી. ચૌધરીઓ માને છે કે જ્યાં સુધી મરનાર વ્યક્તિ નજીકનો

લોહીનો સગો અને તેમાં પણ જો પુત્ર હોય તો તેની મૃત્યુ ક્રિયા સફળ થાય છે. ચૌધરી સમાજમાં જોવા મળતી આ માન્યતા સમાજમાં પુત્રસંતાનના મહત્ત્વને રજૂ કરે છે. જોકે ચૌધરી સમાજમાં છોકરી અને છોકરાને સરખું જ મહત્ત્વ કે અગત્ય મળે છે, પરંતુ મૃત્યુના પ્રસંગે પુત્રનું મહત્ત્વ અનિવાર્યપણે તેમનામાં છે તેમ અભિવ્યક્ત થતું જણાય છે.

ઠાઠડી ઘરમાંથી કાઢવામાં આવે ત્યારે મરનારનું માથું ઘર તરફ રાખવામાં આવે છે, અને પગ આગળ હોય છે. ઠાઠડી નીકળે એટલે સૌથી આગળ તૂરવાળો તૂર વગાડતો વગાડતો ચાલે છે. તેની પાછળ આગ પકડનાર હાંડીમાં અગ્નિ લઈને ચાલે છે, ચાર જણ ઠાઠડી ઊંચકી લે છે. સાથે ડાઘુઓ પણ હોય છે. જેમની સાથે ધારિયું ગોળ તથા ઘી લઇ જવામાં આવે છે. આગ પકડનારને કમરે જુવારની ધાણી, ચોખા, તુવેરની દાળ, વાલ વગેરેની અનાજની ફાંટ બાંધવામાં આવે છે. સ્મશાને જતાં રસ્તામાં ચારેબાજુ અનાજ વેરતા વેરતા ચાલવામાં આવે છે. જો મરનાર વ્યક્તિ આર્થિક દૃષ્ટિએ ખૂબ સુખી હોય કે મોભાદાર કે આગેવાન વ્યક્તિ હોય તો સ્મશાનનો વરઘોડો પણ કાઢવામાં આવે છે. રસ્તે જતાં પૈસા, ફૂલ વગેરે પણ વેરવામાં આવે છે.

ઠાઠડી સ્મશાનમાં જવા નીકળે એટલે ફળિયામાં તથા ગામવાળા પુરુષો સ્ત્રીઓ ઓછામાં ઓછું ઘરદીઠ એકેક જણ તેમાં જોડાય છે. સ્મશાનમાં જતી વખતે દરેક પુરુષ પોતાને ત્યાંથી સ્મશાનની ચિતા માટે લાકડું અવશ્ય લઈ જાય છે. સ્ત્રીઓ પણ રડતી રડતી ઠાઠડી પાછળ "ઓલાવા" ભાગોળ સુધી આવે છે. મુડદાને ત્યાં ઉતારી વિરામ કરાવવામાં આવે છે. આ સ્થળને "વિહામું" કહે છે. જે માટલીમાં મુડદાને નવડાવવા માટે ગરમ પાણી[1] મૂકવામાં આવ્યું હોય તે માટલી તથા "ડોવડી" અહીં મૂકી દેવામાં આવે છે. સ્ત્રીઓ અહીંથી રડતી રડતી મરનારના ઘરે પાછી જાય છે, અને પુરુષો ઠાઠડી લઈ સ્મશાને જાય છે.

## મનવાણી

મૃત્યુ થતાં, અગાઉથી બેચાર વ્યક્તિને સ્મશાનમાં ચિતા તૈયાર કરવા માટે મોકલી દેવામાં આવે છે, અને નદી, ઝરણા કે કોઈ પણ જળાશય પાસે ગામના સ્મશાનમાં "હેલ"-ચિતા તૈયાર કરી દેવામાં આવે છે. ઠાઠડી સાથે આવનાર જે લાકડાં લાવ્યા હોય તે લઈ લઈને હેલ ઉપર ગોઠવી દેવામાં આવે છે. મુડદાને ચિતાની આજુબાજુ ચાર ફેરા ફેરવવામાં આવે છે, અને દરેક ફેરે ગણતરીના હેતુથી ધારિયા વડે ઠાઠડીના વાંસ પર ઘા મારવામાં આવે છે. મુડદું ચિતા પર ગોઠવી ઠાઠડી છોડી કાઢવામાં આવે છે. ઠાઠડીના વાંસ તથા મરનારની રોજિંદી વપરાશની ચીજવસ્તુઓ—થાળી, વાટકો, પ્યાલો, ચાના પ્યાલારકાબી, દાતરડું વગેરે પણ તેની નીચે મૂકી દેવામાં આવે છે. મુડદું ગોઠવાઈ ગયા પછી જે વ્યક્તિએ આગ પકડી હોય તે મુડદાને ખાખરાનું દાતણ કરાવે છે, અને મુડદાંનું મોં ધોઈ ઘરેથી લાવેલી ખીચડી, દહીં ભેગાં કરીને બે હાથે મુડદાને જમાડવાની વિધિ કરવામાં આવે છે. જેને મુડદું જમાડવું" કહેવામાં આવે છે. આગ કાઢનાર ઉપરાંત મરનારના અન્ય નજીકના લોહીના સગાંમાંથી પિતા, ધણી, ભાઈ, કાકા, તે પછી જેની ઇચ્છા હોય તે સગાં સ્નેહીમાંના—સસરા, ભત્રીજો, ભાણેજ, જેઠ, બનેવી, મિત્ર વગેરે પોતાની સદ્ભાવનાની લાગણી આ દ્વારા છેલ્લી વખત વ્યક્ત કરી મુડદું જમાડવાની વિધિ કરે છે. આ પછી "રૂપાદાન"ની વિધિ

---

૧ ડોવડી એ તૂમડીને કોરી કાઢીને પાણી પીવા માટે બનાવેલું ડોયા જેવું સાધન છે.

કરવામાં આવે છે. મરનારનો સૌથી નિકટનો લોહીનો સગો કે જેણે આગ પકડી હોય તે સૌ પ્રથમ રૂપાનો સિક્કો મોઢામાં મૂકે છે. તે પછી લોહીના તથા લગ્નવાળા સગાં કે સ્નેહીઓ ઇચ્છા મુજબ આઠ આના, ચાર આના, દસ પૈસા, કે પાંચ પૈસા વગેરે નાણાનું દાન કરે છે. આ રીતે પણ મરનાર તરફ સદ્‌ભાવનાની અભિવ્યક્તિ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ત્યાર બાદ આગ પકડનાર "હરગા આમના"ના બે દાતણ લઈ ચિતાની ફરતે સાત ફેરા ફરીને અવળી પૂંઠે ઊભો રહી એક દાતણ મુડદા પર મૂકે છે અને એક નદીના પાણીમાં ફેંકી દે છે. પછી જરૂરી લાકડાં મુડદા પર મૂકવામાં આવે છે, અને આગ પકડી પૂંઠ ફેરવી ઊભો રહી બોલે છે કે "આજથી તારું નામ ભૂંડી ગયું. હું તને આગ લગાડતો નથી. પણ તારા દુશ્મન ઉપર મૂકું છું." પછી અવળી પૂંઠે માથા આગળ આગ મૂકે છે. ચિતાને લીલી આમલીનાં ઝરડાં મૂકી છાઈ દેવામાં આવે છે.

ચૌધરીઓમાં આમલીનું ઝાડ મરણ પ્રસંગે અતિ મહત્ત્વનું ગણાય છે. મુંડદાને બાળતી વખતે આમલીનાં ઝરડાં મૂકવાનો ખાસ રિવાજ છે. તેમાં પણ "હરગા આમના"ના ડાળીનો ટૂકડો મરનારના શરીર ઉપર મૂકવા સ્પષ્ટ ધાર્મિક માન્યતાનું સ્વરૂપ અભિવ્યક્ત થતું જોવા મળે છે. "હરગ" એટલે "સ્વર્ગ", અને "આમનો" એટલે આમલી. એટલે "સ્વર્ગીય આમલી". આ આમલીના ઝાડની ડાળીનો ઉપયોગ મરનાર વ્યક્તિનો જીવ સ્વર્ગમાં જવા માટે સીડી તરીકે કરે છે. જેથી તેઓ માને છે કે જીવ તે દ્વારા સ્વર્ગમાં જશે. ચૌધરીઓ આમલીના ઝાડને પવિત્ર માને છે. પરિણામે ખાટી આમલીનું તેઓ દાતણ કદી કરતા નથી. તેવું "હરગા આમના"નું ઝાડ તેમને મન અતિ પવિત્ર છે. તેને બળતણમાં કદી ઉપયોગમાં લેતા નથી; અને કદી કાપતા નથી. આમ મૃત્યુના પ્રસંગ સિવાય તેને કાપવાનો કે તેના લાકડાનો ઉપયોગ કરવાનો તેમનામાં નિષેધ જોવામાં આવે છે.

મુડદાને આગ લગાડી દીધા પછી ઓઢાડેલા કફનના ટૂકડામાંથી એક નાનો ટુકડો ફાડી લેવામાં આવે છે. મરનારને પહેરાવવામાં આવેલાં ઘરેણામાંથી પુરુષ હોય તો કાન અને હાથનું અને સ્ત્રી હોય તો કાન, હાથ તથા ગળાનું એકેક ઘરેણું રહેવા દઈ બાકીનાં ઘરેણાં ઉતારી લેવામાં આવે છે; આ વધારાનાં ઘરેણાં ફાડેલા કટકામાં બાંધી લેવામાં આવે છે. જો વ્યક્તિ આર્થિક દૃષ્ટિએ સુખી હોય તો બધાં ઘરેણાં રહેવા દેવામાં આવે છે. એકાદ કિસ્સામાં તો આર્થિક રીતે અતિ સુખી અને સમૃદ્ધ એવી વ્યક્તિનું મૃત્યુ થતાં સો રૂપિયાની નોટ મૂડદાના હાથમાં પકડાવી મુડદું બાળી મૂકવામાં આવ્યુ હતું. આમ કયારેક સામાજિક મોભો બતાવવાનો પણ આવી રીતે પ્રયત્ન થતો જોવા મળે છે.

ચૌધરીઓમાં મરનારની જોડે તેની રોજિંદી વપરાશની ચીજવસ્તુઓ બાળી મૂકવાનો રિવાજ છે, જેમાં થાળી, વાટકો, લોટો અથવા પ્યાલો, ચાના પ્યાલા રકાબી, દાતરડું વગેરે મુખ્ય ગણાવી શકાય. આ ઉપરાંત પણ અતિ પ્રિય એવી વસ્તુઓ પણ કયારેક બાળી મૂકવામાં આવે છે. તપાસ દરમ્યાન એક કિસ્સામાં મરનાર વ્યક્તિને સાઈકલ અતિ પ્રિય હતી તો તે પણ તેના મુડદા સાથે બાળી મૂકવામાં આવેલી. તેવું જ એક વ્યક્તિને "સાંગી"-ગાલ્લીનો ઘણો શોખ. એટલે તેણે સારુંએવું ખર્ચ કરી નવી ગાલ્લી તૈયાર કરાવી. ટૂંક સમયમાં તે વ્યક્તિ મરી જતાં અતિ પ્રિય એવી "સાંગી" પણ તેની સાથે બાળી મૂકવામાં આવેલી. ચૌધરીઓમાં મરનાર પાછળ તેની રોજિંદી

તથા પ્રિય ચીજવસ્તુઓ બાળી દેવા અંગે બે પ્રકારની માન્યતાઓ જોવા મળે છે: (૧) એક માન્યતા એવી છે કે મરનાર વ્યક્તિની રોજિંદી જે જે મહત્ત્વની ચીજ વસ્તુઓ હોય તે બાળી દેવાથી વ્યક્તિની તે વસ્તુઓ પરત્વેની ઉપભોગની ભાવના રહે નહીં, તથા ફરી પ્રેતસ્વરૂપે તે વસ્તુઓનો ઉપભોગ કરવા માટે આવે નહીં, અને પજવે નહિ. (૨) જ્યારે બીજી માન્યતા પ્રમાણે તેની પ્રિય વસ્તુઓ તથા રોજિંદી વસ્તુઓ બાળી દેવાથી વ્યક્તિને પુનર્જન્મમાં તે વસ્તુઓ ઉપયોગમાં આવે. આ બંને માન્યતાઓમાં પુનર્જન્મમાં કામ લાગે તેવી બીજી માન્યતા કરતાં મૃત વ્યક્તિ પોતાની રોજિંદી કે પ્રિય વસ્તુઓ રહી હોય તો તેના ઉપભોગ માટે ભૂત સ્વરૂપે આવે અને કનડગતી કરે તે ખ્યાલ વધુ મહત્ત્વનો લાગે છે. કારણ કે ચૌધરીઓમાં પોતાનાં રોજિંદી વપરાશનાં વાસણો થાળી, વાટકી, લોટો યા પ્યાલો વગેરે એકબીજાથી અલાયદા જ રાખવામાં આવે છે. પ્રણાલિગત માન્યતા અનુસાર બીજાનું વાસણ ખાવા-પીવાના ઉપયોગમાં લેવામાં આવતું નથી. મરનાર વ્યક્તિનું વાસણ કોઈ વાપરે તો મરનાર ભૂત થઈને તેને પજવે છે તેવો સ્પષ્ટ ખ્યાલ અભિપ્રેત થાય છે. એટલે મૃત્યુ પામેલી વ્યક્તિની રોજિંદી વપરાશની તેમ જ પ્રિય વસ્તુઓ તેની સાથે જ બાળી દેવાનો ખ્યાલ તે ભૂત થઈને પજવે નહિ તેવી સ્પષ્ટ માન્યતાથી જોવા મળે છે.

મરનાર વ્યકિત જો રોગિષ્ઠ હોય તો તેને બાળવાને બદલે દાટવામાં આવે છે. ચૌધરીઓ માને છે કે રોગિષ્ઠ વ્યકિતને બાળવાથી રોગિષ્ઠ હવા ગામમાં ફેલાય છે. એટલે આવી પરિસ્થિતિમાં બાળવાને બદલે દાટવાની પ્રથા વધુ અપનાવામાં આવે છે. ક્યારેક ચોમાસાના અતિ વરસાદના દિવસોમાં બાળવાને બદલે દાટવાની ક્રિયા કરવાની ફરજ પડે તો તેમ કરવામાં આવે છે. ઉપરાંત તરતનું જન્મેલું બાળક હોય અને મરી જાય તો તેને દાટવામાં આવે છે. ચૌધરીઓ આ અંગે માને છે કે તેવું બાળક માટી જ જેવું છે, અને તેના શરીરનાં અંગો, હાડકાં કુમળાં હોય છે. જે જમીનમાં જલદીથી ઓગળી જાય છે. એટલે નાના બાળકના શરીરને દાટવાની માન્યતા પાછળ પણ તેઓ સ્પષ્ટ સમજવાળા હોય તેમ જણાય છે.

ચૌધરીઓ સામાન્યતઃ મૃત વ્યક્તિને દાટવા કરતાં બાળવાનું વધુ પસંદ કરતા હોય તેવી સ્પષ્ટ માન્યતા અને સમજ પણ તેમનામાં જોવા મળે છે. આ અંગે તેઓમાં સ્પષ્ટ બે પ્રકારની માન્યતા પ્રવર્તતી જોવા મળે છે: (૧) વ્યક્તિને બાળી દેવાથી તેના શરીરનું અસ્તિત્વ એકદમ જલદીથી અને સંપૂર્ણપણે નાશ પામે છે. જ્યારે દાટવાને કારણે વ્યક્તિનું શરીર ખૂબ જ લાંબા સમયે માટી સાથે ઓગળે છે તેમાં પણ તેનાં હાંડકાં તો વર્ષો સુધી એમના એમ ઓગળ્યા વિનાનાં રહે છે. તેઓ માને છે કે જ્યાં સુધી વ્યક્તિના શરીરનો એકાદ ભાગ–અંશ પણ અસ્તિત્વમાં હોય ત્યાં સુધી જીવ બીજું ખોળિયું ધારણ કરી શકતો નથી. એટલે વ્યક્તિને દાટવામાં આવે તો તેનો જીવ ઘણા વખત સુધી ભટકયા કરે છે. (૨) મુડદાને બાળવાને બદલે દાટવામાં આવે તો ડાકણ ત્યાં આવીને તેના શરીરને કાઢીને ખાય છે તેવી દઢ માન્યતા તેઓમાં પ્રવર્તે છે. પરિણામે ભૂત કે મેલી શક્તિઓ આવી દાટેલી વ્યક્તિને જલદી પકડે છે, તથા તે ભૂત થાય છે, અને કુટુંબીજનોને કે સગાંઓને પજવે છે.

આમ દાટવાને કારણે એક બાજુ મરનાર વ્યક્તિની જલદી સદ્ગતિ થતી નથી તથા તેનો જલદીથી પુનર્જન્મ થતો નથી. પરિણામે જીવ ભટકે છે અને ભૂત-પ્રેત બની પજવે છે તેવી માન્યતા

આમાંથી પ્રગટ થતી જણાય છે, જ્યારે બીજી બાજુ વ્યક્તિને દાટવાને કારણે તેના ખોળિયાની હયાતિ છે તેમ સમજવામાં આવે છે. વ્યક્તિને જીવતી જાગતી દાટી દીધી હોય તેવો ભાવ-ખ્યાલ-મન ઉપર સવાર થાય છે. આવી રીતે દાટેલી વ્યક્તિઓ રાત્રે સ્વપ્નામાં આવે છે. રસ્તે આવતાં જતાં દાટેલી વ્યક્તિની જગા જોતાં મૃત વ્યક્તિ અંદર હયાત છે તેવો ભાવ સવાર થાય છે અને પરિણામે તેવી વ્યક્તિ ભૂત સ્વરૂપે આવશે, હેરાન કરશે તેવા ભયનું વાતાવરણ સર્જાય છે. આમ દાટવાની ક્રિયાને ચૌધરીઓ ભયપ્રેરક માનતા હોવાથી હલકી ગણે છે. અને તેને ખાસ સમર્થન આપતા નથી.

સ્મશાનમાં આવેલા સૌ પુરુષો સ્નાન કરી એક ઝાડ નીચે ભેગા થઈ ગોળાકારે બેસે છે. આને "બેસણું" અથવા "ગોઠ" કહેવામાં આવે છે. આ ગોઠમાં મરનાર વ્યક્તિના ઘરની સ્થિતિનો વિચાર કરી તેની મિલકતની વહેંચણી, લેણદેણ, કુટુંબમાં નાના બાળકો હોય તો તેના ભરણપોષણની જવાબદારીની સોંપણી દહાડા-પાણીના-શ્રાદ્ધની-વિગતો અને તે અંગેનું ખર્ચ, ખતરી મૂકવાનો દિવસ નક્કી કરવો વગેરે બાબતો અંગે સમૂહમાં મળી વિચારણા કરવામાં આવે છે. મરણના ખર્ચનો બોજો આર્થિક રીતે કોઈ પણ એક જ પુત્રને સહન ન કરવો પડે તે હેતુથી દરેક પુત્રો વચ્ચે ખર્ચની વહેંચણીની વિચારણા આ વખતે કરવામાં આવે છે. મરનારને કોઈ સંતાન ન હોય તો અન્ય કયાં સગાં આ પ્રસંગ પૂરો પાડવાની અને ખર્ચની જવાબદારી ઉઠાવશે તેની પણ વિચારણા કરવામાં આવે છે. આમ વ્યક્તિના મરણ પછી કુટુંબમાં મિલકત કે વારસો મેળવવા અંગે કોઈ ઝઘડાઓ ન થાય, સંતાનો રખડી ન પડે તથા મૃત્યુના પ્રસંગનું ખર્ચ કોઈ એક વ્યકિતને માથે આવી ન પડે અને મૃત્યુનો પ્રસંગ સારી રીતે ઉજવાય તે હેતુથી સામૂહિક રીતે આ વખતે બેસીને નિર્ણયો લેવાની પદ્ધતિ સમાજવ્યવસ્થાના સુગ્રથિત સ્વરૂપનો ખ્યાલ આવે છે. ચૌધરી સમુદાય પોતાના કુટુંબના જેવી મહત્તાના એક નાના એકમને તેનાં કાર્યો અને ફરજો અદા કરવામાં સમાજ કઈ રીતે મદદરૂપ થઈ શકે છે કે ઉપયોગી થઈ શકે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આ દ્વારા અભિવ્યકત થતો જણાય છે. એટલું જ નહિ પણ સહકારી જીવનની ભાવનાનું ઉદાત્ત સ્વરૂપ પણ પ્રગટીકરણ પામે છે. અને સમુદાયનું વર્ચસ્વ કુટુંબ જેવા એકમ ઉપર કેવું છે તે જોવા મળે છે; ઉપરાંત સામાજિક ન્યાય મેળવવાની પદ્ધતિ કે તેના સ્વરૂપની પ્રતિતી કરાવે છે.

મરણક્રિયા અને ખર્ચની વિગતો વિચારી લીધા પછી ત્યાં "ઠામઠુમલી"નો વિધિ કરવામાં આવે છે. જેને "ઠામઢોળ્યુ" પણ કહેવામાં આવે છે. મૃતદેહ ઉપરથી વધારાના કાઢી લીધેલાં ઘરેણાં કફનના ફાડી લીધેલાં ટૂકડામાં બાંધી લાવી અહીં બધા વચ્ચે મૂકવામાં આવે છે. પડિયામાં ચા, દારૂ, તાડી કે ખાંડનું પાણી લઈ જમીન ઉપર ઢોળી દેવામાં આવે છે જેને "છાક" પાડવી કહેવામાં આવે છે, જે દ્વારા સ્થળ પવિત્ર થાય છે તેમ સમજવામાં આવે છે. ઘરેણાંની આ પોટલીને મૃતાત્માનું પ્રતીક સમજીને ડુંગળી, મરચાં તથા ચા જમાડવાનો વિધિ આગ પકડનાર વ્યક્તિ કરે છે. ત્યાર બાદ પડિયામાં ચા, દારૂ, તાડી કે ખાંડનું પાણી લઈ નીચે ઢોળી દેવામાં આવે છે; અને "આજથી તારું નામ બૂડી ગયું" કહી રડી પડે છે. આ વિધિ પછી તૂર વાગતું બંધ થાય છે. મરનારને ત્યાંથી લાવવામાં આવેલો ગોળ સૌને વહેંચવામાં આવે છે. જેઓ સ્મશાનમાં આવીને ગોઠમાં રોકાઈ શકયા ન હોય તે સૌના ઘેર પણ ગોળની પ્રસાદી મોકલવાનો રિવાજ છે. આ રીતે ગોળ વહેંચી મીઠું મોં કરી 'મનવાણી' કરવામાં આવે છે.

એટલે મનને શોકમાંથી વાળવામાં આવે છે જે બનવાનું હતું તે બની ગયું. હવે મનને શાંત સ્વસ્થ કરી શોકમાંથી વાળી લેવાના પ્રતીકસ્વરૂપે સૌને ગોળ વહેંચવામાં આવે છે. આવી રીતે સ્મશાનમાં જવાને ચૌધરીઓ ' મનવાણીમાં જવું " તેમ પણ ઓળખાવે છે.

મૃત્યુ થવાના કારણે સ્મશાનમાં ગયેલાં સૌ અભડાય છે તેમ માનવામાં આવે છે, એટલે મુડદાને આગ લગાડ્યા પછી નદીના પાણીમાં સળગતો કોલસો નાખી તે પાણીનું આચમન લેવામાં આવે છે, અને માથા ઉપર થોડા છાંટા નાંખવામાં આવે છે. પાણીનું આવું આચમન લેવાને ચૌધરીઓ "હનવાણ" લેવું કહે છે. સ્મશાનમાંથી ગોઠનો વિધિ પતાવી સૌ ગોળ લઈને પોતાને ઘેર જાય ત્યારે સીધા ઘરમાં પ્રવેશાતું નથી. ઘરની વ્યક્તિ સળગતો કોલસો પાણીના વાસણમાં નાખી, છમકારી, તેવાં પાણીનું આચમન આપવામાં આવે છે. આમ અહીં પણ ફરી "હનવાણ" લેવી પડે છે. આમ સ્મશાનમાં મૃત્યુ પ્રસંગે જવાને કારણે અપવિત્ર થવાય છે તેમ ચૌધરીઓ માને છે અને તેમાંથી પવિત્ર થવાના પ્રતીકરૂપે સ્નાન અને "હનવાણી" લેવાની ક્રિયા જોવા મળે છે.

બીજી બાજુ સ્ત્રીઓ મુડદાને વિસામાથી છોડી મરનારને ઘેર આવે છે. મરનાર વ્યક્તિને ખાંડણીઆ પર જ્યાં સુવડાવી હતી ત્યાં લીંપી કાઢવામાં આવે છે. ત્યાર બાદ સૌ સ્ત્રીઓ સ્નાન કરવા માટે પુરુષોથી અલગ નદીકિનારે જાય છે. નદી પર સૌ ખાખરાનું દાતણ કરે છે. કિનારેથી માટી લઈ સાત પાંદડાં મૂકી તેની ઉપર ચોખા મૂકવામાં આવે છે જેને "પૂંજ" મૂકવી કહે છે. પછી મરનાર વ્યક્તિની લોહીની સગાઈની ચાર સ્ત્રીઓ મૃતાત્માને સંબોધીને કહે છે " આજથી તારું નામ બળી ગયું, રાખ થઈ ગયું, ડૂબી ગયું, વહી ગયું," અને રડી પડે છે. પછી સ્નાન કરે છે. સ્નાન કરતાં પહેલાં નદીના પાણીમાં દાતરડું ફેરવવામાં આવે છે. ચૌધરીઓ માને છે કે દાતરડું મેલી શક્તિઓની અસર અને ભયથી મુક્ત રાખનારું સાધન છે. ભૂત, ડાકણ, વ્યંતર વગેરે તેનાથી ડરે છે. તેઓ દાતરડામાં પડેલાં આંકા ગણી શકતા નથી. એટલે નદીના પાણીમાં કોઈ મેલું તત્ત્વ પ્રવેશ્યું હોય તો દાતરડું ફેરવવાથી ભાગી જાય છે, તેમ માનવામાં આવે છે. સ્નાન કરી સ્ત્રીઓ ઘેર આવી ખાંડણિયા પાસે ગોળાકારે બેસે છે જેને "ગોઠ" "બેસણું" કહેવામાં આવે છે. પુરુષોની જેમ સ્ત્રીઓ ગોઠમાં મરણનો ખર્ચ કે અન્ય બાબતો વિષે ચર્ચા કરતી નથી પણ "ઠામઢુમલી"નો વિધિ કરે છે. જેમાં ચા, દારૂ, તાડી કે ખાંડનું પાણી પડિયામાં લઈ તે જગ્યાએ ઢોળી દેવામાં આવે છે. જેને છાક પાડવી તેમ કહેવામાં આવે છે. આ રીતે જગ્યાને પવિત્ર બનાવવામાં આવે છે. તે જગ્યાએ કાંદો, મરચું તથા દીવો મૂકવામાં આવે છે. પછી પડિયામાં ગોળનું પાણી લેવામાં આવે છે, જેને મરનારની લોહીની સગી સ્ત્રીને ચખાડવામાં આવે છે. ચૌધરીઓ માને છે કે જે વ્યક્તિ મરી ગઈ છે તેની "ઠામઢુમલી" કે "ઠામ ઢોળ્યું "ની ક્રિયા કરીને મૃત વ્યક્તિને સંતોષ આપવા માટે ગોળનું પાણી લેવામાં આવે છે. આ પાણીમાં મરનાર પરત્વે દ્વેષભાવ રાખવામાં આવ્યો નથી તથા તેમાં ઝેર ભેળવ્યું નથી તેની મૃત વ્યક્તિને ખાતરી કરાવવાના હેતુથી તેપાણી ચખાડવાનો વિધિ કરાવવામાં આવે છે. આ દ્વારા મૃતાત્મા સાથેના મીઠા સંબંધોની અભિવ્યકિત કરવામાં આવે છે. અને ચાખવાની ક્રિયા દ્વારા દ્વેષ-ભાવના નહીં પણ સદ્‌ભાવના અને આદરભાવ વ્યકત કર્યાનો આત્મસંતોષના પ્રતીક તરીકે જોવા મળે છે.

સ્મશાનમાં પુરુષો દ્વારા અને ઘરમાં સ્ત્રીઓ દ્વારા એમ બે વખત જુદા જુદા સ્થળે ઠામઠુમલીનો વિધિ કરવામાં આવે છે. (૧) મરનાર વ્યક્તિના ઘરબહારના–જગત સાથેના સંબંધોની અભિવ્યક્તિ સ્વરૂપે પુરુષો સ્મશાનમાં "ઠામઠુમલી" કરી મરનારને સંતોષ આપવાનો પ્રયત્ન કરે છે. (૨) જ્યારે ઘર સાથેના સંબંધોની અભિવ્યક્તિ સ્વરૂપે ઘરમાં સ્ત્રીઓ "ઠામઠુમલી"નો વિધિ કરે છે. આમ અહીં પુરુષોનું કાર્યક્ષેત્ર ઘર બહાર અને સ્ત્રીઓનું કાર્યક્ષેત્ર ઘરમાં હોય છે અને પુરુષો સાથેના સંબંધોની ભાવનાનું પ્રગટિકરણ થતું જોવા મળે છે. મરનાર પાછળ કરવામાં આવતી સર્વ ક્રિયાઓમાં ખૂબ કાળજી તથા ચોકસાઈ લેવામાં આવે છે. ચૌધરીઓ ખૂબ જ દૃઢપણે માને છે કે મરનાર વ્યક્તિ ભલે મરી ગઈ પણ તેનો આત્મા તેની પાછળ થતી સર્વ ક્રિયાઓ જોવા માટે આજુબાજુ ફરતો હોય છે. એટલે તેના સંતોષને ખાતર તેની પાછળ સર્વ ક્રિયાઓમાં કશી ખામી ન થાય તેની કે ભૂલ ન થાય તેની ખૂબ જ કાળજી લેવામાં આવે છે. જો તેવી કાળજી ન લેવામાં આવે તો મરનાર અસંતુષ્ટ રહે અને પાછળથી કુટુંબીજનોને કનડગત કરી નુકસાન પહોંચાડે છે તેવી માન્યતા કે ભય દૃઢપણે પ્રવર્તતો જોવા મળે છે.

## (ɐ) ચોખું પાન :

"મૈયત"ના બીજા દિવસને "ચોખાપાન"ના દિવસ તરીકે ઓળખાવવામાં આવે છે. તેમાં મુડદું બાળી દાધા પછી સ્મશાનમાં તેનાં અસ્થિ ધોવાનું કાર્ય આ દિવસે કરવામાં આવે છે, તથા મૃતક ક્રિયાઓને મેલાં તત્ત્વો બગાડે નહીં તે હેતુથી ચૌધરીઓ ઘંટી, સાંબેલું સાફ કરી લીંપે છે. પાણી પીવાની "ડોવડી" તથા માટીનાં વાસણો પણ કાઢી નાખવામાં આવે છે. તે ઉપરાંત આ દિવસે મૃત વ્યક્તિના વપરાશની બાળી ન દીધેલી એવી રોજિંદી વપરાશની ચીજવસ્તુઓ-ખાટલો, ગોદડું, જોડા વગેરે પણ કાઢી નાંખવામાં આવે છે. આ વિસ્તારના આવી વસ્તુઓ તેમનાથી નીચી ગણાતી અને અસ્પૃશ્ય ગણાતી કોટવાળિયા જાતિને આપી દે છે. ચૌધરીઓ માને છે કે મરનારના વપરાશની કોઈ પણ વસ્તુ ઘરમાં રહે તો મરનાર તે વસ્તુઓનો ઉપભોગ કરવા માટે આવે છે, અને ભૂત થઈ પજવે છે. આમ આ રિવાજ પણ મૃત વ્યક્તિ કનડગત કરે નહીં તેવી ભયની માન્યતા સૂચિત કરે છે.

## (i) પગલી પાડવી :

"પગલી પાડવી" કે દડિયો મૂકવાનો વિધિ ચૌધરીઓમાં રહેલી પુનર્જન્મ અંગેની માન્યતાની પ્રતીતિ કરાવે છે. તે દ્વારા વ્યક્તિ કઈ યોનિમાં જન્મ લેશે તેની જાણ થાય છે એમ ચૌધરીઓ માને છે. મરનાર વ્યકિતને જ્યાં ખાંડણિયા પાસે સૂવાડવામાં આવી હોય ત્યાં આ દિવસે રાત્રે ગોળાકારે લોટ પાથરવામાં આવે છે; અથવા થાળીમાં લોટ ભરીને મૂકવામાં આવે છે. તેની વચ્ચે નાની ખાલી માટલી મૂકી ઉપર રાંધેલી કોદરીનો પડિયો મૂકવામાં આવે છે. લોટની એક બાજુ પ્રવેશદ્વાર બનાવી ચા, દારૂ કે ખાંડનો પાણીનો પડિયો તથા ઘીનો દીવો મૂકવામાં આવે છે. લોટ ઉપર વાંસનો મોટો ટોપલો ઊંધો પાડવામાં આવે છે. સગાંવહાલાં અને કુટુંબીજનો આ ટોપલાની આજુબાજુ આખી રાત બેસી રહે છે. સવારે ભગત ટોપલા ઉપાડે છે. અનુભવી વડીલો અને ભગત લોટમાં કોઈ પણ પ્રકારના પગલાંનાં ચિહ્નો દેખાય છે કે કેમ તે જોવાનો પ્રયત્ન કરે છે. પશુ, પક્ષી, જીવતજંતુનું કે માનવ જેના પગલાનો આકાર દેખાય તેના આધારે મરનાર વ્યકિતએ તે યોનિમાં જન્મ લીધો છે એમ માનવામાં આવે છે.

ચોખાપાનના દિવસે રાત્રે ઢાંકેલા ટોપલાની આજુબાજુ આવતા જીવજંતુઓ તથા ઘરમાં કે નજીકનાં સગાંવહાલાંઓને ત્યાં પણ નીકળતા અન્ય ઉંદર, સાપ, વીંછી, માખી, ગરોળી, વગેરેને ન મારવાનું વલણ જોવા મળે છે. ચૌધરીઓ માને છે કે મૃતવ્યક્તિ આ જીવજંતુ પશુ, પક્ષી, કે જાનવરના રૂપે જન્મ લીધો હોય યા લેવા માગતો હોય તો તેવાં ને આ દિવસો દરમ્યાન જો કોઈ મારે તો મૃતાત્માને એમ લાગે કે એવી યોનિમાં જન્મ લેવા જેવો નથી, અને જન્મ લીધા વિના ક્યારેક તે રખડી પણ પડે છે. ચૌધરીઓ એમ પણ માનતા જોવા મળ્યા છે કે મૃત વ્યક્તિ ઘણી વખત પોતાના જ ઘરે બળદ, કુતરા કે બીજી અન્ય જીવોના રૂપે જન્મ લઈને આવે છે. પરિણામે બે દિવસ પૂરતાં જીવહિંસાનો નિષેધ પળાતો જોવા મળે છે.

ચૌધરીઓ માને છે કે મરનાર વ્યક્તિનો જીવ દહાડો-પાણી તથા ખતરું મુકાતું નથી ત્યાં સુધી ભટકતો હોય છે. તેમાં પણ ખાસ કરીને પોતાની પ્રિય વસ્તુઓ અને ઘર જેવી જગ્યાએ ભટકતો હોય છે. એટલે પગલી પાડવાની જે વિધિ કરવામાં આવે છે તેમાં મૂકવામાં આવતો દીવો મૃત વ્યક્તિના જીવને ત્યાં આવવા માટે અજવાળું બતાવવાના ખ્યાલે તથા દારૂ, તાડી, કોદરી અને પાણી તેના ભોજન માટે મૂકવામાં આવે છે. જીવ જ્યારે આ નૈવેદ્ય લેવા માટે ટોપલામાં થઈ પ્રવેશે છે અને લોટની વચ્ચે માટલી ઉપર મૂકેલો કોદરીનો ભાત ખાવા જતા તેના નિશાન લોટમાં પડી જાય છે. ચૌધરીઓ માને છે કે વ્યક્તિનું એક ખોળિયું નાશ પામતાં તે બીજું ખોળિયું ધારણ કરે છે. એટલે લોટમાં જીવનું બીજું ખોળિયું જે તે ધારણ કરવાનો છે, તેના પ્રતીક સમાં પગલાં પડી જાય છે. લોટમાં માનવેતર પગલાં જોવા મળે તો તેને સામાન્ય બાબત ગણવામાં આવે છે. પગલાં ન પડે તો જીવનીસદ્‌ગતિ થઈ નથી તેમ માનવામાં આવે છે. જ્યારે માનવ પગલાં જોવાં મળે તો તેને શુભ લેખવામાં આવે છે.

આમ ચૌધરીઓના મતે મરનાર વ્યક્તિનાં બે સ્વરૂપો છેઃ (૧) જીવ અને (૨) આત્મા. જીવ એક ખોળિયું છૂટી જતાં બીજું ખોળિયું ધારણ કરે છે, તેમ સમજવામાં આવે છે જ્યારે આત્મા નવા ખોળિયાની પ્રતિકૃતિ રૂપે પગલી પાડવાની વિધિમાં પોતાની પ્રિય વસ્તુઓ લેવા, જોવા કે ઉપભોગ કરવા માટે ત્યાં ફરી જાય છે; અને લોટમાં તેનાં નિશાન મૂકતો જાય છે. પગલી પાડવાનો વિધિ મરનાર વ્યક્તિએ કઈ યોનિમાં જન્મ લીધો છે તેની જાણકારી માટે કરવામાં આવે છે. આ વિધિ દ્વારા ચૌધરીઓ બે બાબતો સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે, તેમ કહી શકાય. (૧) મરનાર વ્યક્તિનો પુનર્જન્મ થાય છે તેમ સ્પષ્ટ માન્યતા જણાય છે. (૨) આત્મા કે જીવની સદ્‌ગતિ-અવગતિ થાય છે તે પણ આ વિધિ દ્વારા જાણી શકાય છે. આમ પગલી પાડવાની વિધિ દ્વારા જીવની ગતિ તથા પુર્નજન્મ સંબંધો ચૌધરીઓના ખ્યાલો અને માન્યતાઓ કેવા સ્વરૂપની છે તેની અભિવ્યક્તિ થાય છે.

(क) **દહાડો :**

મૃત્યુ પછીના ત્રીજા દિવસે દહાડો કરવામાં આવે છે. આગલી રાત્રે તૂર વગાડવામાં આવે છે, જેથી "મૈયત"માં જે લોકો કે સગાં ન આવી શકયા હોય તેઓ અચૂક આ દિવસે આવે. મૃત્યુના દિવસ પછી પહેલી વાર કોઈ સગું આવે ત્યારે ફળિયા આગળથી રડવાનું શરૂ કરે છે. મરનારના ઘરે પણ સ્ત્રીઓ રડવાનું શરૂ કરે છે. બહારથી આવનાર મરનારના ઘરઆંગણે આવી રડવાનું બંધ કરે છે. સ્ત્રીઓ ઘરમાં જઈ રડી બંધ થાય છે. પુરુષ માથા ઉપરથી ટોપી કે પાઘડી

ઉતારી હનવાણી લે છે. આવનાર દરેક સગું આ દિવસના ભોજન-ખાફણા માટે પોતાના ઘેરથી સગવડ પ્રમાણે ડાંગર, જુવાર, ડુંગળી, મરચાની સાથે અન્ય શાકભાજી પોતાની સાથે લેતાં આવે છે અને મરનારના ઘેર આપી દેવામાં આવે છે. ઘરધણી જરૂરી અનાજ રાખી વધારાનું અનાજ વેચી દઈ તેના પૈસા મેળવી લે છે; અને મરણક્રિયામાં જરૂરી સામગ્રી લાવવામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. આવેલાં અનાજ, કઠોળ, અને શાકભાજીમાંથી સ્મશાનમાં નૈવેદ્ય માટે જરૂરી સીધું અલગ કાઢી લઈ સ્ત્રીઓને આપી અલગ રસોઈ કરવામાં આવે છે. જ્યારે બાકીનું પુરુષોને રસોઈ માટે આપવામાં આવે છે. આ રીતે દહાડાના દિવસે સગાંવહાલાં મરનારના કુટુંબને સહાયરૂપ થવાના સ્પષ્ટ રિવાજના સ્વરૂપનું દર્શન થાય છે. ચૌધરી સમાજવ્યવસ્થામાં સગાં-સંબંધીઓની ઘનિષ્ઠતા આ દ્વારા વધુ મજબૂત થાય છે. આ પ્રસંગ ગામ તેમ જ સગાંઓમાં સહકારની સુંદર ભાવનાની અભિવ્યક્તિનો એક મહત્ત્વનો પ્રસંગ બની રહેલો જોવા મળે છે.

આ દિવસે મરનારનાં સગાં વાળ ઉતરાવે છે. જેમાં રાવળિયા કુળવાળા ગૂછો ઉતરાવતા નથી. ઉતરાવેલા વાળ વિસામે નાંખી દેવામાં આવે છે. વાળ ઉતારવાનું કાર્ય તેમની જાતિમાંથી જ કોઈ જાણકાર વ્યકિત જ કરે છે. હિંદુ જ્ઞાતિ સમાજની જેમ હજામ હોતો નથી.

## (i) ઠામઠુલ્લી

રસોઈ તૈયાર થઈ જતાં ખાંડણિયા પાસે પગલી પાડવાની વિધિ કરવામાં આવે છે. માટલી મૂકી તે જગ્યા લીંપી ચોખ્ખી કરવામાં આવે છે. માટલી મૂકી તેની ઉપર રાંધેલા ભાતનો દડિયો મૂકી ચારે બાજુ ફરતે નવા બાજ પીરસવામાં આવે છે. આને "મસાણિયા બાજ" તરીકે ઓળખાવામાં આવે છે. બાજ પીરસાઈ જતા એક મોટા ટોપલામાં તેને ગોઠવી મૂકવામાં આવે છે. જેણે આગ પકડી હોય તે સ્મશાને ટોપલો લઈ લે છે. સૌ પુરુષો પણ સાથે જાય છે. સાથે સ્મશાનમાં માટલી, "કાકડા"ના ઝાડની ચાર નાની થાંભલી, સાગનાં આડિયાં, "ગીદાવ" ઘાસ, દિવેલાના પાનના દાંડામાં કુંવારી ગાયનું ઝરણ, તથા બીજામાં ઓસામણ-"પેજ" ભરી લેવામાં આવે છે. આ ઉપરાંત દારૂ કે તાડી તથા તુલસી પણ લઈ જવામાં આવે છે. સ્ત્રીઓ માટલી ઉપર મૂકેલો દડિયો, પેજ ભરેલી ડોવડી લઈ લે છે. સ્ત્રીઓ વિસામે રોકાઈ જાય છે. દડિયો નીચે મૂકી દેવામાં આવે છે, અને પેજવાળી ડોવડી ફોડી કાઢવામાં આવે છે. દડિયામાંનો ભાત ખાવા માટે કાગડો આવે પછી જ સ્ત્રીઓ ત્યાંથી પાછી વળે છે. ચૌધરીઓ માને છે કે અગાઉ મરી ગયેલા પિતૃઓ કાગડાનું રૂપ લઈ મરનારનું ખાવા માટે આવે છે એટલે કાગડો જેમ જલદી ખાવા આવે તેમ પિતૃઓ વધુ સંતોષી છે તેમ માનવામાં આવે છે.

સ્મશાનમાં જ્યાં મૃતદેહને મૂકયો હતો તે જગ્યાને આગ પકડનાર અને નજીકની સગાઈ-વાળા ચાર-પાંચ પુરુષો સ્નાન કરી જાંબુડાના તથા ઉંબરાના ઝરડાંથી સારું સાફ કરે છે. વાછરડીનું ઝરણ નાખી એ જગ્યા પવિત્ર બનાવવામાં આવે છે. ત્યાં "કાકડા"ના ઝાડની ડાળી-માંથી બનાવેલી નાની નાની થાંભલીઓ રોપી દઈ નાની છાપરી જેવું બનાવવામાં આવે છે. છાપરીને "ગીદાવ" ઘાસ વડે ઢાંકવામાં આવે છે. માટલીમાં પાણી ભરી લાવી છાપરી નીચે મૂકવામાં આવે છે; તથા ફરતે નવા બાજ મૂકવામાં આવે છે. આ ઉપરાંત ઘીનો દીવો, દારૂ, તાડી કે ખાંડના પાણીનો દડિયો મૂકવામાં આવે છે. આગ પકડનાર પૂર્વજોને સંબોધીને કહે છે કે "આ

નવા આવનારને ખાવા પીવા આપજો. કોઈ તેને આડે આવતા નહિ. સૌ સંપીને ખાજો. એને સંભાળી લેજો." પછી દારૂ કે ખાંડના પાણીનો દડિયો ઢોળી કાઢવામાં આવે છે. મૃતાત્માને સંબોધી કહેવામાં આવે છે કે "તારી સાથેનો અમારો સંબંધ હવે પૂરો થયો, તારું નામ ઢળી ગયું-ખૂટી ગયું." પછી તે રડી પડે છે. આ પછી સૌ હનવાણી લે છે.

દહાડાના દિવસે સ્મશાનમાં "કાકડા"ના ઝાડની ડાળીનો તથા ગીદાવ ઘાસનો ઉપયોગ કરવાનું ચૌધરીઓમાં વિશિષ્ટ મહત્ત્વ જોવા મળે છે. ગીદાવ ઘાસ વિષેની માન્યતાનું સ્વરૂપ અગાઉ જણાવેલ ભાવની અભિવ્યક્તિનું સ્વરૂપ "કાકડા"ના ઝાડની બાબતમાં પણ જોવા મળે છે. કાકડાના ઝાડનો ઉપયોગ મૃત્યુ તથા લગ્ન પ્રસંગે અનિવાર્ય મનાય છે. કાકડાના ઝાડનાં ફળ અત્યંત ઝૂમખાંમાં બેસે છે. મૃત વ્યક્તિનો વંશવેલો આ ઝાડના ફળની જેમ અત્યંત વિસ્તૃત અને સમૃદ્ધ છે તેવા ભાવની અભિવ્યક્તિના સ્વરૂપે તેનો ઉપયોગ થતો જણાય છે. ચૌધરી આદિવાસી સમાજવ્યવસ્થા અને અર્થવ્યવસ્થાનું સ્વરૂપ ખેતી અને અમુક અંશે જંગલોની આજુ-બાજુ સંકળાયેલું હોઈ તે માટે વંશવૃદ્ધિ વધુ શુભ અનિવાર્ય તત્ત્વ બને છે. વધુ શુભ કરવા માટે વધુ વ્યક્તિઓ-સંતાનો-વંશવેલો મોટો હોય તે જરૂરી ગણાય છે. એટલે કાકડાના ઝાડને લાગતાં ઝૂમખાં-બંધ ફળોની જેમ કુટુંબનું સ્વરૂપ ઘણાં સંતાનોવાળું-ઝૂમખાં જેવું કલ્પવાનો પ્રયત્ન હોય તેમ અભિપ્રેત થાય છે. એ ભાવની અભિવ્યક્તિના પ્રતીક સ્વરૂપે "કાકડા"ના ઝાડની ડાળી આ પ્રસંગે ઉપયોગમાં લઈ મરનારને સંતોષ આપવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય છે કે તારે ઘણાં સંતાનો છે. તેનો તું સંતોષ લે જે. સદ્‌ગતિ પામજે.

### ગોઠનો વિધિ :

તૈયાર કરેલું બાફણું સ્મશાનમાં લઈ આપવામાં આવે છે. સૌ પુરુષો સ્મશાનમાં ગોળાકારે ગોઠમાં બેસે છે. વચ્ચે તૂર વગાડવાવાળો ફરે છે. તે પછી આગ પકડનાર વ્યકિત તથા મરનારનાં અત્યંત નજીકનાં લોહીનાં સગાં વચ્ચે બેસે છે. સાથે મરનારનાં અસ્થિ તથા તેને પહેરાવેલાં ઘરેણાંની પોટલી, પૈસા, દાતરડું વગેરે મૂકવામાં આવે છે. આગ પકડનાર, કાંદો, મરચું અને થોડું બાફણું લઈ તે સૌનું પૂજન કરે છે. પૂર્વજોને સંબોધી કહે છે કે "નવું પૂરબિયું આવે છે, તેને સંભાળી લેજો."...વગેરે. બાદ સૌને ખાવા માટે બાફણું વહેંચી દેવામાં આવે છે. બાફણું ખવાઈ ગયા પછી વચ્ચે ટૂવાલ કે ધોતિયું પાથરવામાં આવે છે. સ્મશાનમાં આવેલા સૌ કોઈ પોતાની શકિત અને ઇચ્છા અનુસાર પૈસાનું દાન કરે છે. મરનારને ઘેરથી બીડી, તમાકુ લાવવામાં આવે છે જે સૌને આપવામાં આવે છે. આગેવાન અને વડીલ કહી શકાય તેવા ડાહ્યા એક બે માણસો વચ્ચે આવીને બેસે છે. મરનાર વ્યકિતને યાદ કરી તેને સંબોધી તેઓ કહે છે કે "તું આવી રીતે અમારી સાથે કાયમ ગોઠમાં હાજર રહેતો હતો, અમારી સાથે ખાતોપીતો હતો. અમે તને હવે ખાતો પીતો કર્યો છે. તું હવે રખડતો રઝડતો ન રહેતો." આ વખતે ગોઠમાં બેઠેલામાંથી એકાદ જણને ધૂણ ચઢે છે, અને ધૂણવા માંડે છે. આ ઉપરથી સૌ સમજે છે કે મરનાર વ્યકિત આપણી વચ્ચે આ રીતે હાજર થઈ છે. અને આપણી વિનંતી સ્વીકારી છે. ધૂણનારને શાંત પાડવામાં આવે છે. ડાહ્યા વડીલોમાંથી એકાદ જણ ઊભો થઈ આગ પકડનાર અને અન્ય લોહીનાં સગાંને તેમના ખભેથી ટૂવાલ, ધોતિયું કે પાઘડી લઈ તેના માથે પાઘડી બંધાવે છે, તથા

આવેલા પૈસા પાઘડીમાં નાંખવામાં આવે છે. આ પછી ગોઠમાં બેઠેલા સૌ પુરુષો પોતાની મેળે પાઘડી બાંધી દે છે. આમ દહાડો-પાણીની વિધિ પૂરી થતાં, મરનારનાં કુટુંબીજનોને પાઘડી બંધાવી શોક મુક્ત કરવામાં આવે છે.

• દહાડા-પાણીમાં ગામનાં અને સગાંસંબંધીઓ હોય છે. એટલે મરનાર વ્યક્તિનું ખતરું ક્યારે બેસાડવું તે આ ગોઠ દરમ્યાન નક્કી કરી લેવામાં આવે છે. નજીકનું કોઈ સગું આ દિવસે પણ ન આવી શક્યું હોય તો ખતરૂં બેસાડવાનો વિધિદિવસ પાછળ ઠેલવવામાં આવે છે. નહીં તો દહાડાના બીજા દિવસે ખતરું બેસાડવામાં આવે છે.

આમ આ દિવસે કરવામાં આવતો ગોઠનો વિધિ વિવિધ હેતુઓવ.ળો જોવા મળે છે. (૧) મરનાર વ્યક્તિને મૃત્યુવિધિનું છેલ્લું ભોજન જમાડી તૃપ્ત કરવાનો તથા એ વિધિમાં ભાગ લેવા આવેલાં સગાંઓને જમાડવાના સામાજિક રિવાજની ફરજ અદા કરવાના ભાવની અભિવ્યક્તિ થતી જોવા મળે છે. (૨) મરનારના નજીકનાં સગાંઓને શોકમુક્ત કરવાનો અને અને જીવનનો વ્યવહાર રાબેતા મુજબ ચાલુ કરવાના ભાવની અભિવ્યકિત પણ આ દ્વારા થાય છે. (૩) ચૌધરીઓની માન્યતા અનુસાર દહાડો-પાણીની ક્રિયા થઈ જતાં મરણક્રિયા સમાપ્ત થતી નથી. તેમનામાં રહેલી ભયની માન્યતાને પરિણામે પિતૃપૂજાના પ્રતીક તરીકે "ખતરું" બેસાડવાનો વિધિ કરવામાં આવે છે. આ દિવસ ક્યારે રાખવો, તેની ઉજવણીનું સ્વરૂપ, ખર્ચ વગેરે આ ગોઠમાં વિચારવામાં આવે છે. આમ અહીં તેમનું ગ્રામસંગઠન તથા કુટુંબ સરખા નાના એકમ ઉપર તેનું પ્રભુત્વ કેવું છે તેનો ખ્યાલ આવે છે. ઉપરાંત આયોજનનું સ્વરૂપ તથા સગાઈસંબંધોની ઘનિષ્ઠતા વગેરે તત્ત્વોની પુનઃ ઝાંખી થાય છે.

## સ્ત્રીઓની ઠામઠુલ્લી :

બીજી બાજુ વિસામેથી સ્ત્રીઓ ઘેર જઈ નદીએ જઈ સ્નાન કરી આવે છે. ઘરમાં ખાંડણિયા પાસે નાની માટલી–"હાંડી" મૂકવામાં આવે છે. તેની ચારે બાજુ ચાર દડિયામાં નૈવેદ્ય મૂકવામાં આવે છે. કાંદા, મરચું અને બાફણું લઈ પુરુષોની જેમ ઘરમાં સ્ત્રીઓ પૂજા કરે છે. ત્યારબાદ બે પડિયા મરનારના ઘરના પાછળના છાપરે મૂકવામાં આવે છે. તેને "વાહપૂર્યો" કહેવામાં આવે છે. ચૌધરીઓ માને છે કે મરનાર ઉપરાંત અન્ય પૂર્વજો પણ આ પ્રસંગે કાગડાનું રૂપ લઈ ને ખાવા માટે આવે છે. કાગડાઓ જેટલા જલદીથી ખાવા માટે આવે તેટલી સારી શ્રાદ્ધ-ક્રિયા સફળ થઈ માનવામાં આવે છે. બીજા દડિયાઓ લઈ સ્ત્રીઓ "ખાતર ખાડે"–ઉકરડે જાય છે. નૈવેદ્યનો દડિયો મૂકી ઢોળી દેવામાં આવે છે. આ ક્રિયાને "ઠામ ઠેલવું" કે "ઠામઠુલ્લી" કહે છે. મરનારને સંબોધી સ્ત્રીઓ કહે છે કે 'આજથી તારું નામ "ખાતર ખાડે" બોલાવી દીધું; અમે ઝેર ભેળવ્યું નથી. બધા વહેંચીને ખાજો. આમા કોઈ આડું આવશો નહીં. અમે પણ વહેંચીને ખાધું-પીધું.'.."આજથી તારું નામ ડૂબી ગયું. પાન-પાતરું ઊડી ગયું" અને રડી પડે છે. સ્ત્રીઓ દ્વારા ઘરમાં તથા ઉકરડે કરવામાં આવતી ઠામઠુલ્લીની આ વિધિ સ્મશાનમાં પુરુષ કરે છે, તેના જેવી જ જોવા મળે છે. મરનાર વ્યકિતના ગૃહસ્થ તરીકેના ઘર તથા ખેતીના વ્યવસાય પ્રતીક તરીકે ઉકરડા આગળ ઠામઠુલ્લીની વિધિ કરવાનો રિવાજ જોવા મળે છે. ઉપરાંત સ્મશાનમાં "પાઘડી" બાંધવાના રિવાજની જેમ સ્ત્રીઓ ઘરમાં "હાંડીફીટી"નો વિધિ આ પછી

કરે છે. જેમાં ઘરમાં કરવામાં આવતી ઠામઠુલ્લીની ક્રિયામાં મૂકવામાં આવતી માટલી—" હાંડી " મરનારના નજીકના કોઈક સગાને ઠામઠુલ્લીની વિધિ પછી આપી દેવામાં આવે છે. તેમાં મરનારની યાદ કરી બે દિવસ તે વાસણમાં રાંધીને પછી તે વાસણ બહાર વાડે કાયમ માટે મૂકી દેવામાં આવે છે. આમ મૃત વ્યક્તિની યાદ તે વાસણ નકામું થયું છે, ઉપયોગનું નથી તેવા ભાવની અભિવ્યક્તિના સ્વરૂપે શેષમુકત થવા માટે સ્ત્રીઓમાં થતી આ વિધિ પુરુષોની થતી " પાઘડી " બાંધવી જેવી ગણાવી શકાય. આમ ચૌધરીઓમાં સ્ત્રી વર્ગ અને પુરુષ વર્ગ બન્નેમાં શોક દૂર કરવા માટે અલગ અલગ પ્રકારની વિધિઓ છે. એટલું જ નહીં પણ પુરુષ અને સ્ત્રીઓના અલગ કાર્યવિભાજનનો ભાવ તથા ખેતીના વ્યવસાય-વિષયક સ્વરૂપનું જીવનનાં જુદાં જુદાં પાસાંઓમાં મરણક્રિયા સાથેના સંબંધ સ્વરૂપ કયા પ્રકારનું છે તેની પણ અભિવ્યક્તિ આ વિધિ-ક્રિયાઓ દ્વારા થતી જોવા મળે છે. આમ દહાડાનો વિધિ મૃતાત્માની શાંતિ, સદ્ગતિ તથા જીવંત વ્યક્તિઓ સાથેના લૌકિક સંબંધોની સમાપ્તીનો વિધિ-સંસ્કાર છે.

**ખતરું :**

ચૌધરીઓ બહુ સ્પષ્ટપણે માને છે કે વ્યક્તિના મરી ગયા પછી તથા તેનો દહાડો-પાણી સારી રીતે પતી ગયા પછી પણ રોજિંદા જીવનવ્યવહારમાં થતાં તેમનાં વર્તનો, તહેવારો કે પ્રસંગો દરમ્યાન મૃત પિતૃઓને ભૂલવા ન જોઈએ. એટલું જ નહીં પણ મૃત પિતૃઓની પણ માનવ સહજ ઇચ્છાઓ હોય છે જેની પરિતૃપ્તિ કરવી જોઈએ. જો તેમ કરવામાં ન આવે તો પિતૃઓ અતૃપ્ત રહે છે, પરિણામે કુટુંબીઓ ઉપર ગુસ્સે થાય છે. અને તેમને કનડગત કરે છે. આ પ્રકારના ભયને કારણે પિતૃઓની યાદગીરીને પ્રતીક તરીકે સ્થાપી તેને પૂજા કરવાનું મહત્ત્વ દઢપણે સ્થપાયેલું છે. એટલે દહાડો-પાણી થઈ જતાં ચૌધરીઓમાં મરણક્રિયા સમાપ્ત થતી નથી. તેમનામાં રહેલી ભયની આ માન્યતાને પરિણામે મરનાર વ્યક્તિની યાદનું સ્વરૂપ પ્રત્યક્ષપણે સ્થાપન કરવાનો રિવાજ છે. આ યાદના પ્રતીક તરીકે તેઓ નાના-લંબત્રિકોણ પથ્થરની પૂજા કરી મરનાર વ્યક્તિના પ્રતીક–ખતરાને બેસાડવામાં આવે છે.

ચૌધરીઓ માને છે કે મૃતવ્યક્તિનો દહાડો-પાણી થાય છે ત્યાં સુધી જીવ ઘરમાં ભમ્યા કરતો હોય છે. તે પછી તે ઘરમાંથી નીકળી નજીકની નદી કે જળાશય જાય છે, અને કોઈ પથ્થરમાં સ્થિર થાય છે. એટલે ચૌધરીઓની માન્યતા અનુસાર મરનારનો જીવ ઘરમાંથી ચોથા દિવસે નદીએ પહોંચે છે. પરિણામે ચૌધરીઓમાં ખતરું બેસાડવાનો વિધિ-દિવસ ચોથો દિવસ કે તે પછી અનુકૂળતાએ આઠમો કે વિસમો દિવસ પસંદ કરવામાં આવે છે. આ દિવસે તૂર વગાડવામાં આવે છે. સૌ સગાંઓને બોલાવવામાં આવે છે. ભગત સળગતું છાણું, ઘી, ચોખા લઈને નદીએ જાય છે. પાણીમાં ડૂબકી મારી મરનારનો જીવ નદીમાંના જે પથ્થરમાં હોય તે પથ્થરને શોધી કાઢે છે. પથ્થર જમીનથી જલદી છૂટે નહીં તો માને છે કે જીવ એ જ પથ્થરમાં સ્થિર થયો છે, અને મંત્ર મારી તે પથ્થરને ખતરા માટે લાયક ગણી કાઢી લાવે છે. નદીએથી વાજતે ગાજતે ડોબરાના સંગીત સાથે તેને મરનારના ઘેર કોઢમાં લાવવામાં આવે છે.

**ચવઠો પૂજવો**

નદીએથી લાવેલા ખતરા માટેના પથ્થરને જ્યાં સુધી પૂજા કરી ખતરાને લાયક બનાવવામાં નથી આવતો ત્યાં સુધી તે પથ્થરને ચૌધરીઓ " ચવઠો " તરીકે ઓળખે છે. આ ચવઠાને ભગત

પાણી અને દૂધથી સ્નાન કરાવી પવિત્ર બનાવે છે; અને તેની ઉપર ઘી ચોપડવામાં આવે છે. ત્યારબાદ ભગત એક નાનું મરઘું કાપી તેનું લોહીવાળું ધડ પથ્થર સાથે દબાવવામાં આવે છે. આ રીતે ચવડામાં "જીવ ઘાલવાનો" વિધિ કરવામાં આવે છે, અને મરનાર વ્યક્તિના કાયમી જીવંત પ્રતીક તરીકે ખતરાની સ્થાપના કરવામાં આવે છે. ચટણી, ઘી, ચોખા, દારૂ અને સિંદૂર ભેગાં કરી ખતરા ઉપર માનવ આકૃતિ દોરે છે. મરનાર પુરુષ હોય તો કમરે દોરી બાંધી સફેદ કપડું વીંટાળવામાં આવે છે, અને સ્ત્રી હોય તો લાલ કપડું વીંટાળી બંગડી બાંધવામાં આવે છે. તથા ઘરેણાં ચઢાવવામાં આવે છે. આવેલાં સૌ સગાંસબંધીઓ તેમની સગાઈની કક્ષાના સંદર્ભમાં રોકડ રકમ રૂપે ખતરાને "ભેટણી ધરે" છે. ત્યારબાદ ભગત છાક પાડી ખતરાને સંબોધી કહે છે કે "તું દાડિયા સાથે સારું રાખજે, સારી રીતે રહેજે. અમે તારી બનતી સેવાચાકરી કરીશું. તું અમને કોઈ અડચણ પાડતો નહીં, બધા જોડે સારી રીતે રહેજે." આમ મૃત વ્યક્તિના પ્રતીક તરીકે સ્થાપન કરી તે હવે ખતરામાં કે ઘરમાં પજવે નહીં તેથી તેની ઇચ્છાઓ પૂરી કરી સેવા-ચાકરી કરીશું તેની ખાતરી આપવામાં આવે છે.

## ખતરું ઉઠાડવું :

ખતરાની પૂજા કરી તેના પ્રતીક તરીકે પ્રસ્થાન કર્યા પછી અનુકૂળ હોય તો તે જ દિવસે નહીં તો બીજા દિવસે ખતરા બેસાડવાના સ્થાનકે ખતરું લઈ જવામાં આવે છે. ખતરાને ઘરમાંથી બહાર લઈ જવાની વિધિને "ખતરું ઊઠાડવું" કહેવામાં આવે છે જેમાં મરનાર વ્યક્તિના સમગ્ર જીવનના મહત્ત્વના પ્રસંગો-ખેતર, નદી, તળાવ, ડુંગર, ગામ, યાત્રા, પ્રવાસ, ખાનપાન, મોજશોખ વગેરે મરનારે જે તેની જીવંત સ્થિતિમાં ભોગવ્યું હતું તે સર્વે મહત્ત્વના પ્રસંગોને ભગત આ સમયે યાદ કરી કહી બતાવે છે. આ દ્વારા મરનારે તેના જીવન દરમ્યાન બધું ભોગવ્યું છે અને મોજશોખ પૂરા કર્યા છે. તે બધું યાદ આપી તેની કોઈ ઇચ્છા હવે બાકી રહી ગઈ નથી તેવો તેને સંતોષ આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જેથી મરનારનો જીવ કોઈ પણ બાબત પરત્વે અસંતુષ્ટ ન રહે. આ વિધિ પાછળ પણ તેઓની સ્પષ્ટ માન્યતા તરી આવે છે, કે આવી રીતે સંતોષ ન આપવામાં આવે યા તેના જીવનની આવી કોઈ બાબતો તે વખતે યાદ કરવાનું રહી જાય તો મરનારનો જીવ અસંતુષ્ટ રહે છે અને તેથી કનડગત કરે છે. આમ મરનારનો ભય તેમને સતત છે તેનું આ વિધિ દ્વારા પણ દર્શન થાય છે.

## ખતરું બેસાડવું :

વ્યારા અને વાલોડ વિસ્તારના ચૌધરીઓ આજે પોતાના પિતૃઓનાં ખતરાં વંશ-પરંપરાગત રીતે બોરખડી, કાંજણ અને કેળકૂઈ એમ ત્રણ સ્થળોમાંથી જે નજીક પડે તે સ્થળે મૂકે છે. બોરખડીનું સ્થળ આ સ્થળોમાં સૌથી પુરાણું અને ઘણું મોટું છે. આમ છતાં પણ જેને આ સ્થળો પણ ખૂબ દૂર પડતાં હોય તેવા કેટલીક વખત ગામના સિમાર્યા દેવના સ્થાનકે પણ ખતરાં બેસાડે છે. ઘેરથી ગાડું જોડી ખતરું તથા માટીનું "ઘૂમટું"[1] પૂજાની સામગ્રી લઈ સગાં સ્ત્રી-પુરુષો તથા ભગત સૌ લગ્નની જાનની જેમ ધામધૂમથી ખતરાં મૂકવાના સ્થાનકે જાય છે. પરંપરાગત રીતે

---

૧ "ઘૂમટું" એટલે માટીનું પકવેલું શંકુ આકારનું ખતરાંઓ ઢાંકવાનું છત્ર, જે કુંભાર બનાવે છે. જરૂરિયાત પ્રમાણે મોટું-નાનું કદ ઉપયોગમાં લેવાય છે.

પોતાના વંશના પૂર્વજોના ખતરાં જ્યાં મુકાતાં હોય તે સ્થાન અને ઘૂમટા નીચે ખતરું જમીનમાં સ્હેજ ખાડો ખોદી અર્ધું બહાર રહે તે રીતે રોપી દેવામાં આવે છે. મરનાર ગામનો આગેવાન કે કુંટુંબનો ખૂબ જ મોભાદાર વ્યક્તિ હોય તો નવું અને મોટું ઘૂમટું લાવવામાં આવે છે. વ્યક્તિ સામાન્ય દરજ્જાની હોય તો મધ્યમ કદનું ઘૂમટું પસંદ કરવામાં આવે છે. જો નાનું બાળક હોય તો જૂના પૂર્વજોના ઘૂમટા નીચે જ ખતરાને મૂકી દેવામાં આવે છે. સ્ત્રીનું ખતરું કુટુંબની સ્ત્રી-સભ્યોની ખતરીના ઘૂમટા નીચે મૂકવામાં આવે છે. પુરુષ ઘૂમટા પર સફેદ અને સ્ત્રી ઘૂમટા પર લાલ નાની ધજા રોપવામાં આવે છે. પુરુષ ઘૂમટા આગળ પુરુષની માટીની નાની આકૃતિ તથા બળદ ઘોડો વગેરે તથા સ્ત્રી ઘૂમટા આગળ સ્ત્રીની આકૃતિ તથા ગાય વગેરેની આકૃતિઓ મૂકવામાં આવે છે. આ આકૃતિઓ સ્ત્રી અને પુરુષના જુદાં જુદાં કાર્યક્ષેત્રના પ્રતીક સ્વરૂપે રજૂ થતી જણાય છે. ભગત ખતરા આગળ દીવો કરી પૂજા કરે છે. સ્થિતિ પ્રમાણે મરઘું કે બકરું ભોગ આપવામાં આવે છે. અને દારૂ કે તાડી અર્પવામાં આવે છે. ત્યાં સ્થપાયેલા બીજા ખતરાને ઉદ્દેશીને ભગત કહે છે કે, "આ તમારે ત્યાં આવ્યો છે તેને સાચવજો." આ રીતે મરનારની મૃત્યુક્રિયા અહીં પૂરી થઈ ગણાય છે.

ચૌધરીઓમાં સ્ત્રીઓ સામાન્યત: ખતરાં મૂકવાના સ્થાનકે જઈ શકતી નથી. પણ જ્યારે નવું ખતરું મુકવાનું હોય ત્યારે તે દિવસ પૂરતી તેમને ત્યાં જવાની છૂટ હોય છે. આ સ્થળે સ્ત્રીઓ મરનારના જીવનના પ્રસંગો યાદ કરી ગીતો ગાતી ગાતી રડે છે.

### પિતૃપૂજા :

વ્યક્તિ મરી જાય છે એટલે તેની ઇચ્છાઓ પણ પૂરી થઇ જાય છે તેમ ચૌધરીઓ માનતા નથી. વ્યક્તિની મૃત્યુવિધિની સર્વ ક્રિયાઓમાં રખાતી કાળજી દ્વારા તેની ઈચ્છાઓ પૂરી થાય તેવી પ્રાર્થના વારંવાર કરાતી જોવા મળે છે. છતાં પણ મૃત વ્યક્તિને એટલેથી સંતોષ મળશે જ તેમ તેઓ સંતોષ માનતા નથી. ઘરમાં કોઈ વ્યક્તિ કે પશુ માંદુ પડે, અકસ્માત થાય, માલમિલકતને નુકસાન થાય, કુટુંબીજનોમાંથી કોઈને પણ મરનાર વ્યક્તિ રાત્રે વારંવાર સ્વપ્નમાં દેખાદે, કયારેક ખેતરે, નદીએ કે રસ્તે મરનાર વ્યક્તિ જીવંત સ્વરૂપે દેખાય તેવો આભાસ થાય ત્યારે મરનારનો જીવ અવગતે ગયો છે, અથવા તેને સંતોષ થયો નથી તેમ માનવામાં આવે છે. પરિણામે અવગતે ગયેલાં કે અસંતોષી જીવ કનડગત કરે છે; તેવી દૃઢ માન્યતા ચૌધરીઓ ધરાવે છે. આમ અહીં મૃત વ્યક્તિનો ભય તેની પૂજા તરફ વાળે છે તેમ જોવા મળે છે.

ચૌધરીઓ મૃત વ્યક્તિના પ્રતીક તરીકે ખતરાં મૂકે છે. આ મૃત વ્યક્તિઓ અસંતોષી ન રહે તે માટે તથા તેઓ તેમને મદદકર્તા બને તે હેતુથી હરાદ (શ્રાદ્ધ), દિવાળી, અખાત્રીજ, બિમાહ (દિવાસો) જેવા દિવસોએ ખાસ પૂજા કરવામાં આવે છે. ચૌધરીઓ માને છે કે ખતરાંઓ બધું જ જુએ છે. એટલે વિવિધ તહેવારો કે પ્રસંગોએ તેમને ભોગ અને પૂજા વગેરે દ્વારા ખુશ રાખવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

ખતરાંઓની પૂજાવિધિ કરવા માટે જ્યારે જાય છે ત્યારે ઘી, અગ્નિ, દારૂ, ચા, મરઘું, ચોખા, સિંદૂર, અગરબત્તી, લાલ તથા સફેદ ધજા લઈ જવામાં આવે છે. જો મરઘું ન હોય તો નાળિયેર લઈ જવામાં આવે છે. ખતરાંના સ્થાનકે જઈ પોતાના પિતૃના વંશપરંપરાગત સ્થાનની

આજુબાજુનો કચરો સાફ કરવામાં આવે છે. જગ્યાને પવિત્ર બનાવવાના હેતુથી છાણથી લીંપણ કરવામાં આવે છે. દીવો, ધૂપ કરી ખતરા દીઠ ચોખાની બબ્બે "પૂંજ"[1] ખતરા આગળ મૂકવામાં આવે છે, અને દારૂ કે ચાની છાક પાડી મરઘું કાપી દરેક ખતરીઓ ઉપર લોહી છાંટવામાં આવે છે. મરઘાને શેકીને તેનું કલેજું પિતૃઓ-ખતરીઓના ભોજન માટે મૂકવામાં આવે છે. નાળિયેર હોય તો તે ફોડી તેનું પાણી ખતરીઓ ઉપર છાંટવામાં આવે છે; અને કોપરું ખતરીઓ આગળ મૂકવામાં આવે છે. આ વખતે વ્યક્તિ ખતરાંને સંબોધીને કહે છે કે "આજે આ તહેવારે હું તમને ખવડાવવા માટે આવ્યો છું, તમે બધા સારી રીતે સંપીને ખાજો, મારાથી બનતી સેવાચાકરી કરું છું; અને અમારા કાર્યમાં મદદ કરશો." સાથે લાવેલું નૈવેદ્ય પણ ખતરાં આગળ મૂકવામાં આવે છે. જો ત્યાં ખાવાનું ઘેરથી બનાવીને ન લઈ ગયા હોય તો ઘેર આવી પિતૃઓના ભાગનું કાઢી છાપરા ઉપર "વાહ" મૂકવામાં આવે છે. પછી જ ઘરના સૌ જમે. દર તહેવારના દિવસોએ ખતરાંઓને જમાડવાની ક્રિયા કરવામાં આવે છે. પરંતુ વાહ મૂકવાની ક્રિયા બિહમાહ અને શ્રાદ્ધના દિવસો સિવાય કરવામાં આવતી નથી. આ તહેવારો ચૌધરી જીવનવ્યવસ્થામાં પહેલા આવતા હોઈ તથા મહત્ત્વના ગણાતા હોઈ તે વખતે જ વાહ મૂકવાની ક્રિયા કરવામાં આવે છે.

ચૌધરીઓ માને છે કે પિતૃઓની વર્ષમાં એક વખત સામૂહિક રીતે પૂજા કરવી જોઈએ. આ સમયને તેઓ "હરાદ" તરીકે ઓળખાવે છે. તેઓ માને છે કે પિતૃઓને ગયે વર્ષે આપેલું કે ધરાવેલું અનાજ ખૂટી ગયું હશે, વસ્ત્રો જૂના થઈ ગયાં હશે. એટલે ખતરાંઓની ધજામાં તેમને નવાં વસ્ત્રો પહેરાવવામાં આવે છે, અને દરેક જાતનાં અનાજ, શાકભાજી તથા અનુકૂળતા અનુસાર મરઘું તથા બકરાનો ભોગ ચઢાવવામાં આવે છે. શ્રાદ્ધના દિવસોએ થતી આ ક્રિયા દરેક કુટુંબીઓ સામૂહિક ધોરણે કરતા જોવા મળે છે. આ સર્વ પૂજા ભગત કરાવે છે. જ્યારે બીજા તહેવારો કે પ્રસંગોએ કુટુંબની મુખ્ય વ્યક્તિ અને અનુકૂળતા અનુસાર કુટુંબના સભ્યો ખતરાંએ જઈ જાતે પૂજા કરી આવે છે.

શ્રાદ્ધના દિવસો દરમ્યાન કરવામાં આવતી પૂજા માટે અમુક જ દિવસ નક્કી હોય તેવું હોતું નથી. દરેક કુટુંબ કે સગાં પોતાની અનુકૂળતા અનુસાર ભગતને લઈને જાય છે. જ્યારે આ દિવસોમાં ખતરાં-પૂર્વજોની પૂજાનો દિવસ નક્કી કરવામાં આવે છે ત્યારે નજીકના સગાઓ-ભાઈ, કાકા, ફોઈ, મામા, માશી, કે પિતરાઈ ભાઈઓ વગેરેને ખાસ ખબર આપવામાં આવે છે. આ ઉપરાંત કેટલીક વખત સગાં ન થતાં હોય તેવા મિત્રો તથા પડોશીઓને પણ આમંત્રણ આપી પૂજાના ઉત્સાહમાં ભાગ લેવા માટે લઈ જવામાં આવે છે. કુટુંબની કોઈ વ્યક્તિ શ્રાદ્ધના દિવસો દરમ્યાન બહારગામ હોય કે માંદી હોય અને પોતાના પિતૃનાં ખતરાંની પૂજા ન કરી શકે તેવા સંજોગો હોય તો તેના નજીકનાં સગાં તેને બદલે તેના પિતૃઓની પૂજા કરવા આવે છે. જ્યારે હવે શિક્ષણ અને સંપર્કને પરિણામે ચૌધરીઓમાં પૂર્વજપૂજા તરફ અત્યંત મોટાં અને ધીમાં એવાં વલણની શરૂઆત થવા માંડી છે. અને તેથી નિયમિતપણે પ્રણાલીકાગત રીતે પોતાના પિતૃઓની પૂજા કરતા નથી યા કેટલાકે તો બંધ પણ કર્યું છે. આવા સંજોગોમાં તેમના નજીકના સગાંઓ જેઓ પિતૃપૂજાનું વલણ ધરાવે છે, અને વંશપરંપરાગત રીતે ખતરાં પૂજે છે, તેઓ તેમનાં

---

૧ "પૂંજ" એટલે ચોખાની ઢગલી

સંબંધીઓના ખતરા પૂજતા નથી તે ખતરાં પણ પોતે પોતાને ખર્ચે પૂજે છે; અને ઘૂમટું મૂકી પણ આવે છે. આ બાબતમાં ચૌધરીઓ માને છે કે જો નજીકનાં સગાંઓની ખતરાંઓ પૂજ્યા વિનાના રહે તો તે પિતૃઓ નાખુશ થાય અને ક્યારેક કનડગત કરે. એટલે પોતાની સલામતી ખાતર પણ જે સગાં તેમના પિતૃઓની આવી ખતરીઓ પૂજતા નથી તે ખતરીઓને પણ પોતાના કુટુંબના પૂર્વજોની જોડે પૂજા કરવામાં આવે છે. આ રીતે અન્ય સગાંની ખતરીઓની પૂજા કરવાનું વલણ પણ વિકસેલું જોવા મળે છે.

ઉપરાંત મૃતવ્યક્તિ બીજા કોઈ વ્યક્તિ જે તેની સગી નથી પણ અત્યંત નિકટનો સ્નેહીજન હોય તેવી વ્યક્તિના મરી જતાં તે વ્યક્તિના નામનો જુદો પથ્થર ખતરી તરીકે પોતાના પિતૃઓના ઘૂમટા નીચે મૂકવામાં આવે છે અને નિયમિત પોતાના પિતૃઓ સાથે તેની પૂજા પણ કરવામાં આવે છે. વેડછીના વસાભાઈના અત્યંત નિકટના મિત્ર મરી જતાં તેમણે તેમના મિત્રની ખતરી પોતાના પિતૃઓના ઘૂમટા નીચે મૂકી છે. આમ મરનાર વ્યક્તિ કુટુંબીઓ, સગાંઓ ઉપરાંત મિત્રો—જેની સાથે નિકટનો સબંધ હોય તે સૌ સાથે મરી ગયા પછી પણ સંબંધ રાખે છે અને તેની ઇચ્છાઓ પૂરી ન થાય તો સગાં તેમ જ સ્નેહીઓને સંબંધના નાતે પજવે છે, તેવી માન્યતા ચૌધરીઓ ધરાવે છે આમ ખતરી–પૂજા ચૌધરીઓમાં મૃત વ્યક્તિનો કેટલો બધો ડર છે તેને પ્રતિબિંબિત કરે છે. અને તે દ્વારા તેમના મહત્ત્વના પ્રણાલિગત ધાર્મિક સ્વરૂપને અભિવ્યકત કરે છે.

## શોકનું સ્વરૂપ અને નિષેધો :

મૃત્યુ પછી કરવામાં આવતી ગોઠ, ઠામઢુલ્લી, દહાડો-પાણી, હાલ્લીફીટી વગેરે લૌકિક વિધિઓની દૃષ્ટિએ જોઈએ તો મરનારનો શોક ચારથી પાંચ દિવસ સુધીનો ગણાવી શકાય. વિધિઓ અને ક્રિયાઓ પૂરી થઈ જતાં મૃત વ્યક્તિ સાથેનો દૈહિક સંબંધ બંધ થાય છે પરંતુ માનસિક સંબંધ બંધ થતો નથી, તેમ ચૌધરીઓ માને છે. એટલે જ ખતરાં તરીકે પિતૃનું સ્થાપન કરવામાં આવે છે, તથા તહેવારો અને "હરાદ"ના દિવસોમાં પિતૃઓની ઇચ્છાઓની પરિતૃપ્તિ કરવી આવકયક ગણાયું છે. આ પિતૃઓ સાથેના માનસિક સંબંધને કારણે શોક પણ લાંબો સમય સુધી પળાય છે. ખાસ કરીને કુટુંબની વડીલ કે યુવાન વ્યક્તિનું મરણ થાય તો શોકનું વાતાવરણ સારું એવું ઘેરું રહે છે, તથા નજીકના લોહીનાં સગાંઓમાં શોક ઘણો લાંબો સમય એકાદ વર્ષ સુધી પળાય છે.

ઘરમાં મૃત્યુ થતા મરનારનાં સગાં ઘરેણાં ઉતારી નાંખે છે. પુરુષો ત્રીજા દિવસે સુંવાળાં ઉતરાવે છે. દહાડો-પાણી ન થાય ત્યાં સુધી ઘરમાં ચૂલો સળગાવવામાં આવતો નથી. જે દિવસે મૃત્યુ થયું હોય તે દિવસે જ્યાં સુધી મરનારને બાળવાનો ધુમાડો દેખાય નહીં ત્યાં સુધી નાનાં બાળકોને કશું જ ખાવાનું આપવામાં આવતું નથી. કોઈ સંજોગોમાં આપવું પડે તો બાળકના પગ નીચે દાતરડું મૂકીને ખાવાનું આપવામાં આવે છે. ઘરમાં નાછૂટકે ખાવાનું બનાવવું પડે તેવી પરિસ્થિતિ ઊભી થાય તો રાબ તથા રોટલા જેવી વાનગી બનાવવાનો નિષેધ છે. તેઓ માને છે કે વ્યક્તિનો જીવ ઘરમાં જ ભટકતો હોય છે. એટલે ઘરમાં રસોઈ થાય તો તે ખાવા માટે આવે છે. રાબ જેવી વસ્તુઓથી તેની આંખો બફાઈ જાય છે. અને નવા જન્મે જ્યારે તે જન્મે છે

ત્યારે તે આંધળો જન્મે છે. જો રોટલા બનાવવામાં આવે તો રોટલાની બન્ને બાજુ લાલકાળા ડાઘ શેકાવાના કારણે પડે છે. મૃતવ્યકિતનું શરીર આને કારણે દાઝે છે અને બીજા જન્મે તે જન્મે છે ત્યારે તેવા ડાઘવાળું શરીર લઇને જન્મે તેવી માન્યતા ધરાવે છે.

ઘરમાં મોટી વ્યક્તિનું મરણ થયું હોય તો પુરુષો ઘણા લાંબા સમય સુધી માથે પાઘડી બાંધતા નથી; સંજોગવશાત્ બહારગામ જવાનું થાય તો માથે ટુવાલ ઓઢે તથા પહેરવેશમાં સાદાઈ રાખવામાં આવે છે. યુવાન છોકરાછોકરીઓ આંખમાં મેશ આંજવી, માથામાં તથા કાનમાં ફૂલ નાખવાં, માથામાં તેલ નાખવું વગેરે શૃંગાર બંધ કરે છે. તથા યુવાન છોકરાઓ ગળે રૂમાલ બાંધવો, ભભકાવાળો રંગીન પોષાક પહેરવો કે ખિસ્સામાં રૂમાલ લટકાવી છેલબટાઉ થઈ ફરવું, વગેરે ઉપર નિયંત્રણ મૂકી દેવામાં આવે છે. તેમને કુટુંબના વડીલો તેમ કરવાની ના પાડે છે. મૃતવ્યક્તિના પ્રથમ કક્ષાના-લોહીનાં સગાં એક વર્ષ સુધી તહેવાર કે ઉત્સવના દિવસો દરમ્યાન કોઈ પ્રકારની મીઠાઈ બનાવતાં નથી કે ખાતાં નથી, જ્યારે દ્વિતીયકક્ષાનાં સગાં થોડા મહિનાઓ સુધી આ નિષેધો પાળે છે અને તે પછી ધીરે ધીરે છૂટછાટ મૂકતા જાય છે. છતાં મહત્ત્વના તહેવાર અને ઉત્સવોના દિવસો સાદાઈથી ઊજવે છે. મૃત્યુ કોઈ તહેવારના દિવસે થયું હોય તો તે તહેવાર પછી તે કુટુંમ્બ કાયમને માટે ઉજવવાનું બંધ કરી દે છે. મોટી વેડછીમાં છીતુભાઈ વેસ્તાભાઈના કુટુંબમાં તેમના પુત્રનું અવસાન હોળીના દિવસે જ થયેલું. પરિણામે તે કુટુંબે કાયમને માટે તે તહેવાર ઊજવવાનો બંધ કર્યો. વર્ષમાં આવતાં તહેવારના દિવસો પણ સાદાઈથી ઊજવવામાં આવે છે. દિવાળીના દિવસોમાં ફટાકડા ફોડવામાં આવતાં નથી. હોળીના દિવસોએ નાચવાનું કે અન્યને ત્યાં નાચવામાં ભાગ લેવાનું અને જવાનું ટાળવામાં આવે છે. હાટમેળા વગેરેમાં જઈ આનંદ કરવાની ના પાડવામાં આવે છે. ઘરમાં શોક હોય તે દરમ્યાન કુટુંબની બીજી વ્યક્તિઓ બહારગામ જવાનું, કે સગાંઓને ત્યાં જવાઆવવા ઉપર કાપ મૂકવામાં આવે છે, ગામમાં પડોશમાં, પંચમાં કે અન્ય સામૂહિક સામાન્ય કે આનંદના પ્રસંગોએ જવાનું તથા મિત્રોને ત્યાં જઈ ટોળટપ્પાં કરવાનું પણ ટાળવામાં આવે છે. બળદને ગળેથી ઘૂઘરાઓ કાઢી લેવામાં આવે છે. ગાલ્લીને કોઈ શણગાર કરવામાં આવતો નથી. તથા ગાલ્લીને દોડાવીને લઈ જવાનું પણ બંધ કરવામાં આવે છે. આમ વ્યક્તિનો શોક વિવિધ પ્રસંગો અને પાસાંઓમાં જાળવવાનો પ્રયત્ન થાય છે. તેમ ન કરવામાં આવે તો મરનાર વ્યક્તિ પરત્વેના સંબંધની લાગણી યોગ્ય સ્વરૂપે વ્યકત થતી નથી તેમ સમજવામાં આવે છે. જાહેરમાં લોકો ટીકા પણ કરે છે.

આ ઉપરાંત ક્યારેક મરનાર વ્યકિત સાથે વ્યકિતગત ઘેરા અને ઘનિષ્ઠ સંબંધો હોય તો વ્યક્તિગત જીવનમાં પણ કેટલાક કાયમી નિષેધો પળાતા જોવા મળે છે. મરનાર વ્યકિતને અમુક પ્રકારની મીઠાઈ ખૂબ ભાવતી હોય, તે મીઠાઈ ઘરમાં બનાવવાનું ટાળવામાં આવે છે અથવા ઘરની વડીલ વ્યકિત તે ખાવાનું ટાળે છે. કયારેક મરનાર વ્યકિત ખુબ દારૂ પીતો હોય તો તેના જતા રહેવાથી યા મૈત્રી તૂટી જવાથી તેની સ્મૃતિમાં તે વ્યકિત દારૂ પીવાનું પ્રમાણ ઓછું કરે છે યા બંધ પણ કરી દે છે. મૃત્યુ પછીના ઘણા દિવસો અને પછી ખાસ કરીને તહેવારના દિવસે મરનાર ને યાદ કરીને કુટુંબની નિકટની સંબંધી સ્ત્રી-વ્યકિત રડે છે. આમ આ પ્રકારની શોકની અભિવ્યકિત પ્રણાલિગત રીતે એકાદ વર્ષ સુધી ચાલે છે. પછી મરનાર વ્યકિત અને તેના પરત્વેના લાગણીભર્યા

સંબંધોના સંદર્ભમાં શોક વ્યક્ત થાય છે. છતાં કુટુંબમાં દીકરો, પતિ કે વડીલ મરી ગયો હોય તો દીકરા સુખ ન આપતા હોય, લડાઈઝગડા થતા હોય, મુશ્કેલી આવે વગેરે પ્રસંગોએ મરનાર વ્યક્તિની ખોટ છે તેવી લાગણી રડીને સ્ત્રીઓ વ્યક્ત કરતી હોય છે.

**તારણો :**

(૧) ચૌધરીઓમાં મૃત્યુ એ તેમના જીવનનો બહુ મહત્ત્વનો ધાર્મિક માન્યતા અને આચારનો પ્રસંગ ગણાય છે. સમગ્ર સામાજિક પ્રક્રિયા તેને અનુસરતી જોવા મળે છે. મૃત્યુ પછી કરાતી તમામ વિધિઓમાં ધર્મનું મહત્ત્વ ઘણું ઘેરું જોવા મળે છે. મરનાર પાછળ જે વિધિઓ કરવામાં આવે છે. તે પાછળ મરનાર વ્યક્તિની સદ્ગતિ થાય તે જ બાબત તેમની નજર સમક્ષ રહેતી જણાય છે. મૃતાત્માની સદ્ગતિ અને જીવંત વ્યક્તિઓ સાથેના સંબંધની સમાપ્તિનો છેલ્લો વિધિ "દહાડા"ને નામે ત્રીજા દિવસે કરવામાં આવે છે. ત્યાં સુધી આત્મા ભટક્યા કરે છે અને અતૃપ્ત રહે છે. આ વિધિમાં ખામી રહી જાય તો તે ભૂતપ્રેત બની ને ભટક્યા કરે છે, તથા કુટુંબીજનો કે સગાંઓને કનડગત કર્યા કરે છે તેવી માન્યતા દઢપણે સ્થિર થયેલી છે. આથી તેઓ મૃત્યુ પાછળ કરાતી પરંપરાગત વિધિઓને ચુસ્ત રીતે વળગી રહેતા જણાય છે. જો કોઈ વ્યક્તિ આ પ્રકારની ધાર્મિક વિધિ ન કરે તો તેના નિકટનાં બીજાં સગાંઓ પોતાને કનડગત કરે તે ભયથી તેના મરી ગયેલાં પિતૃઓની પૂજા પણ કરતા જણાય છે. આમ ભૂતપ્રેત સંબંધી તેમની માન્યતા મરનારના આત્માની ગતિ-અવગતિના પ્રકાર સાથે સંકળાયેલી છે.

(૨) ચૌધરીઓ પૂર્વજન્મમાં માને છે. દડિયો મૂકવો તથા પગલી પાડવાની વિધિમાં આ બાબત અભિવ્યક્ત થાય છે. આ દ્વારા મૃત્યુ પામનારને કઈ યોનિમાં પુનર્જન્મ પ્રાપ્ત થયો છે તેનું અનુમાન કરવામાં આવે છે. તેમની માન્યતા અનુસાર મરનાર કુટુંબીઓને ત્યાં કે સ્નેહીઓને ત્યાં માનવેતર જીવ તરીકે પણ જન્મ લઈને આવે છે. અને તેથી તે દિવસોમાં જીવજંતુઓને મારવાનો નિષેધ જોવા મળે છે; છતાં મૃત્યુ પામેલી વ્યક્તિ ઓરિસ્સાના 'હો' આદિવાસીઓની જેમ બાળકસ્વરૂપે પોતાના જ કુટુંબમાં જન્મ લે છે, તેવા પ્રકારની કોઈ માન્યતા ચૌધરીઓમાં જોવા મળતી નથી. આમ આત્માની મૃત્યુ પછીની ગતિ તથા તેની સાથેના જીવંત વ્યક્તિઓના સંબંધો કેવા હોય છે તે બાબત પરત્વે તેઓ સ્પષ્ટ સમજવાળા જણાય છે.

વ્યક્તિના મરી જતાં તેના મૃતાત્મા સાથેના રોજિંદા જીવનવ્યવહારના સંબંધો પૂરા થયા ગણવામાં આવે છે, અને તેની ખતરી તરીકેનું નવું સ્વરૂપ પ્રાપ્ત થાય છે. આ ખતરીઓ બધું જુએ છે, જાણે છે તેમ માનવામાં આવે છે. ખતરું એ મૃત્યુ પામેલી વ્યક્તિનું કે કુટુમ્બનાં પૂર્વજનું પ્રતીકાત્મક સ્વરૂપ છે. ચૌધરીઓ એક બાજુ આ ખતરીને મૃતાત્માના પ્રતીક તરીકે માને છે અને ત્યાં આત્માનું નિવાસસ્થાન નથી તેમ જણાવે છે, જે તેમની પગલી પાડવાની વિધિમાંથી જોઈ શકાય છે. તો બીજી બાજુ મરનાર વ્યક્તિને પૂર્વજ તરીકે સ્થાપી તેને વિશિષ્ટ શક્તિઓના પ્રણેતા તરીકે પણ માનવામાં આવે છે. અને તે બધું જુએ છે, જાણે છે, મદદ કરે છે તથા ગુસ્સો પણ કરે છે, વગેરે ખ્યાલો પણ તેઓ ધરાવે છે.

આ ખતરીઓને સંતુષ્ટ અને ખુશ રાખવા માટે પ્રતિવર્ષ શ્રાદ્ધપર્વ તથા ધાર્મિક તેમ જ સામાજિક પ્રસંગોએ યાદ કરી પૂજા અને ભોગ કરવામાં આવે છે જેથી તે ગુસ્સે થઈ કનડગત ન

કરે. આમ આત્માની મૃત્યુ પછીની ગતિ તરીકે તે પુનર્જન્મ પામવાની અને જીવંત સ્થાયીત્વની એમ બેવડી ભૂમિકાઓવાળી માન્યતા તેમનામાં જોવા મળે છે.

(૩) ચૌધરીઓમાં મૃતવ્યક્તિ સાથેના સંબંધનું સ્વરૂપ વિવિધ પ્રકારની વિધિઓ, ઉત્સવો અને ક્રિયાકાંડો દ્વારા વ્યક્તિગત રીતે કે સામૂહિક રીતે અભિવ્યક્ત થાય છે. મૃત વ્યક્તિ સાથેના સંબંધનું સ્વરૂપ બે સ્વરૂપે અભિવ્યક્ત થતું જણાય છે.

(i) અદશ્ય પિતૃઓ તરીકે.

(ii) ભૂત સ્વરૂપે.

આ બન્ને સ્વરૂપો ચૌધરી સમાજને વિવિધ રીતે સ્પર્શે છે. મૃતવ્યક્તિ પિતૃ સ્વરૂપે જીવંત વ્યક્તિઓ સાથે સંબંધ ધરાવે છે ત્યારે જીવંતવ્યક્તિઓ તેની સર્વ જરૂરિયાતો પૂરી પાડવાનો પ્રયત્ન કરે છે. મૃત સ્વરૂપ જીવંત વ્યક્તિઓ પાસે આદરભાવ અને સમ્માનનીય વર્તનની અપેક્ષા રાખે છે. તે અમુક પ્રકારની શક્તિઓ ધરાવે છે. પરિણામે તે વિશિષ્ટ પ્રકારના લાભો અપાવે છે તેમ પણ માનવામાં આવે છે. પિતૃઓ પોતાનાં સંતાનોનું હિત ઇચ્છે છે અને તેમને સુખ તથા લાભ અપાવે છે. અથવા જીવંત વ્યક્તિઓ મૃતવ્યક્તિઓ પરત્વે આદરભાવ અને સ્નેહ દર્શાવે છે. આ પિતૃઓ તેમની સુખાકારી અને શાંતિ માટે પ્રયત્ન કરે છે. ખેતી, વરસાદ, પશુવૃદ્ધિ, ઘરની સુખશાંતિ વગેરેમાં તેઓ મદદરૂપ થાય છે તેમ પણ માનવામાં આવે છે. લગ્ન વખતે પિતૃઓની કરવામાં આવતી પૂજા–લગ્ન પછી પિતૃઓની ખતરીએ પગે લાગવા જવું, ખેતરમાં નવું અનાજ સૌ પ્રથમ તેમને નૈવેદ્ય રૂપે ધરાવવું, વગેરે પ્રસંગોએ તેમના પ્રણાલિકાગત જીવનમાં પિતૃઓ પરત્વે આદર, સ્નેહ દર્શાવી પૂજા કરવામાં આવે છે. આમ પિતૃઓ જીવંત વ્યક્તિઓ પરત્વે લાભકારક બને છે.

જ્યારે ભૂત સ્વરૂપે જીવંત વ્યક્તિઓ પરત્વે વિરોધી કે નુકસાનકારક કે કનડગતકર્તા છે તેમ માનવામાં આવે છે. જે મૃત પિતૃઓની ઇચ્છાઓ અધૂરી રહી જાય છે, તેઓ ભૂત સ્વરૂપે જીવે છે, અને સંબંધના નાતે જીવંત વ્યક્તિઓ પાસે પોતાની ઇચ્છાઓ-વાસનાઓ પૂરી કરવાની અપેક્ષા રાખતા હોય છે. એટલે જ્યારે જીવંત વ્યક્તિઓ તેમની ઇચ્છા સંતોષવામાં ભૂલ કરે ત્યારે ત્યારે તે ગુસ્સે થાય છે. અને તેમને નુકસાન કરે છે, તેવી માન્યતા છે. આથી પિતૃઓને યાદ કરી તેમનું શ્રાદ્ધ-તર્પણ કરી નિયમિત રીતે પ્રતિવર્ષ ઊજવણી કરવામાં આવે છે; જ્યારે ભૂતોને તેઓ હાનિકારક બને છે ત્યારે જ ભોગ ધરાવી ખુશ રાખવામાં આવે છે.

(૪) મૃતવ્યક્તિ પરત્વેનું સ્વરૂપ, ચૌધરી સમાજજીવનના સમગ્ર રચનાતંત્ર અને તેના પ્રકાર્યાત્મક પાસાંઓમાં અભિવ્યક્ત થાય છે. શ્રાદ્ધ ઉત્સવો કે તહેવારો જેવા પ્રસંગો ઉપરાંત ઉમ્મર, વારસાઈ, કુળ સગાઈસંબંધો અને વ્યક્તિના દરજ્જાના સ્વરૂપને પણ સ્પર્શે છે, જેના આધારે મૃત વ્યક્તિ પરત્વે વ્યક્તિગત રીતે કે સામૂહિક રીતે આદરભાવ, ભેટ, ભોગ, પૂજા અને વિધિઓ કે ઉત્સવનું સ્વરૂપ વ્યક્તિ થાય છે. કુટુંબની કોઈ વડીલ કે મોભાદાર વ્યક્તિ મરી જાય તો પિતૃ તરીકે કુટુંબ તથા સમગ્ર કુળનો વડો હોઈ કુટુંબીઓ તથા લોહીનાં સગાંઓ તેના પરત્વે આદરભાવ પ્રગટ કરી પૂજા કરે છે. મરનાર ગામનો કે સમાજનો આગેવાન હોય તો તેનું મહત્ત્વ

અને પૂજાનું સ્વરૂપ, માન, આદર વિશિષ્ટ પ્રકારે વ્યક્ત થાય છે; જ્યારે નાનું છોકરું મરી જાય ત્યારે તેવો અને તેટલો આદરભાવ, માન કે પૂજાનું સ્વરૂપ વ્યક્ત થતું નથી. આમ ચૌધરીઓમાં પિતૃપૂજાનું સ્વરૂપ ત્રણ રીતે અભિવ્યક્ત થતું જણાય છે.

(i) વ્યક્તિના કાર્યો અને દરજ્જો તે જે સમાજમાં જીવતો હોય તેમાં કેવા પ્રકારનાં હતાં તેના સંદર્ભમાં તેના મરણ પછી તેની પૂજાવિધિને અને પ્રસંગને મહત્ત્વ મળે છે.

(ii) વ્યક્તિ મરી જતાં તેના દુન્યવી સંબંધો એક રીતે તૂટી જાય છે યા બંધ થાય છે. પણ પિતૃ તરીકે યાદ કરી, શ્રાદ્ધ દ્વારા ભોગ તથા પૂજા દ્વારા તેની સાથે સગાઈ સંબંધ સંકળાયેલી જીવંત વ્યક્તિઓ અને અન્ય સંબંધિત એવી વ્યક્તિઓ સાથેના સંબંધોને પુનઃ સ્થાપિત કરી ગતિશિલ કરવામાં આવે છે.

(iii) અગાઉ મરી ગયેલી અન્ય વ્યક્તિઓની જેમ તે આકૃતિ કે પ્રતિમા-ખતરી-તરીકેનું સ્વરૂપ પ્રાપ્ત કરી તેમની સાથે તેમના જેવો દરજ્જો પ્રાપ્ત કરે છે.

(૫) મૃત્યુ પછીની સર્વ વિધિઓ અને ક્રિયાઓ—આગ પકડવી, ખાચડી ખવડાવવી, ખતરાને ભેટણી કરવી સુંવાળાં ઊતરાવવા, ગોડનો વિધિ રૂપાદાન કરવું, શોક પાળવો વગેરે તમામ પ્રકારની ઘટનાઓ અને વિધિઓમાં વિવિધ કક્ષાનાં સગાંઓનાં કાર્યોનું સ્વરૂપ પ્રતિબિંબિત થાય છે તથા તે દ્વારા તેમના કુટુંબ, સગાઈસંબંધો, વંશ, કુળ વગેરેની એકતા વધુ ગાઢ અને સુદ્રઢ બનતી જણાય છે; જ્યારે બીજી બાજુ સ્મશાન માટે ઘેરથી લાકડું લઈ જવું, ચિતાની તૈયારી કરવી, ગોડની વિધિમાં આર્થિક ખર્ચની વહેંચણીની વિચારણા, ઝગડાઓનો નિકાલ, સંતાનની સોંપણી, દહાડો કરવો, ચોખુંપાન, પગલી પાડવી, પાઘડી બાંધવી, ખતરું બેસાડવું, ખતરે શ્રાદ્ધના દિવસોમાં સામૂહિક રીતે પૂજા માટે જવું વગેરે કાર્યોમાં સ્ત્રી અને પુરુષ વચ્ચેનાં કાર્યોનું વિભાજન અને સામુદાયિક એકતા પ્રગટિકરણ પામે છે. આ દ્વારા કુટુંબ સગા અને ગ્રામ સમુદાય વચ્ચેના સંબંધોની ભાવનાને વધુ મજબૂત બનાવે છે.

(૬) મૃત્યુ પછીની અગ્નિસંસ્કારથી માંડીને ખતરી મૂકવા સુધીની ક્રિયાઓ ભગત દ્વારા કરાવવામાં આવે છે. મૃતાત્માનો ડર, ભગતના સૂચનોમાં સ્પષ્ટ જણાય છે. દર વર્ષે ખતરાંઓની વાર્ષિક પૂજા પણ તેના દ્વારા જ કરાવવામાં આવે છે. આમ અહીં ભગતનું સ્થાન ધાર્મિક બાબતો સંબંધી ઘણું મોટું છે. તે જીવંત લોક અને પરલોક વચ્ચેના સંબંધોનું માધ્યમ જણાય છે. ધાર્મિક ક્રિયાઓ અને વિશ્વાસનું પાત્ર બની માધ્યમ તરીકેનું મહત્ત્વનું કાર્ય બજાવે છે. આ વિધિઓમાં ભગત ચૌધરી સમાજમાં તેમના ધાર્મિક નેતા તરીકેનું સૌથી વધુ મહત્ત્વનું સ્થાન ધરાવતો જોવા મળે છે.

આમ મૃત્યુ, પિતૃપૂજા અને તેમાં જોવા મળતા આચારનાં સ્વરૂપોમાં કુટુંબ, સગાંસંબંધીઓ, ગ્રામસમુદાય અને ભગત એમ ચાર સંસ્થાકીય સ્વરૂપે સમગ્ર ચૌધરી જીવન-સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓને સાંકળી લઈને અભિવ્યક્ત થાય છે, અને તેમના જીવન ચક્રમાં મૃત્યુની ઘટના, તેમાં જોવા મળતા આચારો, તેમના સમગ્ર ધાર્મિક આચારના સ્વરૂપની અભિવ્યક્તિના મહત્ત્વના અંગ તરીકે પ્રગટીકરણ પામે છે.

## સંદર્ભસૂચિ

1 African System of Thought.
Ed. By. M. Fortes & Dieterlen; Oxford University Press (1965)

2 Anthropological approaches to the Study of Religion.
Ed. By. Michael Banton: A. S. A. Monographs, Tavistock Publications, 1966.

3 Father and Senior Son in Edo
Mortuary Ritual. In M. Fortes & G. Dieterlen (eds.), African Systems of Thought. London: Oxford University Press (1965)

4 Religion, Culture and Society.
Edy. Louis Schneider, (1964)

5 Structure and Fuction in Primitive Society
By. A. R. Radcliffe Brown:, The Free Press (1952)

6 Death and the Reintegration of the group. by. B. Malinowski.
In Louis Schneider (eds.), Religion, Culture and Society, New York: John Wiley & Sons Inc. (1964)

7 Nuer Religion.
By. E. E. Evans. Pritchard, Oxford University, London (1962)

8 Tikopia: Retual and Belife, by Firth, Raymong, London, 1967.

9 The Ritual Process, by Victor W. Turner,
Routledge G. Kegan Paul Pub. London, 1966.

10 Essays on the Ritual of Social Relations
Ed. by. Max Gluckman (1962)

# લઘુપ્રયત્ન 'હ', સંકર અને સંસૃષ્ટિ

## (નરસિંહરાવની ભાષાપર્યેષણામાંના એક મુદ્દા વિષે ચર્ચા)

હર્ષદ મ. ત્રિવેદી ('પ્રાસન્નેય')

આપણી ભાષામાંના મહાપ્રાણિત સ્વરોચ્ચારણ પ્રત્યે અર્વાચીન કાળમાં છેક નર્મદથી માંડીને ભાષાપર્યેષકોનું લક્ષ ગયેલું જોવા મળે છે. ઉક્ત ઉચ્ચારણ પરંપરાગત નહીં પણ નવી સ્ફુરેલી લાક્ષણિકતા હોઈને[1] એને લિખિત રૂપમાં વ્યક્ત કરવા માટે લિપિમાં હજી કોઈ સુવિધા નથી. આથી એના સ્વરૂપને દર્શાવવા લગભગ દરેક તદ્વિદે પોતપોતાના દૃષ્ટિબિંદુ પ્રમાણે એને લિપિમાં ભિન્ન ભિન્ન રીતે વ્યક્ત કરવાનો યત્ન કર્યો છે. આવા યત્ન દ્વારા જે તે તદ્વિદનો એના પ્રત્યેનો અભિગમ આપોઆપ સૂચિત થઈ જાય છે.

નર્મદે પ્રારંભમાં મહાપ્રાણિત 'અ'ને દર્શાવવા 'અ્હ' સંજ્ઞા યોજેલી. આ સંજ્ઞા સ્વરના અપૂર્ણ ઉચ્ચારણનો સંભવ દેખાડતી હોઈને વિચિત્ર લાગે છે. નર્મદને સ્વરની પ્રકૃતિનો ખ્યાલ નહોતો અને સંજ્ઞાયોજનામાં તે નરસિંહરાવના કહેવા પ્રમાણે સ્વચ્છન્દ યા બેદરકાર હતો માટે તેણે આમ કર્યું એમ કદાચ નહીં માની શકાય. ભાષાતત્ત્વની શાસ્ત્રીય પર્યેષણાનું તે સમયનું ગજું આજના જેવું નહોતું. તેથી તત્ત્વનો યથાતથ પરિચય કરાવવાની અશક્તિ જ નર્મદમાં પ્રવર્તેલી એમ કહેવું જોઈએ. પાછળથી પોતાના પ્રયોગમાંની ઉપપત્તિરહિતતા સમજાતાં 'અ્હ'ને બદલે 'અ્' સંજ્ઞા યોજવાનું શાણપણ વાપરીને તત્ત્વપર્યેષણામાં ચોકસાઈ સાધવાની પોતાની તત્પરતા તેણે દાખવી હતી.

નર્મદે વર્ણસંજ્ઞા નીચે નુક્તો મૂકીને મહાપ્રાણિત ઉચ્ચારણ બતાવવાની પ્રથા અપનાવી તો નવલરામે લોપચિહ્ન (જેમકે 'અ') દ્વારા એ ઉચ્ચારણ બતાવવાની હિમાયત કરી. સ્વરમાં મહાપ્રાણત્વનો પ્રવેશ થતો હોઈને, અન્યથા કહેતાં, સંબંધિત ઉચ્ચારણતત્ત્વનો ખરેખર તો લોપ ન થતો હોઈને તેને દર્શાવવા માટે લોપચિહ્ન મૂકવું અનુચિત લાગવું જોઈએ. સંસ્કૃતના વિસર્ગચિહ્નનો ગુજરાતીમાં આ ઉચ્ચારણ દર્શાવવા માટે ઉપયોગ કરી શકાય તેમ પ્રો. કે. કા. શાસ્ત્રીએ નિર્દેશ્યું છે. પરંતુ ગુજરાતીમાં કેટલાંક સ્થાનોએ વિસર્ગનો સંસ્કૃતની જેમ ઉપયોગ થતો હોઈને એ ચિહ્ન દ્વારા દર્શાવાતું ઉચ્ચારલક્ષણ અને મહાપ્રાણિત ઉચ્ચારણ – એ બેની વચ્ચે સંભ્રમ સર્જાવાની દહેશત ઊભી થાય છે, તેથી એ ચિહ્નનો ઉપયોગ પણ બરાબર ઠરતો નથી. સર જ્યોર્જ ગ્રિયર્સને મહાપ્રાણિત સ્વરોચ્ચારણને 'લઘુપ્રયત્ન હ' કહીને તેને અંગ્રેજી જોડણીમાં નીચે નુકતાવાળા 'h'

---

1 પાણિનીય 'શિક્ષા'એ નિર્દેશેલા 'ઔરસ્ય' અને 'કંઠ્ય' 'હ'કારનું 'લઘુપ્રયત્ન' અને 'ગુરુપ્રયત્ન' 'હ'કાર સાથેનું મળતાપણું તથા 'હ'કારના દ્વિવિધ સ્વરૂપની પ્રાચીનતા નરસિંહરાવે નિર્દેશ્યાં છે. પરંતુ તેમણે આ પણ અસંદિગ્ધ રીતે કહ્યું છે: "—though there appears some slight distinction." (Gujarati Language and Literature, 1921, p. 66)

વડે દર્શાવવાની પદ્ધતિ અપનાવી હતી. ("'નાસિક્યધ્વનિ' શિરોબિંદુથી તો 'પ્રાણધ્વનિ' અધોબિંદુથી પ્રદર્શિત થવો ઘટે" એવું કે. હ. ધ્રુવનું મંતવ્ય હતું.)

નરસિંહરાવ દીવેટિયાએ પણ તેને 'લઘુપ્રયત્ન હ' તરીકે ઓળખાવ્યું છે. અને તેને દર્શાવવા માટેની તેમની પદ્ધતિ બધા કરતાં જુદી હતી. તેઓ 'હમે', 'હમારું', 'મ્હારું,' 'વ્હેલું', 'બ્હેરો' જેવી જોડણી કરીને 'હ' સંજ્ઞા વડે એ ઉચ્ચારણ દર્શાવતા હતા. જૂની માન્યતા 'હ'ને વ્યંજન ગણવાની હતી. નરસિંહરાવે 'વહન', 'દહન', 'હર્ષ' જેવા શબ્દોમાંના 'હ'ને ગુરુપ્રયત્ન 'હ' કહ્યો છે.[૨] ગુરુપ્રયત્ન તથા લઘુપ્રયત્ન ઉચ્ચારણો માટેની સંજ્ઞાઓમાં નરસિંહરાવે કશો ભેદ રાખેલો નહીં હોવાથી તેમની જોડણીમાં કયા શબ્દમાં કયા પ્રકારનું ઉચ્ચારણ અભિપ્રેત છે તે પારખવાનું વાચકની જાણ અને સમજ પર નિર્ભર બની રહેતું.

નરસિંહરાવે શબ્દાંતર્ગત મહાપ્રાણની સ્થાનાંતરપ્રક્રિયાને તથા પ્રક્ષેપની પ્રક્રિયાને 'સંકર' અને 'સંસૃષ્ટિ'માં પરિણમતી બતાવી છે. આ બંને વિષે સમજૂતી આપતાં તેમણે કહ્યું છે :

"સંકર કે વર્ણસંકરની પ્રક્રિયામાં બે ધ્વનિઓ સંયોજાઈને એકરૂપ બનતાં એક નવો જ સંકુલ ધ્વનિ નીપજે છે. આ પ્રમાણે નીપજતો સંકુલ ધ્વનિ પણ સંકર કહેવાય છે. xxxx સંસૃષ્ટિ કે વર્ણસંકર એટલે જે ક્રિયાથી બે મૂળ ધ્વનિઓ સાથે આવે પરંતુ, એકરૂપ થઈને સંકર ન બનતાં, સંયોગદશામાં જ અટકે તે પ્રક્રિયા".[૩]

"સંસૃષ્ટિ એટલે હ્‌ની અન્ય અલ્પપ્રાણ વ્યંજન સાથેની સંયોગાવસ્થા, જેમાં સંયોગના અંગભૂત બન્ને વર્ણો મળી જઈને એક વર્ગીય મહાપ્રાણ સ્પર્શવર્ણરૂપ નથી બની જતા.xxઅન્યોન્યમાં મળી જઈને એક વર્ગીય મહાપ્રાણ સ્પર્શવર્ણ ન બનવાનું કારણ એ કે 'હ્'નાં અને એની સાથે જોડાતા વ્યંજનનાં સ્થાન અને પ્રયત્ન પરસ્પર પ્રતિકૂળસ્વરૂપ ["uncongenial mutually"] હોઈને સંવિલયરૂપ પરિણામને બાધક બને છે. જ્યારે નિકટ વાગ્વ્યાપારગત સામ્ય ["close phonetic affinity"] હોય છે ત્યારે, જેમ કે ગ્ અને હ્‌ની બાબતમાં, સંસૃષ્ટિની અવસ્થાનું અતિક્રમણ થાય છે, અને સંકર બને છે. સંકર એટલે હ્‌નો એની સાથે જોડાતા 'વર્ણ' ["letter"] સાથેનો સંપૂર્ણ સંવિલય. એમાં બે પ્રકારનો સમાવેશ થાય છે:

(૧) વ્યંજન જોડે સંકર

અને (૨) સ્વર જોડે સંકર".[૪]

નરસિંહરાવે 'ન્હાનું,' 'વ્હાણું,' 'સ્હેલું,' 'પ્હાની,' 'બ્હેન,' 'ત્હારું' વગેરે શબ્દોને સંસૃષ્ટિના દાખલા તરીકે અને 'હ્રનું,' 'ઘીમ,' 'ઘરણ,' 'ઘેરું' વગેરે શબ્દોને સંકરના દાખલા તરીકે ટાંકયા છે. સંસૃષ્ટિના ઉદાહરણ તરીકે ટાંકેલા ઉપરના શબ્દોમાંના પહેલા ત્રણ શબ્દોમાં 'હ'નો નિકટવર્તી વ્યંજન સાથે સંવિલય ગુજરાતી ભાષાની ઉચ્ચાર-

૨ Gujarati Language and Literature, 1921, p. 115

૩ એજન પૃ. ૧૨૧

૪ એજન, પૃ. ૨૯૨-૨૯૩

વ્યવસ્થામાં અનુજ્ઞાત ( Allowed ) નથી બનતો તેથી તેનો નિકટવર્તી વ્યંજન સાથે કેવળ સંયોગ જ થઈને રહી જાય છે એમ નરસિંહરાવનું કહેવું છે. પછી ટાંકેલા શબ્દોમાં 'હ'નો નિકટવર્તી વ્યંજન સાથેનો સંવિલય આપણી ભાષામાં અનજ્ઞાત હોવા છતાં ઉક્ત શબ્દવિશેષોમાં એવો સંવિલય અદ્યાપિ સિદ્ધ નહીં થયો હોઈને તેમાં પણ 'હ' નિકટવર્તી વ્યંજનો સાથે સંયોગાવસ્થામાં આવીને અટકી ગયો હોવાનું નરસિંહરાવનું મંતવ્ય છે. જોકે 'બ્હેન'ને બદલે ગુજરાતીના બોલીવિશેષમાં 'ભેણ' અને 'ત્હારું'ને બદલે મારવાડીમાં 'થારું' બોલાય છે તેમાં એનો સંવિલય સિદ્ધ થયેલો સાંભળવા મળે છે. સંકરના દાખલા તરીકે ટાંકેલા શબ્દોમાંના પહેલા શબ્દમાં 'હ' 'ઊ' સ્વર સાથે તથા બાકીના શબ્દોમાં 'હ' અલ્પપ્રાણ 'ગ' વ્યંજન સાથે સંકીર્ણ બન્યો છે અને પરિણામે મૂળ બંને ધ્વનિઓથી જુદો નવો સંકુલ મહાપ્રાણ સ્પર્શ-વ્યંજન નિર્માયો છે એમ નરસિંહરાવનું કહેવું છે.

નરસિંહરાવની આ આખી રજૂઆત ભ્રમભરેલી છે. સંસૃષ્ટિના દાખલાઓમાં તેમણે બતાવ્યું છે તે પ્રમાણે 'હ' નિકટવર્તી વ્યંજન સાથે જોડાઈને સંયુક્ત વ્યંજનના અંગ તરીકે સ્પષ્ટપણે ઉચ્ચારાતો નથી. સ્પષ્ટપણે નથી ઉચ્ચારાતો પણ 'લઘુપ્રયત્ન' રૂપે ઉચ્ચારાય છે એમ કહીએ તોપણ એ નિકટવર્તી વ્યંજન સાથે સંયોજાઈને ઉચ્ચારાય છે એવી વિવક્ષા ચાલુ રહે છે અને એ વિવક્ષા પણ ભ્રાંતિમૂલક છે.

સંકરની પ્રક્રિયાના દાખલારૂપ 'ઘીમ', 'ઘરણ', 'ઘેરું' જેવા શબ્દોમાં મૂળ શબ્દોમાંના 'ગ' સાથે 'હ્' ભળી જતાં 'ઘ' ધ્વનિ સિદ્ધ થયો છે—મૂળ શબ્દોમાંનો અલ્પપ્રાણ સ્પર્શવ્યંજન મહાપ્રાણિત રૂપે ઉચ્ચારાતાં સંબંધિત મહાપ્રાણ સ્પર્શવ્યંજન નિષ્પન્ન થયો છે. 'હૂનું' શબ્દમાં 'હ્'નો પૂર્ણપ્રયત્ન ઉચ્ચાર થતો નથી, લઘુપ્રયત્ન ઉચ્ચાર થાય છે. અન્યથા કહેતાં તે શબ્દમાં આદ્ય સ્વર 'ઊ' મહાપ્રાણિત રૂપે ઉચ્ચારાય છે. આ જ રીતે સંસૃષ્ટિના દાખલારૂપે નોંધાયેલા શબ્દોમાં 'હ'નું ઉચ્ચારણ લઘુપ્રયત્ન રૂપે થાય છે, અને તે નિકટવર્તી વ્યંજન સાથે જોડાઈને નહીં પણ સહવર્તી સ્વરની સાથે ભળીને ઉચ્ચારાય છે. યથાર્થ રીતે જોતાં તે શબ્દોમાંની 'હ'કારયુક્ત કહેવાયેલી શ્રુતિઓમાંના સ્વરો મહાપ્રાણિત રૂપે ઉચ્ચારાય છે. આમ નરસિંહરાવે કહી છે તેવી સંસૃષ્ટિની કોઈ પ્રક્રિયા જ અસ્તિત્વમાં નથી રહેતી. તેમના નોંધેલા બધા જ દાખલાઓમાં કેવળ સંકરની જ પ્રક્રિયા પ્રવર્તેલી જોવા મળે છે. 'ઘીમ' જેવા દાખલાઓમાં 'હ'કાર અલ્પપ્રાણ વ્યંજન સાથે, તો 'હૂનું', 'ન્હાનું' જેવા શબ્દોમાં તે સ્વર સાથે સંકીર્ણ બનીને અનુક્રમે સંબંધિત મહાપ્રાણ સ્પર્શવ્યંજન અને મહાપ્રાણિત સ્વરના રૂપમાં પરિણત થાય છે.

નરસિંહરાવની સમજ છે કે : ૧. 'હ'ના 'સ્વર જોડે સંકર'માં સ્વર સ્વતંત્ર હોય, વ્યંજનયુક્ત ન હોય. (જેમકે 'ઊનું,' 'અમે'. નરસિંહરાવની જોડણી પ્રમાણે 'હૂનું', 'હમે'.) ૨. સ્વર 'હ'ની ઉપસ્થિતિ સાથે જો વ્યંજનયુક્ત હોય તો પરિણામ (અ) 'વ્યંજન જોડે સંકર'માં આવે (જેમકે 'ઘીમ') અથવા (બ) સંસૃષ્ટિમાં આવે (જેમકે 'બ્હેન')— 'વ્યંજન જોડે સંકર' નીપજાવ્યા વિના 'હ' વ્યંજનયુક્ત 'સ્વર જોડે સંકર' નીપજાવી શકે એવો સંભવ નરસિંહરાવના મનમાં સ્ફુર્યો નથી લાગતો. એવો સંભવ કે. હ. ધ્રુવને સ્ફુર્યો હતો.

'બ્હેન' જેવા શબ્દમાંના વ્યંજનયુક્ત મહાપ્રાણિત સ્વરોચ્ચારણ માટે (તથા 'અ્હમે' જેવા શબ્દમાંના વ્યંજનરહિત મહાપ્રાણિત સ્વરોચ્ચારણ માટે) તેમણે 'પ્રાણધ્વનિ' શબ્દ યોજ્યો છે. કે. હ. ધ્રુવની તાર્કિક ભૂમિકાને સમજ્યા વિના નરસિંહરાવે તેમનો પ્રતિવાદ કર્યો છે કે 'ઘેરું,' 'ઘેલું,' 'ઘો' જેવા શબ્દોમાં 'હ'કાર કંઈ પ્રાણધ્વનિરૂપે નથી પણ વ્યંજન સાથે સંકીર્ણ દશામાં છે તેથી પ્રાણધ્વનિના સિદ્ધાંતની પોકળતા છતી થઈ જાય છે. આવા જ વલણને અનુસરીને તેઓ 'પ્હેલો' 'બ્હેન' જેવા શબ્દોમાં 'પ્' તથા 'બ્' સાથે 'હ' ભળતાં અનુક્રમે 'ફ' અને 'ભ' કેમ નથી નીપજ્યા તેનો ખુલાસો શોધવા 'સ્થાન' અને 'પ્રયત્ન'ના સિદ્ધાંત સુધી ગયા છે. કે. હ. ધ્રુવ વ્યંજન સાથેના નહીં પણ માત્ર સ્વર સાથેના જ – પછી તે વ્યંજનયુક્ત હોય કે વ્યંજનરહિત હોય – 'હ'ના સંકરને 'પ્રાણધ્વનિ' કહે છે એટલું જો નરસિંહરાવ સમજ્યા હોત તો તેમને આપોઆપ એ ખુલાસો મળી જાત કે 'પ્હેલો', 'બ્હેન' શબ્દોમાં 'હ'નો વ્યંજન સાથે સંકર થવાને બદલે તે પ્રાણધ્વનિના રૂપમાં આવીને રહી ગયો છે તેથી ઉક્ત પરિણામ આવ્યું છે, જ્યારે 'ઘેરું', 'ઘેલું', 'ઘો' શબ્દોમાં ધ્વનિપ્રક્રિયા પ્રાણધ્વનિની નિષ્પત્તિ સુધી આવીને અટકી જવાને બદલે 'હ'ના 'વ્યંજન જોડે સંકર' સુધી આગળ વધી છે.[૫] આ ખુલાસા સુધી આવતાં તેમને તેમના 'સંસૃષ્ટિ'વિષયક મિથ્યા-ગ્રહે અટકાવ્યા લાગે છે.

'સંસૃષ્ટિ' વિષે સમજૂતી આપતાં નરસિંહરાવે, આગળ મૂકેલા ઉદ્ધરણમાં કહ્યું છે : "અન્યોન્યમાં મળી જઈને એક વર્ગીય મહાપ્રાણ સ્પર્શવર્ણ ન બનવાનું કારણ એ કે **'હ'નાં અને એની સાથે જોડાતા વ્યંજનનાં સ્થાન અને પ્રયત્ન પરસ્પર પ્રતિકૂળસ્વરૂપ હોઈને સંવિલયરૂપ પરિણામને બાધક બને છે.**" નરસિંહરાવની આ સમજૂતીમાં શાસ્ત્રીય ચોકસાઈ નથી. ગુજરાતી ભાષાની ઉચ્ચારણવ્યવસ્થામાં અમુક અલ્પપ્રાણ સ્પર્શવ્યંજનો મહાપ્રાણિતરૂપે ઉચ્ચારાતાં સંબંધિત મહાપ્રાણ સ્પર્શવ્યંજનો નિષ્પન્ન થાય છે. જ્યાં આવી શક્યતા અનુવર્તાય ત્યાં 'વ્યંજન જોડે સંકરની પ્રક્રિયા' બને છે. જ્યાં આવી શક્યતા હોય જ નહીં અથવા હોવા છતાં તેનું અનુવર્તન જ થાય નહીં અને સહવર્તી સ્વરનું જ મહાપ્રાણિત ઉચ્ચારણ થઈને રહી જાય ત્યાં 'સ્વર જોડે સંકરની પ્રક્રિયા' બને છે. આ પ્રમાણે સમજૂતી આપવી વધુ સમુચિત જણાય છે. નરસિંહરાવના કહેવા પ્રમાણે 'ન્હાનું' શબ્દમાં 'હ' અને 'ન'નાં સ્થાન અને પ્રયત્ન પરસ્પર પ્રતિકૂળસ્વરૂપ હોઈને સંવિલયરૂપ પરિણામ ન આવ્યું એમ કદાચ કોઈ સ્વીકારે પણ 'બ્હેન' કે 'ત્હારું' જેવા શબ્દોમાં 'હ' અને 'બ' તથા 'હ' અને 'ત'નાં સ્થાન અને પ્રયત્ન પરસ્પર પ્રતિકૂળસ્વરૂપ છે માટે સંવિલયરૂપ પરિણામ નથી આવ્યું એમ કહી શકાશે ખરું ? એમ હોય તો 'ભેણુ' અને 'થારું' જેવાં શબ્દરૂપો શી રીતે વિકસી શકે ?

જૂની પરિભાષા વાપરીને કહેવું હોય તો કહી શકાય કે સ્વર સાથે સંકીર્ણ થયેલા 'હ'-કારનું લઘુપ્રયત્ન ઉચ્ચારણ થાય છે. ગુરુપ્રયત્ન તથા લઘુપ્રયત્ન 'હ'કાર વચ્ચેના ભેદને સમજાવતાં નરસિંહરાવે જે એમ કહ્યું છે કે લઘુપ્રયત્ન 'હ'માં પ્રાણ (aspiration) ફેલાઈ કે વીખેરાઈ

---

૫ એજન, પૃ. ૨૯૭

જાય છે અને ગુરુપ્રયત્ન 'હ'માં પ્રાણ એકાગ્ર કે ઘનીભૂત થાય છે,[૬] તેમાં પણ શાસ્ત્રીય વિધાનની ચોકસાઈ નથી આવી. ડૉ. પ્રબોધ પંડિત[૭] 'હ'ને પ્રણાલિકાથી વિરુદ્ધ જઈને યથાર્થ રીતે વ્યંજન નહીં પણ 'ય' અને 'વ'ની જેમ અર્ધસ્વર ગણે છે. "/ય/ અને /વ/ સ્વરો પછી અથવા સ્વરો પૂર્વે આવી શકે છે, જ્યારે /હ/ સ્વર સાથે જ (અથવા વ્યંજન પછી જ) આવી શકે છે" એવી તેમણે 'હ'ની વિશેષતા પણ નિર્દેશી છે. તેમણે દર્શાવ્યું છે કે સ્પર્શવ્યંજનોનો સ્ફોટ થતી વખતે અવશિષ્ટ રહેતો હવાનો વધારાનો જથ્થો સંબંધિત સ્પર્શ-સ્થાનમાં થોડો વખત ઘર્ષણ પેદા કરીને સ્ફોટની પાછળ પાછળ બહાર આવે ત્યારે મહાપ્રાણ સ્પર્શવ્યંજનો ઉચ્ચારાય છે; સ્પર્શવ્યંજન અઘોષ હોય તો અનુવર્તી પ્રાણોપચય પણ અઘોષ હોવાનો અને સ્પર્શવ્યંજન ઘોષ હોય તો અનુવર્તી પ્રાણોપચય પણ ઘોષ હોવાનો. આમ મહાપ્રાણત્વ વ્યંજનની સાથે આવતાં વ્યંજનની જેમ વર્તે છે. વ્યંજનની જેમ સ્વર પણ મહાપ્રાણયુક્ત બની શકે છે. એવા સ્વરને ડૉ. પંડિત મર્મરયુક્ત સ્વર કહે છે. આ જ ઉચ્ચારણ-વિશેષ પહેલાં અન્યથા લઘુપ્રયત્ન 'હ'કાર તરીકે વિભાવાયો હતો. "લઘુપ્રયત્ન 'હ'માં પ્રાણ ફેલાઈ કે વીખેરાઈ જાય છે" એમ કહેવું તેના કરતાં વ્યંજન સાથે વ્યંજનની જેમ વર્તતું મહા-પ્રાણત્વ સ્વરમાં — મર્મરયુક્ત સ્વરમાં સ્વરની જેમ વર્તે છે તેવું ડૉ. પંડિતનું કહેવું વધુ સયુક્તિક ઠરે છે. આમ 'ન્હાનું', 'વ્હાણું', 'બ્હેન' જેવા શબ્દોમાં નરસિંહરાવ કહે છે તેમ મહા-પ્રાણત્વની નિકટવર્તી વ્યંજન સાથે સંસૃષ્ટિ થઈ નથી પરંતુ ડૉ. પંડિતની પરિભાષા પ્રમાણે એ વ્યંજનોના સહવર્તી સ્વરો મર્મરયુક્ત બનીને પ્રયોજાયા છે. 'ઘીમ', 'ઘેરું' જેવા શબ્દોમાં અલ્પપ્રાણ ઘોષ સ્પર્શવ્યંજન 'ગ'ના સ્ફોટની પાછળ પાછળ ઘોષ હવાનો વધારાનો અવશિષ્ટ જથ્થો બહાર આવતાં 'ઘ' ઉચ્ચારણ સિદ્ધ થાય છે ત્યારે 'ન્હાનું', 'વ્હાણું' જેવા શબ્દોમાં 'આ' સ્વરની પાછળ એવો ઘોષ હવાનો વધારાનો અવશિષ્ટ જથ્થો બહાર આવે છે. મહા-પ્રાણત્વના વ્યંજન સાથેના 'સંકર' કરતાં સ્વર સાથેના 'સંકર'ને જુદી પાડનારી પ્રક્રિયા આ પ્રકારની છે એમ ડૉ. પંડિતના દૃષ્ટિબિંદુ પ્રમાણે તારવી શકાય.

મર્મરયુક્ત સ્વરનું આપણી ભાષામાં નિર્ણાયક સ્થાન છે. 'ભાર' અને 'બાર'-એ શબ્દયુગ્મમાં જેમ મહાપ્રાણ વ્યંજન અને અલ્પપ્રાણ વ્યંજનની અદલાબદલી થતાં ઉક્તિ બદલાઈ જાય છે તેમ 'બાર' અને 'બા̤ર' (અધોરેખા મર્મરત્વ સૂચવવા માટે)—એ શબ્દયુગ્મમાં સાદા સ્વર સાથે સમર્મર સ્વરની અદલાબદલી થતાં ઉક્તિ બદલાઈ જાય છે. ઐતિહાસિક ભાષા-અધ્યયનની પૃષ્ઠભૂ પર વિચારાયેલા લઘુપ્રયત્ન 'હ'કારના કે વ્યંજન તથા સ્વર સાથે સંકીર્ણ થતા 'હ'કારના ખ્યાલમાંથી નીકળી આમ વર્ણનાત્મક ભાષાઅધ્યયનની ભૂમિકા પરથી રજૂ થયેલી મર્મરયુક્ત સ્વરની વિભાવના પર આવતાં ભાષાકીય ગવેષણાની એક નવી દિશા ખૂલે છે. ડૉ. પંડિત કહે છે કે મહાપ્રાણિત વ્યંજન પછી મર્મરયુક્ત સ્વર નથી આવતો અને મર્મરયુક્ત સ્વર પહેલાં મહાપ્રાણિત વ્યંજન નથી આવતો—આમ મહાપ્રાણત્વ અને મર્મરત્વ વચ્ચે પૂરક સંબંધો હોઈને એ બંનેને એક જ ધ્વનિઘટકના બે પેટાઘટકો ગણી શકાય. આમ ગણીએ તો 'ઘ', 'ભ'

---

૬ એજન, પૃ. ૧૧૫

૭ ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન '૬૬, પૃ. ૧૧૭-૧૨૦, ૧૨૩

જેવા મહાપ્રાણ વ્યંજનોને બે ધ્વનિઘટક કે સંયુક્ત ધ્વનિઘટક (અનુક્રમે 'ગ' + 'હ', 'બ' + 'હ' - એ રીતે) ગણવાનો વારો આવે. આ બાબતમાં ભિન્નભિન્ન મતમતાંતરની શકયતા સ્વીકારીનેય ડૉ. પંડિતે પોતાનું વલણ ઉકત વ્યંજનોને સંયુકત ધ્વનિઘટક ગણવા તરફ વિશેષ દાખવ્યું છે. એ જ રીતે, ઉપર વિચાર્યું તે પ્રમાણે સાદો સ્વર અને મર્મરયુક્ત સ્વર contrastive pair બનાવી શકતા હોય તો મર્મરયુકત સ્વરને જુદા સ્વતંત્ર ધ્વનિઘટકનો મોભો આપવો કે પછી સાદા સ્વરમાં જ મર્મરત્વ ઉમેરાતાં મર્મરયુકત સ્વર બનતો હોઈને સમર્મર સ્વરને પણ (સાદો સ્વર + મર્મરત્વ - એ રીતે) સંયુકત ધ્વનિઘટક ગણવો કે પછી તેને સાદા સ્વરનો ઉપઘટક ગણવો વગેરે પ્રશ્નો ઊભા થાય છે. ડૉ. પંડિતની 'હ' અર્ધસ્વર વિષેની વિચારણા દરમિયાન આ પ્રશ્નો અનુત્તર રહે છે. જોકે અનુનાસિકોની ચર્ચા દરમિયાન તેમણે અર્ધસ્વર સહિતના સ્વરથી સંકુલ અક્ષર નિર્માતો જણાવ્યો છે, પણ ત્યાં તેમણે 'સંકુલ અક્ષર' ને 'સંયુકત ધ્વનિઘટક'ના પર્યાય તરીકે યોજ્યો નથી. એમનો 'સંકુલ અક્ષર' એક સ્વર સાથે અર્ધસ્વરની ઉપસ્થિતિવાળો અથવા સાનુનાસિક કે સમર્મર છે.[૮] સાદા સ્વરની જેમ તે પણ શ્રાવ્યતાની પરાકાષ્ઠાના વહનનું – અક્ષરની રચનાના કેન્દ્રભૂત અંશ તરીકેનું કાર્ય બજાવે છે. આથી વ્યંજનાંગી 'સંયુકત ધ્વનિઘટક'-થી અર્ધસ્વરાંગી 'સંકુલ અક્ષર'નું પ્રભેદન પણ સયુકિતક ઠરે છે.

ડૉ. પંડિતે 'દહાડો'–'દાડો', 'મ્હારો'–'મારો' જેવા શબ્દયુગ્મોને તપાસીને તારવ્યું છે કે "મર્મરયુક્ત સ્વરવાળો અક્ષર સાદા સ્વરવાળા અક્ષર સાથે વૈકલ્પિક રીતે હેરફેર કરી શકે છે."[૯] નરસિંહરાવે અવલોકયું છે કે 'હ'ની શબ્દાંતર્ગત પ્રક્રિયામાં તે સામાન્યતઃ યા મોટે ભાગે ખસીને શબ્દના આદિ તરફ જાય છે.[૧૦] ડૉ. પંડિત અને નરસિંહરાવની ભાષાધ્યયનની પદ્ધતિઓ જુદી છે–એકની વર્ણનાત્મક પદ્ધતિ છે, બીજાની ઐતિહાસિક પદ્ધતિ છે. બાકી, શબ્દાંતર્ગત 'હ'ના વર્તન વિષેનું બંનેનું આ અવલોકન એવા એકસરખા અભિપ્રાય તરફ દોરી લાવે છે કે 'હ'ની શબ્દમાંની 'હેરફેર' યા 'ખસવાની ક્રિયા' બહુધા શબ્દના આદિભાગ તરફ થાય છે.

આધુનિકોમાં મહદંશે Philologist તરીકે કાર્ય કરનાર ડૉ. ભાયાણીએ નરસિંહરાવની ભાષાવિષયક પર્યેષણામાંના અનેક મુદ્દાઓને પુનઃસ્પર્શ કર્યો છે. ડૉ. પંડિત જેવા ખાસ એક Linguistની હેસિયતથી ગુજરાતી ભાષા વિષે કાર્ય કરનાર વિદ્વાને બોધેલાં નવાં ધોરણો કે ઉઘાડેલા નવા દૃષ્ટિકોણોના સંદર્ભમાં, પૂર્વસૂરિઓએ સ્થાપેલા ઉત્સર્ગો કે મતોની પુનઃસમીક્ષાનો અવકાશ જોવાની ઇષત્ચેષ્ટા તરીકે નરસિંહરાવની ભાષાવિષયક પર્યેષણામાંના એક મુદ્દા વિષે અહીં આટલી વિચારણા પ્રસ્તુત કરી છે.[૧૧]

---

૮ એજન, પૃ. ૧૨૯, ૧૩૨, ૧૩૭

૯ એજન, પૃ. ૧૨૨

૧૦ Gujarati Language and Literature, 1921, p. 284

૧૧ નરસિંહરાવના મૂળ અંગ્રેજી પુસ્તકમાંનાં અવતરણોના ગુજરાતી અનુવાદ માટે શ્રી. રા. પ્રે. બક્ષીએ કરેલા તેના ભાષાંતરનો યથાવશ્યક આધાર લીધો છે.

# શામળકૃત 'ચંદ્ર-ચંદ્રાવતી વારતા'

એમ. આઈ. પટેલ

શામળ આપણો મધ્યકાલીન શ્રેષ્ઠ પદ્ય વાર્તાકાર છે. તેમાં ગો. મા. ત્રિપાઠીના સમય સુધી તે આપણો પ્રથમ અને મૌલિક વાર્તાકાર છે એમ મનાતું પરંતુ નવાં શંશોધનોને આધારે શામળ પૂર્વે પણ જૈન અને જૈનેતર ઘણા પદ્ય લોકવાર્તાકારો મળી આવ્યા છે, જે બતાવે છે કે શામળ પૂર્વે લોકવાર્તાનું બહોળા પ્રમાણમાં ખેડાણ થયેલું છે. પણ જેમ પ્રેમાનંદે પોતાની સર્જક પ્રતિભાના બળે પુરોગામી આખ્યાનકારોને ઢાંકી દીધા તેમ શામળે ય પોતાની અદ્‌ભુત, રસાળ વાર્તાકથન કલાને કારણે પુરોગામી વાર્તાકારોને ભુલાવી દીધા છે. અલબત્ત પ્રેમાનંદે, શામળે પુરોગામી આખ્યાન અને વાર્તાસાહિત્યમાંથી 'બાદશાહી લૂંટ ચલાવી' છે એ ખરું.

શામળે પોતાની વાર્તાઓમાં સંસ્કૃત વાર્તાગ્રંથો–'સિંહાસન દ્વાત્રિંશિકા,' 'વેતાલ પંચવિંશતિ,' 'શુકસપ્તતિ' અને 'ભોજપ્રબંધ' તથા લોકોમાં પ્રચલિત લોકકથાઓ અને પુરોગામી જૈન-જૈનેતર કવિઓની વાર્તાઓમાંના રૂઢ કથાંશો (Motif)નો પોતાની વાર્તાઓમાં, તત્કાલીન લોકરુચિ અનુસાર ઉપયોગ કર્યો છે.

શામળની વાર્તાઓમાં 'સુડાબહોંતેરી,' 'પંચદંડ' અને 'વેતાલ પચીશી'નો સમાવેશ કરતી 'સિંહાસન બત્રીસી' વાર્તામાળાઓ છે. 'પદ્માવતી,' 'ચંદ્ર-ચંદ્રાવતી,' 'નંદબત્રીસી,' 'બરાસ કસ્તૂરી', 'વિદ્યા-વિલાસિની', 'સુંદર કામદાર', 'મદન-મોહના' અને 'ભદ્રા-ભામિની', કોઈ પણ વાર્તામાળાનાં અંગ ન હોય તેવી સ્વતંત્ર વાર્તાઓ છે. 'મદન-મોહના' અને 'નંદ-બત્રીસી' તેની ખૂબ પ્રસિદ્ધિ પામેલી વાર્તાઓ છે અને તે સારી પણ છે, જ્યારે 'ચંદ્ર-ચદ્રાવતી' પ્રમાણમાં અલ્પ પ્રસિદ્ધ અને નબળી રચના છે.

'ચંદ્ર-ચંદ્રાવતી'નું કથાવસ્તુ આ પ્રમાણે છે:

શ્રીહડ દેશના રાજા શ્રીપતરાય. તેમને ચંદ્રસેન નામે પુત્ર. ભાગવત તરફ અપાર પ્રીતિ. અગિયાર વર્ષની ઉંમરે ચંદ્રસેન ભાગવતશ્રવણથી પ્રેરાઈ પિતાની રજા લઈ પ્રધાનપુત્ર સાથે અડસઠ તીરથની જાત્રાએ નીકળ્યો. યાત્રા કરતાં કરતાં શ્રીમેલા પાટણ નગરમાં પહોંચ્યો; માના માલણને ત્યાં ઊતર્યો. ચંદ્રસેનને શિવનાં દર્શન કર્યા સિવાય ભોજન ન લેવું તેવો નિયમ હતો અને રવિવાર હોવાથી રાજકુંવરી શિવનાં દર્શન જતી હોઈ રાજાજ્ઞા પ્રમાણે તે વખતે કોઈ પુરુષે ન નીકળવું. તેથી માના માલણ તેને રોકે છે અને બપોર પછી જવાની સલાહ આપે છે. કુંવરીને જોવાની ઇચ્છાવાળો ચંદ્રસેન માળિયે ચઢી તેને જુએ છે અને મોહી પડે છે. યાત્રાનું પ્રમુખ કાર્ય વીસરી જઈ રાજકુંવરી પ્રાપ્ત કરવાના કીમિયા ગોઠવે છે.

બીજે રવિવારે, કુંવરી દર્શને જાય તે પહેલાં, પોતાના વિશે માહિતી લખી, એક પત્ર શિવલિંગ પર મૂકી આવે છે. પત્ર રાજકુંવરી ચંદ્રાવતીના હાથમાં આવે છે. વાંચતાં જ 'પરવશ

બનિયા પ્રાણ '. ચંદ્રની તપાસ કરે છે. તેણે પોતાની સમસ્યાઓના ઉત્તર આપનારને પરણવાનું નક્કી કરેલું છે. બીજી બાજુ માના માલણને ચંદ્રસેનની હિલચાલની ગંધ આવી ગઈ હોય છે અને તેથી તેને વધુ સાત દિવસ રોકાઈ જવા કહે છે, જે ચંદ્રસેન સ્વીકારી લે છે. માલણ પુષ્પનાં ચોળી, ઓઢણ, ચાદર આદિ વસ્ત્રો બનાવી ચંદ્રાવતીને ભેટ આપે છે ત્યારે ચંદ્રાવતી પોતાના હૃદયની વાત કહે છે. શિવાલયમાં બનેલી ઘટના પણ કહી સંભળાવે છે. માલણ તેને, ' એ સ્વામી તમને શિવજીએ આપ્યા અને તમારી સમસ્યાઓના તે સાચા ઉત્તર આપશે જ ' એમ ઠસાવે છે અને તેની શોધ કરવા કહે છે. ચંદ્રાવતી શ્રીહઠ નગરીની વાત કરે છે, ત્યાં શી રીતે પહોંચાય અને તપાસ શી રીતે થાય એવું માલણને કહે છે ત્યારે માલણ એક માસમાં સમસ્યાઓના ઉત્તર લઈ આવવાનું વચન આપે છે. ચંદ્રાવતી બત્રીસ સમસ્યાઓ લખી આપે છે. સમસ્યાઓ લઈને માલણ ચંદ્રસેનને આપે છે. ચંદ્રસેન તેના ઉત્તર આપે છે. બીજી એટલી જ સંખ્યાની સમસ્યાઓ પૂછે છે અને ખુમારીપૂર્વક લખી જણાવે છે કે ' તાહ્યરે ગમે તેને પરણજ્યો, પણ હું તો સમસ્યાઓનો ઉત્તર આપનારને જ પરણીશ. '

બીજે દિવસે ઉત્તર લઈને માલણ ચંદ્રાવતી પાસે જાય છે. ચંદ્રાવતીને શંકા ન જાય તે માટે બનાવટ કરે છે. ' પોતાના ઘેર ઊતરેલા બ્રાહ્મણને ભગવાનનું વરદાન છે. તેથી તે એક દિવસમાં અડસઠ તીરથ ફરી વળે છે. તેને મેં વિનવ્યો અને તે તમારા ઉત્તર લઈ આવ્યો ' એમ જણાવે છે. ચંદ્રાવતીને માલણની વાત ગળે ઊતરતી નથી. તે માલણને 'સોળ શણગાર' પહેરાવે છે, વિશ્વાસમાં લે છે અને સાચી વાત કઢાવે છે. માલણની સહાયથી ચંદ્રસેન સ્ત્રીવેશે મહેલમાં ચંદ્રાવતીને મળે છે. બંનેનાં ગાંધર્વવિધિથી લગ્ન થાય છે. ચંદ્રસેનના સમાગમથી ચંદ્રાવતીને ગર્ભ રહે છે. ચંદ્રસેન તો યાત્રાને બહાને, ચંદ્રાવતી અને માલણની ના છતાં નીકળી પડે છે. જતાં જતાં માલણને એંધાણીરૂપે એક પત્ર આપતો જાય છે. એ પત્રમાં ચંદ્રસેને લગ્નનો એકરાર કર્યો હતો. રસ્તામાં તે રાજસંઘ રાજાની નગરીમાં વજીરથી, દુશ્મન–પુત્ર હોવાને કારણે, પકડાય છે. કેદ થાય છે અને શૂળીએ દેવાનું નક્કી થાય છે.

આ તરફ ચંદ્રાવતી તેની રાહ જુએ છે. માતાને તેની સગર્ભાવસ્થાની જાણ થાય છે. તે ફિટકાર વરસાવે છે. રાજાને જાણ થાય છે. તે પ્રધાનની સલાહ લે છે. અંતે એક દાસીના સૂચન અનુસાર તેને રાનમાં મૂકી આવવાનું નક્કી થાય છે. વજીર ચંદ્રાવતીને રાનમાં મૂકવા જવા તૈયાર થાય છે. પોતાના ગર્ભના રક્ષણ કાજે ચંદ્રાવતી વજીરને વિનંતી કરે છે. વજીર તેને છૂપી રીતે પોતાના ઘરમાં રાખે છે. ત્યાં તેને પૂરા દિવસે પુત્રપ્રસવ થાય છે.

એક વખત રાજા રાજસંઘ બંદીવાન ચંદ્રસેનને જુએ છે. ગુસ્સે થઈ તત્કાળ શૂળીએ ચઢાવવાનો હુકમ કરે છે. શૂળીએ લઈ જવાતા તેને રાજસંઘ રાજાની પુત્રી નિધિનંદની માળિયેથી જુએ છે. સહિયરને મોકલી તેની તપાસ કરાવે છે. પછી પિતા સમક્ષ ' શિવપૂજનથી વર મળ્યો છે. વરાવો, નહિતર આત્મઘાત કરું છું' એમ કહે છે. રાજા વજીરની સલાહ લે છે; ચંદ્રસેનને મુક્ત કરે છે અને નિધિનંદનીને તેની સાથે પરણાવે છે. એક વર્ષ પછી ચંદ્રસેન, ચંદ્રાવતી યાદ આવતાં, લશ્કર લઈ નીકળે છે અને શ્રીમેલા પાટણ પર ચઢાઈ કરે છે. રાજાને કહેવડાવે છે: જોર હોય તો જુધ કરવાને આવ્ય નહિ તો તાહાંરી પુત્રી પરણાવ્ય; રાજા કુંવરીને વનમાં મૂકી આવવા બદલ

પસ્તાય છે. વજીર રાજાને આશ્વાસન આપે છે. ચંદ્રસેનને મળવા જાય છે, ચંદ્રાવતી પોતાને ત્યાં છે એવા સમાચાર આપે છે. ચંદ્રસેન ખુશ થાય છે. વજીર પાછો ફરે છે. રાજાને મળે છે. ચંદ્રાવતી અને તેનો સાત માસનો પુત્ર પોતાને ત્યાં છે એવા સમાચાર આપે છે. રાજા ખુશ થઈ વજીરને શાબાશી આપે છે. ચંદ્રસેનનું સ્વાગત થાય છે. ચંદ્રસેન-ચંદ્રાવતીનું પુનર્મિલન થાય છે. નિધિનંદનીને તેડાવે છે. માલણ અને પ્રતિહારીને યોગ્ય બદલો આપે છે. શ્રીહઠ દેશ જઈ માબાપને મળે છે. સર્વત્ર આનંદ વ્યાપી રહે છે.

વાર્તાના કથાઘટકની દષ્ટિએ મુખ્ય કથાંશો આટલા છેઃ રાજકુંવર ચંદ્રસેનનું યાત્રાને વિષે ૧૨ વર્ષ દેશાટન કરવું; શિવના દર્શન સિવાય ભોજન ન લેવાનું વ્રત અને તે પ્રસંગને કારણે જ ચંદ્રાવતીનું દર્શન; ચંદ્રાવતીને જોઈને મોહ પામવું; બંનેના પ્રણય અને મિલનમાં માના માલણની સહાય; સમસ્યાઓના ઉત્તર આપનારને પરણવાનો ચંદ્રાવતીનો નિશ્ચય; બંનેનું ગાંધર્વવિધિથી લગ્ન; ચંદ્રસેનથી ચંદ્રાવતીને ગર્ભ, એંધાણીરૂપ ચંદ્રસેનનો પત્ર; યાત્રાને બહાને આગળ વધવું; કેદ પકડાવું; ચંદ્રાવતીને પુત્રપ્રસવ; રાજકુંવરી નિધિનંદની દ્વારા ચંદ્રસેનની મુકિત; નિધિનંદની અને ચંદ્રસેનનાં લગ્ન; ચંદ્રસેનની લશ્કર સાથે ચઢાઈ; ચંદ્રસેન-ચંદ્રાવતીનું પુનર્મિલન; સ્વજનો સાથે સુખદ મિલન. આ કથાઘટકો પૈકીનાં મોટાભાગનાં કથાઘટકો શામળ પૂર્વેની વાર્તાઓમાં અને ખુદ શામળની વાર્તાઓમાં ય પ્રયોજાયેલાં જોવા મળે છે. દા.ત. રાજકુમાર અને રાજકુમારીના લગ્નની અને રાજકુમારના સલાહકાર તરીકે પ્રધાનપુત્રનું ઘટક : 'વેતાલ પચીશી'ની પ્રથમ વાર્તામાં; યાત્રાને બહાને દેશાટનનું ઘટક : 'પદ્માવતી' 'ભદ્રાભામિની' (યથાક્રમે પુષ્પસેન અને કસ્તુરચંદનું દેશાટન) અને 'મદન-મોહના' (દેશવટા દરમિયાન ચાર કુંવરીઓ સાથે લગ્ન કરી યાત્રાને બહાને મોહનાનું અને અરુણા સાથે લગ્ન કરી યાત્રાને બહાને મદનનું નીકળી જવું) વાર્તાઓમાં; 'મળી દષ્ટોદષ્ટ ને પરવશ બનવું'નું ઘટક : 'સદેવંત સાવળિંગા' (સદયવત્સ અને સાવળિંગા), 'બિલ્હણ પંચાશિકા' (બિલ્હણ અને શશિકલા), 'પદ્માવતી' (પુષ્પક અને પદ્માવતી તથા પુષ્પક અને સુલોચના), 'મદન-મોહના' (મદન અને મોહના)માં; સમસ્યાઓનું ઘટકઃ ગણપતિકૃત 'માધવાનલ–કામકંદલા પ્રબંધ', 'સિંહાસન બત્રીસી'ની ૩૧મી વાર્તા; 'પદ્માવતી', ભદ્રાભામિની', 'નંદબત્રીસી', 'મદનમોહના' આદિ વાર્તાઓમાં; ગાંધર્વવિધિથી છૂપાલગ્નનું ઘટક : સંસ્કૃત નાટક 'અભિજ્ઞાન શાકુંતલ', 'સિંહાસન બત્રીસી'ની ૩૧ મી વાર્તા', 'મદન મોહના' વગેરેમાં; ગર્ભ રહેવાનો અને પુત્રપ્રસવનું ઘટક : સંસ્કૃત નાટક 'અભિજ્ઞાન શાકુંતલ' અને 'ભદ્રાભામિની'માં; એંધાણીરૂપે કોઈ ચીજ વસ્તુ મૂકવાનું ઘટક : 'અભિજ્ઞાન શાકુંતલ'માં; ૧૨ વર્ષની સંખ્યાનું ઘટક : 'રામાયણ'માં. શામળે પોતાની વાર્તાઓમાં પસંદ કરેલાં કથાઘટકો વાર્તાકાર તરીકેની તેની કુશળતા બતાવી આપે છે. આ કથાઘટકો દ્વારા તે વાર્તાને સાદ્યંત કૌતુકવાળી, અદ્દભુત ચમત્કારોવાળી અને રસાળ બનાવી શકે છે. શામળની વાર્તાઓમાંનાં કથાઘટકો વિશે હીરા પાઠક લખે છેઃ 'એ રૂઢ ઘટકાંશો કેટલાંક માર્મિક કોટિનાં છે–કહો કે વિલક્ષણ અને તેથી વિશિષ્ટ સામગ્રીવાળાં છે. સમાજની રૂઢિ દષ્ટિએ તેમ જ માનવસ્વભાવની દષ્ટિએ : તે ઘટકો માનવસ્વભાવ, માનવજીવનવ્યાપારો ને સમાજનાં ચાલક બળોને સંભરનાર રસકોષ સમાં છે. તેમાં કોઈ ચિરંતન કૌતુકનું–તાજુબીનું તત્ત્વ પડેલું છે. અલાઉદ્દીનના 'જાદુઈ ચિરાગ' જેવું :

તેનાથી ખૂલી જતું ગુફાનું ઢાંકણુ ને સાંપડતા ભંડાર જેવું, એમાં માનવજીવનનું રસરહસ્યમય તત્ત્વ પડેલું છે.'[૧]

'મદન-મોહના'ની જેમ 'ચંદ્ર-ચંદ્રાવતી' પાત્રપ્રધાન વાર્તા છે. વાર્તાનાયક ચંદ્રસેન રાજકુંવર છે. ધાર્મિક વૃત્તિવાળો દેખાય છે. તેર વર્ષની વયે અડસઠ તીરથની જાત્રાએ નીકળ્યો છે. રસ્તામાં શ્રીમેલા પાટણના રાજાની કુંવરી ચંદ્રાવતીને જોઈ મોહી પડે છે. તીરથ-યાત્રા ભૂલી જાય છે અને ચંદ્રાવતીને પામવાના પ્રયાસો કરે છે. માલણની સલાહથી તેને, સમસ્યાઓના ઉકેલ દ્વારા, મેળવે છે; ગાંધર્વલગ્ન કરે છે. ચંદ્રાવતીને ગર્ભ રહે છે છતાંય યાત્રાનો વીસ દિવસનો વાયદો આપી નીકળી જાય છે. રસ્તામાં દુશ્મન-પુત્ર હોવાને કારણે રાજા રાજસંઘ તેને કેદ કરે છે, ફાંસીનો હુકમ કરે છે. ફાંસીએ લઈ જતી વખતે નિધિનંદની તેને જુએ છે, મુક્ત કરાવે છે અને લગ્ન કરે છે. ચંદ્રાવતી યાદ આવતાં લશ્કર લઈ શ્રીમેલા પાટણ પર ચઢાઈ કરે છે. ચંદ્રાવતી સાથે પુનર્મિલન યોજાય છે. બે-એક પ્રસંગો બાદ કરતાં રાજકુંવર તરીકેનું વ્યક્તિત્વ કયાંય જોવા મળતું નથી. રાજકુંવરી ચંદ્રાવતીની સમસ્યાઓનો ઉત્તર આપે છે તેમાં તેનું બુદ્ધિચાતુર્ય; સામે બીજી સમસ્યાઓ પૂછે છે અને કુંવરીને ખુમારીથી કહી દે છેઃ 'તાહરે ગંમે તેને પ્રંરણજ્યો' તેમાં તેની મર્દાનગી પ્રગટ થાય છે. તે સિવાયના પ્રસંગોમાં તેના વ્યક્તિત્વની નબળાઈઓ જ ઊપસી આવી છે. ચંદ્રાવતીની સગર્ભાવસ્થામાં, જ્યારે તેની સવિશેષ જરૂર હતી, યાત્રાને બહાને ભાગી છૂટે છે તેમાં તેની ભાગેડુંવૃત્તિનાં દર્શન થાય છે. કેદમાં અને શૂળીએ લઈ જતી વખતની તેની સ્થિતિ દયનીય છે. શામળનાં બીબાંઢાળ પુરુષપાત્રો જેવું આ ઘણું નબળું પાત્ર છે.

ચંદ્રાવતી, શામળની સમસ્યાઓના ઉત્તર આપે તેને જ પરણનાર નાયિકાઓના વર્ગની નાયિકા છે. અંબા અને શિવની તે ભક્ત છે. શિવાલયમાંથી પત્ર મળતાં અને તે વાંચતાં પરવશ બની જાય છે; પત્ર લખનારની તપાસ આદરે છે. માલણ દ્વારા લવાયેલ ફૂલનાં વસ્ત્રોથી તેની હૈયાની વાત છતી થઈ જાય છે. માલણનાં વિધાનો પર વિશ્વાસ મૂકી સમસ્યાઓ લખી મોકલે છે. બીજે દિવસે સમસ્યાઓના ઉત્તર જોઈ, ઉત્તર આપનાર માલણને ત્યાં હોવો જોઈએ એવી શંકા સેવે છે. માલણની લાખ બનાવટ છતાં તેનાથી ભોળવાતી નથી. ઊલટું માલણને 'સોળ શણગાર'થી કુનેહપૂર્વક વશ કરી સાચી વાત કઢાવે છે. માલણ દ્વારા ચંદ્રસેનને રાજમહેલમાં બોલાવી મળવાની યુક્તિ ગોઠવે છે. ચંદ્રસેન સાથે લગ્ન કરવાની વાતનો પ્રસ્તાવ પિતા સમક્ષ રજૂ કરવા ઇચ્છા છે પણ ચંદ્રસેન ના પાડે છે. એથી ગાંધર્વવિધિથી લગ્ન કરે છે. યાત્રાએ ગયેલ ચંદ્રસેનના વિરહમાં પુત્રપ્રસવ પહેલાં અને પછી ઝૂરે છે. રાજાજ્ઞા અનુસાર વનમાં મૂકી આવવા માટે લેવા આવેલા વજીરને ગર્ભના રક્ષણ કાજે વિનવણીઓ કરે છે. આ બધા પ્રસંગોમાં તેજસ્વી, હિંમતબાજ, મક્કમ, નીડર, ચંદ્રસેન તરફના અનુરાગવાળી, માતૃવત્સલ નારીનાં દર્શન થાય છે. ચંદ્રસેનને મુકાબલે તેનું પાત્ર સબળ અને ઉમદા ગુણોવાળું છે.

ગૌણ પાત્રોમાં બંદીવાન ચંદ્રસેન પર મોહી પડતી, સહિયર દ્વારા તેની તપાસ કરાવતી, પિતા પાસે મક્કમ રીતે કહી તેને મુક્ત કરાવી તેની સાથે લગ્ન કરતી નિધિનંદની; યાત્રાએ નીકળેલા ચંદ્રસેનના વપુની કાંતિ જોઈ ને કોઈ 'રાજબીજ' છે એવું પામી જતી, ચંદ્રસેનના ચંદ્રાવતી

---

૧ 'ચંદ્ર-ચંદ્રાવતી વારતા' - સંપાદક : હીરા પાઠક, પ્રસ્તાવના (પૃ. ૧૨).

તરફના આકર્ષણને જાણી જતી, પુષ્પનાં ચોળી, ઓઢણું, ચાદરઆદિ વસ્ત્રો ગૂંથી, તે ચંદ્રાવતીને ભેટમાં આપી તેના હૈયાની વાત કઢાવતી, ચંદ્રસેન-ચંદ્રાવતીના મિલનની યુક્તિ ગોઠવતી, સ્ત્રીવેશે પોતાની સાથે આવતા ચંદ્રસેનને પ્રતિહારી રોકે ત્યારે તેને વીંટીથી ચૂપ કરી દેતી; ચંદ્રાવતીની સગર્ભાવસ્થા કળી જતી; ચંદ્રસેનને યાત્રામાં ન જવા સમજાવતી; ચંદ્રસેનના એંધાણીરૂપે પત્રને મૂકતી પ્રવીણ બુદ્ધિશાળી, ધીટ માલણ; પુત્રની અડસઠ તીરથની યાત્રાની વાતે ચિંતિત થઈ ઊઠતો; તેને ન જવા સમજાવતો, પુત્ર ન માન્યો ત્યારે સાથે સામદ આદિને લઈ જવાની સલાહ આપતો પુત્રવત્સલ રાજા શ્રીપતરાય; પુત્રીનું લગ્ન કરવાની ઇચ્છા ધરાવતો પણ પુત્રી પ્રત્યેના પ્રેમને લઈને પુત્રીની યોજના માન્ય રાખી શાંત રહેતો પુત્રીની સગર્ભાવસ્થાને જાણી ગુસ્સે થતો, વજીરની સલાહ લેતો, દાસીના સૂચન અનુસાર પુત્રીને રાનમાં મૂકી આવવા જણાવતો, ચંદ્રસેન ચઢી આવ્યો ત્યારે પુત્રીને રાનમાં મૂકી આવવા બદલ પસ્તાતો અને વજીરને ત્યાં પુત્રી અને સાત માસનો પુત્ર છે એમ જાણતાં પુલકિત થઈ ઊઠતો, વજીરને શાબાશી આપતો રાજા શ્રીવંતસંગ; દુશ્મન-પુત્રને કેદ પકડતો, પુત્રીની ઇચ્છાને કારણે વજીરની સલાહથી ચંદ્રસેનને મુક્ત કરી પોતાની પુત્રી પરણાવતો રાજા રાજસંઘ; ચંદ્રસેનનો યાત્રાનો સાથીદાર અને ચંદ્રાવતીને સ્ત્રીવેશે મળવા જવામાં ચંદ્રસેનને સલાહ આપતો પ્રધાનપુત્ર; સ્ત્રીવેશમાં રહેલા પુરુષ ચંદ્રસેનને પકડી પાડતો, તેને પડકારતો અને વીંટી જોતાં પીગળી જતો, ચંદ્રસેનને જવા દેતો પ્રતિહારી; ચંદ્રસેનને પૂછપરછ કરી તે દુશ્મન-પુત્ર એવું જાણી તેને કેદ કરતો, રાજા પાસે શિક્ષા કરાવતો વજીર, ચંદ્રાવતીની સગર્ભાવસ્થાથી ચિંતિત બનેલા તેના પિતાને સલાહ આપતો પ્રધાન; પુત્રીની સગર્ભાવસ્થાની જાણ થતાં માતૃસહજ સહાનુભૂતિને બદલે ફિટકાર વરસાવતી ચંદ્રાવતીની માતા; ચંદ્રાવતીને રાનમાં મૂકી આવવાનું વ્યવહારુ સૂચન કરતી દાસી; નિધિનંદનીના કહેવાથી બંદીવાન ચંદ્રસેનની માહિતી લઈ આવતી તેની સહિયર આદિ નિરનિરાળા વ્યક્તિત્વવાળાં સ્પષ્ટરેખ પાત્રો છે.

ચંદ્રસેનની યાત્રાનિમિત્તે તેનાં બે રાજકુંવરીઓ સાથે થતા લગ્નની આ કથા છે. પરિણામે તેમાં શૃંગાર કેન્દ્રસ્થાને હોય એવું અપેક્ષાય. આ શૃંગાર સંભોગ અને વિપ્રલંભ ઉભય કોટિનો હશે એવીય અપેક્ષા રહે. પરંતુ સમગ્ર વાર્તામાં શામળ શૃંગારનો એકેય ભાવોત્કટ કે રસપૂર્ણ પ્રસંગ ખીલવી શક્યો નથી. ચંદ્રસેન યાત્રા દરમિયાન શ્રીમેલા પાટણ નગરમાં ચંદ્રાવતીને જોઈ મોહી પડે, શિવલિંગ પર પત્ર મૂકી આવી તે દ્વારા પોતાનું ઓળખાણ પહોંચાડે, માલણ દ્વારા લવાયેલ સમસ્યાઓના ઉકેલ દ્વારા ચંદ્રાવતીના હૈયાને જીતે, માલણની મદદથી તેનો ચંદ્રાવલી સાથે મેળાપ થાય, બંનેનાં ગાંધર્વવિધિથી લગ્ન થાય, ચંદ્રાવતીને ગર્ભ રહે, આટલા પ્રસંગોના અછડતા કથનથી તે ચંદ્રસેન અને ચંદ્રાવતીનું મિલન યોજી તરત જ યાત્રાના મિષે તેમને જુદાં પાડે–વરસ એક સુધી. વર્ષ દરમિયાન ચંદ્રસેન ચંદ્રાવતીને યાદ પણ ન કરે અને ચંદ્રાવતી ( સગર્ભા હોવાને કારણે જ ) ચંદ્રસેનના વિરહમાં ઝૂરે, નિધિનંદની દ્વારા મુક્તિ પામેલો ચંદ્રસેન વરસ પછી ચંદ્રાવતીને મળે, નિધિનંદની પણ ચંદ્રસેન પર મોહિત થાય, સહિયર દ્વારા તપાસ કરાવે, પિતા સમક્ષ પોતાની ઇચ્છા વ્યક્ત કરે, ચંદ્રસેનને મુક્ત કરાવે, તેની સાથે લગ્ન કરે, એટલા જ આછાપાતળા ઉલ્લેખો આવે છે. વાર્તામાં શામળને પ્રસંગોના કથનમાં જેટલો રસ છે તેટલો તેના આલેખનમાં નથી. પરિણામે ભાવોત્કટ કે રસપૂર્ણ પરિસ્થિતિઓનું તે નિર્માણ કરી શકતો નથી.

શામળની વાર્તાઓમાં આડકથાઓ, સમસ્યાઓ, નીતિ-ઉપદેશના છપ્પાઓ, વ્યવહારનાં અનુભવ વચનો વગેરે આવવાનાં જ. ૭૪૭ કડીની આ વાર્તામાં તેની અન્ય વાર્તાઓની જેમ આડકથાઓ નથી પણ સમસ્યાઓ, નીતિ-ઉપદેશના છપ્પાઓ અને સંસારવ્યવહારનાં અનુભવ-વચનો તો છે. વાર્તાની નાયિકા ચંદ્રાવતી સમસ્યાઓનો ઉત્તર આપે તેને પરણાવવાનો નિશ્ચય લઈને બેઠી છે. તે ૩૨ સમસ્યાઓ પૂછે છે. નાયક ચંદ્રસેન તેના ઉત્તર આપે છે, અને બીજી એટલી જ સંખ્યાની સમસ્યાઓ પૂછે છે. આ બધામાં ૧૧૧ કડી રોકાય છે. કૃતિના આરંભમાં મંગલસ્તવન અને ગ્રંથપરિચયમાં ૧૪ કડી રોકાઈ છે. વાર્તામાં વચ્ચે વચ્ચે પ્રસંગોપાત્ત ગંગાસ્નાન, મોત, નારીનેહ, પરનારી પ્રીત, કર્મોદ્યોગ, વચનપાલન, ઉપકાર, કામીજન, હિંમત, ગ્રહ, લખ્યાલેખ વગેરે વિશેના છપ્પાઓ; શિવ અને અંબાનું વિસ્તૃત માહાત્મ્ય ગાન; તીર્થો, ન શોભતી વસ્તુઓ, વિવિધ પ્રકારના પરીક્ષકો, પાપો, સાધુઓ, રામ રુઠે અને રામ રાખે ત્યારે ત્યારે શું શું થાય આદિની દીર્ઘ યાદીઓ લગભગ સોએક કડી રોકે છે. વાર્તાપ્રવાહ આ બધાને કારણે મંથર ગતિએ ચાલે છે. તત્કાલીન સંદર્ભમાં વાર્તામાંની સમસ્યાઓ અને છપ્પાઓ તપાસવામાં આવે તો શ્રોતાવર્ગને સમસ્યાઓએ ગણિતગમ્મત, બુદ્ધિવ્યાયામ તથા છપ્પાઓએ સંસાર-વ્યવહારનું જ્ઞાન વાર્તારસની સાથે સાથે આપ્યાં હશે.

કૃતિની ભાષા સાદી છે. તેમાં ગદ્યાળુતા વિશેષ છે, માધુર્યનો અભાવ છે. પ્રાસ માટેના ઉધામા છે. તત્કાલીન કેટલીક ભાષાગત વિશિષ્ટતાઓમાં : 'ય' શ્રુતિનો વ્યાપક પ્રયોગ (દા.ત. શ્રીપત્તરાય, તજ્યો, છત્ય, સાથ્ય, ગત્ય, જાત્ય વગેરે), 'ષ' નો 'ષ' અને 'ખ' બેઉ રીતે પ્રયોગ (દા.ત. પુરુષ, પુરુખ્ય), સ્વરભક્તિ (દા.ત. પરમારથી, દૂરજોધન, પરણમસુ વગેરે) 'ક'નો 'ગ' (દા.ત. મુગતાફલ, મુસ્તગ, પુસ્તગ વગેરે), અનુસ્વારનો પ્રક્ષેપ (દા.ત. નાંમ, કાંમની, હાંમ, પાંણ, વાંણી) આદિને નોંધી શકાય.

ચંદ્રસેન તેર વર્ષની વયે યાત્રાએ નીકળ્યો છે; પિતાનો રોક્યો રોકાતો નથી. તેનામાં ઉત્કટ ધર્મલાગણી હશે એવું પ્રથમ દૃષ્ટિએ લાગે પણ શ્રીમેલા પાટણ નગરમાં ચંદ્રાવતીને જોઈ યાત્રા ભૂલી જાય છે અને ચંદ્રાવતીને મેળવવાના એક મુગ્ધ પ્રણયીની જેમ પ્રયત્નો કરે છે. આ બતાવી આપે છે કે તેની ધર્મભાવના ખોટી છે. યાત્રાએ નીકળવા જેટલી તેની ઉંમર નથી તો વૃત્તિ ય નથી. ચંદ્રસેન-ચંદ્રાવતીનું ગાંધર્વવિધિથી લગ્ન થાય; ચંદ્રાવતીને ગર્ભ રહે તેવું બંનેનું સંવનન યોજાય અને છતાં રાજમહેલમાં કોઈને તેનો અણસાર સુદ્ધાં ન આવે તે અચરજનો વિષય છે. દુશ્મન પુત્રને પુત્રીની ઇચ્છાથી રાજા રાજસંઘ છોડી દે તે ઘડીભર માની લઈએ પણ પુત્રીને ય તેની સાથે પરણાવે તે શી રીતે મનાય? ચંદ્રસેન ચંદ્રાવતીને માળિયેથી જુએ છે, ચંદ્રસેનને બંદીવાન તરીકે શૂળીએ લઈ જવાતો નિધિનંદની માળિયેથી જુએ છે. સગર્ભા ચંદ્રાવતીની બાબતમાં રાજા શ્રીવંતસંગ વજીરની સલાહ લે છે, નિધિનંદનીની ચંદ્રસેનની મુક્તિ અને તેની સાથેના લગ્નની માગણી વખતે રાજા રાજસંઘ વજીરની સલાહ લે છે. બંને વખતે એક પ્રકારની પરિસ્થિતિઓનું પુનરાવર્તન થયું છે. ચંદ્રસેન સાથે યાત્રાએ નીકળેલો પ્રધાનપુત્ર કયાં ગયો, શું થયું વગેરે પ્રશ્નો પણ વાર્તાઅંતે ઊભા રહે છે.

શામળ બહુધા લોકપ્રચલિત અને પૂર્વે લખાઈ ગયેલી વાર્તાઓનાં કથાવસ્તુઓ પસંદ કરે છે. એમાં રસસ્થાનો શોધી કાઢવાની કુનેહ અને તેને ખીલવવાની તથા લોકરુચિ અનુસાર

સુધારા-વધારા કરવાની આવડત અગાઉના વાર્તાકારો કરતાં શામળ પાસે સારી છે. એનો પરિચય તેની ' નંદબત્રીસી ' ' સિંહાસનબત્રીસી ' અને ' મદનમોહન ' જેવી કૃતિઓમાં થાય છે. પરંતુ ' ચંદ્રચંદ્રાવતી 'માં શામળની આ શક્તિનો પરિચય મળતો નથી. વાર્તામાં ઉચિત પરિસ્થિતિઓની પ્રતીતિકર ગોઠવણી કે તેનું સ-રસ નિરૂપણ, પાત્રોનો સ્વાભાવિક, માનસશાસ્ત્રીય અને હૃદયંગમ પરિચય વગેરેનો પ્રસ્તુત વાર્તામાં અભાવ છે. સમસ્યાઓ, નીતિ વ્યવહારનાં ઉપદેશાત્મક સુભાષિતો વગેરે દ્વારા કૃતિની મનોરંજકતા તે કાળે કદાચ વધી હશે, પરંતુ વાર્તામાં આ વધુ સમરસ બનતું નથી. વાર્તામાં આ બધાનું રસાયણ થવું જોઈએ અને ' ન સાંધો ન રેણુ ' જેવો અનુભવ થવો જોઈએ તેને બદલે પ્રસ્તુત કૃતિમાં આ બધું વાર્તાપ્રવાહને અવરોધે છે અને તેને સુરેખ, અનવદ્ય વાર્તા બનતાં રોકે છે. વર્ણનોમાં, અલંકારોના વિનિયોગમાં એકવિધતાનો અનુભવ થાય છે, તો પછી એમાં કાવ્યત્વ શોધવાનો પ્રશ્ન જ ક્યાં રહે ! આ બધાને કારણે પ્રસ્તુત કૃતિ તો શામળને એક મધ્યમ કોટિનો સામાન્ય વાર્તાકાર જ ઠરવે છે.

# રાઘવદાસ અને તત્સુત હરિદાસનું અધ્યાત્મરામાયણ*

**દેવદત્ત જોશી**

ગુજરાત વિદ્યાસભા( અમદાવાદ )માં આ કૃતિની બે હસ્તપ્રતો છે, હ. પ્ર. નં. ૫૩ અને નં. ૧૧૬. બન્નેમાં ૫૩ નંબરની હસ્તપ્રત સરખામણીમાં કંઈક સારી હાલતમાં છે. એ પ્રત પુસ્તકાકારે બાંધેલી છે જેનાં કુલ પૃ. ૫૧૬ મળે છે. દેવનાગરી લિપિમાં લખાયેલી પ્રતમાં અક્ષરો અન્ય હસ્તપ્રતોની સરખામણીમાં મોટા છે પરંતુ પ્રત એટલી બધી કોહી ગયેલી છે કે પૃષ્ઠ ફેરવવા જતાં તેનાં કકડા થઈ જાય. છેલ્લું પૃષ્ઠ ૫૧૬ જીર્ણશીર્ણ હાલતમાં મળે છે. વચ્ચે વચ્ચે પણ પૃષ્ઠોના ઝીણા ટૂકડાઓ સાંધીને વાંચવું પડે છે. લહિયાનું નામ, ગામ, વગેરે કોઈ વીગત એમાં નથી. પ્રતમાં આ સિવાય અન્ય કોઈ કૃતિ લખાયેલી નથી.

રાઘવદાસના જીવન અને મૃત્યુનો સંવત્ પ્રાપ્ત થતો નથી પણ બીજી કેટલીક માહિતી પ્રસ્તુત કૃતિમાંથી પ્રાપ્ત થાય છે તે પ્રમાણે એ રાણાસુતનો પુત્ર છે, 'મેહેરાવણનું આખ્યાન' રચનાર રાણાસુતનો જ એ પુત્ર છે એમ માનવા માટે આપણી પાસે કારણો નથી. રામાનુજાચાર્ય સંપ્રદાયના સાધુ પાસેથી રામકથા સાંભળીને તે લખવા પ્રેરાયો છે. જ્ઞાતિએ લોહાણો છે અને એના ગુરુ સાંમદાસ છે. નમ્રતાપૂર્વક પોતાની અલ્પમતિનો ઉલ્લેખ કરતાં પોતાના ઓછા અભ્યાસને કારણે પ્રાકૃતમાં કથા કહેવાની કબૂલાત કરે છે:

"રાઘોદાસ કહે રામચરિત્ર બુદ્ધિ પ્રમાણે મ રાખ્યા અત્ર
સંસ્કૃતવાણ ન જાણી સાર રામકથા કિમ કહુ ઉચાર
મનમાહે અહલાદ અપાર પ્રાક્રમંત આલ્યું—જ મોરાર
ગુરુસાંમદાસ પ્રસાદે કરી ધર્મપુર્ષ મુંજ કરુણા ધરિ
ઉપાસન ઇષ્ટનેવ કદા સંત તણો સેવક છું સદા
વર્ણવાસન નામપતિત રઘુનંદન રાખી નિજ રીત
દુષ્ટનામથી કીધો દાસ પુર્ણ કીધી મનની આસ
અંતરાત્મા વિનવું હરિ રાઘોદાસને કરુણા કહી
અક્ષરમાલા ગૂંથી જેહ રાઘોદાસને કીધી તેહ
અધ્યાત્મરામાયણસાર પ્રાકૃતભાષા કરુયો વિચાર" (પૃ. ૫૧૫)

એમાં જ આગળ કહે છે:

"આજ સુધી મુજ જાણી સંત રીસ મ કરશો કરુણાવંત
કિહાં કલ્પ કિહાં રુણાથ કીધો સંત ખોડ મ દેશો મુજ ધિમંત
રાણાસુત જે રાઘવદાસ મુજ નગરમાં વસે છે વાસ
રામાનુજાચાર્યજી સંત રામઉપાસી ઇષ્ટ અનંત
જ્ઞાત લોહાણો સેવકસાધ રામકથાનો મતો અઘાધ

---

* ગુ. વિ. સ. હ. પ્ર. ૫૩ના આધારે.

કાલાવાલા કીધા જેહ સંતતણો પ્રસાદે તેહ
એહ કથા અમૃત સાંભલો ચોરાશીનો ફેરો ટલો
ધનધાન પદારથ ચાર અંતે પામે મુક્ત ઉદાર
કર જોડી કહે રાઘવદાસ રઘુપતિ રાખો ચર્ણનિવાસ." (પૃ. ૫૧૫)

આટલી વિગત પ્રાપ્ત થાય છે. એ પછીનું પત્તું જીર્ણ છે. આ કૃતિના રચયિતા તરીકે રાઘવદાસ અને તેના પુત્ર હરિદાસ, બન્નેનો ઉલ્લેખ છે પણ કૃતિના રચયિતા તો માત્ર રાઘવદાસ જ છે જેમનું નામ પણ કૃતિનીની વચમાં એક વાર અને અંતમાં ફલશ્રુતિ પછી ઉપર પ્રમાણે આવે છે. હરિદાસે આ કૃતિનું સંશોધન-સંપાદન કર્યું છે એવી વીગત આવે છે. પિતાનું શ્રાદ્ધ કરી આવ્યા પછી પ્રસ્તુત રામાયણને તે વ્યવસ્થિત કરે છે :

"પ્રાગત્રિવેણી નાહી કરી પાન કશીશીવદી સહુ સ્થાન
ગયાશ્રાદ્ધ તે પૂર્ણ કરી કાશી આવ્યો તે ફિરિ
અવધિપુરિ નીરખી શ્રીરામ સરયૂસ્નાન કરી માહાધામ
નિમિષારણ્ મિશ્રકતે કરી નિરખી નાથ આવ્યો મુજ ફરી
રામચર્ણ આવ્યો હરિદાસ રામાયણનો કર્યો અભ્યાસ
ભટ ભીમજીએ સાંભલી ગ્રંથ ઉપરથી જોઈ વલી
વિચેત્રુટિત થઈ હુતિ કથા—જોઈ પ્રત સુધિ કરી તથા
–ધ જેઈ સુધિ કરી હરિદાસ સ્મર્ણ કરી
સંવત સ–ઠોતરે માગસર સુદ પુનમવાસરે
ગુરુ—પૂર્ણ પ્રત લિખિ શિરધરિ * (પૃ. ૫૧૬)

પ્રસ્તુત કૃતિ આધ્યાત્મરામાયણનો સંક્ષેપ છે. સાર કહી જતી આ કૃતિમાં અત્રતત્ર મૌલિકતા જોવા મળે છે ખરી પણ કથાપ્રસંગો, તત્ત્વજ્ઞાન વ. અધ્યાત્મરામાયણને આધારે જ નિરૂપિત થયાં છે.

પ્રસ્તુત કૃતિ અધ્યાત્મરામાયણનો સંક્ષેપ છે. સાર કહી જતી આ કૃતિમાં અત્રતત્ર મૌલિકતા જોવા મળે છે ખરી પણ કથાપ્રસંગો, તત્ત્વજ્ઞાન વ. અધ્યાત્મરામાયણને આધારે જ નિરૂપિત થયા છે. "અધ્યાત્મરામાયણ પ્રાકૃત સંક્ષેપમાત્ર કહી બધું" કહી રામજીવનવૃત્તાંત એકક લીટીમાં આપી દઈ મૂળની વિસ્તૃત તત્ત્વચર્ચાને સંક્ષેપમાં સમેટી લેવાનો સારો પ્રયત્ન છે. વચ્ચે વચ્ચે મૂળના શ્લોકો પણ મૂકી દીધા છે. આખ્યાન કવિતામાં પ્રયોજાતા ભ્રમરગીતાનો, ધન્યાશ્રી, રામગ્રી વ. રાગોનો ઉપયોગ કર્યો છે. બંધ ચોપાઈનો સ્વીકાર કર્યો છે. ગુજરાત અધ્યાત્મરામાયણ જેવા ગૂઢ ગ્રન્થનો ભાવાનુવાદ કે સારાનુવાદ કરતાં કવિ મૂળને નજર સમક્ષ રાખે છે. કવિની આ સારાત્મક વાણીનું ઉદાહરણ જોઈએ. પંચવટીમાં લક્ષ્મણને જ્ઞાન આપતાં રામ કહે છે :

* ગુ. વિ. સ.માં આ જ કૃતિની બીજી પ્રત નં. ૧૧૬ છે જેમાં આ વીગત નથી. આ વીગતમાંની નવમી પંક્તિને આધારે કૃતિનો ર.સં. ૧૭૭૮

आत्मा सर्वत्र पूर्णः स्याच्चिदानन्दात्मकोऽव्ययः ।
बुद्ध्याद्युपाधिरहितः परिणामादिवर्जितः ॥ अर. कां. स. ४.४०
स्वप्रकाशेन देहादीन् भासयन्ननपावृतः ।
एक एवाद्वितीयश्च सत्यज्ञानादिलक्षणः ॥ ४१ ॥
असङ्गः स्वप्रभो द्रष्टा विज्ञानेनावगम्यते ।

"આત્મા સર્વત્ર પુર્ણ છે ચિદાનંદ આત્મા અવ્યે
ઉપાધિબુધિરહિત શ્રમકલેશ વિના વિહિત
સ્વેપ્રકાશ દેહાદિક વિષે ભાસ કરે છે વૃત્તિ પાપે
એક અદ્વૈત બીજું નહિ અંન સતિ ગ્નાનાદિ લક્ષણુ ચિહ્ન
અસંગ છે પોતાની પ્રેભાએ દાસે છે વિગ્નાને જણાએ" (પૃ. ૧૬૪)

મૂળનું વર્ણન નજર સમક્ષ રાખવા છતાં તેમાં મધ્યકાલીન કવિતાના વર્ણનોનો રંગ આપોઆપ મળી જતો દેખાય છે. રામરાજ્યાભિષેક વેળા લોકોએ ઉત્સવની જે તૈયારી કરી તેનું મૂળમાં આ પ્રમાણે છે :

नगरं परितो दृष्ट्वा सर्वत्र समलङ्कृतम् ॥
नानातोरणसम्बाधं पताकाभिरलङ्कृतम् ।
सर्वोत्सवसमायुक्तं विस्मिता पुनरागमन् ॥ अ.कां. स.र. ४७-४८.

એને કવિ ગુજરાતી મધ્યકાલીન કવિતાનો વળ ચડાવીને વર્ણવે છે.

"ઘરઘર વરત્યાં મંગલચ્યાર વસુધા ઉપરે જયજયકાર
હાટપીડ ચોટા બજાર કંનિક કલસ તે વિવિધ પ્રકાર
ધ્વજાપતકા બાંધી જેહ અતિઘણું વગર સોભાવ્યુ તેહ
રત્નજડિત તોરણ બાંધિયા મોતીચોક ગૃહગૃહ પુરયા
નારીગીત શબ્દ ઉચરે પ્રતમાની બહુ પૂજા કરે." (પૃ. ૬૯)

રામ ફરી પાછા અયોધ્યા આવે છે ત્યારે નગરશણગારનું વર્ણન આવું જ છે. રામવૈકુંઠગમનનો પ્રસંગ વર્ણવતાં, મૂળનો માત્ર આધાર લઈ પોતાની શૈલીમાં પોતાની રીતે વર્ણન કર્યું છે.

મૂળમાં ન હોય એવી કેટલીક વીગતો કવિએ ઉમેરી દીધી છે. આખ્યાનમાં જેમ રસની જમાવટ કરવા કવિઓ મૂળ કથાનકમાં ઉમેરો કરતા તેમ અહીં પણ કેટલાંક વર્ણનો પ્રસંગને વધારે ઉઠાવ આપવા વધારાનાં મૂકયાં છે. હનુમાન લંકામાં જઈ આવ્યા પછી પોતાની હકીકત કહે છે ત્યારે રામ શાબાશી આપે છે. એ પ્રસંગે હનુમાન પોતાની નમ્રતા બતાવતાં કહે છે :

"વલતો હનુમંત કહે શ્રીરામ પ્રભુજી મે સુ કીધું કામ
સમુદ્ર મે સુ પીધુ તહાં લંક ઉપાડી લાવ્યો નહિ
લંકા ભાગી ભૂકો નહિ કરી રાવણ શિર ન લાવ્યો હરિ
સીઆ લાવી સમર્પી નહિ મે પ્રાક્રમ કીધુ નહિ કાંહિ" (પૃ. ૩૨૨)

ઈન્દ્રજિતવધના સમાચાર સાંભળી રાવણ શોક કરે છે તે વખતે તેની ચેષ્ટાનું વર્ણન કરતી આ પંક્તિ મૂળમાં નથી :

"મસ્તક તણા મોવાલા ચૂંથે અવનિ પડ્યો અધર્મ" (પૃ. ૫૯૨)

રાવણના મૃત્યુ પછી તેની રાણીઓ વિલાપ કરવા લાગી એટલી જ વાત મૂળમાં છે પણ તે રસસ્થાન છે, જ્યાં કરુણરસની જમાવટ સુપેરે કરી શકાય એમ છે એમ જાણનારો આ ગુજરાતી કવિ રાણીઓના મુખમાં એક રુદનગીત મૂકીને કરુણને વધારે ઘેરો બનાવે છે.

"નાથ એકલો અહ્મને મેલી ચાલ્યો કયાંહે
શોકસંધુમા નાખી વિનતા જઈ બેઠો દિવ્ય માહે
તુજ વિના એકલી લંકા રહેશે કચમ માહાવીર
રાકસકુલના પ્રાણ લેઈને ચાલ્યો ગુણગંભીર" (પૃ. ૪૧૦)

રામરાજ્યવર્ણનમાં, રામગીતામાં પણ એ જ રીતે મૌલિક પંક્તિઓ ઉમેરી દીધી છે.

કેટલાક તદ્દન સામાન્ય કહી શકાય એવા ફેરફાર કવિએ કર્યા છે. મંથરાનું નામ મિથિલા-દાસી છે. અરણ્યકાંડનું નામ વનકાંડ પણ લખ્યું છે. જ્યારે હનુમાન લંકામાં જાય છે અને સીતાને જુએ છે ત્યારે તેને કૃતાર્થતાનો અનુભવ થાય છે. અંતઃપુરમાંથી તેને કિલકિલધ્વનિ સંભળાય છે જેનું વર્ણન મૂળમાં :

ततः किलकिलाशब्दो बभूवान्तःपुराद् बहिः ॥ सु. कां. स. २. १२

એમ છે, તે શબ્દનો એક જુદો જ ઉપયોગ કરી હનુમાને હર્ષના ઉન્માદમાં "કિલકિલ શબ્દ કર્યો તેણીવાર" (પૃ. ૨૮૭) એવું વર્ણન કર્યું છે. શ્લોકનો અર્થ ખોટો કર્યો હોવા છતાં અહીં હનુમાનની ચેષ્ટા તરીકે 'કિલકિલ' શબ્દનો ઉપયોગ વધારે સ્વાભાવિક લાગે છે.

આ રામાયણની એક વાત ગળે ઉતરે એવી નથી. જટાયુનું જ્યારે પહેલવહેલું રામ સાથે મિલન થાય છે ત્યારે રામ તેને રાક્ષસ માની બાણ તાકે છે પણ જટાયુ પોતાનો પરિચય દશરથના મિત્ર તરીકે આપે છે અને "મૃગયા કરવા જાસી રામ સીતારક્ષણ સેવકકામ" (પૃ. ૧૫૯) કહી પોતાની રામ પ્રત્યેની ફરજ સ્વીકારી લે છે, છતાં સીતાહરણ પછી રાવણ સાથે લડતાં લોહીથી ખરડાયેલો તે પડ્યો છે તોપણ રામ તેને ઓળખી શકતા નથી અને તેને રાક્ષસ માની લઈ "આણે સીતા ભખી લક્ષમણ તૃપ્ત સુતો જેહ" (પૃ. ૧૯૩) કહી ફરીથી શંકા કરે છે. ફરીથી જટાયુ પોતાની ઓળખ આપે છે અને બનેલી હકીકત કહી સંભળાવે છે ત્યારે રામ ગદ્ગદ થઈ જાય છે, એક જ કાંડમાં આ બન્ને પ્રસંગ છે. રામ જટાયુને ફરીથી રાક્ષસ માની બેઠા, તેને ભૂલી ગયા એ વિસ્મૃતિ બહુ સંભવિત લાગતી નથી.

"રહસ્યકથા રામાયણ જેહ પૂર્વે વાલ્મીક કહી તેહ
તેથી સાર કહી સંભુ પવિત્ર ભણે પાઠકો જે આત્ર" (પૃ. ૪૪૭)

એ પ્રમાણે વાલ્મીકિની મૂળ કથાનો-રહસ્યકથાનો સાર જે શિવ અને પાર્વતીના સંવાદરૂપે મળે છે તે સંક્ષેપમાં ગુરુપ્રતાપે કર્યો હોવાનો કવિ શરૂઆતમાં એકરાર કરે છે.

"રાઘવદાસ સંખેપે કીધુ ગુરુપ્રતાપે કરી તે જેહ
રામઅરવણ કહિ તેહ કહું છું સંત તણો અનુગ્રહ" (પૃ. ૫૯)

આ સારરૂપ સંક્ષેપ આપણને પહેલવહેલો મળે છે, જે કવિના અનુગામી કવિઓ માટે બહુ ઉપયોગી નીવડે તેવો છે.

કવિના અનુગામી પ્રીતમે આ કૃતિમાંથી પ્રેરણા લઈ અધ્યાત્મરામાયણની રચના કરી છે, જેમાં મંગલાચરણ પછીની પંક્તિઓમાં રાઘવદાસનું નામ આવે છે:

"જાતિભાતિ કૃત હિનકુલકરણી, અસત સ્વભાવ કુલનામ
શોકમોહ બૂડતો રાઘવદાસ, કર ગ્રહે કેશવરામ" (પૃ. ૨)

આ 'રાઘવદાસ' શબ્દ પોતાને માટે 'રાઘવનો દાસ' એ અર્થમાં પ્રીતમે પ્રયોજ્યો નથી પણ એના પુરોગામી રાઘવદાસને જ એ યાદ કરે છે. એની કૃતિની રચના વખતે રાઘવદાસનાં કૃતિની છાયા સ્પષ્ટ દેખાય છે. પોતાની કૃતિની રચના વખતે રાઘવદાસની કૃતિ નજર સમક્ષ રાખી છે એટલું જ નહિ એ પુરોગામી કવિની થોકબંધ પંક્તિઓ સીધી ઉપાડી છે. અલબત્ત પ્રીતમની ભાષા રાઘવદાસની ભાષા કરતાં વધારે સુધરેલા સ્વરૂપની છે. એમાં કેટલાક શબ્દોનો ફેરફાર કર્યો છતાં એને રાઘવદાસની કૃતિનું માળખું એણે સ્વીકાર્યું છે એમ ચોક્કસપણે કહી શકીએ એમ છે. પુરોગામી કૃતિઓનો શકય તેટલો લાભ લેવો એ મધ્યકાલીન સમયમાં કોઈ પણ કવિને અબાધિત અધિકાર જ હતો. એમાં કશું અજુગતુ મનાતું નહિ. સાહિત્ય ક્ષેત્રે એ સર્વસ્વીકૃત સ્વાભાવિકતા હતી. કેટલીક પંક્તિઓ જોઈએ. કૌશલ્યાએ કરેલી રામસ્તુતિ રાઘવદાસ આ પ્રમાણે નિરૂપે છે.

"દેવદેવ નમો તુજ અચ્યુત શંખચક્રગદાધારી
પર્માત્મા અનંત પૂર્ણ તું પુરુષોત્તમ અવિકારી
અગોચરવાણી એહ વંદુ બુધે કરી ન જણાયે
અતિંદ્રીય તું વાણીવર્જિત ઉપનિષદ એમ ગાય
વેદવાદી તું જ સત્તામાત્ર કહે જ્ઞાનનો વિગ્રહ શરીર
માયાયે તું વિશ્વ સ્રજે છે પાલ સંહાર તું ધીર." (પૃ. ૨૩)

એ જ પંક્તિઓ થોડા પાઠભેદ સાથે પ્રીતમમાં છે–

"દેવના દેવ નમો તું જ અચ્યુત શંખચક્રગદાધારી
પરમાત્મા અનંતપુર્ણ તું પુરુષોત્તમ અવિકારી
અગોચરવાણી એહ વંદુ બુદ્ધિએ કરી ન જણાય;
અતિંદ્રીય તું વાણીવર્જિત ઉપનિષદ એમ ગાય.
વેદવાદી તું જ સત્તામાત્ર કહે જ્ઞાનનું વિગ્રહ શરીર
માયાએ તું વિશ્વ સૃજે છે, પાળે સંહારે તું ધીર." (પૃ. ૨૧)

એ જ પ્રમાણે રામની બાળલીલા, લગ્નમંડપમાં આવતી સીતાનું સ્વરૂપ, પરશુરામનું વ્યક્તિત્વ, પરશુરામે કરેલી રામસ્તુતિ, રામરાજ્યાભિષેકના સમાચારથી નગરમાં આનંદ, લક્ષ્મણને રામનો તત્ત્વબોધ, પંપાસર, રામવનગમન પ્રસંગે દશરથને થયેલો પશ્ચાત્તાપ, તારાવિલાપ, સ્વયંપ્રભાએ કરેલી રામસ્તુતિ વગેરેમાં પ્રીતમે રાઘવદાસની પંક્તિઓ એકાદ બે શબ્દનો ફેરફાર કરીને સીધી જ ઉપાડી લીધી છે. લંકાદહન કરી આવેલો હનુમાન રામ આગળ જે નમ્રતા બતાવે

છે તે રાઘવદાસનું મૌલિક ઉમેરણ છે. "વળતો હનુમંત કેહે શ્રીરામ પ્રભુજી મેં શું કીધું કામ" વ. પંક્તિઓ આપણે આગળ જોઈ ગયા તે પણ પ્રીતમે પોતાની કૃતિમાં સમાવિષ્ટ કરી છે. (પૃ. ૨૩૩). એ જ રીતે માલ્યવાનને દેખાતા અપશુકન, કુંભકર્ણસ્વરૂપ, કુંભકર્ણયુદ્ધ વ. વર્ણનો રાઘવદાસમાંથી સીધાં જ લઈ લીધાં છે. રાવણ જ્યારે નિકુંભલાનો યજ્ઞ કરે છે ત્યારે તેમાં વિઘ્ન કરવા માટે વાનરો મંદોદરીને ત્યાં ઘસડી લાવે છે. મંદોદરી રાવણને ફિટકાર વરસાવતાં કહે છે

"ધિક બલ તાહારો ધિક રાવણ અવતાર
તુજ આગલે મુજને વાનર કરે નગ્નપ્રહાર" (પૃ. ૫૯૫)

એ રાઘવદાસનાં મૌલિક વચનો પ્રીતમના રામાયણમાં સમાવેશ પામે છે.

"ધિઃક રાજ્યને ધિઃક બળ તારૂં, ધિઃક રાવણ અવતાર
તુજ આગળ મુજને વાનર, કરે નગ્નપ્રહાર." (પૃ. ૨૮૭)

રામ ઈશ્વર છે અને સીતા લક્ષ્મી છે એ પોતે જાણે છે એમ મંદોદરી આગળ કબૂલાત કરતા રાવણના શબ્દો બન્નેમાં સમાન છે. મૃત્યુ બાદ રાણીઓના મુખમાં મુકાયેલું રુદનગીત (જે રાઘવદાસનું મૌલિક ઉમેરણ છે તે) પ્રીતમ થોડા શબ્દફેર સાથે મૂકે છે. રામ અયોધ્યા પાછા પધારે છે ત્યારે નગરમાં જે આનંદોત્સવ થઈ રહ્યો છે તેનું મૌલિક વર્ણન રાઘવદાસે કર્યું છે.

"ઘર ઘર ધજા તોરણ બંધાવ્યા પૂર્યા મોતીચોક
મંગલવસ્તુ ઉપાએન લીધી કંનિકકુંભ સહુઓક
અગાધુપ ગવાક્ષ ઉખેધો મંદર કોકિલ રાવ
નગર બજાર ચોક ચોવટે, કર્યો ચંદન છંટકાવ
પતાકા ઘરિઘરિ બહુ બંધ્યા સેરીમાંહે અપાર
આમરપુરી સંમાન તે શોભે અવધિતણો આકાર" (પૃ. ૪૩૨)

એ જ વર્ણન શબ્દફેર સાથે પ્રીતમમાં જોવા મળે છે.

"ઘરઘર તોરણ બંધાવ્યા, પૂર્યા મોતીચોક
મંગલવસ્તુ ઉપાયન લીધી, કનકકુંભ સહુઓક,
અગરધૂમ ગવાક્ષ ઉવેખ્યા, મંદિર કોકિલરાય;
નગર બજાર ચોક ચોવટે, કર્યા ચંદન છંટકાવ.
પતાકા ઘેરઘેર બહુ બાંધ્યા, શેરીમાંહે અપાર;
અમરપુરીસમાન તે શોભે, અવધિતણો આકાર" (પૃ. ૩૨૨)

ઉત્તરકાંડમાં રામે લક્ષ્મણને કરેલા તત્ત્વબોધની પંક્તિઓ પણ પ્રીતમે રાઘવદાસમાંથી જ ઉપાડી લીધી છે. 'રહસ્યકથા રામાયણ જેહ...એ પંક્તિ પણ પ્રીતમ સીધી જ મૂકી દે છે.

બાલકાંડને અંતે પ્રીતમ કહે છે

"રાઘવદાસ સંક્ષેપે કીધું, ગુરુપ્રતાપે કરી જેહ;
રામઅરપણ કરી તેહ કહું છું, સંતતણે અનુગ્રેહ." (પૃ. ૫૧)

એ પંક્તિ બાલકાંડને અંતે રાઘવદાસમાં પણ મળે છે ( પૃ. ૫૯ ) રાઘવદાસ ‘ સંક્ષેપે ’ને બદલે ‘ સંખેપે ’ અને ‘ અનુગ્રેહ ’ને બદલે ‘ અનુગ્રહ ’ શબ્દ પ્રયોજે છે એટલો જ ફેર છે.

આટલાં ઉદાહરણો પરથી કહી શકાય કે પ્રીતમે પોતાની રચના માટે રાઘવદાસમાંથી જ પ્રેરણા લીધી છે. રાઘવદાસનો એ ઋણી છે. રાઘવદાસની ભાષા અવાન્તરભૂમિકાની છે, પ્રીતમની અર્વાચીન છે એટલો જ ફેર છે. એટલે પ્રીતમ “ શોકમોહ બૂડતો રાઘવદાસ, કર ગ્રહે કેવલરામ ” કહે ત્યારે એના પુરોગામી કવિ રાઘવદાસ જ એને અભિપ્રેત છે એમ માનવું રહ્યું.

કવિતાનો પ્રવાહ જ્યારે જ્ઞાનાશ્રયી થતો જતો હોય ત્યારે અધ્યાત્મરામાયણના સારાનુવાદો થાય એ સ્વાભાવિક છે. પહેલી જ વાર ગુજરાતીમાં અધ્યાત્મરામાયણ ઉતારવાનો રાઘવદાસનો પ્રયત્ન પ્રશસ્ય છે.

# ટેકચોન

**છોટુભાઈ સુથાર**

પદાર્થમાં રહેલા દ્રવ્યના જથ્થાને આપણે, તે પદાર્થનું દળ યા દ્રવ્યમાન કહીએ છીએ. પદાર્થના એ દળમાં વધારો યા ઘટાડો ન કરવામાં આવે તો તે દળ હંમેશાં એકસરખું રહે છે એમ આપણે જાણીએ છીએ. અલબત્ત આ થઈ પદાર્થની સ્થિર સ્થિતિની વાત. પદાર્થ ગતિ કરતો હોય ત્યારે એનું દળ વધે છે ખરું ?

સામાન્ય ગતિસ્થિતિમાં આપણે તેમ બનતું જોઈ શકતા નથી. અસામાન્ય ગતિસ્થિતિની વાત ગાણિતિક રીતે સમજવી રહે છે. આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદનો નિયમ દર્શાવે છે કે ગતિવાળા પદાર્થનું દળ એની સ્થિર સ્થિતિના દળ કરતાં વધુ થાય છે. પદાર્થનો વેગ દર સેકંડે ૩૦,૦૦૦ કિલોમીટર (પ્રકાશના વેગનો દસમો ભાગ) થાય છે ત્યારે સ્થિર સ્થિતિવાળું એક કિલોગ્રામ દળ ૧.૦૦૫ કિલોગ્રામનું દ્રવ્યમાન દાખવે છે. વેગવાન પદાર્થનું દળ આઈન્સ્ટાઈનના નીચે અનુસારના સૂત્રના આધારે મેળવાય છે :

$$m = \frac{mo\ c}{\sqrt{(c^2 - v^2)}}$$

mo = પદાર્થનું સ્થિર સ્થિતિમાં દળ

m = પદાર્થનું ગતિસ્થિતિમાં દળ

c = પ્રકાશનો વેગ

v = પદાર્થનો વેગ

પૃથ્વી પર સરકનારા પદાર્થોના હિસાબે દર સેકંડે ૩૦,૦૦૦ કિલોમીટરનો વેગ પ્રચંડ કહેવાય. આવા પ્રબળ વેગથી ખસનારા પદાર્થનું દ્રવ્યમાન એના સ્થિર સ્થિતિવાળા દળના હિસાબે ૨૦૦મા ભાગ જેટલું વધે છે. એ હિસાબે એ અલ્પ વધારો આપણા ધ્યાનમાં ન આવે તેવો છે. સરકતા પદાર્થનો વેગ દર સેકંડે ૧,૫૦,૦૦૦ કિલોમીટર થતાં સ્થિર સ્થિતિ ૧ કિલોગ્રામ દળવાળા પદાર્થનું દ્રવ્યમાન ૧.૧૫ કિલોગ્રામ થાય છે જ્યારે વેગ ૨,૭૦,૦૦૦ કિલોમીટરનો થતાં તે ૨.૨૯ કિલોગ્રામ થાય છે.

આપણે સ્વાભાવિક રીતે કહીશું, ‘કેટલો પ્રચંડ વેગ અને છતાંય દળમાં કેટલો અલ્પ વધારો ?’

પણ આપણી આ લાગણી બાદમાં આશ્ચર્યમાં ફેરવાઈ જવાની છે. સરકતા પદાર્થનો વેગ હવે જેમ વધતો જશે તેમ તે પદાર્થનું દળ પણ ઝડપથી વધતું જશે; અને વેગ પ્રકાશના વેગ જેટલો (દર સેકંડે ૨,૯૯,૭૯૨.૫ કિલોમીટર) થતાં પદાર્થનું દળ અનંત ($\infty$) થઈ જશે ! પછી ભલે એ પદાર્થનું સ્થિર સ્થિતિદળ એક કિલોગ્રામનું હો કે એક ગ્રામના હજારમાં ભાગનું. મતલબ કે સહેજ પણ દળવાળા (0 કરતાં વધુ દળવાળા) પદાર્થનું દળ, એ પદાર્થ પ્રકાશના વેગથી ગતિ કરતો હશે ત્યારે અનંત થઈ જશે.

આનો અર્થ એ થયો કે પદાર્થને વધુ ને વધુ ગતિમાન બનાવવા માટે અપાતો ધક્કો શરૂઆતમાં પદાર્થનો વેગ વધારવામાં સહાયભૂત નીવડે છે જ્યારે પદાર્થનું દળ વધારવામાં તે અલ્પ ભાગ ભજવે છે. ઊલટ પક્ષે આખરની ગતિસ્થિતિમાં તે પદાર્થનું દળ વધારે છે અને ત્યારે વેગ વધારવામાં એ અલ્પ ભાગ ભજવે છે. પદાર્થનું દળ અનંત થતાં એનો વેગ વધારી શકાતો નથી. આઈસ્ટાઈનના નિયમ મુજબ કહીએ તો આમ કહેવાય—દળવાળા કોઈ પણ પદાર્થને પ્રકાશના જેટલા યા તેથી વધુ વેગે ખસેડવો અશક્ય છે. બીજા શબ્દોમાં કહેવું હોય તો આ રીતે કહી શકાય —દળવાળો કોઈ પણ પદાર્થ ખસતો હોય ત્યારે જાણવું કે એ પદાર્થને મળેલો વેગ પ્રકાશના વેગ કરતાં ઓછો છે.

પદાર્થના દળની વાત સમજીએ. પદાર્થ અનેક સૂક્ષ્મકણોના યોગથી બને છે. આ સૂક્ષ્મકણો જેવા કે પ્રોટોન, ઈલેકટ્રોન, ન્યુટ્રોન વગેરે દળ ધરાવતા કણો છે. આ કણો ક્યારેય પ્રકાશના વેગથી ગતિ કરી શકતા નથી. પ્રકાશના કણો(ફોટોન)ના હિસાબે એમનો વેગ ઓછો છે તેથી એમનું ટાર્ડિયોન્સ (Tardyons) યા મંદકણો તરીકે નામકરણ થયું છે. ટાર્ડિયોન્સ સ્થિર સ્થિતિ તેમ જ ગતિસ્થિતિ ધરાવે છે. સ્થિર સ્થિતિ વખતે એમનો ગતિવેગ શૂન્ય હોય છે, જ્યારે ગતિસ્થિતિમાં તે હંમેશાં પ્રકાશના વેગ કરતાં ઓછો હોય છે.

આ થઈ પદાર્થના કણોની વાત.

વિશ્વમાં તે સિવાયના બીજા કણો પણ અસ્તિત્વ ધરાવે છે. આ કણોને દળ તેમ જ સ્થિર સ્થિતિ છે જ નહીં. એમની બીજી વિશેષતા એમની ગતિસ્થિતિની છે. ગતિસ્થિતિમાં રહેલા આ કણોનો વેગ પ્રકાશના વેગ જેટલો છે. તેથી ઓછો પણ નહીં અને વધારે પણ નહીં. દર સેકંડે ૨,૯૯,૭૯૨.૫ કિલોમીટરના વેગથી સરકતા આ કણોમાં ફોટોન, ન્યુટ્રિનો, ગ્રેવિટોન વગેરે મુખ્ય છે. આ કણોને લકસોન્સ (Luxons) યા પ્રકાશકણો તરીકે ઓળખવામાં આવે છે. લકસોન્સ કણોને દળ હોતું નથી.

વિશ્વમાં આમ આપણે બે પ્રકારના કણોથી પરિચિત છીએ. ૧. દળવાળા ટાર્ડિયોન્સ અને ૨. દળવિહીન લકસોન્સ. આપણે એ પણ જોયું કે આ બંને પ્રકારના કણો વેગના અમુક બંધનવાળા છે; એટલું જ નહીં પણ વિશ્વમાં અસ્તિત્વ ધરાવતો કોઈ પણ પદાર્થ પ્રકાશના વેગ કરતાં વધુ વેગથી ગતિ કરી શકે એમ નથી.

ઉપરની બાબત એક પ્રશ્ન જન્માવે છે.

કોઈ પણ સ્થળની જાણકારી મેળવવી હોય તો તે સ્થળે પહોંચીને તેમ કરી શકાય. ગ્રહો સુધી પહોંચવાની તૈયારી ચાલે છે પણ ચંદ્રની યાત્રા કરી આવેલો મનુષ્ય ગ્રહો પછી વિશ્વ યા બ્રહ્માંડયાત્રાનું વિચારે તો એ શક્ય છે ખરું? મનુષ્ય અવકાશયાનમાં ઊડવાનો તોય તો આમ બનવું અસંભવિત છે. અવકાશયાન પદાર્થ છે. અને એનો ગતિવેગ ક્યારેય પ્રકાશના વેગ જેટલો થઈ શકવાનો નહીં. આપણી પાસેમાં પાસેના તારા સમીપ નરાશ્વની ખબર કાઢી આવવી હોય તો પ્રકાશના વેગે જતાં આવતાનાં મળી ૮.૬ વર્ષ લાગી જવાનાં. પ્રકાશથી સહેજ ઓછા વેગે અવકાશયાનની યાત્રા સંભવિત કલ્પીએ તો એ સમય સહેજે ૮.૬ વર્ષ કરતાં વધુ હોવાનો. ધારો કે તે ૮.૬૧ વર્ષ છે.

જે વાત સમીપ નરાશ્વની છે તે વાત બીજા આકાશી પદાર્થોને પણ લાગુ પડે છે. આપણા મંદાકિની વિશ્વના છેડે પહોંચવું હોય તો નજદીકના છેડે પહોંચતાં લગભગ ૧૭,૦૦૦ વર્ષની અને દૂરના છેડે પહોંચતાં ૮૩,૦૦૦ વર્ષની યાત્રા કરવી પડે અને...આપણી પાસેના મોટા તારાવિશ્વ દેવયાનીવિશ્વ સુધી જઈ પરત આવવા કેવળ ૪૫ લાખ વર્ષની ખેપ ખેડવી પડે !!

મનુષ્ય આવું પરાક્રમ દાખવી શકે એમ છે ?

એનો ઉત્તર ' ના ' છે. મનુષ્યનું આયુષ્ય માંડ ૧૦૦ વર્ષનું લેખાય. એટલા ટૂંકા સમયમાં એ ધ્રુવતારા સુધીની યે ભાળ કાઢી શકે એમ નથી.

મનુષ્ય કલ્પનાશીલ પ્રાણી છે. એણે વિશ્વયાત્રા તેમ જ બ્રહ્માંડયાત્રા કરવી હોય તો પ્રકાશના વેગ કરતાં વધુ વેગથી યાત્રા કરાવે તેવા સાધનની એણે આયોજના કરવી રહી. પાર્થિવ વસ્તુનું બનેલું સાધન કામ આવે એમ નથી એટલે એણે અન્ય કણો( લકસોન્સ સિવાયના )ને શોધી એમનો ઉપયોગ કરવો રહ્યો. અલબત્ત આ કણોનો ગતિવેગ પ્રકાશના વેગ કરતાં વધુ હોવો જોઈએ. આ પ્રકારનો વેગ પ્રકાશના વેગ કરતાં ૫, ૫૦ કે ૧૦૦૦ ગણો પણ હોઈ શકે !

વાર્તા અને યાત્રા લેખકોને મૂંઝવતો આ પ્રશ્ન વૈજ્ઞાનિકોએ ઉપાડી લીધો છે. કોલંબિયા યુનિવર્સિટીના વૈજ્ઞાનિક જીરાલ્ડ ફાઈનબર્ગને પદાર્થના વેગ પરનું ઉપર કથિત બંધન ( ગતિ-સ્થિતિ-વેગ પ્રકાશના વેગ કરતાં ઓછો ) અકારું લાગ્યું. એણે આઈન્સ્ટાઈનના સૂત્ર પર વિશેષ વિચાર કર્યો. પ્રકાશ કરતાં પણ વધુ વેગ ગતિ કરનાર કણો યા સાધનના અસ્તિત્વ વિશે કલ્પવું હોય તો કઈ બાબતનો વિશેષ વિચાર કરવો જોઈએ ? આઈન્સ્ટાઈના સમીકરણમાં ગતિ વેગ v ને પ્રકાશના વેગ c કરતાં વધુ કલ્પીએ તો શું થાય ? થાય એટલું કે સમીકરણમાં દર્શાવાયેલા પદાર્થનું દળ વાસ્તવિક ન રહેતાં કાલ્પનિક બની જાય. મતલબ કે પદાર્થનું સ્થિર સ્થિતિમાં જે mo દળ છે તે imo બની જાય. $i = \sqrt{-1}$ કાલ્પનિક એકમ છે.

ઉપરના હિસાબે ફાઈનબર્ગે સંસ્કારેલું સમીકરણ

$m = \frac{imoc}{\sqrt{(c^2 - v^2)}}$ થાય જે $m = \frac{moc}{\sqrt{(v^2 - c^2)}}$ રીતે લખી શકાય.

ઉપર્યુક્ત સૂત્રને અનુસરતા કણો યા પદાર્થનો વેગ પ્રકાશના વેગ કરતાં વધુ છે અને તેથી એ વેગ ( v ) જેમ જેમ વધતો જાય તેમ તેમ કણ યા પદાર્થનું દળ ઘટતું જવાનું. ગતિવેગ અનંત ( ∝ ) થઈ જતાં પદાર્થનું દળ શૂન્ય થઈ જવાનું. પ્રકાશના વેગ કરતાં વધુ વેગવાળા કણોને નામ અપાયું છે ટેકયોન ( Tacyon ). ટેકયોન એટલે દ્રુતવેગી. મંદવેગીથી ઊલટા (બધી જ રીતે ને !) તે દ્રુતવેગી.

આમ આપણે ત્રણ પ્રકારના કણોના ( એકબીજાથી ) અલગ ગતિવેગોની વાત કરી. એ પરથી ખ્યાલમાં આવ્યું હશે કે લકસોન યા પ્રકાશકણ, ટાર્ડિયોન ( મંદકણ ) અને ટેકયોન ( દ્રુતકણ ) વચ્ચેની હદરેખા દર્શાવે છે. હવે સવાલ એ છે કે ટેકયોન કણો અસ્તિત્વ ધરાવે છે ખરા ? આ માટે હાથ ધરાયેલા પ્રયોગો કશું સૂચવે છે ખરા ?

સૈદ્ધાન્તિક રીતે આપણે એમ કહી શકીએ કે ટેકયોને પોતાનું અસ્તિત્વ સાબિત કરવા માટે પોતાની ખાસ વિશેષતા દાખવવી જોઈએ. એવી વિશેષતા શૂન્યમાં ગતિ કરતી વેળા ટેકયોન દ્વારા

પ્રકટ થવી જોઈએ. એક છે એની પોતાની પાછળ તેજરેખા છોડવાની; ઉલ્કા જેમ અવકાશમાં તેજલિસોટો પાથરે છે યા પોતાની પાછળ વાતાવરણીય તરંગો ઉપજાવે છે તેમ. ઉક્ત તેજરેખાના નિરીક્ષણપરીક્ષણ પરથી ટેકયોનની હસ્તી પુરવાર થઈ શકે. આ પ્રકારના પ્રયોગો વિવિધ યુનિવર્સિટીઓ દ્વારા ચાલી રહ્યા છે પણ હજુ સુધી એ નક્કર પરિણામ દાખવી શક્યા નથી. એમ કહો કે એ પ્રયોગો હજી પૂર્ણતાને પામ્યા નથી.

આ સ્થળે એક આનુષંગિક બાબતની પણ ચર્ચા કરી લઈએ.

એ છે કણોનું પરિવર્તન.

ઈલેક્ટ્રોન અને પ્રોઝિટ્રોન પદાર્થકણ છે અને દળ ધરાવે છે. એ બંને ટાર્ડિયોન છે. એમનો ગતિવેગ પ્રકાશના વેગ કરતાં હંમેશાં ઓછો છે. પણ આ બંને કણ ભેગા થાય છે ત્યારે દળવિહીન ગામા કણ ઉત્પન્ન થાય છે, જેનો વેગ ઉક્ત બંને કણ કરતાં વધુ છે. ઊલટ પક્ષે ગામા કણ તૂટી જાય છે ત્યારે તે ઈલેક્ટ્રોન અને પ્રોઝિટ્રોન કણોમાં પરિવર્તન પામે છે. આમ મંદકણો અને પ્રકાશકણોનું અરસપરસમાં પરિવર્તન થાય છે.

ટેકયોનનું આવું પરિવર્તન શક્ય છે ખરું ? ટેકયોનનું પ્રકાશકણોમાં પરિવર્તન થાય તો એ કણો મંદકણોમાં પરિવર્તન થઈ શકવાના. ટેકયોન્સ સીધા ટાર્ડિયોન્સમાં પરિવર્તિત થાય તોપણ આપણું કામ સરે. 'આપણું કામ' એટલા માટે કહ્યું કે અવકાશમાં યાત્રા કરવા માટેની એ રીતે અનુકૂળતા ઉત્પન્ન થાય. આ માટે જે બાબત અંગે લક્ષ આપવું પડશે તે નીચે અનુસાર છે.

૧ ટાર્ડિયોન્સની બધી વિશિષ્ટતાઓ તેમ જ સંકુલતાઓ સચવાઈ રહે એ પ્રકારે તેમને ટેકયોન્સમાં કઈ રીતે પરિવર્તિત કરવા કે જેથી યાત્રાકામ પત્યે ટેકયોન્સને પાછા ટાર્ડિયોન્સમાં (કહો કે મૂળ પદાર્થોમાં) યથાતથ બદલી શકાય.

૨ આ માટેની નિયંત્રણવ્યવસ્થા—ખાસ કરીને વેગ તેમ જ દિશાપરિવર્તનની—કેવા પ્રકારે કરવી.

ટાર્ડિયોન્સ અને ટેકયોન્સને અરસપરસમાં પલટવાની ગુરુચાવી હાથ લાગે તો બ્રહ્માંડમાં આવેલાં તારાવિશ્વો તેમ જ એ તારાવિશ્વોમાં આવેલા વિવિધ પ્રકારના તારા, નિહારિકા, વિશિષ્ટ તારાગુચ્છો, રેડિયો ઉદ્‌ગમો, દુવેસાર, પલ્સાર, ક્ષ કિરણી તારા વગેરે વિષે અનેક બાબતો સરળતાથી જાણી શકાય. એટલું જ નહીં પણ બ્રહ્માંડના સ્વરૂપનો તેમ જ એ કેવી રીતે ઉત્પન્ન થયું છે તેનો ભેદ પણ મેળવી શકાય.

અને આ બધું અવલંબે છે ટેકયોનના અસ્તિત્વ પર : કહો કે એમની સફળ શોધ પર.

અને એ શક્ય બને તો 'બ્રહ્માંડમાં પ્રકાશના વેગ કરતાં બીજા કશાનો વધુ વેગ નથી' એવી આઈન્સ્ટાઈનની આર્ષવાણી મિથ્યા ઠરે.

અને ત્યારે આનો ફેંસલો પણ આઈન્સ્ટાઈને જેને ચોથું પરિમાણ ગણાવ્યું છે તે સમય જ કરશે ને ?

---

# ગ્રન્થાવલોકન

૨ **સંસ્કાર-શિક્ષક** (શ્રી કરુણાશંકર શતાબ્દી સ્મારક ગ્રન્થ) : સંપાદકો અને પ્રકાશક : મંત્રીઓ, શ્રી કરુણાશંકર શતાબ્દી સમિતિ C/o. ભો. જે. વિદ્યાભવન, ર. છો. માર્ગ, અમદાવાદ-૯; ૧૯૭૩; પૃ. ૨૮૪, મૂલ્ય રૂા. ૧૦.

૨ **સંસ્કારલક્ષી શિક્ષણ ગ્રન્થ ૧ : પત્રો** : લેખકઃ શ્રી કરુણાશંકર કુબેરજી ભટ્ટ, સંપાદકો અને પ્રકાશકઃ ઉપર પ્રમાણે; ૧૯૭૩; પૃ. ૪૦૦; મૂલ્ય રૂા. ૧૫.

'શિક્ષક' શબ્દ સાંભળતાની સાથે જ વિવેકી જનના ચિત્ત પર ત્રણચાર ચિત્રો ઊપસી આવતાં હોય છે. પોતાની કારકિર્દી માટે શિક્ષણનું કાર્ય સ્વીકારતો સામાન્ય માસ્તર. એની સંખ્યા મોટી. વ્યવસાય ઉપરાંત શિક્ષણને ધર્મક્ષેત્ર સમજીને કર્તવ્યપાલન કરવાનો યથાશક્તિ પુરુષાર્થ કરનારો નાનકડો વિચારશીલ વર્ગ. પરંતુ શિક્ષણના માધ્યમ દ્વારા જીવનદેવતાની આરાધના કરનાર જન્મજાત તત્ત્વતઃ શિક્ષક-વિભૂતિઓ વિરલ હોય છે. એવાં દૃષ્ટિશક્તિસંપન્ન સવિશેષ સંતજીવન વૈયક્તિક મટી સામાજિક બની જતાં હોય છે. નિર્મલ માનવતાથી મઘમઘી ઊઠતાં એવાં પુણ્યચરિત્ર સમકાલીન શિક્ષકો માટે જ નહીં પણ અનુગામી નાગરિકો માટે ય દીવાદાંડીરૂપ બની રહે છે.

૧૮૭૪ થી ૧૯૭૪ દરમ્યાન સર્વશ્રી 'વિશ્વવંદ્ય' (શ્રે. સા. અ. વર્ગના છોટાલાલ માસ્તર સાહેબ) વાડિયા સાહેબ વગેરેથી આરંભાતી પ્રો. દાવર અને ફાધર વાલેસ સુધીની ગુજરાતના સાધુચરિત સંસ્કારશિક્ષકોની નાનકડી નામમાળામાં શ્રી કરુણાશંકર કુ. ભટ્ટ(૧૮૭૩-૧૯૪૩)નું નામ અને કામ પણ સુપ્રસિદ્ધ છે.

શ્રી કરુણાશંકરભાઈએ આજીવન કેળવણીનું કાર્ય કર્યું છે.

(૧) ૧૮૯૩ થી ૧૯૦૩ દરમ્યાન કોસિન્દ્રા, પીંપળી, પાછિયાપુરા અને વડોદરામાં;

(૨) ૧૯૦૩ થી ૧૯૦૮ સુધી ગંભીરામાં;

(૩) ૧૯૦૮ થી ૧૯૧૫ સુધી પેટલાદમાં;

(૪) ત્યાર પછી ૧૯૨૭ સુધીનાં ૧૩ વર્ષ દરમ્યાન તેમના સમગ્ર કાર્યને સવિશેષ અને સુવિશાળ પુટ મળ્યો અમદાવાદમાં—જ્યાં તેમણે શેઠશ્રી અંબાલાલ સારાભાઈને ત્યાં 'ઘરશાળા'માં બાળકોના શિક્ષણ-સંસ્કારદાતા તરીકે સેવાઓ આપી. એ કુટુંબ સાથે બાળકોના પાલક તરીકે તેમને એક વર્ષ ઇંગ્લેન્ડમાં રહેવાનો અને ત્યાંના વિચારો-અનુભવોને પોતાની દૃષ્ટિથી જાણવાનો મોકો મળ્યો. આ શિષ્ટ કુટુંબ દ્વારા જ તેમને ગાંધીજી, ટાગોર, ક્ષિતિમોહન સેન વગેરે અનેક મહાનુભાવોના પ્રત્યક્ષ અને પરોક્ષ રીતના સત્સંગનો લાભ મળેલો.

(૫) ૧૯૨૭ થી ૧૯૩૦ દરમ્યાન તેમણે જ પચીસ વર્ષ પહેલાં સેવેલી કોસિન્દ્રાની શાળામાં નવો પ્રાણ પૂરી તેમાંથી ગુરુકુળ જેવા આદર્શ આશ્રમને ઉપસાવ્યો. એમના જીવનનો આ સર્વોત્તમ સમય હતો.

( ૬ ) દાંડીકૂચના વર્ષમાં ફરી પાછા તેઓ શ્રી સરલાબહેનના આગ્રહથી ' ઘરશાળા 'માં જોડાયા, અને ૧૯૪૧ સુધી ત્યાં રહ્યા.

( ૭ ) શરીરે વૃદ્ધ થતા જતા આ કર્તવ્યનિષ્ઠ શિક્ષકને પછી જીવનનાં અંતિમ વર્ષોમાં મુંબઈમાં શેઠશ્રી ફૂલાચંદને ત્યાં શિક્ષણકાર્ય સ્વીકારવું પડયું. શિશુભ્યો નમઃ ની ઉપાસના કરતાં કરતાં જ તેઓ ગાંધીજયંતિદિને ( ૨ ઑકટોબર, ૧૯૪૩ ) વિદેહ થયા.

આ છે એક સાવ સાદા નિઃસ્પૃહી નિરભિમાની સંસ્કારસિન્ધુ શિક્ષકે પાંચ દાયકા ( ૧૮૯૩-૧૯૪૧ ) પર્યંત તપત્યાગપૂર્વક પ્રગટાવેલી જ્વલંત શિક્ષણજ્યોતની પ્રકાશલીલા. એનો વ્યાપ બહુ વિશાળ ન કહેવાય, પરંતુ એમની તેજસ્વિતાથી દોરાતાં વર્તુળોમાં સદ્દભાગ્યવશાત્ પ્રવેશીને આલોકિત થયેલાં કેટલાંય નાનાંમોટાં કોડિયાં, દીપકો અને તારકો આજે એ સાચા બ્રાહ્મણત્વના ઉજ્જવળ આદર્શોને ચરિતાર્થ કરનાર ગુરુવર્યનું સ્નેહપૂર્વક સ્મરણ કરતાં ધન્યતા અનુભવે છે.

ગાંધીજીએ જેમને ' રત્ન ' તરીકે અને બીજા વિદ્વાનોએ ' આદર્શ ઋષિ ' ' બત્રીસલક્ષણો શિક્ષક ', ' પરમ ઋજુ અને પારંગત શિક્ષક ' વગેરે બિરુદોથી નવાજ્યા છે એવા આત્મલક્ષી અભિગમવાળા પ્રતિભાસંપન્ન વિદ્યાપુરુષની જન્મશતાબ્દી સમયે સ્મારકગ્રંથનું અને પત્રોના ગ્રંથનું સંપાદન થયું છે તે આવકાર્ય છે.

' સંસ્કાર-શિક્ષક ' ગ્રંથના ખંડ ૧-૨-૩-૭માં વંદનીય વિભૂતિને અપાયેલી દસેક કાવ્યાંજલિઓ, સુભાષિતો, ૪ અર્પણપત્રિકાઓ અને સંક્ષિપ્ત જીવનરેખાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખંડ ૪ ' અર્ધ્ય ' નાં ૧૦૨ લખાણો પૈકી ૮૨માં તો કરુણાશંકર વિષે સ્નેહીસંબંધીઓએ લખેલાં અંજલિરૂપ પત્રો-પ્રવચનોમાંથી ઉપયોગી અંશોનું ઉદ્ધરણ કરવામાં આવ્યું છે. તેમાં સર્વશ્રી કાન્ત, નાનાલાલ, પૂજાલાલ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ભોગીલાલ સાંડેસરા વગેરે સાહિત્યકારોના પત્રોમાંથી ( કયાંક કયાંક તો ૧-૨ લીટીમાં જ ! ) ઉતારા આપવામાં આવ્યા છે. છઠ્ઠા નાનકડા ખંડમાં શ્રી કરુણાશંકરભાઈનાં સહધર્મચારિણી ચંચળબહેનની સંસ્કારલક્ષ્મીનું દર્શન કરાવતા ૭ લેખો સમાવ્યા છે.

વિદ્યાગ્રહણ-વિતરણ ઉપરાંત પોતે જ્યાં જ્યાં વિહરતા કે વસતા ત્યાં ત્યાં સંપર્કમાં આવનાર સૌ કોઈમાં-વિદ્યુત્પ્રવાહની જેમ-સહજ રીતે-ઉદાત્ત 'માનવમૂલ્યોનું સંચાર-સંપ્રસારણ કરનાર વિદ્યાવ્યાસંગી સત્પુરુષના અગાધ સાગર સમા વિશાળ વ્યક્તિત્વનાં વિવિધ દ્યુતિમાન પાસાંઓનો પરિચય આપનાર ' મધુપર્ક ' ખંડ ૫ વિદ્વાનો, સાહિત્યકારો, શિક્ષકો અને કુટુંબીજનોના ૭૩ લેખોથી સમૃદ્ધ બન્યો છે. તેમાં ગુરુભક્ત શિષ્ય અને શિષ્યવત્સલ ગુરુ; અંગ્રેજી નહીં ભણેલા છતાં અંગ્રેજી ભાષાની પ્રશિષ્ટ કૃતિઓમાંથી અને બંગાળી, હિંદી, સંસ્કૃત અને ગુજરાતી ભાષાઓના સમૃદ્ધ સાહિત્યમાંથી વિદ્યાર્થીઓ અને ( પત્રોમાં ) સ્વજનો પ્રતિ પ્રેરક પાથેય પીરસનાર બહુશ્રુત સ્મૃતિસજ્જ શિક્ષક; પોતાની અને અન્યની મધુકરવૃત્તિવાળી જ્ઞાનપિપાસાને સદાય સતેજ રાખતા આજીવન અભ્યાસી અને આચારધર્મી અધ્યાપક બની રહેનાર શિક્ષણયોગી; શિક્ષણની ફિલસૂફી બાબતમાં પોતાના ઘડતરમાં મહદ્દફાળો આપનાર કવિ કાન્તના પટ્ટ શિષ્ય; ગુજરાતમાં મોન્ટેસરી બાલશિક્ષણપદ્ધતિના પ્રચારક-પુરસ્કર્તા શ્રી ગિજુભાઈ બધેકાને પૂર્વપીઠિકા પૂરી પાડનાર પ્રથમ

પ્રયોગવીર; પુસ્તકાલય-પ્રવૃત્તિના પ્રણેતા શ્રી મોતીભાઈ અમીનના પરમ મિત્ર; જ્ઞાનચારિત્ર્યની અભિન્નતાના આગ્રહી માત્ર વિષયબોધક નહીં પણ સંસ્કારવાહક પ્રબોધક,...એવા આદરણીય વ્યક્તિવિશેષનું સુરેખ શબ્દચિત્ર ઊપસી આવે છે.

સતત કાર્યરત રહેતા કરુણાશંકરભાઈને, મોડી રાતે ય વખત કાઢીને, પોતાનાં સ્વાધ્યાય-મનન-નિરીક્ષણ વગેરેને નોંધવાનો ભારે શોખ હતો. શતાબ્દી સમિતિએ કરેલા નિર્ધાર મુજબ એ નોંધપોથીઓનો ગ્રંથ પ્રકટ થશે ત્યારે કેળવણીના વિષયમાં હાલમાં થઈ રહેલાં અને ભવિષ્યમાં થનારાં નવતર પ્રયોગ-આયોજનોમાં એ ગ્રંથમાંનાં અનુભૂત મંતવ્ય-વિવેચનો યત્કિંચિત્ પણ માર્ગદર્શક બની રહેશે.

પ્રથમ ભાગમાં તો તેમણે ૧૮૯૯ થી ૧૯૪૩ સુધીમાં કુટુંબીજનો, મિત્રો અને સ્નેહીઓ પર લખેલા નાનામોટા ૨૩૮ પત્રોને મિતિવાર અને જીવનના તબક્કાવાર વર્ગીકૃત કરીને સમાવેલા છે. તેમના ૫૦ પત્રો તો તેમના ગુરુ ‘ કાન્ત ’ને ઉદ્દેશીને અને લગભગ ૧૫૦ ઉપરાંત પૃષ્ઠ રોકતા લાંબા પત્રો એમનાં સત્પુત્રી શ્રી કુસુમબહેનને સંબોધીને લખાયા છે. આ સિવાયના મોટા ભાગના પત્રોમાં, વાચન–ચિંતનની સામગ્રી હોવા છતાં, તદ્દન ઘરગથ્થુ સામાન્ય વ્યવહારુ બાબતો–સૂચનો વધુ પ્રમાણમાં આવે છે, તેમાંથી ઘણું બધું ચાળી શકાયું હોત ! સંપાદકો જણાવે છે તેમ તેઓએ ‘ સમકાલીન વ્યકિતઓની વૃત્તિની ટીકા ’ના અંશોને છોડી દીધા છે !

“ અમે તો જ્યાં કોઈ વ્યકિતઓનું ગુણદર્શન થયું હોય ત્યાં તે આપવાનું ને જ્યાં કોઈ વ્યક્તિઓના માનવસહજ દોષોનો અંગુલિનિર્દેશ થયો હોય ત્યાં એ ટાળવાનું પસંદ કર્યું છે. ” ( પ્રસ્તાવના પૃ. ૬ )

પોતાની પુત્રીને લખાયેલ પત્રોમાં ‘ પૂજ્ય શ્રી કુસુમબહેનની પવિત્ર સેવામાં ’ જેવાં સંબોધનો અને અંતમાં ‘ લિ. કરુણાશંકરના પ્રણામ ’ વાંચતાં આપણા હૃદયમાં આશ્ચર્ય થાય તેના કરતાં પત્રાન્તર્ગત લખાણ વાંચતાં એ નારીશકિત માટે અહોભાવયુક્ત આદરભાવ ઉત્પન્ન થાય છે. તેથી ય અધિક પૂજ્યભાવ તો પુત્રીના વિભૂતિતત્ત્વને વંદનાર પિતા માટે થાય છે.

સાહિત્યિક દૃષ્ટિએ નહીં પણ સાહજિક રીતે લખાયેલા અંગત પત્રોમાં પોતાના અને અન્યના આત્મોત્કર્ષ માટે સતત ઝંખતા જાગ્રત આત્માનાં, તથા પોતાની મર્યાદાઓ માટે વાસ્તવ પશ્ચાત્તાપપૂર્વક વધુ અને વધુ આત્મનિરીક્ષણ કર્યે જતા સન્નિષ્ઠ સાધકહૃદયનાં આપણને દર્શન થાય છે. પત્રોમાં વારંવાર લંબાણપૂર્વક આવતાં અવતરણો અને વિવેચનો પરથી તથા ઈંગ્લેન્ડથી લખાયેલા પત્રોમાં પોતે કરેલા અનુભવોના સુવાચ્ય આલેખન પરથી કોઈ સમર્થ સાહિત્યકારની તો નહીં પણ ઠરેલ અભ્યાસી શિષ્ટ પ્રવાહી લેખનીનો ઠીક ઠીક પરિચય થાય છે. આ બાબતમાં શ્રી યશવંત શુકલ જેવા વિદ્વાનનો અભિપ્રાય તેમને ગાંધીજીની સમીપ મૂકે છે (‘ સંસ્કાર-શિક્ષક ’ પૃ. ૨૪૨ ’). એવી આદરણીય વિભૂતિને આપણી વંદના હો.

બન્ને ગ્રંથોનું સુંદર કાગળો પર સફાઈદાર શુદ્ધ રીતનું મોનો–ટાઈપમાં થયેલું મુદ્રણ આકર્ષક બન્યું છે.

સંપાદકોને અભિનન્દન.

**મહેન્દ્રકુમાર મો. દેસાઈ ( કુમાર )**

* * *

**અનુરણન :** લેખક : ડૉ. ચન્દ્રકાન્ત મહેતા, પ્રકાશક અને વિક્રેતા : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ-૧, પૃ. સંખ્યા ૩૩૫, કિંમત રૂા. ૯-૫૦.

જુદે જુદે સમયે સામયિકોમાં લખાયેલા ઓગણપચાસ લેખોનો આ સંગ્રહ છે. સંગ્રહના શરૂના પાંચ લેખો—'સ્વાતંત્ર્યોત્તરકાલીન ગુજરાતી સાહિત્ય', 'રાજકીય ક્રાન્તિ અને ગુજરાતી સાહિત્ય', '૧૯૬૪ના ગુજરાતી સર્જનાત્મક સાહિત્યના પ્રવાહો', 'ગુજરાતી સાહિત્ય અને ભારતીયતા' અને 'ગુજરાતી સાહિત્ય પર દૃષ્ટિપાત'—કેવળ ગુજરાતી સાહિત્યને સ્પર્શતા છે. એ પાંચ લેખોમાં 'રાજકીય ક્રાન્તિ અને ગુજરાતી સાહિત્ય' શીર્ષકવાળો લેખ પ્રમાણમાં નબળો છે. બાકીના ચાર લેખોમાં વિગતોની ચોકસાઈ અને અભ્યાસની ઝીણવટ વરતાઈ આવે છે. 'સાહિત્યમાં જીન્સી તત્ત્વને સ્થાન' એ લેખ સામાન્ય કોટીનો છે તો 'કાકાસાહેબનું પ્રકૃતિદર્શન' એ લેખ સંક્ષેપમાં પ્રકૃતિપ્રેમી કાકાસાહેબનો અચ્છો પરિચય કરાવે છે. ઉપસંહારમાં તેઓ કહે છે: 'ગુજરાતનો સાચો પ્રકૃતિગાયક હોય, નિસર્ગકવિ હોય તો એ કાકાસાહેબ જ છે. જેમ મેઘાણીએ લોકહૃદયમાં પ્રવેશ કરી, લોકગીતોમાં જે જીવંતતા હતી, જે થનગનતું ચેતન હતું તે આપણને દેખાડયું, તેવી જ રીતે કાકાસાહેબે પ્રકૃતિના હૈયામાં પ્રવેશી, એમાં જે ચેતન અને કાવ્ય હતું, તે એમણે દિવ્ય દૃષ્ટિ વડે જોયું ને આપણને જોવા માટે એ દિવ્ય દૃષ્ટિ આપી, વાણી દ્વારા ચખાડયું છે". સંગ્રહના નં. ૮ થી ૧૮ સુધીના અગિયાર લેખો ગાંધીવાઙ્મયને સ્પર્શતા છે. મહાત્મા ગાંધીના બહુરંગી વ્યક્તિત્ત્વનું દર્શન એ લેખો દ્વારા થાય છે. નં. ૧૯ થી ૪૮ સુધીના ત્રીસ લેખોમાં ગુજરાતી-બંગાળી સાહિત્ય-કૃતિઓની સમીક્ષા છે તો સંગ્રહનો છેલ્લો લેખ 'વાસ્તવિકતા : એક દૃષ્ટિ'એ અછડતી નોંધ જેવો છે.

'અનુરણન'ના નોંધપાત્ર લેખો નીચે પ્રમાણે છે : ન પૌરાણિક ન નાટક', 'નાગાબાવા,' 'દૂર્વાંકુર' 'જીવનલીલા', 'દક્ષિણાયન', 'મહાપુરુષનું નબળું જીવનચરિત્ર' 'તમસને છતું કરતા સાધકના પત્રો,' 'થોડા વિવેચન લેખો,' 'રૂપસૃષ્ટિનું દર્શન,' 'યુવાન પેઢીની વકીલાત', 'જાતને હસતા હાસ્યકાર,' 'ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો' અને 'વિવેચના.' આ લેખોમાંથી ડૉ. મહેતાની સાહિત્યપદાર્થની સૂઝ-સમજ પારદર્શક રીતે વ્યક્ત થાય છે તેમ જ વિવેચક તરીકેની સજ્જતા, તોલનશકિત, પૂર્વગ્રહમુકિત અને નિર્ભીક તાટસ્થ્ય છતાં થાય છે. 'સ્વાતંત્ર્યોત્તરકાલીન ગુજરાતી સાહિત્ય'માંથી આના સમર્થનમાં એક પેરેગ્રાફ જોઈએ : "આમ સમગ્રતા જોતાં, છેલ્લા બે દશકાનું સાહિત્ય બે વહેણોમાં વહે છે : એક પરંપરાનું અને બીજું નવીનતમ. પરંપરિત વહેણ ગાંધીયુગની ચાલતી આવેલી પરંપરાનું અનુકરણ અને અનુસરણ કરે છે. એ એ મર્યાદામાં રહીને નવા નવા અખતરાઓ પણ કરે છે, તો બીજું વહેણ પ્રતીકવાદ, ઘટનાનું તિરોધાન, લય કે લોપ, ચેતનાપ્રભાવશૈલી, બાહ્ય દુનિયાથી પરાઙ્મુખ બની માનવના આંતરમનની પ્રક્રિયાઓ તથા સંવેદનોને મૂર્ત કરવાના પ્રયત્નો વગેરેમાં વ્યસ્ત છે. એ વિષયને નહિ પણ આકૃતિને પ્રાધાન્ય આપે છે. આ બન્ને વહેણોનું સહઅસ્તિત્વ હોઈ શકે છે. બન્ને પોતપોતાના પ્રદેશમાં ફાલે ફૂલે છે અને ફાલતા ફૂલતા રહેશે એવી આશા ઉત્પન્ન કરે છે, કારણ કે માનવનો આંતર જીવન તથા બાહ્ય જીવન બન્ને જોડે સંબંધ છે. નવીનતમ સાહિત્યની વિભાવનાઓ હજી દૃઢમૂલ થઈ નથી. તેમ છતાં એની જે અનેક સંભાવનાઓ છે-પ્રગટ તથા પ્રચ્છન્ન શકિત છે, તે આપણા સાહિત્યને અનેક રીતે સમૃદ્ધ કરશે એ વિશે શંકા નથી." (પૃ. ૧૨)

આવા અભ્યાસી ગ્રંથમાં સેંકડો મુદ્રારાક્ષસો રહી જવા પામ્યા છે તે તેની ક્ષતિ ગણાય. 'શુદ્ધિપત્રક' આપ્યું હોત તો ક્ષમ્ય ગણાત. જ્યાં જ્યાં અવતરણો આપ્યાં છે ત્યાં ત્યાં કર્તા-કૃતિ અને પૃષ્ઠસંખ્યા આપવાં જરૂરી ગણાય. કૃતિઓનાં નામ અને તખલ્લુસો અવતરણમાં મૂકવાં આવશ્યક નહીં ? વિશેષ નામોની જોડણીમાં પણ એકવાક્યતા જળવાઈ નથી. સંસ્કૃત અવતરણોના મુદ્રારાક્ષસો ઊડીને આંખે વળગે તેવાં છે.' મહાદેવભાઈની ડાયરી : પુસ્તક ત્રીજું'' વિશેના વિવેચનલેખમાં પૃ. ૧૨૯ ઉપરના 'બાપુના જીવનનું બહુરંગી દર્શન કરાવતાં પત્રો'–એ શીર્ષક ઘૂસી ગયું છે. એ જ રીતે 'ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન' એ લેખમાં (પૃ. ૩૧૩) ઇન્દુલાલ યાજ્ઞિકની કાંઈક કૃતિ વિશેનું લખાણ છપાઈ ગયું છે. પૃ. ૬૨ અને પૃ. ૬૯ પર વાક્યખંડનાં પુનરાવર્તનો કઠે તેવાં છે. સંપાદનમાં સહેજ કાળજી રાખી હોત તો આ દોષો ટાળી શકાયા હોત.

શ્રી વિજયરાય ક. વૈદ્ય કૃત 'જુઈ અને કેતકી' વિષે ડૉ. મહેતાએ આપેલો અભિપ્રાય તેમના આ વિવેચનસંગ્રહને વિશે પણ પ્રયોજી શકાય. "અમે તો એટલું જ કહીશું કે સાચા વિવેચનમાં ખોટી સુંવાળપ પણ ન હોય, અથવા તો અમુક પૂર્વગ્રહોને લીધે તે કાંટાળું પણ ન બની ગયું હોય." (પૃ. ૧૮૦)

રણજિત એમ. પટેલ (અનામી)

* * *

**ત્રણ જ્યોતિર્ધરો—અખો-શામળ-દયારામ** : લે. કે. કા શાસ્ત્રી. પ્રકાશક : બુટાલા, વડોદરા, ૧૯૭૩, પૃ. ૧૦૨; કિં. રૂા. ૬.

મધ્યકાલીન સાહિત્યના ત્રણ મહત્ત્વના કવિઓ—અખો, શામળ અને દયારામ—પર અધિકૃત વ્યાખ્યાતાએ આપેલાં વ્યાખ્યાનોનો આ સંગ્રહ છે. તે તે કવિના વિષયમાં પોતાના 'આછો નિચોડ' સંક્ષેપમાં અહીં અપાયાનું વ્યાખ્યાતાએ જણાવ્યું છે. એ સાથે, એમ પણ જણાવાયું છે કે તે તે કવિના વિષયમાં બાઝેલા નાના-મોટા સંદેહ પણ દૂર કરવાનો, વ્યાખ્યાતાનો પ્રયત્ન રહ્યો છે.

એમ છતાં, અખો, શામળ અને દયારામ—આ ત્રણે કવિઓના આજપર્યન્ત પ્રકાશમાં આવેલા અભ્યાસના અનુસંધાનમાં વિચારતાં 'ત્રણ જ્યોતિર્ધરો'નું નવું પ્રકાશન કેટલે અંશે અનિવાર્ય એવો એક પ્રશ્ન મનમાં ઊભો થયા વિના રહેતો નથી !

અખા પર બત્રીસ, શામળ પર બાવીસ અને દયારામ પર ચોવીસ ઉપરાંત છ પરિશિષ્ટોનાં એકસો આઠ પૃષ્ઠો અહીં ફાળવેલાં છે. દયારામ વિશેનાં પરિશિષ્ટો પૈકીનાં બે—પાંચમું અને છઠ્ઠું—ના લેખક પ્રો. જીવનલાલ જોશી છે. વ્યાખ્યાતાએ જીવન અને કવન એવા બે વિભાગો પ્રત્યેક કવિના સંદર્ભમાં રચીને કવિઓ પરનો સંક્ષેપ અહીં રજૂ કર્યો છે.

'અખો' શીર્ષક હેઠળનાં બત્રીસ પૃષ્ઠોમાં પહેલાં તેરમાં અખાના જીવનપ્રસંગોની અને બાકીનાં ઓગણીસમાં કવનની સમીક્ષા થઈ છે. જીવન-કવનની સમીક્ષા પ્રાયઃ ચર્વિતચર્વણા જ

પ્રસ્તુત કરે છે, સિવાય પુષ્ટિસંપ્રદાય અને ગુરુ ગોકુળનાથ તરફ અખાનું વલણ કેવું અવિરોધી હતું, એ અંગેની કંઈક વિગતે રજૂઆત.

અખો આપણી જ્ઞાનાશ્રયી કાવ્યધારાનો પ્રમુખ કવિ છે. એથી એ કાવ્યધારાનો મિતાક્ષરી પરિચય અહીં અઢીસોએક શબ્દોમાં અપાયો છે; પરંતુ અહીં જે રીતે પરિચય અપાય છે, તેથી કોઈ હેતુ સિદ્ધ થતો હોય એમ લાગતું નથી. જ્ઞાનાશ્રયી કવિતાની વાત થતી હોય ત્યારે જ્ઞાનાશ્રયી સંજ્ઞાનો વિચાર થવો જોઈતો હતો. આપણે ત્યાં જે કાવ્યધારાને આ સંજ્ઞા પ્રાપ્ત થઈ છે તેમાં પ્રતીત થતાં પ્રમુખ બે વલણો—તત્ત્વનિરૂપણ અને આત્મોન્નત્તિની સાધના કરતું સાધકોની આધ્યાત્મિક અનુભૂતિઓની અભિવ્યક્તિ—ને લક્ષમાં રાખીને આ ધારામાં સાધક કવિઓની સાધનાનો મિતાક્ષરી પરિચય અને તે સાધનાપરંપરામાં અખાનું વિશિષ્ટ પ્રદાન અને સ્થાન અહીં ચર્ચાયાં હોત તો એક પ્રકારની તાજપ આ પ્રકાશનને અનિવાર્ય ઠેરવત. મીરાં અને કૃષ્ણજી જેવા 'અનુભવિયા' સાધક કોટીનું જીવન પ્રતીત કરાવનારાંને આ ધારામાં સ્થાન આપ્યું નથી!

શામળ પ્રેમાનંદની સ્પર્ધાના ખૂબ ચર્ચાયેલ મુદ્દા પરત્વે વ્યાખ્યાતાએ શ્રોતાઓને વધુ રોકયા છે! જો કે, શામળની રચ્યાસંવત દર્શાવતી કૃતિઓનો આધાર લઈને શામળ પ્રેમાનંદનો સમકાલીન સર્વથા નથી જ, એવો દઢ મત પોતે પ્રદર્શિત કરી શકયા છે. વાર્તાકાર તરીકેના મૂલ્યાંકનમાં કોઈ નવો મુદ્દો પ્રસ્તુત થયો નથી.

દયારામ વિશે વ્યાખ્યાતાનો સક્રિય સંશોધનાત્મક અભ્યાસ પ્રતીત થાય છે. 'ભક્ત કવિ દયારામભાઈ', 'શ્રી દયારામના ગુરુ શ્રી વલ્લભજી મહારાજ', 'ભક્તકવિ દયારામભાઈની કૃતિઓનો રચનાક્રમ' અને 'ભક્તકવિ શ્રી દયારામને નામે ચડેલી કૃતિઓ'–આ ચાર પરિશિષ્ટોમાં શાસ્ત્રીજીનો સંશોધનપુરુષાર્થ પ્રગટ થયો છે. સમયદૃષ્ટિએ મધ્યકાલીન કવિઓમાં દયારામ આપણો સૌથી નિકટનો કવિ. એમ છતાંય એના જીવનપ્રસંગો સંબંધી અને ધવલધન્યાશ્રીમાં રચાયેલી કેટલીક સૈદ્ધાન્તિક કૃતિઓ સંબંધી કેવી અશ્રદ્ધેય પરિસ્થિતિ પ્રવર્તે છે! શાસ્ત્રીજીએ આ પરિસ્થિતિને સુધારવા ઉઠાવેલી જહેમત આ પરિશિષ્ટોરૂપે પ્રગટ થયેલા લેખોમાં પ્રતીત થશે.

સુ. મ. દવે

* * *

**વેરાન જીવન :** લે. શ્રી કમળાશંકર પંડ્યા, પ્રકાશક શ્રી કમળાશંકર પંડ્યા સન્માનસમિતિ, મુંબઈ–ઈંદોર, પૃ. ૨૩+૫૧૨, મૂલ્ય રૂા. ૨૦=૦૦.

ગુજરાતી સાહિત્યમાં 'સત્યના પ્રયોગો' પછી ઠીક ઠીક સંખ્યામાં રાજકીય આત્મકથાઓ પ્રાપ્ત થવા માંડી છે. શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક, શ્રી મોરારજીભાઈ દેસાઈ, શ્રી દિનકર મહેતા, ડૉ. સુમન્ત મહેતા વગેરે રાજકીય–સામાજિક અગ્રણીઓની સાથે સાથે પીઢ સ્વાતંત્ર્યસૈનિક નિરીશ્વરવાદી વિચારક અને સમાજવાદી આંદોલનના પ્રેરક શ્રી કમળાશંકર પંડ્યાની 'વેરાન જીવન' આત્મકથા ઉમેરાતાં, ગુજરાતના રાજકીય જીવનના વિવિધ તબક્કાઓની માહિતી પામવા ઉપરાંત તેને અલગ અલગ દૃષ્ટિકોણથી સમજવાનો મોકો વાચકોને લભ્ય બને છે.

જુવાનીનો સુવર્ણકાળ કોંગ્રેસ સમાજવાદી આંદોલનમાં, જેલવાસમાં, વિભિન્ન રાજકીય પરિબળોના અભ્યાસમાં તથા વિશેષત: પંચમહાલની અને કંઈક અંશે મધ્યપ્રદેશની વિવિધ પ્રવૃત્તિઓમાં ન્યોચ્છાવર કરનાર શ્રી પંડ્યાની આ કર્મકથામાં વ્યથા અને વેદનાના સૂર જ્યાંત્યાં સંભળાય છે. તેમને તો ચાંપાનેરિયા, રમણલાલ શેઠ જેવા તેમના કેટલાક મિત્રોની સહાયથી ગાંધીજી અને સરદારના નેતૃત્વને પડકારીને પણ ગુજરાતમાં કોંગ્રેસ સમાજવાદી આંદોલનને વેગવંતું બનાવવું હતું. પણ આ વિચક્ષણ અભ્યાસી (અ) સામ્યવાદીઓમાં દેશભક્તિને સ્થાને વિદેશભક્તિ અને કેવળ પક્ષનિષ્ઠા જોતાં તથા તેઓની સમાજવાદી કોંગ્રેસમાં મોટા પાયા પરની ઘૂસણખોરી જોતાં, (બ) ચૂસ્ત ગાંધીવાદીઓની પણ હાસ્યાસ્પદ દાંભિકતા નિહાળતાં, અને (ક) ખુદ કોંગ્રેસમાં પણ અકળાવી નાંખે તેવું આંતરિક રાજકારણ પામતાં છળી ઊઠે છે. આથી તેમની કલમમાંથી હૈયાવરાળને સીધી વાચા આપતાં તાતાં તીર સહજ રીતે સરી પડે છે. દા.ત.
—'૧૯૩૯માં જવાહરે પાટલી બદલી. પાટલીબદલુઓની ક્રિયા તો કોંગ્રેસમાં ચાલતી જ આવી છે.' (પૃ. ૧૬૬)

—'સામ્યવાદીઓની પણ આવી જ હાલત થઈ. તેઓએ ૧૫મી ઑગસ્ટે કાળા વાવટા કરી સ્વરાજ્યનું સ્વાગત કર્યું. આમાં સમાજવાદીઓ અને સામ્યવાદીઓ બંનેએ બુદ્ધિનું દેવાળું કાઢ્યું હતું. સમાજવાદીઓએ અસહકાર કર્યો, સામ્યવાદીઓએ વિરોધ કર્યો એટલો ફરક. (પૃ. ૨૫૪)'

આને પરિણામે, ૧૯૪૧માં રાજકીયપદ કદી ન લેવાનો નિર્ણય કરનાર અને સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ બાદ કર્મભૂમિ દાહોદમાંથી સ્વૈચ્છિક દેશવટો ભોગવી અનેક સામાજિક પ્રવૃત્તિઓ આદરનાર શ્રી પંડ્યા જ્યાં ત્યાં રાજકારણનો ગંદવાડ જોતાં વધુ વ્યથિત થાય છે અને દિલથી જતન કરીને ઉછેરેલી અનેક સંસ્થાઓને અથડામણ ઊભી થતાં તત્કાળ છોડે છે.[1]

પોતાની તેજસ્વી કારકિર્દીનો, મધુર દામ્પત્યજીવનનો તથા ભાઈના નિખાલસ પ્રેમનો હસતે મુખે ભોગ આપનાર આત્મકથાના નાયકને સર્વત્ર હતાશા-નિરાશા સાંપડતાં જાણે એમ લાગે છે કે તેમનો જીવનયજ્ઞ સંપૂર્ણ સફળ નથી નીવડ્યો. કદાચ તેથી તેમની આત્મકથાને 'વેરાન જીવન' તરીકે નહીં ઓળખાવતા હોય? આ આત્મકથા પાછળનો પ્રમુખ ઉદ્દેશ ૧૯૩૪ બાદ દેશમાં પ્રગટેલી સમાજવાદી વિચારસરણી અને ગુજરાતમાં પડેલા તેના પ્રત્યાઘાતોની કથા નિરૂપવાનો ભલે હોય, પરંતુ સાથે સાથે આત્મનિવેદન દ્વારા માનસિક શાંતિ મેળવવાનો[2] અને પોતાના વિશે જાણે-અજાણે પ્રવર્તતી કેટલીક ગેરસમજો દૂર કરવાનો[3] પણ હોઈ શકે.

'વેરાન જીવન'માં લેખકે ગાંધીજી, સુભાષચંદ્ર, સરદાર વલ્લભભાઈ, જવાહરલાલ, જયપ્રકાશ, મોરારજી, ઈન્દુલાલ યાજ્ઞિક વગેરે અગ્રણી રાજપુરુષોનાં શબ્દચિત્રો પ્રામાણિકપણે

---

૧. 'જે જે સંસ્થાઓ મેં પ્રેરી, રચી, ચલાવી તેમાં વૈચારિક સંઘર્ષો ઊભા થતાં જ, અને હું તેમાંથી વિદાય લેતો.' (પૃ. ૩૫૧)

૨ 'મારી આત્મકથા લખવાનું મન થઈ આવ્યું છે. હું ધારું છું કે લખીશ તો થોડી માનસિક શાંતિ મળશે.' (પૃ. ૨૦૭)

૩ જેમકે, '...હું સામ્યવાદી છું એ જ મારી સામે મુખ્ય પ્રચાર હતો.' (પૃ. ૨૩૯)

આપ્યાં છે. ગાંધીજીના વિરાટ વ્યક્તિત્વથી અંજાયા હોવા છતાં દબાણ માટેના તેમના રાજકીય અપવાસનો લેખક વિરોધ કરે છે. સરદાર વલ્લભભાઈ સાથે તેઓ સતત સંઘર્ષમાં રહ્યા હોવા છતાં તેમના ઉમદા ગુણોની મુક્તકંઠે પ્રશંસા કરતાં અચકાતા નથી. મોરારજીની કેટલીક રાજકીય મર્યાદાઓને બાદ કરતાં તેમનામાં એક ધ્યેયનિષ્ઠ અડગ સૈનિકનાં લક્ષણો જોઈ મહાગુજરાત આંદોલનના કપરા સમયમાં તેઓ મોરારજીનું તૈલચિત્ર ખુલ્લું મૂકવાનું સાહસ કરે છે.[૪] સમાજવાદી વિચારસરણીને બદલે તેના દંભનું પ્રતિબિંબ જવાહરલાલની નીતિ-રીતિમાં દેખાતાં તેમની અને જવાહરસરકારની સત્તાલાલસાની કડક આલોચના કરે છે. લેખકનું સ્વતંત્ર સમતોલ વિચારક તરીકેનું દૃષ્ટિબિંદુ આમાં છતું થાય છે. આની સાથે સાથે વામન મુકાદમ, જીવણલાલ ચાંપાનેરિયા, રમણલાલ શેઠ, યાજ્ઞાભાઈ લોખંડવાલા જેવી સ્વાતંત્ર્યસંગ્રામની પડદા પાછળની નાનકડી પણ ખમીરવંતી વ્યક્તિઓનાં વીગતે નિરૂપાયેલાં ચિત્રો પણ તેટલાં જ રસપ્રદ અને આકર્ષક લાગે છે. કોંગ્રેસનાં અધિવેશનો, ઠરાવો, મવાળ, ઉદ્દામ અને તકવાદી વિચારસરણીઓના સંઘર્ષો, ઐતિહાસિક પ્રસંગો વગેરેમાં વાચકને સમાજવાદી જૂથના વલણ ઉપરાંત અનેકવિધ દસ્તાવેજી માહિતી પ્રાપ્ત થાય છે. ૧૯૪૭ પૂર્વે અને પછીનાં કોમી રમખાણોની પશ્ચાદ્ભૂમિકા; ‘નાસિક જેલમાં નજરકેદ’, ‘ગુજરાતમાં સ્વૈચ્છિક દેશવટો’, ‘બેહાલ રાષ્ટ્ર’ જેવાં પ્રકરણોમાં નાયકનું ઉગ્ર મનોમંથન તથા આત્મકથાને અંતે મૂકેલાં મૂલ્યવાન ૨૧ પરિશિષ્ટો-તેમાંય શ્રી ચાંપાનેરિયા, શ્રી ચંદ્રવદન શાહ અને શ્રી રમણલાલ શેઠ સાથેના લાંબા પત્રવ્યવહારોવાળું નાયકની વિચારસરણી અને મંથનક્ષણોને સ્પષ્ટ કરતું ૧૩મું પરિશિષ્ટ–પ્રસ્તુત આત્મકથાને વધુ માહિતી-સભર અને આસ્વાદ્ય બનાવે છે. અલબત્ત, અનેકવિધ રાજકીય નેતાઓનું અને અધિવેશનોનું સક્રિય સાંનિધ્ય ભોગવનાર તથા જવાહરલાલના વાણીવિલાસનો પ્રચંડ વિરોધ કરનાર આ મુત્સદ્દી રાજપુરુષ ‘જ્યારે જ્યારે પ્રસંગ ઊભો થાય ત્યારે મસાણી જાહેરસભાઓમાં મને તેમના ઉપરી (boss) તરીકે વર્ણવે’ (પૃ. ૩૪૫) જેવું વિધાન કરે ત્યારે રાજકોટની સંસદની બેઠક પર ઊભેલા ઉમેદવારની વાક્જાળમાં લેખકને આસાનીથી ફસાયેલા જોઈને આપણને તેમના રાજકીય ભોળપણ પર આશ્ચર્ય થાય છે! કારણ કે લેખકે પોતે જ આવા ખંધા રાજપુરુષોની મનોવૃત્તિનું ચિત્ર એક સ્થળે યોગ્ય રીતે આપ્યું છે: ‘સત્તાશોખીનો દરેક શસ્ત્રનો ઉપયોગ કરે, કામ કાઢવા ખુશામત કરે અને પછી લાતો મારે.’ (પૃ. ૩૪૦)

લેખકના જાહેર જીવનને મુકાબલે તેમના અંગત જીવનની વાતો જલ્દીથી આટોપાઈ ગઈ હોય તેની છાપ પ્રથમ વાચને પડે છે. જ્ઞાતિરિવાજો, આભડછેટપ્રથા, બાળલગ્નો અને વિશેષ તો વિધવા બહેન નર્મદાના કેશવપનના પ્રસંગથી નાયકની ધર્મ અને ઈશ્વર પ્રત્યેની શેષ આસ્તિકતાનો છેદ ઊડી જાય છે અને જીવનના સર્વ પ્રસંગોને આ નિરીશ્વરવાદી વિચારક બુદ્ધિવાદની કસોટીએ ચકાસે છે. પરંતુ આ પ્રસંગોમાં નાયકનું આત્મમંથન જવલ્લે જ જોવા મળે છે. ‘હું પિતા ગુમાવું છું’, ‘માતાની ચિરવિદાય’ કે ‘મારાં ભાભી’ જેવાં પ્રિય સ્વજનોના મૃત્યુપ્રસંગોને આલેખતાં પ્રકરણોમાં પણ લેખકનું દસ્તાવેજી ચિતાર આપવાનું વલણ વિશેષ જોવા મળે છે.

૪ ‘આખું ગુજરાત શ્રી મોરારજી દેસાઇની નનામીઓ બાળતું હતું અને હું એમનું તૈલચિત્ર જાહેરમાં ખુલ્લું મુકાવું એ ઘણાને મન મારું ગાંડપણ લાગ્યું.’ (પૃ. ૩૦૫)

નાનકડી ઘાટીલી તેજસ્વી પુત્રી 'કોકિલા'ના નિધનવર્ણનમાં નાયકનું સંવેદનશીલ પિતાનું વ્યક્તિત્વ કંઈક અંશે છતું થાય છે. આ આત્મકથાકારમાં સાહિત્યિક પ્રતિભાનો ઉન્મેષ નહીંવત્ હોવાને કારણે 'મહાવિદ્યાલયમાં', 'હું પિતા ગુમાવું છું.', 'પત્રકારિત્વના પંથે' જેવાં પ્રકરણો અપેક્ષા મુજબનાં માહિતી કે મનોમંથન પૂરાં ન પાડતાં કોઈ બીજા જ વિષયોની આસપાસ પરિભ્રમણ કરતાં નજરે પડે છે; નૈનિતાલ કે આલ્મોડાના ભવ્ય પ્રકૃતિદર્શનથી લેખકનું ચિત્તતંત્ર ઝંકૃત થયું હોવા છતાં તેમને માત્ર બે જ લીટીના અછડતા વર્ણનથી સંતોષ વ્યક્ત કરીને ચલાવી લેવું પડયું છે; તેમ જ મિત્રોના કૌટુમ્બિક પ્રશ્નો, ગિરધર શેઠની પુત્રી ચંદ્રિકાનો લગ્નપ્રસંગ, પ્રમિલાનું પ્રેમલગ્ન જેવી નાની નાની બિનજરૂરી વીગતો મૂકી લેખકે આત્મકથાને વધુ શિથિલ અને 'અસ્તવ્યસ્ત' બનાવી દીધી છે. ૧૯૫૭ પછીના–નજીકના ભૂતકાળના–પ્રસંગો સમસ્ત આત્મકથામાં એકરૂપ બનવાને બદલે નાનકડી નોંધ જેવા વધુ લાગે છે. તેની સરખામણીમાં નાયકના શૈશવકાળના થોડાક પ્રસંગો–પ્રથમવારની ટ્રેનમુસાફરીનો અનુભવ, સ્કૂલનો ગ્રુપફોટો જોઈને થતું બાળસહજ કુતૂહલ, નર્મદાના કેશવેપનની બાળમાનસ પર ચિરંજીવ અસર–વધુ જીવંત લાગે છે.

આત્મકથા એ પ્રથમ પુરુષ એકવચનની કથા હોવાથી તેમાં 'હું' કેન્દ્રસ્થાને હોય એ સ્વાભાવિક છે. પ્રસંગોનું પ્રામાણિક આલેખન કરતાં નાયક અમુક પ્રસંગોએ પોતાની પીઠ થાબડે એ પણ સહજ છે. પરંતુ પ્રમાણભાન વિનાની આત્મપ્રશસ્તિ વાચકોને તરત ખૂંચે છે. પ્રસ્તુત આત્મકથામાંથી તેનાં કેટલાંક ઉદાહરણો જોઈએ :

૧ '...વળી મધ્યભારતમાં અને ગુજરાતમાં તો હું જ કર્તાહર્તા હતો.' (પૃ. ૨૩૩)

૨ 'આ બધા રાજસ્થાની અને સમાજવાદી કાર્યકરો મારી જ સલાહ લઈ કામ કરતા. (પૃ. ૨૩૮)

૩ ('ઠક્કર ફળિયા'ના ઉદ્‌ઘાટન સંબંધી) 'તેમના દસ વર્ષના કામથી દાહોદમાં તેઓ જે ન કરી શકયા તે મેં કર્યું.' (પૃ. ૪૫)

૪ 'આ જ અરસામાં રાજકોટના ઉછરંગરાય ઢેબર સક્રિય રાજકારણમાં જોડાયા. સરદારે ઢેબરને ખેંચ્યા, મેં યાજ્ઞાભાઈને.' (પૃ. ૧૫૯)

૫ 'ત્યાં મધ્યભારતના જે મારા સહકાર્યકરો હતા, તેમાંના મોટાભાગના ૧૯૪૫ પછી લોકપ્રતિનિધિસભાના સભ્યો, મધ્યભારતના પ્રધાનો અથવા મુખ્યપ્રધાનો પણ થયા હતા અને હું તેમનો આગેવાન હતો.' (પૃ. ૧૮૭)

૬ 'મારાં પ્રવચનોથી પ્રજા ખૂબ પ્રભાવિત થઈ. આવાં પ્રવચનો તેઓએ કદી સાંભળ્યાં જ ન હતાં. મારાં પ્રવચનો એટલાં અસરકારક હતાં કે સરકારી અમલદારો પોતાની મોટરો દૂર ઊભી રાખી તેમાં બેસી સાંભળે.' (પૃ. ૨૬૧)

૭ 'દાહોદમાં સાંજે ત્રણચાર કલાક હું ફરવા જાઉં ત્યારે યુવકોનાં ટોળાં મારી આસપાસ ફરે.' (પૃ. ૨૩૫)

સમગ્ર આત્મકથા વાંચતાં વાચકોને એવી પ્રતીતિ જરૂર થાય છે કે એક સંવેદનશીલ સ્વતંત્ર વિચારક ધ્યેયનિષ્ઠ સમાજવાદી, 'યજ્ઞમાં હાડકું નાખનારા' કહેવાતા અગ્રણીઓનાં ભ્રષ્ટાચાર, સત્તાલાલસા અને મૂલ્યવિહીનતા નિહાળી હતોત્સાહ થઈ ગયા છે અને તેમની એક વખતની 'વિદ્યુત્સ્ફુરક ચેતના' અદશ્ય થઈ ગઈ છે. વડોદરામાં વર્ષોથી સ્થાયી બનેલા આ આત્મકથાનાયક સમાજનાં સર્વ સ્તરોમાં પુનઃ પીઢ નેતૃત્વ અર્પી ચેતનવંતો આતશ જગાવે તેવી શુભેચ્છા સહ, 'વેરાન જીવન'ના નીચેના અવતરણથી, આ અવલોકન સમાપ્ત કરું છું.

'આ દેશમાં લોકશાહી ટકશે ? દર પાંચ વર્ષે આપણે લોકશાહીનો શોખ માણીએ છીએ, દુનિયાને બતાવીએ છીએ અને આપણી જાતને છેતરીએ છીએ. ચૂંટણી પાછળ જે અશુદ્ધિઓ અને ગેરરીતિઓ આચરવામાં આવે છે તેથી ચૂંટણી એ પ્રજાની પારાશીશી નથી રહી.' (પૃ. ૩૭૩)

લવકુમાર મ. દેસાઈ

* * *

## સાભાર સ્વીકાર

૧ **વિશ્વની પ્રતિનિધિ વાર્તાઓ:** અનુ. વિજય શાસ્ત્રી; પ્ર. કૃષ્ણકાંત મદ્રાસી, આદર્શ પ્રકાશન, ૨૪૯૮/૧ રાયખડ રોડ, અમદાવાદ; પૃ. ૨૬૪; કિંમત : રૂા. ૯=૦૦ પૈ.

૨ **પુરાતત્ત્વ અને રામાયણ:** લે. હસમુખ ધીરજલાલ સાંકળિયા; પ્ર. રામલાલ ડાહ્યાલાલ પરીખ, વ્યવસ્થાપક ટ્રસ્ટી, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪; પૃ. ૮૯; કિંમત : રૂા. ૧૪=૦૦ પૈ.

૩ **શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ :** લે. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ; પ્ર. કંચનલાલ ચંદુલાલ પરીખ, કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ. પૃ. ૨૪૦, કિંમત : રૂા. ૭=૫૦ પૈ.

૪ **રાષ્ટ્રીય અસ્મિતા :** લે. અને પ્ર. ડૉ. દિલાવરસિંહ જાડેજા; આચાર્ય, ટી. વી. પટેલ આર્ટ્સ કૉલેજ, વલ્લભવિદ્યાનગર; પૃ. ૩૪૨; કિંમત : રૂા. ૧૩=૭૫ પૈ.

## સુધારો

'સ્વાધ્યાય', પુ. ૧૧, અંક ૨-માં, પૃ. ૨૦૩ પર 'સાભાર સ્વીકાર'માં નીચે પ્રમાણે સુધારીને વાંચવું :

૪ **ભગવાન પતંજલિ :** લે. જેઠાલાલ નારાયણ ત્રિવેદી, પ્ર. ધનરાજ ઘાસીરામ કોઠારી, શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, પૃ. ૪૩૨, કિંમત : રૂા. ૧૦=૫૦ પૈ.

# સ્વાધ્યાય


પુસ્તક ૧૧ : અંક ૩ એપ્રિલ, ૧૯૭૪

અક્ષયતૃતીયા વિ. સં. ૨૦૩૦


## અનુક્રમ


| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | ઓખામંડળ પ્રદેશમાં ચિત્ર, શિલ્પ અને સ્થાપત્ય કલા (આછો પરિચય) —સુરેશચંદ્ર ક. દવે ... | ૨૦૪–૨૧૭ |
| ૨. | ખંભાતની સૂર્ય-પ્રતિમાઓ—જે. પી. અમીન ... | ૨૧૮–૨૨૫ |
| ૩. | કવિ દેપાલકૃત ભીમસિંહ રાસ—અગરચંદ નાહટા, ભૅંવરલાલ નાહટા... | ૨૨૬–૨૩૦ |
| ૪. | ચૌધરી આદિવાસીઓમાં મૃત્યુને લગતી ધાર્મિક માન્યતાઓ અને આચાર—અરવિંદ ભટ્ટ ... | ૨૩૧–૨૫૬ |
| ૫. | લઘુપ્રયત્ન 'હ': સંકર અને સંસૃષ્ટિ—હર્ષદ મ. ત્રિવેદી (પ્રાસન્નેય)... | ૨૫૭–૨૬૨ |
| ૬. | શામળકૃત 'ચંદ્ર-ચંદ્રાવતી વારતા'—એમ. આઈ. પટેલ ... | ૨૬૩–૨૬૯ |
| ૭. | રાઘવદાસ અને તત્સુત હરિદાસનું અધ્યાત્મ રામાયણ—દેવદત્ત જોશી... | ૨૭૦–૨૭૬ |
| ૮. | ટેકચોન—છોટુભાઈ સુથાર ... | ૨૭૭–૨૮૦ |
| ૯. | ગ્રન્થાવલોકન : | |
| | (૧) સંસ્કાર શિક્ષક ... | ૨૮૧–૨૮૩ |
| | (૨) અનુરણન ... | ૨૮૪–૨૮૫ |
| | (૩) ત્રણ જ્યોતિર્ધરો ... | ૨૮૫–૨૮૬ |
| | (૪) વેરાન જીવન ... | ૨૮૬–૨૯૦ |
| | (૫) સાભાર સ્વીકાર ... | ૨૯૦ |

**Statement about the ownership and other particulars about newspapers**
**SVADHYAYA**
(To be published in the first issue every year after the last day of February)

FORM IV

(See Rule 8)

| | | |
|---|---|---|
| 1 | *Place of the Publication* : | Oriental Institute, M. S. University of Baroda, Baroda |
| 2 | *Periodicity of its Publication* : | Three Months—November, February, May, August |
| 3 | *Printer's Name* : | Shri B. M. Shah |
| | (*Whether citizen of India ?*) | Yes |
| | (*If foreigner, state the country of origin*) | — |
| | *Address* : | Vidya Vilas Building, Near Tarkeshwar Mahadeo, Raopura, Baroda |
| 4 | *Publisher's Name* : | Dr. B. J. Sandesara |
| | (*Whether citizen of India ?*) | Yes |
| | (*If foreigner, state the country of origin*) | — |
| | *Address* : | 'Samvad', 6 Shreyas Society, Race Course Circle (West), Baroda-7 |
| 5 | *Editor's Name* : | Dr. B. J. Sandesara, |
| | (*Whether citizen of India ?*) | Yes |
| | (*If foreigner, state the country of origin*) | — |
| | *Address* : | 'Samvad', 6 Shreyas Society, Race Course Circle (West), Baroda-7 |
| 6 | *Names & addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one per cent of the total capital* | The M.S. University of Baroda, Baroda |

I, B. J. Sandesara, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.


**B. J. Sandesara**
*Signature of Publisher*

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૨ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૩ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૪ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૫ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૬ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૭ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૮ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ૨. કાપડિયા | ૮=૫૦ |
| ૯ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ૨. શાહ | ૮=૦૦ |
| ૧૦ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૧ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૨ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |
| ૧૩ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૭=૦૦ |
| ૧૪ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૫=૬૦ |
| ૧૫ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૨=૦૦ |
| ૧૬ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૪=૫૦ |
| ૧૭ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર | ૧૩=૦૦ |
| ૧૮ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૦=૦૦ |
| ૧૯ | **ગુજરાત : એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર | ૧૨=૦૦ |
| ૨૦ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ૨. શાહ | ૧૦=૦૦ |
| ૨૧ | **પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી | ૪=૬૦ |
| ૨૨ | **અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી | ૧૧=૦૦ |
| ૨૩ | **શ્રીમદ્ ભાગવત : ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા | ૯=૦૦ |
| ૨૪ | **આકાશના દીવા**—સ્વ. રજનીકાન્ત મોદી (બાળકો માટે) | ૩=૦૦ |
| ૨૫ | **માતા અને બાળક**—શ્રીમતી વત્સલા મહેતા (શ્રી. માતુશ્રી જમનાબાઈ ગ્રન્થમાળા, પુષ્પ ૫) | ૬=૦૦ |
| ૨૬ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય | ૨૦=૦૦ |

પ્રાપ્તિસ્થાન : **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ, વડોદરા**


Modern maths from Bank of Baroda
small = BIG
=
=
They get equal importance.
Equal attention.
Small people.
And big people.
At Bank of Baroda.
Deposits. Advances.
And every other banking service.
At Bank of Baroda.
Come.
Thou shalt forever be prosperous with
Bank of Baroda A Government of India Undertaking
Shilpi B.O.B. 15A/73


# વિજેતા બેલડી


હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!


## જ્યોતિ યુનિબિલ્ટ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
***quality is our creed***



everest/716a/JY g




આપનાં સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવાનો સમય આવી પહોંચે ત્યારે તેને લગતો ખર્ચ ઉઠાવવા માટે આપે તૈયારી કરી લીધી છે?

**દેના બેંક**માં બચતખાતું અથવા ફિક્સ્ડ ડિપોઝિટ ખાતું ખોલીને <u>અત્યારથી જ નિયમિત</u> બચત કરવા માંડો.

**દેના બેંકની બીજી ૬ બચત યોજનાઓ :**

સગીર બચત યોજના • રિકરિંગ ડિપોઝિટ યોજના • માસિક સેવિંગ્સ–કમ–એન્યૂઈટી યોજના • વિવિધલક્ષી ડિપોઝિટ યોજના
કેશ સર્ટિફિકેટ્સ • વીમા સાથે સંકળાયેલી બચત ડિપોઝિટ યોજના.

**દેના બેંક**

(ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા અંડરટેકિંગ)
હેડ ઓફિસ : હૉર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૦૧.

*Ratan Batra/DB/G/238*




everest/365k/ACW Guj



પોસ્ટ ઑફિસ રિકરીંગ
ડિપોઝીટ યોજનાથી
આપની વૃદ્ધાવસ્થા અને કુટુંબ
નિશ્ચિત બને છે.
આ યોજનામાં વીમા જેવા લાભો
પણ મળે છે.

નાની બચત
ઘડપણનો સહારો

વિગત માટે
કલેકટર કચેરી. પોસ્ટ ઑફિસ
જિલ્લા બચત અધિકારી



આજ માટે
તૈયાર છો,
પણ
આવતી
કાલ નો
વિચાર
કર્યો છે?

મા-ખા-ગુજ ૩-૭૪

## પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧. | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૮=૦૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ | ૫=૦૦ |
| ૨. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા | ૭=૫૦ |
| ૩. | **ભાલણકૃત નલાખ્યાન** (બીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૬=૦૦ |
| ૪. | **ઉદયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૦૦ |
| ૫. | **ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૪=૭૫ |
| ૬. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા | ૮=૨૫ |
| ૭. | **પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૧૮=૬૦ |
| ૮. | **સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ | ૧૨=૦૦ |
| ૯. | **હમ્મીર પ્રબન્ધ**—સંપાદકો : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૪=૫૦ |

## સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

| | | |
|---|---|---|
| ૧. | **વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧** | ૧=૭૫ |
| ૨. | „ „ „ ૨ | ૧=૭૫ |
| ૩. | „ „ „ ૩ | ૪=૦૦ |
| ૪. | **નિરુત્તમા** | ૨=૦૦ |
| ૫. | **વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત) | ૧=૭૦ |
| ૬. | **પ્રવેશકો, ગુચ્છ પહેલો** | ૩=૫૦ |
| ૭. | „ „ **બીજો** | ૨=૪૦ |
| ૮. | **અંબડ વિદ્યાધર રાસ** | ૩=૦૦ |
| ૯. | **મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૦. | **આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૧. | **નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) | ૨=૦૦ |
| ૧૨. | **પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી | ૧=૫૦ |
| ૧૩. | **પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ** | ૧૨=૦૦ |

પ્રાપ્તિસ્થાન :
**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**
**રાજમહેલ રોડ, રાજમહેલ દરવાજા પાસે,**
**વડોદરા**

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ** :

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો** :

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
લોકમાન્ય ટિળક રોડ,
**વડોદરા**

**સંપાદક**

મુદ્રક: શ્રી બંસીલાલ મોહનલાલ શાહ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, એપ્રિલ, ૧૯૭૪.




ચિત્ર ૧
નગરાની સૂર્યપ્રતિમા



ચિત્ર ૫
સૂર્યદેવ : કોલમપાડો, ખંભાત

[ ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી જે. પી. અમીનનો લેખ ]



ચિત્ર ૪

સૂર્યાણી : આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ મ્યૂઝિયમ, ખંભાત

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી જે. પી. અમીનનો લેખ]